પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

આદ્ય સ્થાપક : ર.મ.રા.


નવેમ્બર ૨૦૦૩
અંક ક્રમાંક ૧૧

તંત્રી
ધીરુ પરીખ

વર્ષ છોતેરમું
સળંગ અંક ૯૧૧



છબી] ઊર્ધ્વગતિ [પલ્લવી ભટ્ટ



રશિયન ચિત્રકાર વૅલિસી કૉન્ડિસ્કીએ ૧૯૦૮-૧૯૦૯ દરમિયાન તૈયાર કરેલું 'ભૂરો પર્વત' નામક વિશિષ્ટ શૈલીનું ચિત્ર. પર્વતની તળેટીમાં ઍબ્સ્ટ્રૅક્ટ શૈલીએ ઘોડેસવારોને દર્શાવ્યા છે. એણે 'બ્લ્યૂ રાઈડર ગ્રૂપ'ની સ્થાપના કરી તે ગાળાનું આ ચિત્ર છે. હાલ તે ન્યૂ યૉર્કના 'ધ સૉલૉમન આર. ગગનહેમ' મ્યૂઝીઅમમાં સુરક્ષિત છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૬મું — અંક ૧૧

સ્થાપના : ૧૯૨૪

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

નવેમ્બર, ૨૦૦૩ ○ ૭૬મું વર્ષ ○ અંક ૧૧

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૯૧૧

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૩૯૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ · ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૦ · ૦૦

વાચકો લખે છે

પ્રત્યેક નૂતન વર્ષે 'કુમાર'નાં અનેક ભાવકો-ચાહકો તરફથી શુભેચ્છાના પત્રો મળે છે. કેટલાંક કલાકારો તો પોતાની તાજી ચિત્રકૃતિ પણ શુભેચ્છા સાથે મોકલતાં હોય છે. આ સહુનો અમે ઋણસ્વીકાર કરીએ છીએ અને વળતી શુભકામના પાઠવીએ છીએ. આવાં ચિત્રોમાંથી પસંદ કરીને અહીં કેટલાંક સાભાર રજૂ કર્યાં છે. - તંત્રી




અશોક પુરોહિત (વસો)



સવજી છાયા (દ્વારકા)



યશવંતરાય ભાડિયા (અમદાવાદ)



બળવંત જોષી, રાજકોટ



બાબુલાલ વોરા (અમદાવાદ)



તનસુખ ઓઝા (અમદાવાદ)



હરિકૃષ્ણ પાઠક (ગાંધીનગર)



જયાબહેન ટંડેલ



હરિભાઈ દા. ટંડેલ (નવસારી)

વૃદ્ધનું સ્વર્ગારોહણ/*ઉશનસ્*

(પૃથ્વી•સૉનેટ)

અકેક ડગ એ ગણી ગણી ભરંત ચઢ્તો હતો,
દરેક પગલે ક્ષણું અટકી હાંફતો, ખાંસતો.
દરેક પગલે ફરી પૂંઠળ ખીણને ઝાંખતો
ચઢાણ ચઢતો, પગે લડખડંત બઢ્તો હતો.

વ્યતીત પગદંડી જોઈ, ચઢી એ વિચારે જતોઃ
ક્ષણેક્ષણ હતી, અહો ગતની શી મહાભારતી!
ક્ષણેક્ષણ શી જાતરા જીવની હાડ ઓગાળતી!
થતું જરઠનેઃ 'હું શું સતત કો હિમાળે ન તો?'
હવે ચઢું છું કાળની હિમપહાડી ટૂંકો ફરી;
ઉશેટી દઉં ભાર પીઠ-શિરથી અકેકો કરી
વિસર્જું મુજને; જઉં છું પરણે અકેકે ખરી
શિશિર તરુ - શો, તથૈવ મુજ અંગ જાતાં ગરી;
હું જોઉં; મન આ ગયું, ગઈ ગિરા, ન ઇચ્છા રહી;
અહં પણ ખર્યો; ધરાય અહીં પૂરી લ્યો...
અવ કૈં જ આગે નહીં!

કોણ ગયું રે હેરી!/*જગદીશ ધનેશ્વર ભટ્ટ*

(ગાન)

અરધે પરધે મારગ મનને કોણ ગયું રે હેરી!
આંખ ભીની આશાને અમથું કોણ ગયું રે ઘેરી!
અરધે પરધે મારગ મનને કોણ ગયું રે હેરી!

દૂર સુદૂરે ગૂંજે એના અંતરની સરવાણી,
કેમ કરી ભૂલાશે એની વ્હાલપની એ વાણી,
મૂગા મંતર મનને પાદર કોણ મલ્યું રે વેરી!
અરધે પરધે મારગ મનને કોણ ગયું રે હેરી!

પગલામાં પગલું અટવાતું પંથ વળે રે પાછા,
પળપળની વહેતી વણઝારે વળ ખાતી રે મંછા,
અલપઝલપ અજવાળે તો પણ કોણ ગયું રે લહેરી!
અરધે પરધે મારગ મનને કોણ ગયું રે હેરી!

તડકે વહેતી નાવ, હલેસું આકાશે ઝબકોળું,
રાતામાતા પવન-હિંડોળે જાત મજાથી તોળું,
અગમનિગમના દેશે જાશું જળનાં ઝાંઝર પહેરી.
અરધે પરધે મારગ મનને કોણ ગયું રે હેરી!

રાત્રિર્ગમિષ્યતિ..../*રમેશ પારેખ*

મનોજ ને રાજેન્દ્ર શુક્લની
ગઝલોના મિસરાઓ જેવા
ચાસચાસ...
ને એમાં
મારા મનથી પેલ્લી ક્ષિતિજ લગ
પથરાયેલાં ખેતરમાં રે
સંયુક્ત તગઝુઝુલ ઝૂલે...

ટેકરીઓની
ફાટેલી ભૂખરી કંથા પર
ઓહ્હો! કેવાં લીલાં થીંગડાં શોભે-
પંખીઓ એ જોવા
ઊડતાં ઊડતાં જરીક થોભે!

અણિયાળા શેઢાઓ ઉપર
ઊંઘ તાણતી પુષ્પવલ્લીના ઢગને
આદિ પવન હળુ ઢંઢોળે...

સૂરજના સ્પર્શે
અભ્યંતર
હઠ્યાં પટંતર
ને હું વિલસું નખશિખ સ્વર્ણીમ વાન
પારિજાતની પુષ્પગંધના પાથરણા પર
સૃષ્ટિ મારું કરે દબદબાભેર અહો, સન્માન!

મને મારા સતાવે છે/*રતિલાલ જોગી*

(ગઝલ)

કદી ક્યાં દોસ્તીથી દુશ્મનીનો પાર આવે છે?
ગણું છું દોસ્ત જેને, એ મને દુશ્મન ગણાવે છે.

છે સરખા પારકા-પોતાના બંને આપણા માટે,
તને જો પારકા પજવે, મને મારા સતાવે છે.

જગતની વાત પર હસવાનું શીખી જા અરે, ગાંડા,
રડાવે છે તને રોઈ, હસીને પણ રડાવે છે.

અસર દૂરીની જેણે દિલ ઉપર પડવા નથી દીધી,
જુદાઈનું બધાયે આળ એના પર ચડાવે છે.

કે બસ 'જોગી', છે મેં મૂકી દીધાં હથિયારને હેઠાં,
હસું છું એ હસાવે તો, રડું જો એ રડાવે છે.

વાગે છે એકતારો/*ધીરુ પરીખ*

કવનમંદિરે વાગે છે એકતારો!

આજ લગી વિધવિધ રાગોને
ગાયા હોંશે એકતારાની સંગે,
હવે એક પ્રભુરાગ આલાપું
શબ્દભરીને કલમોના ઉમંગે;
નામ લઈ નરસિંહનું કવિવર
અરધ ઊંઘમાં અરધ જાગતાં
શબ્દ-ઓટલે છેડી રૂહે કેદારો.

કવનમંદિરે વાગે છે એકતારો!

ભાવુકોની ભગતમંડળી જામી
નરસૈંયાને પ્રકટ્યા અંતરયામી;
એમ કવિએ લયકરતાલો લઈને
કૃષ્ણનામની ધૂન મચાવી;
ડોલે જયમ મહુવર પર બ્હેરો નાગ,
કવિતાગોપી સંગે ખેલે ફાગ;
અજ્ઞાનનો ગજર ન ભાંગે, હરિભજનનો મારો.
કવનમંદિરે વાગે છે એકતારો!

લખી દે/*કિરીટ ગોસ્વામી*

(ગઝલ)

બધાયે મર્મથી માર્મિક લખી દે,
કશું શુભ ને વળી, સાત્ત્વિક લખી દે.

ઉપરછલ્લો મૂકી વ્યવહાર સઘળો;
કદી ઇચ્છા કશી હાર્દિક લખી દે.

અલગ તુજથી મને પાડી સમય આ,
મરણ હર-શ્વાસ પર આંશિક લખી દે.

હશે એ વ્યાપ્ત સઘળે-ચાલ માન્યું;
પુરાવા એક-બે તાર્કિક લખી દે.

તને તુજનેય મળવાની ન ફુરસદ?
થશે તું કેટલો યાંત્રિક, લખી દે.

સૂત્રસાર

કારણના પાયા ઉપર કાર્યની ઈમારત !

રાધેશ્યામ શર્મા

ઘણી વાર આપણને થાય છે કે આના કારણે આ કાર્ય બન્યું એનો અર્થ જ એ કે એની પાછળ કારણ છે. કારણ પછી દૃશ્ય હોય કે અદૃશ્ય, જાણવામાં આવ્યું હોય કે ના આવ્યું હોય પણ કારણ વગર કાર્ય બની શકતું નથી.

> મનુષ્ય ભાગે છે
> માટે જ
> ભય અનુભવે છે
> - જેમ્સ લૅન્ગ

આપણે કારણના પાયા પર જ કાર્યનું મકાન ચણ્યું છે. કારણ વગર કર્મ સંભવી શકે નહિ.

હવે શરીર પર જે ઘટના ઘટે છે એને મનોભાવોનું કારણ માનવું ? કે પછી શરીરની અસર મન ઉપર પડે છે કે મનની તન પર પડે છે ? કે પરસ્પર અસર પડે છે ? માનવશરીર એક અલગ એકમ છે કે માનવમનનું અલગ એકમ છે ? કે દેહ અને મનનાં સ્વતંત્ર એકમ છે ?

એથી પણ આગળ વધીને કાર્ય અને કારણના સંબંધમાં પહેલું કોણ અને બીજું કોણ એની વિમાસણ પણ થાય છે. શાના આધારે શું શું બને છે એની તપાસ પણ ચાલતી રહી છે.

અમેરિકાના બે પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક જેમ્સ અને લૅન્ગે શરીર તેમ જ મનના સ્તરે જે ઘટના-કાર્ય સંભવે છે એના વિશેની વિચિત્ર જણાતી પણ નોંધપાત્ર મૌલિક શોધ કરી હતી. એમની થીઅરિને 'જેમ્સ-લૅન્ગે' થીઅરિ નામ મળેલું.

આગળના વારાની પાકી માન્યતા છે કે મનુષ્ય ભયભીત બને છે માટે જ ભાગે છે. આ માન્યતા સામે જેમ્સ અને લૅન્ગે નવી થીઅરિ મૂકી. તેમણે કહ્યું કે બીધેલો માણસ ભાગે એ માન્યતા ગલત છે. હકીકત તદ્દન ઊલટી છે. જેમ્સ-લૅન્ગેના મતે તો તથ્ય એવું છે કે મનુષ્ય ભાગે છે માટે જ ભય અનુભવે છે ! ભયથી માણસ ભાગતો નથી, પરંતુ ભાગે છે તેથી જ ભય અનુભવે છે. જો માણસ ભાગે નહિ તો ભય પણ ના અનુભવે.

માણસ કામાતુર થાય એટલે એના શ્વાસોચ્છ્વાસ પર અસર પડે અને એની આંખમાં સાપોલિયાં દોડવા માંડે - એવું આપણે કહીએ છીએ; પણ જેમ્સ-લૅન્ગેના મતે તો વાત વિપરીત છે. માણસની આંખમાં પહેલાં સાપોલિયાં દોડવા માંડે પછી જ એ કામાતુર થાય ! જેમ્સ-લૅન્ગેના સંશોધન અનુસાર શરીર મુખ્ય હોવાથી પહેલાં ઘટના શરીર પર ગુજરવાની અને એમ તનની મન પર અસર થવાની ! આ બંને જણાએ તો તેમનો તર્ક ત્યાં સુધી દોડાવ્યો કે ભાગ્યા વગર કોઈ માણસ એવો બતાવો કે જે ભયભીત થયાનો ભાવ દેખાડી શકે !

લઘુકથા

રમકડું

રમેશ ત્રિવેદી

વળીવળીને નજર બંધ ઝાપા તરફ મંડાઈ રહી હતી. મનમાં આશંકા હતી કે આજે કામવાળીબાઈ વાસણ માંજવા આવશે કે નહીં ? ને એ આવશે તો કદાચ એની સાથે આવતો એનો ટિનકુડો તો નહીં જ હોય. નિવૃત્તિમાં બપોરની ઊંઘ ટાળવી એમ નક્કી કરેલું એટલે જમ્યા પછી આડે પડખે થયો ન થયો કે હાથમાં છાપું લઈને હીંચકે બેસું, ને કામવાળી બાઈ આવે, એની આગળ આગળ પાંચેક વરસનો એનો ટિનકુડો કૂદકા મારતો આવતો. બાઈ ચોકડી તરફ જાય કે તરત ઘડીક ચૂપચાપ ઊભો રહીને ટિનકુડો હીંચકા તરફ નજર કરે, તે હું તરત મારી નજર વાળી લઉં. જિંદગી આખી સાયકોલોજીનો વિષય ભણાવ્યો, એટલે બાળકોની નાનીનાની ચેષ્ટાઓ જોવા, સમજવામાં અનેરો આનંદ મળતો. હા, પછી ટિનકુડો વરંડામાં ક્યાંક આડી-અવળી પડેલી ટ્રાઈસિકલ શોધી નાખે, ફરી પાછો હીંચકા સામે, ઘરનાં બારી-બારણાં સામે ઝડપથી જોઈ લે, ને પછી ટ્રાઈસિકલ પર સવાર થઈ થોડાક આંટા મારી લે, અને...

ટ્રાઈસિકલનું એક પૈડું અમારા પૌત્ર પિન્ટુએ કાઢી નાખ્યું ને એ પછી ફરી રિપેર કરાવવાની ઝંઝટમાં પડ્યા વગર ટ્રાઈસિકલને ચઢાવી દીધી માળિયે. હવે ? હવે ટિનકુભૈ આવે એટલે ચકોર નજરે વરંડાના ખૂણેખાંચરે, લોનમાં બધે જ જોઈ લે, ને પછી પિન્કુના એકાદ રમકડાને ગમે ત્યાંથી શોધી નાખે, પછી રમે, ને જતી વેળાએ રમકડાને જાળવીને મૂકી દે.

પણ.... થોડા દિવસો પહેલાં પિન્ટુની ફોઈએ સ્ટેટથી મોકલેલું વિમાન ને એ પછી ચાવીવાળી કાર ગુમ થયાં એટલે ન છૂટકે મેં ટિનકુડા પર ચાંપતી નજર રાખવાનું શરૂ કર્યું ને સાવ તૂટી ગયેલી ઢીંગલીને ચડ્ડીના ખીસામાં મૂકતા એ મારે હાથે ઝડપાઈ ગયો. કામવાળીબાઈ ખસિયાણી પડી ગઈ. એણે હળવેથી ટિનકુડાના ગાલે એક ચીમટો ભરી લઈ, ધમકાવ્યો : 'ચ્યમ લ્યા, રમેકડું ચ્યમ લીધું તેં ?...' કદાચ પિન્ટુની મમ્મી - અમારી પુત્રવધૂ - આ દૃશ્ય જોઈ ગઈ હશે એટલે રાતે સાસુ-વહુ વચ્ચે કશીક છાનીછાની ગુસપુસ થતી જોઈને મને મનમાં થયુંઃ આ લોકોને થતું હશે કે સાવ ફેંકી દેવા જેવા એક રમકડા ખાતર નક્કામી કામવાળી બાઈને દુભવી. આજકાલ આલતે પૈસે ય કામવાળાં ક્યાં મળે છે ?... પણ એક બીજા ઍન્ગલેથી વિચારતાં મને થયુંઃ 'લ્યા ભૈ, તમે લોકો તમારા કામને રોવો છો, પણ આ બિચારી કામવાળીના નાદાન-અબોધ રમકડાનો

(અનુસંધાન પૃ. ૭૮૩ પર)



સપેરા નૃત્યશાસ્ત્રી ગુલાબો

— સાંકળચંદ પટેલ —

મેળો ભરાયો હતો. નાની નાની છોકરીઓ રસ્તા પર ખુલ્લા મેદાનમાં પરંપરાગત નૃત્ય કરી રહી હતી. જોનારાઓની ભીડ ધીરે ધીરે વધી રહી હતી. ખાસ્સી ભીડ જામી હતી. આ બાળ-નૃત્યાંગનાઓમાં રબરની પૂતળી જેવી એક બાળા દર્શકોનું ધ્યાન ખેંચી રહી હતી. એનાં અંગો નૃત્યમાં રબરની જેમ વળાંકો લઈ રહ્યાં હતાં. કમરમાંથી લચક લઈને એ બાળા પોતાનું માથું જમીનને અડકે એ રીતે ઝુકાવી રહી હતી. પછી હવામાં ફૂદરડી ફરીને ચગડોળની જેમ પોતાના શરીરને ઘુમાવી રહી હતી. એ જોઈને દર્શકો 'વાહ ! વાહ !' કરીને આફરીન થઈ રહ્યા હતા અને ખિસ્સામાંથી રૂપિયો, બે રૂપિયા, પાંચ રૂપિયા ફેંકીને એની કદર કરી રહ્યાં હતાં.

પુષ્કરના આ મેળામાં રાજસ્થાન પર્યટન વિભાગના અધિકારીઓ પણ આવ્યા હતા. તેઓ પણ બાળાઓ નું આ નૃત્ય જોઈને અભિભૂત થઈ ગયા. તૃપ્તિ પાંડે તો પેલી બાળાની પાસે જઈને, એનાં અંગો પર હાથ ફેરવીને કહેવા લાગ્યાં: 'બેટી ! તારું શરીર તો રબરનું લાગે છે ! એમાં હાડકાં છે કે નહિ ?!'

એ રાત્રે પર્યટન વિભાગના રંગમંચ પર એ બાળાનો નૃત્ય-શો યોજાયો. વિદેશી પ્રેક્ષકો એ જોઈને નાચી ઊઠ્યા: 'વન્ડરફૂલ ! કમાલ ! અદ્‌ભુત ! વાહ !!'

એ બાળાની ચારે તરફ વાહ-વાહ થઈ ગઈ. પુષ્કરનો મેળો એના જીવનનું સંભારણું બની ગયો. રંગમંચ પર નર્તન કરનાર આ છોકરી એના વંશમાંથી પ્રથમ હતી. રંગમંચ પરનું એનું નૃત્ય એના જીવનમાં એક બાજુ વરદાન બની ગયું તો બીજી બાજુ અભિશાપ બનીને ત્રાટકવા લાગ્યું.

આ બાળાનો સમાજ રૂઢિચુસ્ત હતો. એ સમાજની સ્ત્રીઓ લગ્ન જેવા પ્રસંગોએ અને ફાગણ માસમાં ભરાતા મેળામાં નાચી શકતી હતી. એ સિવાય રંગમંચ પર જાહેરમાં નૃત્ય કરવાની મનાઈ હતી, અને આ બાળાએ રંગમંચ પર જાહેરમાં નૃત્ય કર્યું હતું. આવી બન્યું એનું અને એના પરિવારનું. સમાજે એના કુટુંબ સાથે હોકાપાણી બંધ કરી દીધાં. એ કુટુંબ હતાશ થઈને જયપુર આવતું રહ્યું. વખત જતાં સમાજ એમને સ્વીકારી લેશે એવી એમને આશા હતી.

બાળાનું નામ હતું ગુલાબો. માતા દાખાં અને પિતા ભૈરવનાથ. ભાઈનું નામ શ્રવણનાથ, અને દાદા હતા કાનનાથ. ભૈરવનાથ સપેરાનો ધંધો કરતા હતા અને રાજસ્થાનમાં તેઓ 'કાલબેલિયા' તરીકે ઓળખાતા હતા. આ કાલબેલિયા જાતિ બાંબી (રાફડા)માં હાથ નાખીને સાપને પકડે છે, પછી તે સાપને લઈને, શેરીએ-શેરીએ જઈને સાપના ખેલ બતાવે છે. આ વ્યવસાય કાલબેલિયા જાતિનો રોજી-રોટીનો આધાર છે. કાલબેલિયા વિચરતી જનજાતિ છે. એમને પાકાં મકાનો નથી. ગામ કે નગરની બહાર ઝૂંપડાં બનાવીને તેઓ રહે છે. પુરુષો સવારે સર્પ લઈને નીકળી પડે છે અને સાંજે ઘેર આવે છે. કાલબેલિયા અભણ જ હોય છે. કોઈક બે આંકડા પાડતાં શીખી લે તો એ એનું નસીબ.

આવા પરિવારમાં સને ૧૯૬૯માં ગુલાબોનો જન્મ થયો હતો. એ વખતે ગુલાબોના પિતા રાજસ્થાનમાં અજમેર નજીક આવેલા કોટડા (મેરતા) ગામમાં રહેતા હતા. ગરીબાઈ આ જાતિનો વારસો છે. પિતાની ગરીબી વિશે ગુલાબો કહે છે: 'સાપોને પાવા માટે લાવેલું દૂધ એંઠું-જૂઠું વધે એ દૂધ પીને હું મોટી થઈ હતી.'

કાલબેલિયા જાતિની બાળાઓને ગળથૂથીમાંથી જ કાલબૈલીય નૃત્યના સંસ્કારો મળે છે. ગુલાબો પણ ચાર-પાંચ વર્ષની હતી ત્યારથી જ એની માતાએ તેને નૃત્ય શિખવવા માંડ્યું હતું. અગિયાર વર્ષની ઉંમર સુધીમાં તો એણે એની સમકક્ષ બાળાઓમાં નૃત્યકલામાં અનન્ય સિદ્ધિ મેળવી લીધી હતી. એ નર્તન કરતી હોય ત્યારે એને જોવા માટે દર્શકોનાં ટોળાં જમા થઈ જતાં હતાં. આવતાં-જતાં લોકો પણ બે ઘડી થોભી જતાં હતાં. સર્પની જેમ ડોલતી અને લચકાતી એની કાયા જોઈને દર્શકો મોઢામાં આંગળાં નાખી દેતાં હતાં.

કાલબેલિયા નૃત્યની આગવી વિશેષતાઓ છે - ઘૂમટો,

ઘુમરડી અને ગતિ. સર્પની જેમ કટિની ભંગિમા રચી કમરની તાકાતથી ઘુમરડીઓ ભરવી એ આ નર્તનની ખાસિયત છે. મોરલીની મધુર ધૂન બજતી હોય ને ઢોલક પર થાપની ગતિ દ્રુત થતી જાય એમ એમ નૃત્યની રંગત જામતી જાય છે. આ નૃત્યનો વેશ પણ અનોખો હોય છે. કાળા રંગનાં ચમકતાં વસ્ત્રો, સોનેરી ગોટા, અને લીલી-પીળી પટ્ટીઓ ચોંડેલો ઘેરદાર ઘમ્મર ઘાઘરો, સોના-ચાંદીના તાર જેવું ચળકતું કુરતું, જરીકસબના તારથી ઝગમગ-ઝગમગ થતી ઓઢણી, ઓઢણીમાં લટકતાં ઝુમ્મરો, મોતીની સેરો અને ફૂમતાંઓથી ચોપાસ છવાયેલું બદન... અદલ ડોલતા નાગનો જ આભાસ કરાવે છે.

એમાંય નૃત્ય કરતી ગુલાબોની તો અદા જ અનેરી છે. નેપથ્યમાંથી ઘૂમટો કાઢી, ઠમકારો લઈ તે 'અરરરર..... મર ગઈ... મર ગઈ... હાય રે... મેરી દૈયા...' કરતી રંગમંચ પર પ્રવેશ કરે છે ત્યારે દર્શકો કળા કરતા મોરલાની જેમ નાચી ઊઠે છે.

પુષ્કરના મેળામાં રંગમંચ પર નૃત્ય કર્યા પછી ગુલાબોને જયપુરમાં રાજસ્થાન પ્રવાસન વિભાગ તરફથી નૃત્યના કાર્યક્રમો મળતા હતા. એક વાર તેને દિલ્હીની 'અશોકા' હોટલમાં કાર્યક્રમ આપવાની તક મળી ગઈ. ત્યાં એનું આ કાલબેલિયા નૃત્ય ખૂબ વખણાયું અને એને 'ભારત મહોત્સવ' માટે અન્ય લોકકલાકારોની સાથે અમેરિકા જવાનો મોકો મળી ગયો. 'ભારત મહોત્સવ' માટે પસંદ થયેલાં ૪૨ કલાકારોમાં ગુલાબોનું નામ અગ્રસ્થાને હતું.

દિલ્હીમાં 'ભારત મહોત્સવ-૧૯૮૫'ની તૈયારીઓ ચાલી રહી હતી. એનું રિહર્સલ ચાલી રહ્યું હતું. ગુલાબો પણ એમાં ડૂબેલી હતી ત્યાં સમાચાર મળ્યા કે એના પિતાનું અવસાન થયું છે. અમેરિકા જવાના ચાર ૪ દિવસ બાકી હતા. કબીલાવાળાં તો પહેલેથી જ વિરોધ કરતાં હતાં. શહેરમાં એ રંગમંચ ઉપર નાચતી હતી, એ જ કબીલાવાળાંઓને તો ગમતું ન હતું. હવે એ છોકરી અમેરિકા જાય છે એ જાણીને તો એમણે કહી દીધું:'આપણી જવાન છોકરી વિમાનમાં પરદેશ જાય તે ગોરી ચામડીનાં લોકો આગળ નાચ કરે, એ હરગિઝ ચલાવી ન લેવાય. એ જશે તો એના કુટુંબ સાથે કબીલાનો વ્યવહાર કપાઈ જશે...'

પિતાનું મરણ થયું હતું. માતા, દાદા અને ભાઈમાં કબીલાનો વિરોધ કરવાની હિંમત નહોતી. કુટુંબવાળાંએ ગુલાબોને ઘેર બોલાવી લીધી, અને અમેરિકા જવાનો કાર્યક્રમ રદ કરાવ્યો. દિલ્હીના આયોજકોને ખબર પડી એટલે તેઓ દોડતા જયપુર આવ્યા અને કબીલાના નેતાઓને બાંહેધરી આપી: 'ગુલાબોને લઈ જવાની અને પાછી લાવવાની જવાબદારી અમે લઈએ છીએ !'

દાદાએ પણ કહ્યું:'મારી દીકરી સરળ અને પિતૃભક્ત છે. કબીલાને લાંછન લાગે એવું કાંઈ નહિ કરે.'

કચવાતે મને છેવટે કબીલાએ મંજૂરી આપી. ગુલાબો એ વખતના વડાપ્રધાન રાજીવ ગાંધી સાથે અમેરિકા ગઈ. પ્રસંગોપાત્ત નૃત્ય કરનારી સપેરા જાતિની એક છોકરી રંગમંચ પર લોકોને ખુશ કરવા નૃત્ય કરે, એ સ્વીકારવા માટે ગુલાબોની કાલબેલિયા જાતિ જરાય તૈયાર નહોતી. ગુલાબોના પરિવાર સાથે કબીલાએ વ્યવહાર કાપી નાખ્યો. એનું કુટુંબ બેસમાજ થઈને દિવસો ગુજારવા લાગ્યું.

મહોત્સવમાં ગુલાબોનો ડંકો વાગી ગયો. એનું કાલબેલિયા નૃત્ય ખૂબ ખૂબ વખણાયું. પ્રેક્ષકોએ પેટ ભરીને એનાં વખાણ કર્યાં. ટીવી પર એનું નૃત્ય પ્રસારિત થયું. ટીવી-દર્શકો શ્વાસ રોકીને એ જોઈ રહ્યાં હતાં અને ભારતીય લોકકલાનાં મોં ભરીને વખાણ કરી રહ્યાં હતાં. સમાચારપત્રોએ ગુલાબોના ફોટા છાપ્યા. નૃત્યની તસવીરો છાપી. ભારતીય લોકકલા અને ગુલાબો અમેરિકાના ઘેર-ઘેર પહોંચી ગયાં અને ચર્ચાનો વિષય બન્યાં.

ભારતમાં પણ આ મહોત્સવની ખૂબ પ્રશંસા થઈ. ટીવી-રેડિયોએ એનું પ્રસારણ કર્યું. છાપાંએ ગુલાબોની તસવીરો છાપી ને એના કાલબેલિયા નૃત્યની વિગતો આપી. ગુલાબો રાતોરાત ગ્રામકલાકારમાંથી વિશ્વકલાકાર બની ગઈ. ભારતમાં અને પરદેશમાં એની વાહ વાહ થવા લાગી.

અભણ, વિચરતી સપેરા જાતિની ગુલાબો વિમાનોમાં મુસાફરી કરતી થઈ હતી. પરદેશોમાં કાર્યક્રમો આપતી હતી. કાલબેલિયા જાતિનું નામ રોશન કરતી હતી ને કુટુંબકબીલાનું નામ ઉજાળી રહી હતી. એ જોઈને કબીલાવાળાં નરમ પડ્યાં અને પસ્તાયાં. તેમણે ગુલાબો તથા તેના કુટુંબને માનભેર કબીલામાં પાછાં લઈ લીધાં.

ગુલાબોએ ૧૯૮૬માં પોતાના કબીલામાંથી જ સોહનલાલ સાથે લગ્ન કર્યાં. એમને બે પુત્રો અને ત્રણ પુત્રીઓ એમ પાંચ સંતાનો છે. એમનાં બાળકો અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણે છે ને સારાં નૃત્યકાર પણ છે. માતા એમને નૃત્યની તાલીમ આપે છે.

'ભારત મહોત્સવ' પછી તો ગુલાબોની પ્રગતિ સતત થતી રહી છે. જુદા-જુદા દેશોમાંથી તેને નિમંત્રણો મળતાં રહે છે. અત્યાર સુધીમાં તેણે ૫૦થી પણ વધુ દેશોમાં પોતાના કાર્યક્રમો રજૂ કરીને લોકોનાં હૈયાં ડોલાવ્યાં છે. વર્ષનો મોટો ભાગ - સાતઆઠ મહિના - તે વિદેશોમાં રહે છે. રાજસ્થાન કલા અને ફ્રાન્સ કલા, સંસ્કૃતિના આદાનપ્રદાન માટે અવારનવાર તે ફ્રાન્સ જાય છે. દેશવિદેશોમાં ગુજરાતના 'ગરબા' જેમ પ્રસિદ્ધ છે, તેમ

ભારતીય કલા અને સંસ્કૃતિની અલગ ઓળખ ઊભી કરવામાં ગુલાબોના 'કાલબેલિયા નૃત્ય'નું પણ બહુ મોટું યોગદાન છે. રાજસ્થાની લોકનૃત્યનું સાચું સ્વરૂપ ગુલાબોના સપેરા-નૃત્યમાં જોવા મળે છે.

કાલબેલિયા નર્તકી તરીકે વિશ્વવિખ્યાત થયાં પછી ગુલાબોને નાના-મોટા તથા પ્રતિષ્ઠિત અનેક અવૉર્ડ મળ્યા છે, તથા પ્રશસ્તિપત્રો અને ચંદ્રકોથી તેનું સન્માન થયું છે. ૧૯૯૧માં નૅશનલ યુનિટી અવૉર્ડ, ૧૯૯૩માં આદિવાસી આંતરરાષ્ટ્રિય મેળામાં પ્રશસ્તિપત્ર, ૧૯૯૮માં સુવર્ણચંદ્રક તથા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહ દ્વારા સન્માન થયું હતું. તા. ૧૦મી મે, ૨૦૦૩ના રોજ ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે અવૉર્ડ અપાયો, ત્યારે ફ્રાન્સના ચાલુ કાર્યક્રમોમાંથી સમય કાઢીને તે આવી ગઈ હતી. અવૉર્ડ એનાયત વખતે તેણે કહ્યું: 'ફ્રાન્સ જાતે સમય મૈંને મેરે ભૈયાકો પ્રોમિસ દિયા થા કિ મૈં કહીં સે ભી આ જાઉંગી, ઔર ગુલાબો આ ગઈ હૈ.'

ગુલાબોના આ ભૈયા કોણ છે ? વીસ વર્ષો પહેલાં જ્યારે ગુલાબોને કોઈ જ ઓળખતું નહોતું, જ્યારે તે રસ્તા પર નૃત્ય કરતી હતી, જ્યારે તે પૈસા-બે-પૈસા માટે નાચતી હતી, ત્યારે જોરાવરસિંહ જાદવે તેનું હીર પારખીને તેને ગુજરાતમાં બોલાવી હતી અને દૂરદર્શન પર ઇન્ટર્વ્યૂ લીધો હતો અને છાપાંઓમાં નૃત્યની તસવીરો પ્રસિદ્ધ કરાવી હતી. લેખક જોરાવરસિંહ જાદવનો આ ઉપકાર ગુલાબો ભૂલી ન હતી. કર્ણાવતી ક્લબ ખાતે અવૉર્ડ સ્વીકાર કરતાં, લેખકને રાખડી બાંધી, પૅરિસથી લાવેલી ભેટ આપી ભીના સ્વરે તેણે કહ્યું હતું: 'આજ મૈં વિશ્વવિખ્યાત કાલબેલિયા નર્તકી બની હૂઁ ઔર વિશ્વ કે સભી દેશોંમેં પ્રોગ્રામ કે લિયે જાતી હૂઁ, મગર બીસ સાલ પહલે ગુલાબો કો કોઈ નહિ જાનતા થા. મૈં રાસ્તે પર નાચતી થી તભી જોરાવરસિંહજીને મુઝે પહલે પહલ ગુજરાત મેં કાર્યક્રમોં કે લિયે બુલાયા. દૂરદર્શન પર મેરા ઇન્ટર્વ્યૂ કિયા, પેપરોં મેં પબ્લિસિટી દિયા, નૃત્ય કી તસ્વીરેં પ્રસિદ્ધ કરવાઈ. ફિર મૈં વિદેશ ગઈ ઔર બડી કલાકાર બની. જોરાવરસિંહજી કા મુઝ પર ભારી ઋણ હૈ. આજ સે મૈં ઉનકી છોટી બહન બન રહી હૂઁ....'

ગુલાબોની આવી વિનમ્રતા અને દિલાવરી જોઈને દર્શકો પણ ભાવવિભોર થઈ ગયાં હતાં. 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશન-૨૦૦૩' અવૉર્ડ-એનાયતનો કાર્યક્રમ પૂરો થતાં પુરસ્કાર અને વિમાનભાડું આપવા માંડ્યા ત્યારે ગુલાબોએ કહ્યું: 'બહન કભી ભાઈસે પુરસ્કાર લે સકતી હૈ ? અબ આપકી છોટી બહન બની હૂઁ. લોકકલા ફાઉન્ડેશન કા કોઈ ભી પ્રોગ્રામ હો તો મુઝે બુલાતે રહના, મૈં આ જાઉંગી....'

ગુલાબોએ 'બટવારા', 'અજૂબા', 'ફાસલે', 'ક્ષત્રિય', 'ગુલામી' જેવી ફિલ્મોમાં તથા અંગ્રેજી 'ડિસપિયર' ફિલ્મમાં કામ કર્યું છે, અને 'સહરા મેં ખીલે ગુલાબ' એ એના જીવન પર ઉતારવામાં આવેલી દસ્તાવેજી ફિલ્મ છે.

ભારતમાં ગુલાબો જેવાં ચીંથરેવીંટ્યાં રત્નો ઠેરઠેર પડેલાં છે. એમને જોરાવરસિંહજી જાદવ જેવા પારસમણિનો સ્પર્શ થાય તો એ સુવર્ણની જેમ વિશ્વચોકમાં ઝળહળી ઊઠે અને ભારતને પણ ગૌરવશાળી બનાવે. જરૂર છે કદરદાતાઓની. ભારતમાં આવા કદરદાતાઓની પણ ખોટ નથી.

એક અભણ નારી પણ 'સબળ' બની શકે છે, એનું ગુલાબો જ્વલંત ઉદાહરણ છે ! ❒

અનુસંધાન] રમકડું [પૃ. ૭૮૦ થી

તો વિચાર કરો. કોઈ એને આજે ટોકશે નહીં, તો ??....'

કામવાળી બાઈ ઝાંપામાં દેખાઈ ને મને હાશ થઈ ! મનમાં થયું: ટિનકુડો તો કદાચ આજે ? પણ... આગળ વિચારું, ત્યાં તો એ જ ગંદો-ગોબરો પણ ફૂલ જેવો માસૂમ ચહેરો, મસ્તીભરી કૂદકાતી ચાલ. જાણે કશું જ બન્યું ન હોય તેમ એ આવ્યો ! ને વરંડામાં, લૉનમાં બધે જ ખૂણેખાંચરે એની ચકોર નજર ઘૂમી વળી.

'ટિનકુ !' - મારા અવાજના સ્પર્શથી ચમક્યો હોય તેમ મારી સામે એ તાકી રહ્યો ઘડીક. ઇશારો કરી એને નજીક બોલાવ્યો કે તરત એ હળવે હળવે આવ્યો. એનો હાથ પકડી, માથે વહાલથી હાથ ફેરવી મેં એને મારી પાસે હીંચકે બેસાડ્યો ને સવારે એની મા બંને રમકડાં પાછાં આપી ગઈ હતી એમાંની એક ચાવીવાળી કાર એના હાથમાં મૂકી દીધી, ને કહ્યું: 'આ તારું રમકડું છે, રમીને ઘેર લઈ જવાનું, હોં !....' મારા બોલ્યા પર પૂરો વિશ્વાસ ન બેઠો હોય તેમ બાજુમાં તાર પરથી સૂકવેલાં લૂંગડાં લેવા આવેલી મારી પુત્રવધૂ ને ટિનકુડો બંને એકસાથે મારી સામે તાકી રહ્યાં ઘડીક.

❒ ❒

એજન્ટોને -

'કુમાર'નું લવાજમ સ્વીકારતાં એજન્ટોએ 'કુમાર'નું ફક્ત એક જ વર્ષનું લવાજમ રૂ.૧૫૦ સ્વીકારવાનું હોય છે. બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું લવાજમ ગ્રાહકોએ અમોને - 'કુમાર ટ્રસ્ટ'ને સીધું મોકલવાનું હોય છે અને બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષના લવાજમ ઉપર એજન્ટોને કોઈ જ કમિશન આપવામાં આવતું નથી. લવાજમની પૂરી રકમ અમોને મોકલવાની હોય છે તેની સૌ એજન્ટોએ ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ-૩૮૦૦૦૧

અપરાધી

વસુધા ઈનામદાર

વત્સલા અને કુણાલની આંખોની જેમ સમગ્ર વાતાવરણમાં સફેદ નીરવતા પ્રસરેલી હતી. ક્યારેક કુણાલની આંખોનો રંગ બદલાતો. એમાં ગુસ્સો, તિરસ્કાર અને દુઃખની છાયા અવારનવાર આવીને પેલી નિરવતાને ક્ષુબ્ધ કરી જતી. વત્સલાની આંખમાં વિરાટ પશ્ચાત્તાપી રણ ફેલાએલું હતું. સમ ખાવા પૂરતું ય આંખમાં આંસુનું ટીપું નહોતું. નર્યો અપરાધ-ભાવ !

ચિત્રો દોરવાનો શૉખ વત્સલાને પ્રસિદ્ધિ, સન્માન અને લોકોનો પ્રેમ અપાવતો રહ્યો. ક્યારેક એનાં દોરેલાં ચિત્રો એને અઢળક પૈસા પણ અપાવતા. માતૃત્વનો વિષય લઈને દોરેલા ચિત્રોએ એને ઊંચા દરજ્જાની કલાકાર બનાવી. ભાતભાતના રંગો અને પીંછી વડે દોરેલાં ચિત્રો માતૃત્વનું ગૌરવ કરતાં, પણ પોતાના પુત્ર ચિંતનનું જીવન રંગ વગરના ચિત્ર જેવું હતું.

ચિત્રકાર વત્સલાના પતિ હીરાના વ્યાપારી હતા. ચિંતન માટે કોઈ પણ વસ્તુ તેઓ વિના સંકોચ ખરીદી શકતા પણ ચિંતનને તો માત્ર માતા-પિતાનો સહવાસ અને તેમની હાજરી જોઈતી હતી. રાત પડે ત્યારે તે આયાને પૂછતો, 'મમ્મી ક્યારે આવશે ? તને ખબર છે હું પહેલા નંબરે પાસ થયો છું. મારે આ વાત પપ્પાને ફોન કરું ? હું ગેટ આગળ જઈને ઊભો રહું ?' આયાને કહેવાનું મન થતું, 'મોટું ઘર, મોટી ગાડી અને ઘરમાં સુખસમૃદ્ધિને વસાવનારાં ઘરમાં ઓછું અને બહાર વધારે જીવતાં હોય છે.' પણ તે ચિંતનને કશું કહેતી નહીં. માત્ર કરુણ દૃષ્ટિથી એની સામે જોઈ રહેતી. પ્રેમથી એનો હાથ પકડીને ટી.વી. આગળ બેસાડતી. ચિંતન પછી સૂઈ જતો.

સમય જતાં ચિંતન એમની ગેરહાજરીથી ટેવાતો ગયો. હવે તો બાલમંદિર છોડીને તે પ્રાથમિક શાળામાં ભણતો થયો.

ચિંતન ક્યારેક વિચારતો કે તે પપ્પા અને મમ્મી સાથે છેલ્લે ક્યારે જમ્યો હતો ? મમ્મી હોય તો પપ્પા ન હોય, એમની ખુરશી ખાલી રહેતી તો ક્યારેક મમ્મીની ! ચિંતન જિદ કરીને ખાલી ખુરશી આગળ થાળી મુકાવતો ! એ લોકોને ક્યારેક ફરિયાદ કરતો, 'તમે નથી હોતાને ત્યારે તમારી ખુરશી સામે જોઈને હું ખાઉં છું !' વત્સલાનું મન ચિંતનની વાતોથી દુભાતું, 'બસ, બેટા આ છેલ્લું જ પ્રદર્શન. આ છેલ્લું જ ચિત્ર, કહેતાં કહેતાં દિવસ, મહિના અને વર્ષો વીતી ગયાં !'

ચિંતન દશ વર્ષનો થયો ત્યારે ખૂબ મોટી પાર્ટી રાખવામાં આવી હતી. પપ્પાના વ્યાપારી મિત્રો અને મમ્મીના પ્રશંસકો ! ચિંતન નારાજ હતો, 'મમ્મી, આ બર્થ ડે મારો છે કે પછી... !' વત્સલાએ કહ્યું ,'તારા મિત્રોને પણ બોલાવીએ' 'ના મારે તો તમારી બંને સાથે બર્થ ડે ઊજવવો હતો, નહીં કે તમારા મિત્રો સાથે !' 'આ છેલ્લી જ વાર, હવે પછી તું, હું અને તારા પપ્પા ! હંમેશની જેમ ચિંતને ડોક હલાવી.

ચિંતન ધીરે ધીરે ભણવામાં ઓછું ધ્યાન આપવા લાગ્યો. દરેક વિષયના શિક્ષક એને ભણાવવા ઘેર આવતા. તે ક્યારેક ટ્યુશનમાં નહીં બેસવાના બહાના કાઢતો. કોઈકવાર સ્કૂલના મિત્રોને ઘેર બોલાવતો પણ એમને ચિંતનની વસ્તુઓમાં એના કમ્પ્યૂટરમાં કે ઈલેક્ટ્રીક રમકડામાં જ રસ હતો. ચિંતનના બંગલા આગળ ઊભેલી ગાડી અને બંગલાની ભવ્યતા જોઈને તેઓ કહેતા, 'ચિંતન, તું કેટલો નસીબદાર છે. તારી પાસે બધું જ છે. તારી તો મમ્મી પણ ફેમસ છે !' એણે પછી મિત્રોને ઘરે બોલાવવાનું બંધ કર્યું.

વત્સલાનાં ચિત્રોનાં પ્રદર્શન ભરાતાં. ચિત્રકલાના પ્રેમીઓ એની ભરપેટ પ્રશંસા કરતા. એનાં માતૃત્વ પ્રકટ કરતાં ચિત્રોથી લોકો પ્રભાવિત થઈને એમાંથી પ્રેરણા લેતાં. એ ચિત્રોમાં બાળકને ખોળામાં લઈને બેઠેલી કે સ્તનપાન કરાવતી, બાળક નવડાવતી કે સુવાડતી અથવા માથે સ્નેહથી હાથ ફેરવતી, બાળકને ચુંબન કરતી માતાનાં અનેક સ્વરૂપને તે પીંછી અને રંગો વડે દર્શાવતી. બાળકને આંગળી પકડીને સ્કૂલે દોરી જતી. માનું ચિત્ર જોઈને ચિંતને પૂછ્યું,'મમ્મી, આ ચિત્રની જેમ મને પણ આંગળી પકડીને સ્કૂલે લઈ જાને !' 'અરે ! તું તો સરસ મજાની ગાડીમાં બેસીને જાય છે.' ચિંતને આગ્રહ કર્યો. એણે નમતું મૂક્યું હતું. તે દિવસે ચિંતન એના ક્લાસમાં સહુને કહેવા લાગ્યો, 'આજે મારી મમ્મી મને સ્કૂલે મૂકવા આવી હતી.' ત્યારે પેલી ચબરાક સિમરન બોલી ઊઠી,'એમાં શું, અમારી મમ્મી તો રોજ અમને મૂકવા આવે છે !'

વત્સલાનાં ચિત્રો પુસ્તકરૂપે પ્રકટ્યાં. એ પુસ્તકનું નામ એણે 'મમતા' રાખ્યું હતું. ચિંતન માએ દોરેલાં ચિત્રો તરસી આંખે જોઈ રહેતો. 'મા, મને પણ ખોળામાં લઈને બેસને, આ ચિત્રની જેમ !' 'હમણાં નહીં, મારે થોડી વારમાં નીકળવું પડશે. આજે આપણા દેશના ખૂબ મોટા ચિત્રકાર ઉદ્‌ઘાટનમાં આવવાના છે. મને આવતાં મોડું થશે !'

વત્સલા ઘેર હોય ત્યારે ચિંતન એની પાછળ પાછળ ફરતો. ક્યારેક માના રંગ અથવા પીંછી સંતાડી દેતો ને કહેતો, 'તું મારી સાથે સંતાકૂકડી રમ, તું મને શોધી કાઢ. હું તારી પીંછી શોધી આપું.' વત્સલા હસી પડતી, કબાટ ખોલીને બીજી પીંછી લેતી ને ફરી ચિત્ર દોરવામાં મગ્ન બની જતી. ચિંતનને થતું ,'મા

મારી પર ગુસ્સો કરે, પછી મને પ્રેમથી મનાવી લે. પણ એવું કશું થતું નહીં. મમ્મી ખોટું ખોટું કેમ હસે છે ? એના રંગ ઢોળી દઉં ? પીંછી ફેંકી દઉં ? આ ચિત્ર જેના પર મૂક્યું છે તે સ્ટેન્ડ તોડી નાખું ?' પણ એમાંનું એ કશું કરતો નહીં. ચિંતન ડરપોક બની ગયો હતો.

એક વાર એણે વત્સલાને કહ્યું, 'તારા ચિત્રમાંનું બાળક મારા જેવું કેમ નથી દેખાતું, મમ્મી ! તું મારાં અને તારાં ચિત્રો કેમ નથી દોરતી ? આ બાળક કોણ છે ? એની મમ્મીને તું ઓળખે છે !' વત્સલાના દોરેલા એક ચિત્ર સામે જોઈને એણે પૂછ્યું હતું, 'માની પાછળ દોડતા બાળકનું ચિત્ર કેમ દોર્યું ? એ મને નથી ગમતું. મને થાય છે કે હું એ બાળક છું ને તું પેલી મમ્મી !' વત્સલા ચૂપ રહી. 'મમ્મી, હું બારણે તારી રાહ જોતો ઊભો હોઉં ને અંધારું પડી જાય એવું ચિત્ર દોરને !' 'હું અમેરિકાથી પાછી આવીશ ત્યારે તું કહે એવું ચિત્ર દોરી આપીશ.'

'મમ્મી, તું એકલી પ્લેનમાં જવાની ?'

'ચિંતન, તારી સાથે પપ્પા છે, આયા છે.' પણ માની વાત સાંભળી-ન સાંભળી કરીને તે બોલ્યો, 'મમ્મી, હું એક વિમાન દોરું ? એમાં તું અને હું જ હોં કે ! એમાં આપણે ખૂબ ખૂબ ઊંચે જઈશું. બસ ઊડ્યાં જ કરીશું, તારે ચિત્રો નહીં દોરવાનાં ભગવાને દોરેલું મેઘ-ધનુષ્ય તેં જોયું છે ?' વત્સલાના હૃદયમાં તીરની જેમ એ વાક્ય ખૂંપી ગયું ! એને થતું, ચિંતન મારો સાથ ઝંખે છે. આ અમેરિકાની ટ્રિપ પત્યા પછી એ વિશે ગંભીરતાથી વિચારવું પડશે !

અમેરિકાથી પાછા આવ્યાં પછી પણ ચિંતનને તે સમય નહોતી આપી શકતી. તે દિવસે ચિંતનની સ્કૂલમાં રજા હતી. 'મમ્મી, આજે તારે ચિત્ર દોરવાનું નથી ને !' 'ના, પણ મારે આજે બાળકને ચિત્ર અને કલા પ્રતિ અભિમુખ કઈ રીતે કરવા એ વિશે બોલવાનું છે.' ચિંતનને પૂછવું હતું, 'અભિમુખ એટલે શું ?' પણ એ એટલું જ બોલ્યો, 'મા, મને પણ અભિમુખ કરને !' વત્સલા હસી.

કુણાલ ક્યારેક કહેતો, 'આપણે બંને જણાં ઘરમાંથી બહાર જઈએ તે ચિંતન માટે સારું નહીં, એવું તને નથી લાગતું ? આ તારાં કલાપ્રદર્શન અને ટૂરો બંધ કર.' વત્સલાએ પ્રત્યુત્તરમાં ડોક હલાવી !

ચિંતન એક કાર અકસ્માતમાં ચાલ્યો ગયો. વત્સલા અને કુણાલ સામસામાં ઊભેલાં વૃક્ષની જેમ એકબીજાંને તાકી રહ્યાં. કેટકેટલાં આશ્વાસન એમને લોકો તરફથી મળ્યાં હતાં ! સફેદ બગલાંના ટોળાની જેમ તેઓ આવતા ને થોડીક ક્ષણો ચિંતનને યાદ કરી, વ્યવહાર સચવાયાના આનંદ સાથે પાછાં વળતાં !!

કુણાલ વત્સલાને કહેતો, 'આમાં મારો જ વાંક છે. ધંધામાંથી સમય કાઢીને.....' વત્સલા કહેતી, 'ના, ના, હું ઉચ્ચ કક્ષાની કલાકાર બની, પણ સામાન્ય મા ન બની શકી. મા-બાળકના પ્રેમનાં પ્રદર્શન ભરાય એટલાં ચિત્રો દોર્યાં, પણ મારા બાળકની ઉપર સ્નેહભર્યો પાલવ ન ઢાળી શકી !' ખરી રીતે તો બંને જણાને એકબીજાં તરફ આંગળી ચીંધવાની ઇચ્છા થતી પણ એમ કરી નહોતાં શકતાં, આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરવા જેટલી નિકટતા એ બે વચ્ચે નહોતી.

ચિંતન ગયે ચાર વર્ષ થયાં. કુણાલ વિચારતો, આજે નહીં તો કાલે વત્સલા પૂર્વવત્ થશે, કાંઈ નહીં તો પોતાના ચિત્રોમાં મન પરોવશે; પણ એના મનની હાલત એટલી બધી ખરાબ થઈ કે પોતાના મિત્રના કહેવાથી કુણાલ એને લઈને સાઈકીઆટ્રિસ્ટ પાસે ગયો. એમણે કહ્યું , 'કેટલીક માનસિક બીમારી કોઈ ઊંડા આઘાતને કારણે થાય છે. પરિણામે તેઓ વાસ્તવિક્તાથી જુદી જ દુનિયામાં જતા રહે છે. વ્યક્તિગત લાગણીઓ અતિકાલ્પનિક અને અવાસ્તવિક લાગે. માનસશાસ્ત્રમાં આવતી બાઈપોલર ડિસઑર્ડરની વાત પ્રમાણે ક્યારેક વધુ પડતો વિષાદ જીવનને ગમગીન બનાવે મૂકે તો વધુ પડતો આનંદ મનાવીને બહેકાવા છે. આ બંને માનસિક ખલેલનાં પરિણામ છે. એકનો એક પુત્ર ગુમાવ્યાનું દુઃખ કલાકાર માટે અસહ્ય છે. એમની લાગણીઓ અને ખાલીપો બીજી તરફ વાળવાનો આપણે પ્રયત્ન કરીશું.'

કુણાલ કંટાળ્યો હતો. હતાશ થઈ ગયો. પોતે સારો પિતા ન બની શક્યાનો રંજ એને સારા પતિ બનવા માટે પ્રેરિત કરતો. એને પોતાનો વ્યાપાર-વિસ્તાર ટૂંકો કર્યો. વધુ સમય વત્સલા સાથે વિતાવવાનો પ્રયત્ન કરતો. બંને સાથે જમવા બેસતાં. ચિંતનની ખાલી જગ્યાએ વત્સલા થાળી મુકાવતી. 'ચિંતન, ચાલ જમી લે.' ક્યારેક સભાનપણે બાઈને ખાવાનું વારંવાર ગરમ કરવાનું કહેતી. સવારના ઊઠતાંની સાથે ચિંતનને ઉઠાડવા જતી અથવા તો કહેતી, 'ચિંતન, કેટલું નહાવાનું ? ચાલો, ચાલો, સ્કૂલમાં મોડું થશે !' વત્સલા ઘરમાંથી બહાર નીકળવાનું નામ નહોતી લેતી. સાંજ પડે ચિંતન આવવાનો છે કહી અંધારું થાય ત્યાં સુધી ગેટ આગળ ઊભી રહેતી. કુણાલથી આ બધું જોવાતું નહોતું. રોજેરોજની ગાંડપણભરી વાતો.... જેનું ચિત્ત ભ્રમિત છે એને કઈ રીતે સમજાવવું તે કુણાલ માટે અશક્ય હતું.

કુણાલ વત્સલાને લઈને મેન્ટલ હૉસ્પિટલમાં સાઈકીઆટ્રિસ્ટ પાસે આવ્યો હતો. ડૉક્ટર સાથે વાતચીત કરી. એણે વત્સલાના વર્તનની વાત કરતા કહ્યું કે, 'તે રસ્તે જનાર છોકરાને ચિંતન કહીને બોલાવે છે.' ડૉક્ટરે વત્સલા વિશેની વાત સાંભળી. તેઓ કશું કહે તે પહેલાં જ 'ડૉક્ટર, મારો ચિંતન મને છોડીને જતો રહ્યો.' એમ કહીને તે જોરજોરથી રડવા લાગી. ડૉક્ટરે એમને સમજાવી એક ઈન્જેક્શન અપાવ્યું. એ જ્યારે

જાગ્યાં ત્યારે વૉર્ડ નંબર અગિયારમાં હતાં. એમણે 'કુણાલ... કુણાલ...' કહી બૂમો પાડવી શરૂ કરી. ત્યાં તો ડૉક્ટર આવ્યા. 'વત્સલાબહેન, આ બધું શું છે ?'

'આ બધું ગાંડપણ ! પુત્રવિયોગથી જીવતી એક અપરાધી માનું ગાંડપણ છે, ડૉક્ટર !'

'ચાલો, મારી સાથે. ઑફિસમાં બેસીને વાતો કરીએ.'

'તમે તો મોટાં ચિત્રકાર છો. તમને ખબર છે ને કે એ આપણને છોડીને જતો રહ્યો છે ? ગયેલાં પાછાં નથી આવતાં. તમે એક વાર ચિંતનના મૃત્યુને સ્વીકારી લો. એમ થશે તો આ આઘાતની કળમાંથી તમે બહાર આવશો.'

'ડૉક્ટર, મેં માનો પ્રેમ ચિત્રોમાં ઠાલવ્યો. હું જે પ્રત્યક્ષ નહોતી કરી શકતી તે રંગ અને પીંછી દ્વારા જગતને કહેતી, પણ મારો ચિંતન ઘરમાં સુખી નહોતો. માતા-પિતાનો પૈસો અને પ્રસિદ્ધિ એને કોઈ કામનાં નહોતાં. એ અમારા પ્રેમ માટે તરસતો હતો. સાવ સામાન્ય બાળક, પણ ખૂબ ભાવનાશાળી. એની ઉંમરના મિત્રો રમતમાં, ટી.વી.માં કે અન્ય પોતાની મનગમતી પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતાં ત્યારે એ માનાં દોરેલાં ચિત્રોને સમજવાની મથામણમાં હતો. એણે મારા બે ચહેરા જોયા: એક, કલાકારનો જે સંપૂર્ણ લાગ્યો હશે અને બીજો માતાનો જે ધૂંધળો અને અપૂર્ણ ! મારાં દોરેલાં ચિત્રોમાં એ પોતાને શોધતો હતો હું કેવી મા ? મારા રોમરોમમાંથી સર્જાએલી એ કલાકૃતિના જીવનમાં, પ્રેમના રંગ ના પૂરી શકી ! ડૉક્ટર, ત્યારે મને સાઇકોલૉજિસ્ટની જરૂરત હતી, જે મને મારા પુત્ર માટે સાચો રાહ દેખાડત. હવે મારી કલા અને મારા જીવનનો કોઈ અર્થ નથી. માના પ્રેમને તરસતી એ બે અબોલ આંખો મારી આગળથી હટતી નથી, ડૉક્ટર.... બોલો હું શું કરું ?'

તમે એમ કરો.... થોડો સમય આ હૉસ્પિટલમાં રહો. દવા અને અમારી સાથેની વાતચીત તમને મદદરૂપ થશે. તમે એક વાર મારા દીકરાની સ્કૂલમાં ગયા હતાં. એને પ્રથમ ઈનામ તમારા હાથે મળ્યું હતું. તમારે એ ફોટો જોવો છે ?

'ના, તમારી પાસે ચિંતનનો ફોટો છે ?'

'પણ, તમે તો ફોટા વિના પણ ચિત્ર દોરી શકો. ખરુંને ? લો, આ લો રંગો અને પીંછી ! તમે ચિત્રોમાં તમારું મન પરોવો. આપણે ફરી આર્ટ ગૅલરિમાં ચિત્રોનું પ્રદર્શન ગોઠવીશું.'


ડૉક્ટરે પ્રિસ્ક્રિપ્શનનું પૅડ લીધું. એમણે ઘંટડી વગાડી, 'આમને એમની રૂમમાં લઈ જાવ.'

'મને ?...ના...ના ચિંતન આવવાનો સમય થશે.' એટલામાં બીજી નર્સ આવી. બંનેએ એમને પકડીને 'ચાલો' કહ્યું. 'ક્યાં લઈ જાવ છો મને ? મારે મારું ઘર છે. મારી પાસે પૈસા છે. હું એક પ્રસિદ્ધ ચિત્રકાર છું. મારા પતિ મારાથી ત્રાસી ગયા છે. કેમ કે હું ચિંતનનું રટણ કરું છું. હું એની મા છું. ગુનાહિત માનસવાળી.... એની અપરાધી મા ! હું તો આમેય આ પાંજરામાં પુરાયેલી છું. મારે ચિંતનની જેમ મુક્ત... મુક્ત થઈ જવું છે. હું વિમાનમાં ઊડી રહી છું. મારા લોહીના ટુકડાને શોધું છું.'

થોડા દિવસમાં જ વત્સલા હૉસ્પિટલમાંથી ભાગી ગયાંના સમાચાર મળ્યા. એક ચિત્ર ડૉક્ટરને માટે મૂકતાં ગયાં. દોડતા બાળકની પકડવા જતી માતાનું દૃશ્ય !! સાથે એક ચિઠ્ઠી હતી.

'ડૉક્ટર એક શ્વાસે ચિંતનનું સ્મરણ એ મારું પ્રાયશ્ચિત્ત ! મનનો આ તલસાટ ગાંડપણ નથી. પશ્ચાત્તાપની શરૂઆત છે. આ એકલતા, ન જીરવી શકાય એવી વેદના, આ ગુનાહિત માનસને કોઈ ઘર નથી, કોઈ સંબંધ નથી. આત્મપીડનની ચરમ સીમા એ શું ચિંતનને પામવાનો માર્ગ હશે ? આ હૉસ્પિટલ કે મારું પોતાનું ઘર આ ઘાયલ પંખિણીને નહીં રોકી શકે. આ પાંજરામાંથી મારે બહાર નીકળવું જ છે, શક્ય એટલા વહેલા- ચિંતન ખૂબ દૂર નીકળી જાય તે પહેલાં !!' ▢

શામળાજીનું વિષ્ણુમંદિર: ૨



સંકલન : ગિરીશભાઈ પંડ્યા

ગુજરાત રાજ્યના ઈશાન કોણમાં સાબરકાંઠા જિલ્લામાં પૂરી થતી અરવલ્લી ગિરિમાળાની કંદરાઓ અને વનરાજી વચ્ચે આવેલું શામળાજી યાત્રાધામ અત્યંત રમણીય છે. મંદિરના શિલ્પસ્થાપત્યની ઝાંખી કર્યા પછી ઘડીભર એમ માનવા પ્રેરાઈ જવાય છે કે આ બધું નિર્માણ ગૂઢ શક્તિની પ્રેરણા સિવાય શક્ય નથી. એની શોભા પૃથ્વી પર નરી આંખે જોવા મળતા સ્વર્ગ સમાન જણાય છે. ભગવાન શામળિયો શામળાજીમાં વસે છે એમ કહેવા કરતાં વધુ ઉચિત એ ગણાશે કે શામળાજી ગામ ભગવાન શામળિયામાં રહે છે. ગામની જે કાંઈ વસ્તી છે તે મંદિરને કારણે છે.

વિરાટ કદના બે હાથી મંદિરના મુખ્ય પ્રવેશદ્વારને શોભાવે છે, જાણે ભગવાનની અદાલતને આંગણે રક્ષણાર્થે તેઓ ઝૂમી રહ્યા છે ! સાથે સાથે શેષશાયી ભગવાન વિષ્ણુની એક મૂર્તિ નિદ્રા માણતી હોય એ રીતે બતાવાયેલી છે. મૂર્તિ ભવ્ય, નયનરમ્ય અને કલાત્મક છે.

પ્રવેશદ્વારની અંદર પગ મૂકતાં સામે જ ફરતા ખુલ્લા ચોક સહિતનું મંદિર નજરે પડે છે. મંદિર ઊંચી પીઠિકા પર બંધાયેલું છે. મંદિર ફરતે બહારના ભાગમાં બધે જ સુંદર કલાદર્શક બારીક શિલ્પપટ્ટિકાઓ કંડારાયેલી છે. શિલ્પના આવા ચાર થર છે. ગ્રાસ પટ્ટિકા અથવા કીર્તિમુખનો થર પણ છે. સિંહના મુખ-ભાગો દર્શાવતો થર તેમજ લશ્કરમાં જતા હાથીઓથી બનેલો ગજથર પણ ધ્યાન ખેંચે છે. જુદાજુદા હાથીઓને તોફાનમસ્તી કરતા, લાડ લડતા, સૂંઢ ઉછાળતા અને દંતશૂલ ભીડાવતા હોય એ રીતે કંડારેલા છે. નિજમંદિરની બહારના દર્શનગૃહનાં શિલ્પોમાં રામાયણ અને મહાભારતમાં આલેખાયેલા રામ અને કૃષ્ણના જીવનપ્રસંગોને સુંદર ઢબે વણી લીધા છે. આ થરનું વૈવિધ્ય પટ્ટિકાઓને ખૂબ શોભાવે છે. અન્ય દૃશ્યો દર્શાવતી માત્ર ૬૦સે.મી.ના માપની નર-નારી થરની પાષાણપટ્ટીની શિલ્પકલા પણ બેનમૂન છે. તેમાં નરનારીઓ બેઠેલાં છે, ગુરુ શિષ્યોને ઉપદેશ આપે છે, નમણી નાર તેના ઊડતા કેશને એક હાથમાં ઝાલીને અરીસામાં જોતાં જોતાં બીજા હાથે સજાવે છે, રાજા-રાણી રસાલા સાથે દેખાય છે, મર્યાદિત સંખ્યામાં નગ્ન સાધુઓ પણ છે, શિકારીઓને શિકાર કરતા બતાવ્યા છે, સૈનિકો ભૂમિ પરથી અને યુદ્ધવીરો રથમાં બેસીને પ્રાચીન શસ્ત્રોથી લડે છે, બાળકો આંબલી-પીપળી રમે છે, લશ્કરની નાની-મોટી ટુકડીઓ, રથની કુમક, કુસ્તીદાવ, વાઘ-સિંહનો શિકાર, વાજિંત્રો, નર્તક-નર્તકીઓ વગેરે ઘણુંબધું પણ તેમાં સામેલ કરેલું છે. લોકનૃત્યો, નટના દાવ, ઊંટની-ઘોડાઓની-હાથીઓની અને ગર્દભોની વણઝારો પણ અંકિત કરેલી છે. ટૂંકમાં, અહીંની શિલ્પકળા ખૂબ જ કલાત્મક રીતે દર્શાવાયેલી છે. કંડારાયેલી આકૃતિઓ જાણે કે જીવંત લાગે છે.

મંદિર પરની અન્ય દૃશ્યાવલીઓમાં રામાયણ પૈકી રામનું વનપ્રસ્થાન, પર્ણકૂટિમાં વાસ, રામનું લશ્કર, રાક્ષસ મારીચનો વધ, સીતાહરણ, જટાયુ-રાવણ યુદ્ધ, શ્રીલંકા પર આક્રમણ, અશોકવાટિકા; મહાભારતના પ્રસંગો પૈકી કૃષ્ણજન્મ, મથુરામાંથી બાલકૃષ્ણને ગોકુલમાં લઈ જવાનું દૃશ્ય, પારણે ઝૂલતો કનૈયો, પૂતનાનું મોત, કાલીનાગમર્દન, યમલાર્જુનનાં વૃક્ષોનું પતન, શકટાસુરનો વધ, દાણલીલા વસ્ત્રહરણ; પુરાણલિખિત શિવપૂજા, શિવપાર્વતીનાં લગ્ન, લક્ષ્મીનારાયણનો વિવાહ, શિવનું તાંડવનૃત્ય વગેરે જોવા મળે છે.

નિજમંદિરમાં દેવ-દેવીઓની સંખ્યાબંધ પ્રતિમાઓ મનોહારી દૃશ્ય ખડું કરે છે; તેમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, યમ, સપ્તમાતૃકાઓ, ગણેશ, ગ્રહો, ઈન્દ્ર, અગ્નિ, વાયુ, વરુણ, વૈષ્ણવી, બ્રહ્માણી, ઈન્દ્રાણી, સરસ્વતી વગેરે જેવાં શિલ્પો કંડારેલાં દેખાય છે.

મંદિરની પશ્ચિમ દીવાલ પર ગણેશને તાંડવનૃત્ય કરતા બતાવાયા છે. ભારતીય શિલ્પોમાં આ શિલ્પાકૃતિને અજોડ ગણાવી છે, તેમાં ગણેશજીના ચહેરાના આનંદનો હાવભાવ, ભારે શરીરનું સમતોલપણું અને લચક તથા સૂંઢનું ડોલન ખરેખર માણવાલાયક છે.

મંદિરની ત્રણ દીવાલો પર હાથીની એક જોડીને દંતશૂલોથી મસ્તી કરતા ભાવમાં રમતી બતાવેલી છે. હાથીના ભારે પગ, લચી પડેલા હોઠ અને ઝીણી આંખો પણ ધ્યાન ખેંચે છે.

મંદિરને ફરતા પરિસરની પ્રદક્ષિણા કર્યા પછી પગથિયાં ચઢીને જઈએ તો બાર સ્તંભો પર બાંધેલા ત્રણ મજલાવાળો મેઘનાથ મંડપ નજરે પડે છે. ત્યાં આકાશ તરફથી ધ્યાનમુદ્રામાં સ્થિત માનવસ્વરૂપ ગરુડમૂર્તિનાં દર્શન થાય છે. આ મૂર્તિ કાળા પાષાણમાંથી ઘડેલી છે. તેના મસ્તક, કંઠ, સ્કંધ, કાંડાં અને પગ પર સર્પગૂંચળાં વીંટળાયેલાં દેખાય છે. ગરુડને ભગવાન વિષ્ણુ સામે તાકીને ઊભેલા બતાવાયા છે, તેની બંને પાંખોનું વજન જાણે કે તેના ખભાઓ પર હોય એવું લાગે છે. તેની મૂછો ભરાવદાર, લાંબી અને અંકોડાવાળી છે તથા નાક અણિયાળું

છે. દર્શનાર્થીઓ તેના કાનનાં કાણાંઓમાંથી આરપાર જુએ તો તેમને ભગવાન વિષ્ણુની મૂર્તિનાં દર્શન થાય છે.

મંડપની છતનો આકાર સોળ પાંખડીવાળા કમળને મળતો આવે છે. વચ્ચેનો ઝુમ્મર જેવો ભાગ પદ્મશીલા છે. છતના બાહ્યવલયમાં સોળ મૂર્તિઓ છે, પ્રત્યેક મૂર્તિ ૧.૩૫ મીટર જેવડી છે. પ્રત્યેક મૂર્તિને હાવભાવ, લાગણીદર્શન, વળાંકોમાં અલગ પાડી શકાય છે. તે પૈકીની એક મૂર્તિ કૃષ્ણની. આઠ મૂર્તિઓ મંજીરા, વાંસળી, વીણા, ઢોલક જેવાં વાજિંત્રો વગાડતી બતાવેલી છે, અન્ય ત્રણ-ચાર મૂર્તિઓ નૃત્ય કરતી દેખાય છે.

મંદિરના ગર્ભગૃહમાં ૧.૫ મીટર ઊંચી ભગવાન શામળિયાજીની ભવ્ય અને મનમોહક મૂર્તિ બિરાજે છે. કણેટી પ્રકારના કાળા પાષાણમાંથી ઘડેલી આ મૂર્તિને એવી તો કલાત્મક રીતે કંડારી છે કે તે મોહક લાગે છે એટલું જ નહિ, દર્શનાર્થીઓને સમર્પણનો ભાવ પણ પ્રેરે છે. મૂર્તિની કમરની લચક તથા ત્રિભંગી વળાંક શિલ્પકારની હથોટીની દાદ માગી લે છે. મૂર્તિમાં સ્પષ્ટ થતી વીરોચિત બહાદુરી તેની કટી પર વીંટેલી મેખલા પરથી, તેની છાતી અને આંખો પરથી તથા ગદાનો ભાર ઊંચકવાની ક્ષમતા પરથી છતી થાય છે. શંખ પકડવાની વિશિષ્ટ રીત પણ ધ્યાન ખેંચે છે. નીચલો ડાબો હાથ કોણીમાંથી વાળીને કમર પર દૃઢ રીતે મૂકેલો છે. આ બધું બારીકાઈથી જોનાર યાત્રીના મનમાં નિર્ભયતાનો ભાવ જન્માવે છે. તે સૂચવે છે કે ભવસાગર પાર કરવામાં કમર સમણાં ઊંડાં પાણી છે, તેમાં નિર્ભયતાથી સતત આગળ ધપ્યા કરશો તો જરૂર પાર કરી શકશો. 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ'નો ભાવાર્થ સૂચવતું, શેતાની સત્તાનો નાશ કરતું અને સાત્ત્વિક મનોભાવોનો ઉદય દર્શાવતું, સદા ઘૂમતું રહેતું સુદર્શનચક્ર ઉપલા ડાબા હાથ પર છે. જમણા હાથમાં છેક પગ સુધીની લંબાઈની ગદા છે, તે દુષ્કૃત્યોના નાશનું સૂચન કરે છે. દુષ્કૃત્યો પર સત્કર્મોનો વિજય થાય છે તે સ્પષ્ટ કર્યું છે. બીજા જમણા હાથમાં પદ્મ છે, ઉદાત્તતાના પ્રતીક સમું આ કમળ સ્વાર્પણની ભાવનાનું દ્યોતક છે.

મંદિરના ઉત્તરાભિમુખી પ્રવેશદ્વાર નજીકની બહારની પૂર્વ તરફની દીવાલ પર મહાભારતના યુદ્ધ વખતે અર્જુનને કર્મનો ઉપદેશ આપતા ભગવાન કૃષ્ણનું શિલ્પ છે. અંદરની બાજુ રાસલીલાનું દૃશ્ય મૂકેલું છે. પશ્ચિમ દીવાલ પર નાગદમનનું, જ્યારે ત્યાંની અંદરની બાજુએ મથુરાથી ગોકુળ આવતા બાલકૃષ્ણનું શિલ્પ છે.

પુષ્ટિ સંપ્રદાયની પ્રણાલી મુજબ મંદિરમાંની ભગવાન ગદાધરની મૂર્તિને જુદી જુદી ઋતુઓ પ્રમાણે આભુષણોથી શણગારાય છે, તથા તેમને કલાત્મક રીતે ગૂંથેલી સુંદર માળાઓ પહેરાવાય છે. યોગ્ય સમયે પંચામૃત-સ્નાન તથા અભિષેક પણ કરાવાય છે. તહેવારો મુજબ વેદમંત્રોથી ષોડશોપચાર પૂજા, પુરુષોક્ત પૂજા અને વિષ્ણુસહસ્રનામથી પૂજા કરવામાં આવે છે. આ બધી પૂજાઓ ક્યારે ક્યારે થશે તે અગાઉથી જાહેર થાય છે, જેથી યાત્રીઓ તેનાં દર્શનનો લાભ લઈ શકે. દરેક મહિનાના બારમા દિવસે, નિયમિત રીતે રાજોપચારી પૂજા થાય છે.

કોઈ પણ વૈષ્ણવે જીવનમાં ઓછામાં ઓછું એક વાર શામળાજીનાં દર્શને જવું જોઈએ, એવી એક માન્યતા પ્રવર્તે છે. વૈષ્ણવે તેમજ અન્ય ભક્તોએ ગદાધરનાં દર્શનથી તૃપ્ત થયા પછી અંતઃકરણના શુદ્ધ ભાવથી પૂર્ણ શ્રદ્ધાથી પ્રણિપાત કરી જગતકલ્યાણની ભાવના કરવી જોઈએ. (ક્રમશઃ)

લઘુકથા

નાઈટ લૅમ્પ

નસીમ મહુવાકર

એ પડી પડી નાઈટ લૅમ્પને તાકી રહી છે. આ એની દરરોજ રાતની આદત છે. નાઈટ લૅમ્પ પર એના પતિએ બ્લ્યૂ પ્લાસ્ટિક પેપર ચડાવી દીધો છે એટલે નાઈટ લૅમ્પ ઓછું અજવાળું આપે છે. એના પતિને સૂતી વખતે વધુ પડતો પ્રકાશ ગમતો નથી. માત્ર એને જ પડ્યા પડ્યા નાઈટ લૅમ્પને તાક્યા કરવાનું ગમે છે. એનો પતિ ડ્રૉઈંગ રૂમમાં પડેલા કાગળોના અક્ષરો ગોઠવવામાં વ્યસ્ત છે. ઘણું જ કામ હોય છે એના પતિને.

બંનેને પહેલા દરરોજ સાંજના સાથે ચાલવા જવાની આદત હતી. એના પતિને ઝડપથી ચાલવાની ટેવ. એને હંમેશા થતું કે પોતે પાછળ રહી જાય છે. ખેંચાવું પડતું. લગ્નના ફેરા ફરતી વખતેય થોડું આવું જ કંઈક અનુભવેલું - પાછળ એકલી એકલી રહી ગઈ હોય એવું.

પછીથી ઑફિસનાં કાગળો-ફાઈલો ઘેર લાવીને જોવા પડતાં એટલે એના પતિએ ફળિયામાં એના માટે હીંચકો નખાવી દીધો. એ પલાંઠી વાળીને બેઠી હોય તોયે હીંચકો એના પતિની ઠેસથી ઝૂલ્યા કરતો - ભલેને ક્યારેક ક્યારેક જ; પણ હવે હીંચકાની લોખંડની પાઈપને અને કડાને કાટ લાગી ગયો છે - હજુ બે વરસ થયાં ત્યાં જ બંને સાથે બેસીને હીંચે એટલે કિચૂડ - કિચૂડનો કર્કશ અવાજ આવવા લાગે છે; ને એટલે હવે હીંચકે ઝૂલવાનું જ બંધ કરી દીધું છે.

ડ્રૉઈંગ રૂમમાંથી કાગળોનો સળવળવાનો અવાજ આવે છે. એનાં પતિને ખબર નથી કે એ નાઈટ લૅમ્પને તાકતી જાગે છે; ક્યારેય ખબર પણ નહિ પડે. એને લાગે છે કે હવેથી એણે નાઈટ લૅમ્પને જ બંધ કરી દેવો જોઈએ. એ હળવેથી ઊભી થઈ, નાઈટ લૅમ્પ બંધ કરી પાછી સૂઈ જાય છે.

સમાંતર જીવન

મૂ. લેખિકા : સુનીતા દેશપાંડે　　અનુવાદ : અરુણા જાડેજા

૨. જ્હૉન રસ્કિન અને એફી ગ્રે

બીજું યુગલ છે જ્હૉન રસ્કિન એ એફી ગ્રે. રસ્કિનનું 'અન્ટુ ધૅટ લાસ્ટ' નામનું પુસ્તક વાંચીને મહાત્મા ગાંધી જેવી વ્યક્તિ પણ પ્રભાવિત થઈ, જેના પરથી ગાંધીજીને અંત્યોદયની કલ્પના ખેડી જોવાની ઇચ્છા થઈ આવી હતી. આ ઉમદા લેખકના ઓગણત્રીસમા વર્ષે ઓગણીસ વર્ષની એફી સાથે તેના લગ્ન થયાં. આ પહેલાં જ એણે 'મૉડર્ન પેઈન્ટર્સ' નામના પુસ્તકના બે ભાગ લખીને પ્રસિદ્ધિ મેળવી હતી.

રસ્કિનના પિતા અત્યંત શ્રીમંત હતા અને પોતાના દીકરા માટે ગમે તેટલા પૈસા ખર્ચવા તૈયાર હતા. એનાથી સાવ ઊલટું, એફીના પિતાએ દેવાળું ફૂંક્યું હતું અને પોતાની દીકરીના લગ્નનો ખર્ચો ઉપાડવાનીય એનામાં તેવડ નહોતી. એફી અત્યંત સુંદર હતી પણ અપ્રગલ્ભ હતી. પરંતુ જ્હૉન તેના પ્રેમમાં એવો તો પડેલો કે તેની સાથે નાતો બંધાયા પછી એફીને લખેલા અતિશય સુંદર એવા કાવ્યમય પત્રમાં એણે તેને દૈવી સૌંદર્ય લઈને ભૂતલ પર આવેલી સ્વર્ગીય પરી જ માનેલી દેખાય છે. એનાં માતાપિતાનો આ લગ્ન માટેનો વિરોધ હતો. રસ્કિન આટલાં વર્ષો સુધી એમની છત્રછાયા હેઠળ ઊછર્યો હતો. એકબીજાંનો એકબીજાં પર ઘણો જીવ હતો. તોય રસ્કિને લગ્ન માટે પોતાની જિદ્દ છોડી નહીં અને પોતાની મરજી વિરુદ્ધ દીકરાએ લગ્ન કર્યાં તોય એના પિતાએ આ નવપરિણિત દંપતીને આર્થિક સગવડની જોગવાઈ કરી આપવામાં કોઈ કસર રાખી નહીં. આ યુગલ માટે એમણે સ્વતંત્ર ઘરબાર, નોકર-ચાકરનો તાયફો, ઘોડાતબેલા વગેરે બધી જ સુખસગવડ પોતે થઈને પૂરી પાડી. માતાપિતાની પાંખો હેઠળ આટલાં સુખસમાધાને ઉછરેલો આ ગુણી દીકરો જે માટે પોતે તો કૃતજ્ઞ હતો જ પણ દેવાળિયા બાપની દીકરી એફી, તેણેય નસીબજોગે મળેલા આ ઐશ્વર્ય માટે કૃતજ્ઞ થવું, પોતાનાં સાસુ-સસરાને માનપાન આપવા એવી એની પત્ની પાસેથી અપેક્ષા હતી. પણ પિયરનું ખેંચાણ વધારે હોવાથી એફીને સાસુ સાથે ક્યારેય બન્યું નહીં. બેઉ જણ પોતપોતાની રીતે જ્હૉન પર હક્ક જમાવતાં રહ્યાં. નજીવી બાબત માટે એમની વચ્ચે કજિયા થતા અને ઘરનું વાતાવરણ ડહોળાતું. જ્હૉનને સાદી શરદી થઈ હોય તોય દવા કઈ આપવી એવી વાત પર પણ તે બેઉના બે મત રહેતા. પોતાની સુખસાહ્યબીમાંથી પિયરની આર્થિક પરિસ્થિતિને સહાય દેતા રહેવાના એફી પ્રયત્નો કરતી. પણ પોતાના દીકરા અને વહુ માટે ગમે તે ખર્ચ કરવા તૈયાર એવા રસ્કિન પતિ-પત્ની પોતાના દીકરાનાં સાસરિયાંઓનો આર્થિક ભાર ઊંચકવા જરાય તૈયાર નહોતાં.

પોતે થઈને લગ્નનું બંધન સ્વીકારેલા આ યુગલનું પરિણિત જીવન આમ જુઓ તો સુખી થવામાં કોઈ જ બાધ નહોતો. આસપાસના જગતની દૃષ્ટિએ સુખીય હતું, પણ બંનેમાં મૂળે જ અનેક બાબતોમાં ઘણો તફાવત હતો. કાર્લાઈલ પતિ-પત્ની બૌદ્ધિક સ્તરે સમતુલા સાધી શક્યા. પણ રસ્કિન તો પ્રતિભાવાન કલાઉપાસક, ઉત્તમ સમીક્ષક, સંશોધક અને લેખક હતો; તો એફી ઘરસંસાર, છૈયાંછોકરાં, કપડાંલત્તા, શાનશૌકત, મોજમજા વગેરેમાં રાચનારી સીધી સાદી, બેપાંચ જણાં જેવી સામાન્ય છોકરી હતી. એફીનાં લગ્ન વખતે તેની માને તેરમું બાળક થયું હતું અને એફીનેય એની માના માર્ગે જવામાં સુખ લાધવાનું હતું.

પણ પ્રત્યક્ષ તો, લગ્નની પહેલી રાત્રિથી જ આ બંનેના શરીર સંબંધો ચુંબનો અને આલિંગનોથી આગળ વધ્યા જ નહોતા. એમાં તો પછી બીજાં બધાંએ કેટલાય તર્કવિતર્ક કર્યા. પણ રસ્કિનના મતે તો બાળકો થયાં હોત તો એના કામમાં એને બાધા નડી હોત. એફીનો સમય એના સહવાસમાં, એની સાથે હરવા-ફરવામાં પસાર થવાને બદલે ગર્ભાવસ્થા, સુવાવડ અને બાળકોની દેખભાળમાં જ વેડફાયો હોત અને તેનું સૌંદર્ય પણ સચવાયું ન હોત. સિવાય ધાર્મિક દૃષ્ટિએ પણ બ્રહ્મચર્યનું ઘણું મહત્ત્વ હતું. પાછળથી જ્યારે તેમણે છૂટાછેડા લીધેલા ત્યારે રસ્કિને પોતાના વકીલને જણાવેલું કારણ માત્ર જુદું હતું. લગ્ન પહેલાં સ્વર્ગીય પરી ભાસતી એવી આ સૌંદર્યવતીના ઉઘાડા શરીરનું પહેલું દર્શન માત્ર જ એને એટલું સુંવાળું લાગેલું કે વયમાં આવેલી એવી પુખ્ત સ્ત્રી તો ઘૃણાસ્પદ જ હોય છે તેવો જ તેનો મત બંધાયો. નિષ્પાપ છોકરીમાં જ સ્ત્રીનું સાચું સૌંદર્ય પ્રતીત થાય છે અને તેનું આવું રૂપ જ આકર્ષક હોય છે એવું એને થવા લાગ્યું.

સ્ત્રી-પુરુષના સંબંધોમાં બે ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓનો સંઘર્ષ અપરિહાર્ય જ થઈ પડે છે. જે તે વ્યક્તિની બુદ્ધિમત્તા, કલ્પના, શારીરિક જરૂરિયાત, માનસિક ત્રેવડ વગેરેમાંથી જે તે વ્યક્તિ આકારાતી હોય છે અને પોતે થઈને સંસ્કારાતી જતી હોય છે. સાવ ભિન્ન રીતે સંસ્કારાયેલી એવી બે વ્યક્તિ ભેળી થાય કે સંઘર્ષ અટળ જ હોય છે. પણ એની અભિવ્યક્તિ બાકી સમાજમાનસને શોભે તેવી જ થતી હોય છે. અને આ સમાજમાનસ એટલે તે તે કાળની નીતિઅનીતિની, પાપ-પુણ્યની, સભ્યતા વગેરે જેવી કલ્પનાઓનો પાઘડો બાંધી બેઠેલો સમાજ. સમાજમાં આબરૂભેર રહેવું છે તો પોતાના દરેક કાર્યના

સમાજને માન્ય એવાં સાચાંખોટાં કારણો આપવાં રહ્યાં. મોટાભાગનાં લોકો ખાનગી જીવનનો ખુલાસોય આ રીતે જ કરતાં હોય છે. બંડખોર વૃત્તિવાળાં લોકો તો અપવાદરૂપ જ. પોતપોતાના ક્ષેત્રમાં મોટીમોટી ફત્તેહ મેળવનાર મહાન માણસોય પોતાના દોષ પર ઢાંકપિછોડો કરતા હોય છે. ભૂલોનું સમર્થન કરતા રહેતા હોય છે. કારણ કે તેમને સમાજપુરુષની ટીકાનો ભોગ થઈને જીવવું નથી પરવડતું.

લગ્નના પહેલા વર્ષમાં એફી ત્રણ મહિના માટે પિયર રહેવા જતી રહી. જ્હૉન પોતાનાં માતા-પિતાની સાથે છ મહિનાના આલ્પ્સના પ્રવાસે ગયો. ધીમે ધીમે એમનો અણબનાવ ચર્ચાનો વિષય બન્યો અને તેનાં લોકો એને અને એનાં લોકો તેને દોષ દેવા લાગ્યાં.

એમના વૈયક્તિક જીવનના લગભગ પહેલા આઠ મહિના આવી જુદાઈમાં અને બેમાંથી કોણ કોને નમતું જોખે એના વાદમાં જ ગયા. સ્ત્રીપુરુષના શરીરસંબંધના અજ્ઞાનના લીધે કે શેના લીધે પણ એફીને એવું થવા લાગ્યું કે આ બધાની જડ સાસુ-સસરા જ છે. ત્યારે તેણે થોડાક દિવસો માટે વેનિસ જઈને રહેવાની કલ્પના વિચારી કાઢી. લેખક તરીકે જ્હૉનને શિલ્પકળા, ચિત્રકળા, વાસ્તુકળા વગેરે માટે આકર્ષણ તો હતું જ. એ અંગેનું લખાણેય એના મનમાં ઘોળાતું હતું ત્યારે એણે તેની આ કલ્પના વધાવી લીધી. અને બંને થોડાક સમય માટે વેનિસ ગયાં ત્યાં બેઉને પોતપોતાની મરજી મુજબ રહેવાની છૂટ મળી ગઈ, જે ખાસ તો એફી માટે લંડનમાં શક્ય નહોતું.

વેનિસના એ મુકામ દરમિયાન બેઉ જમવા કરવા અને રાતની વિશ્રાંતિ માટે ભેગાં થતાં. બાકી દિવસભર જ્હૉન વેનિસમાં પુરાણી વસ્તુના, મકાનોના, પાણાપથરાના માપ લેવામાં, બારીક નિરીક્ષણો કરીને ટિપ્પણો કરવામાં ખૂંપેલો રહેતો અને પાર્ટીઓ, સખા-સખીઓ, ઑપેરા, નાટકો વગેરેમાં રાચતી એફી એની મરજી મુજબ ચેનબાજી કર્યા કરતી. સભ્યતા, શિષ્ટાચાર, સામાજિક બંધનો વગેરે બાબતોમાં ઇટાલિયન લોકો બ્રિટિશરો જેટલાં ચુસ્ત નહોતાં, જેથી આવી સુંદર અને શ્રીમંત યુવતીની બાબતમાં તેમની અપેક્ષા થોડીક અલગ હોવાથી શક્યતા હતી જ. પણ સ્વૈર આચરણમાં ગમે તે મર્યાદા ઓળંગવી ખતરનાક હોય છે, જે એફીને સમજાવા લાગ્યું હતું. આથી રસ્કિન પતિ-પત્ની બેઉનો વેનિસનો મુકામ સુખમાં ગયો. તે નવાં નવા મિત્રો ઊભા કરતી ગઈ. ઉચ્ચવર્ગીય લોકોમાં તે લોકપ્રિય થતી ગઈ. આ કશાયનો જ્હૉને વિરોધ કર્યો નહીં, કોઈ પર રોષ આણ્યો નહીં. કોઈ પર વેર રાખ્યું નહીં. ઊલટું પોતાની પત્નીના આ વર્તનને જાણે-અજાણે પ્રોત્સાહન જ આપ્યું.

એ પછી જ્યારે હવે લાંબા મુકામ માટે એ બેઉ પાછાં વેનિસ આવ્યાં ત્યારે એફી નવીસવી નહોતી. તેનો આત્મવિશ્વાસ વધ્યો હતો. પાછલી જાણ-પિછાણની ઓથ હતી. એણે મોટે ઉપાડે આ ખુશીમાં પોતાના ઘરે મોકલેલા પત્રમાં પોતાના સુખની અને સારી રીતભાતનીય વાતો કરી, જે વાંચીને તેનાં સાસુ-સસરા તો ઠીક પણ પિયરિયાંને પણ બીક પેઠી. જોકે તેને આ બધાંની પરવા નહોતી, કારણ કે પતિ પર પોતાનો કેવો સાચો પ્રેમ છે તે બીજાને જ નહીં પણ પોતાની જાતનેય તે કહેતી રહી અને ખુદ જ્હૉન રસ્કિનનેય તેની વર્તણૂકમાં કાંઈ અજુગતું દેખાયું નહીં.

મોટામોટા હોદ્દા પરના દેખાવડા, શ્રીમંત ને પ્રતિષ્ઠિત યુવાનોય તેના પ્રેમમાં પડતા હતા. પતિ સતત એના કામમાં ખૂંપેલો અને પત્ની આવા મિત્રોના સહવાસમાં લહેરથી સમય પસાર કરતી હતી. ભલેને એ લોકો એફીના પ્રેમમાં પડ્યા હોય તોય એફી એ કોઈના પ્રેમમાં પડી નહોતી, જેની ગવાહી એફી પોતે આપતી રહી. જ્હૉનનેય ગળે તે ઊતરતું રહ્યું. ઉચ્ચકુળની ઇંગ્લિશ મહિલાને શોભે એવી મર્યાદા કેવી રીતે જાળવવી એ તેને સમજાય છે એવો તેને પોતાને વિશ્વાસ હતો અને જ્હૉનનેય તેના પર વિશ્વાસ હતો.

નવા મિત્રો મળતા જાય એટલે જૂના દૂર થતા જાય. ક્યારેય એ પોતાનાથી અંતરે પણ. એફીય આમાં અપવાદ નહોતી. પણ કોઈનુંય દિલ ન દુભવતા તે જૂના પાશમાંથી છૂટી થઈ જતી અને સાવ સહજપણે નવા પાશમાં બંધાઈ જતી. આ બધાં પ્રકરણોમાં રસ્કિન કેવી રીતે તટસ્થ રહી શક્યો ? કદાચિત એવુંય હોય કે ગમે તે કારણે પણ તેને જોઈતું હતું તે સુખ પોતે પૂરું પાડી શકતો નથી તે બહારથી મેળવવામાં આપણે અડચણો ન નાખવી અને તેણેય આ સમજદારી સમજીને વધારે પડતી અપેક્ષા ન રાખવી. જે છે તેમાં સમાધાને રહેવું એવું એને થતું હશે. આથી ઇંગ્લન્ડ બહારના એમના મુકામમાં એકેય જાતનાં તાણ-તણાવ ઊભા થયાં નહીં.

ચિત્રકલા અંગેની પ્રસ્થાપિત કલ્પનાઓને ધુત્કારીને એ ક્ષેત્રમાં નીતનવા પ્રયોગો કરનારા યુવાન ચિત્રકારોની પડખે રહીને જ્હૉન રસ્કિન જેવો પોતે ચિત્રકાર હોય એવી કલાસમીક્ષા કરવા લાગ્યો, ત્યારે તે યુવાન કલાકારોય એના પ્રત્યેની કૃતજ્ઞતાની ભાવનાથી ખેંચાયા. એમાંનો, રસ્કિનને કલાકાર તરીકે તો ઉચ્ચ કક્ષાનો લાગતો એવો જ્હૉન એવરેટ મિલે તો રસ્કિન કરતાં દસ વર્ષ અને એફી કરતાંય એકાદ વર્ષ નાનો હતો. મિલે ચિત્રકાર તરીકે જન્મ્યો હતો. અને બાવીસમે વર્ષે રસ્કિન સાથે તેનો સંબંધ જોડાયો તે પહેલાં જ ચિત્રકલા ક્ષેત્રમાં તેની ખ્યાતિ બધે પંકાતી હતી.

ઇટાલીથી લંડન પાછા ફર્યા બાદ રસ્કિનના પિતાએ

તેમના માટે હવે પોતાના ઘરની નજીક જ બીજું ઘર લીધું અને પાછો તેમણે મનપસંદ સંસાર માંડી દીધો. પછી જ્હૉન ઉપરાછાપરી પોતાનાં માતાપિતાને મળવા જવા લાગ્યો. એ ઘરના પોતાના જૂના અભ્યાસખંડમાં બેસવા લાગ્યો. શહેરથી દૂર એવા આ ઘરમાં હવે એફી માત્ર કંટાળી ગઈ હતી. અને એમના આ નવા ચિત્રકાર મિત્રે તેને પોતાના નવા ચિત્ર માટે મૉડેલ તરીકે મદદ માટે બોલાવતાની વારમાં જ તે ખુશી ખુશી એ વાત માટે તૈયાર થઈ ગઈ. એ ચિત્ર પણ ખૂબ પંકાયું અને આ ગાળામાં રસ્કિન દંપતીને મિલે એટલો તો પ્રિય થઈ ગયો હતો કે એનું સ્વાસ્થ્ય, એનું શિક્ષણ વગેરેની બધી જ જવાબદાહી પોતાના પર લઈને એ બંને પોતાના દીકરા જેવી એની કાળજી લેવા લાગ્યાં. ત્યાર સુધીમાં તો રસ્કિનના 'ધ સ્ટોન ઑફ્ વેનિસ' નામના ગ્રંથના ત્રણ ભાગ લખાઈ ચૂક્યા હતા. આથી આરામ માટે આ યુગલ મિલે અને બીજા કેટલાંક મિત્રમંડળ સાથે રજા ગાળવા સ્કૉટલેન્ડમાં આવેલા એક કુદરતી રમ્ય સ્થળે ગયા. ત્યાં કુદરત સાથે પ્રામાણિક રહેવું એવો કલાનો અતિ મહત્ત્વનો ગુણ છે એવું માનનારા રસ્કિનનું ચિત્ર, મોટામોટા ખડક, ખળખળ વહેતાં પાણી, શેવાળ વગેરેની પાર્શ્વભૂમિ પર દોરવાનું મિલેએ મનમાં વિચાર્યું અને એ માટે રસ્કિન દંપતીએ સંપૂર્ણ સહકાર આપવાનું ઠરાવ્યું. આથી આ નાનકડી ટ્રિપ ખાસ્સી ચાર મહિના લંબાઈ. લંડનથી મનપસંદ કૅનવાસ મંગાવવાથી માંડીને અનેક બાબતોમાં ઘણો સમય જઈ રહ્યો હતો. એ ગાળામાં બીજાં નાનાં-મોટાં ચિત્રોનું કામ થતું રહ્યું અને આ ચિત્રના મુખ્ય નાયક એવા રસ્કિનને અફાટ વિશ્વને વિસ્તારે આંખો તાકીને ચિંતન કરતો બેસાડીને મિલે અને એફી એકબીજાંના સહવાસમાં નાનાંમોટા ઐહિક સુખોમાં રાચવાં લાગ્યાં. બહાર સતત વરસાદ પડતો હોય ત્યારે આ બેઉ દિવસભર ચાર દીવાલોમાં પુરાઈ રહેતાં. એમના આ મુકામ દરમિયાન મિલેનેય જણાઈ ચૂક્યું હતું કે રસ્કિન દંપતીના પરસ્પર સંબંધ પતિ-પત્નીના નથી. તે ધરતી પર પગ ખોડીને ચાલનારી, લોહીમાંસની બનેલી એવી જીવંત, સુંદર યુવતી હતી. (સ્વર્ગીય પરી વગેરે નહીં) અને તેનો પતિ ભલે ઉમદા વિચારક, કલાસમીક્ષક, પુરાણવસ્તુ-સંશોધક, લેખક વગેરે ભલે રહ્યો તોય મિલેના મતે માણસ તરીકે તો પોતાની પત્નીને ભૂખીતરસી રાખનાર રસ્કિન ક્રૂર માણસ જ હતો. દિવસોદિવસ એફી માટેનું મિલેનું આકર્ષણ વધતું જ ગયું. પણ કાળની, નીતિઅનીતિની, પાપપુણ્યની કલ્પના ફગાવી નાંખીને ઉઘાડેચોક બળવો પોકારવો સહેલું નહોતું. પછી પોતાના દુઃખની, વેદનાની વાટ પોતાના મિત્રોને લખેલા પત્ર દ્વારા એ પ્રત્યક્ષ વહેતી કરવા લાગ્યો. અને છેવટે તદ્દન જ અસહ્ય થયું ત્યારે એ ઘર છોડીને રસ્કિન દંપતીથી અલગ એવી સ્વતંત્ર હોટલમાં રહેવા જતો રહ્યો.

ચિત્રની પ્રગતિ સાવ જ ધીમી ચાલી રહી હતી અને આ જ ગાળામાં રસ્કિનના ધ્યાનમાં આવ્યું કે એફી સાથે લગ્ન કરવામાં પોતાને હાથે ભારે ભૂલ થઈ ગઈ છે. આપણે તેને અને તે આપણને બદલી શકશે અને કોઈ પણ માર્ગ નીકળી આવશે એવી એની આશા સાવ ધૂળમાં મળી ગઈ છે. જે મિલેને દીકરા જેવો ગણીને એને સારું શિક્ષણ આપવું, આવશ્યક એવા ગ્રંથો વંચાવડાવવા, એની ચિત્રશૈલીનેય પદ્ધતિસર કરીને આવશ્યક એવી શિસ્ત પળાવવી. એવી પોતાની જે માન્યતા હતી એ બધી જ બાબતમાં મિલેએ પણ પોતાને નિરાશ કર્યો છે. એની તો એ પાત્રતા જ નહોતી. આપણે જ અમથી એવી એવી અપેક્ષાઓ રાખી. ત્રણેય જણાં ખાસ તો આ બેઉ મહાન કલાકારો ઉદાસ થઈને જ પાછા ફર્યાં. મિલે એફીમાં ઘણો ડૂબેલો હોવાથી એને તેની ચિંતા થતી હતી. પોતાની જગ્યાએ બીજું કોઈ હોત તો તેની આ હાલતનો ગેરફાયદો લીધો હોત. આવા વિચારોથી એ અસ્વસ્થ થયો. અને તેની માએ તેને એકલી મૂકવી નહીં. એકાદી બેન તેનું ધ્યાન રાખવા તેની સાથે મોકલવી એવું પણ તેણે સૂચવ્યું.

હવે આ પતિ-પત્નીના સંબંધો સાવ જ વણસ્યા હતા અને આ અણબનાવ ઉઘાડેછોગ દેખાવા લાગ્યો. એમનામાંનો સંવાદ જ સાવ પૂરો થયો હતો. નાનામોટા વાંધા, પછી મોટા ઝઘડા, એમાંથી આરોપ-પ્રત્યારોપ. એમ આ પ્રકરણ ઝપાટાભેર વહેવા લાગ્યું. પછી તેણે જ છૂટાછેડાની વાતો વહેતી મૂકી. ત્યારે એમાં એફીને જ કેટલો ગેરફાયદો છે, બધાં માન, પ્રતિષ્ઠા, આ લગ્નથી મળેલો વૈભવ છોડીને પેલા ભૂખડીબારસ પિયર જઈને તેના શા હાલ-હવાલ થશે એ બધું એણે તેને સંભળાવ્યું. આખરે આ ઝઘડો ટોચે જઈને બેઠો કે, 'તું પેલા મિલે પાસે જ જઈને રહે' એવી જાતનો ઈશારો એણે તેને ખુલ્લંખુલ્લા આપી દીધો.

પ્રકરણ આટલી હદે જઈ પહોંચ્યું તોય રસ્કિન મિલે દોરવા લીધેલું પોતાનું ચિત્ર પૂરું થાય તે માટે એને ત્યાં જતો રહેતો. આ પરિસ્થિતિમાં પેલું ચિત્ર અધૂરું જ મૂક્યું તો એ બહાને રસ્કિન એફીને ઑર પજવશે એ બીકનો માર્યો આ ચિત્રકાર પેલું ચિત્ર પૂરું કરવાનું કામ કરતો રહ્યો.

મત જ માંડવા બેસીએ તો આ ત્રણેયની તરફેણમાં અને વિરોધમાં પણ માંડી શકાય. દોષ ત્રણેયને આપી શકાય. જ્હૉને પતિ તરીકે એફીને ક્યારેય સુખ આપ્યું જ નહીં એ સાચું, એફીએ પતિના જીવના જોરે ઘણી મોજમજા કરી એય સાચું અને મિલે પોતાના પર દીકરા જેવો પ્રેમ કરનાર રસ્કિનનો વિશ્વાસઘાત કર્યો એય સાચું - સાથોસાથ રસ્કિને એફીને સંપૂર્ણ

સ્વતંત્રતા આપીને તેના પર વિશ્વાસ મૂક્યો. તેણેય એ સ્વતંત્રતા ઉપભોગતી વખતે અમુક મર્યાદા જાળવીને પતિનું માન રાખ્યું અને મિલેએય તેની હાલતનો ગેરફાયદો લીધો નહીં એય સાચું. આ આખીય બદનસીબ ઘટનામાં એકેયનો પક્ષ ન લેતા અને કોઈનેય દોષ ન દેતા એવું જ કહી શકાય કે એમાંની એકેય વાત, એકેય જણે જાણી જોઈને હેતુપૂર્વક બીજાને દુભવવા માટે કરેલી નહોતી. તોય છેવટે એની પરિણતિ તો માત્ર રસ્કિન પતિ-પત્નીના છૂટાછેડામાં જ આવી.

છૂટાછેડા લેવાનો વિચાર મનમાં પાક્કો જ હતો. એફીએ પોતાનાં માતાપિતાની મદદથી રીતસર મસલત કરીને, વ્યવસ્થિત કાયદેસરની સલાહ લઈને રસ્કિનને પત્તોય લાગવા ન દેતા બધી તૈયારી કરી અને એકાદી લોકકથામાં શોભે એવી 'સ્વર્ગીય પરી'એ પેલા 'ખલનાયક'નો બદલો લીધો. રસ્કિનના હાથમાં નોટીસ પડતાં જ એણે પોતાની રીતે બચાવની કાયદેસર તૈયારી કરી. પોતાની બાજુ ચોક્કસ શબ્દોમાં રજૂ કરી. પણ ઘરના અણબનાવ જાહેરમાં આવે એટલે ચારિત્ર્ય પર છાંટા ઉડાડવામાં આવે. બીજા કોઈકના દુઃખમાં અથવા ફજેતીમાં રસ લેવાની લોકોની ઇચ્છા પૂરી થાય અને પોતાના પર આવો પ્રસંગ આવ્યો હોત એનો વિચાર ન કરતાં લોકો ફેંસલો આપવા મંડી પડે. પરદુઃખ શીતળ એ જ સાચું. આવા પ્રકરણોમાં અનેક સ્તરે પ્રતિક્રિયા વ્યક્ત થઈ. ખાસ તો જ્હૉન રસ્કિન જેવા ઉમદા વ્યક્તિત્વશાળી સાથે આવું થાય જેનો ઊહાપોહ ઘણો થયો. રસ્કિનની મિત્રમંડળીએ સારા-નરસા અભિપ્રાય આપ્યા. પોતાની પત્ની સાથેય શરીરસંબંધની બાબતમાં રસ્કિનની જેમ જ જુદાગરાથી વર્તનારા કાર્લાઇલનો અભિપ્રાય પણ ધ્યાનમાં લેવા જેવો છે. એના મતે પતિ ગમે તેવું વર્તે તોય એ ચૂપચાપ સહન કરવાનું બાજુએ મૂકીને એની ફરિયાદ કરવાનો, સાચું પૂછો તો આ પત્નીઓને અધિકાર જ નથી. ચિત્રકારોની દુનિયામાં પણ મિલેની ચિત્રકલા માટે વાતો કરનારાં લોકોએ તો એ ચિત્રકાર એની મૉડેલ અને એનો કલાસમીક્ષક આ ત્રિપુટી વિષે બોલવા માંડ્યું. મિલેએ દોરવા લીધેલું રસ્કિનનું એ ચિત્ર અદ્યાપિ પૂરું થયું નહોતું, પણ આ બધાં પ્રકરણ પછી બેઉનુંય મન એમાંથી ઊડી ગયું. આ પંકાયેલું પેન્ટિંગ પૂરું કરવું તો જરૂરી હતું. પણ રસ્કિન એ માટે બેસવાનો સમય આપવામાં ટાળાટાળ કરવા લાગ્યો. અને મિલે પણ રસ્કિનને બદલે એકાદો ડમી લઈને તે પૂરું કરી શકાય કે કેમ એવો વિચાર પણ કર્યો, પરંતુ તે શક્ય નહોતું. કારણ કે એને તો 'ચિત્રકલાનો એક અદ્ભુત ચમત્કાર' કહીને રસ્કિન જેવા કલાસમીક્ષકે બિરદાવયું હતું. કોઈ પણ પ્રકારની બાંધછોડ રસ્કિનને માન્ય નહોતી. રસ્કિનના મતે એના હાથ દોરવા હોય તો મૉડેલ પણ એના હાથનું જ જોઈએ, બીજા કોઈના હાથ પરથી ચિત્ર દોરવું અથાવ ધોધ, ખડક વગેરે કુદરતી પાર્શ્વભૂમિ પણ મૂળે અરધી જ થઈ હોવાથી એના બદલે એવી જ પાર્શ્વભૂમિ પરથી ચિત્ર પૂરું કરી નાખવું તે તો આદિતત્ત્વો સાથેની અપ્રમાણિકતા કહેવાય. કલાક્ષેત્રના આ બેઉ દિગ્ગજોનાં મનની અંટસ, વેરભાવના પરાકાષ્ઠાએ પહોંચી હતી. પણ તોય એ ભાવનાને પ્રત્યક્ષ અભિવ્યક્તિ આપવી આ કલાકારોની પ્રતિષ્ઠા માટે દગો દેવા જેવું હતું. એફીને રસ્કિન પાસેથી છૂટાછેડા મળવા શક્ય હતા.

એ સમયે છૂટાછેડાના કાયદા કડક હતા અને એકંદરે એ પ્રકરણ જ અટપટું, ખર્ચાળ અને વખતખાઉં હતું. એના પ્રમાણમાં ધાર્મિક ન્યાયપીઠ તરફથી આનો નિવેડો લાવવામાં જ સહેલાઈ હતી. અને એ અન્ય ઉકેલ હતો. આ છૂટાછેડા થયા પણ એમાં રસ્કિન નપુંસક હોવાનો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો, જેમાં એને પોતાનું અપમાન જ નહીં પોતાને અન્યાય થયો હોય એવું લાગ્યું. પોતાનું પુરુષાતન કોર્ટમાં સિદ્ધ કરવા પોતે તૈયાર હોવાની તેણે સાક્ષી આપી પણ આ વૈયક્તિક સુખદુઃખ અને માનાપમાન ઉપરાંતેય જીવનમાં બીજી અનેક મહત્ત્વની બાબતો હોય છે. રસ્કિને છેવટે બધું ભૂલીને મનની મોટાઈ બતાવવાનું ઠરાવ્યું.

એનું એ ચિત્ર આખરે એક વારનું પૂરું થયું. ઠરાવેલી કિંમત આપીને એ ઘેર લઈ આવ્યો. એમાં એને પોતાને, એનાં માતાપિતાને અને ખુદ મિલેનેય કેટલીક ત્રુટિઓ જણાતી હતી. પણ એકંદરે બધી પરિસ્થિતિનો વિચાર કરતાં આ બધું ક્ષમ્ય હતું. પછી તો રસ્કિને ગઈ ગુજરી ભૂલીને કલાક્ષેત્રમાં પોતાનો સંબંધ કાયમી રહે તે માટે મિલેને આભાર દર્શાવતો પત્ર લખ્યો. પણ રસ્કિન જેવા જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ માનવતાવાદી માણસોના પ્રગલ્ભ આચારવિચારને એ જ સમથળતાએ પ્રતિસાદ આપવાની પાત્રતા ન હોવાથી મિલેએ એની સાથે છેડો ફાડી નાખ્યો.

છેવટે લોકો શું કહેશે, કેવું દેખાશે વગેરે કારણોની હા-ના કરતાં કરતાં એફીએ મિલે સાથે લગ્ન કર્યા. હોબાળો ન થવા દેતાં, આ લગ્ન તેના પિયરમાં આટોપવામાં આવ્યાં. એ બંને મધુરજની માટે જવા નીકળ્યાં ત્યારે લગ્ન નામની બાબતે પૂર્વાનુભવમાંથી તવાઈને શુદ્ધ થઈને નીકળેલી એફી પોતાની નવવધૂ તરીકેની ભૂમિકા નિર્દોષપણે પાર પાડી રહી હતી, પણ મિલે માત્ર મૂંઝાયેલો હતો. લગ્નના પહેલા દિવસે બિનઅનુભવી રસ્કિનની જે હાલત હતી એવી જ એ પોતે અનુભવતો હતો. વળી, એનું હૈયું પણ એને કોરી ખાતું હતું. આથી એ અતિશય અસ્વસ્થ પણ થયો હતો. પણ એફીએ ખૂબ જ કુનેહપૂર્વક આખોય પ્રસંગ હાથમાં લઈ લીધો અને બે મહિનામાં જ તે

(અનુસંધાન પૃ. ૭૯૪ પર)

જીવનનો ઉદ્‌ભવ

(એક વૈજ્ઞાનિક સર્વેક્ષણ)

૩. જનીનીય અભિગમ (Genetic Approach)

- ડૉ. જે. પી. ત્રિવેદી

અગાઉ આપણે જૈવરસાયણજ્ઞ ઑપારીનનું પૃથ્વી ઉપરનું પ્રાક્‌વાતાવરણ મિથેન, ઍમોનિયા, જળબાષ્પ ધરાવતું હોવું જોઈએ તેવું સૂચન જોયું. હૅરોલ્ડ યુરે તથા સ્ટેન્લી મિલરના આ પદાર્થોમાંથી ઍમીનોઍસિડ બની શકે તેવા પ્રયોગો પણ જોયાં છે.

પૃથ્વી ઉપર ઊર્જાના અનેક સ્રોતો હોવા સંભવ છે, જેનાથી કાર્બનિક પ્રક્રિયાઓ દ્વારા હાઇડ્રોજન સાઇનાઇડ (HCN), ફોર્માલ્ડિહાઇડ (HCHO) તથા ઍમીનોઍસિડ બન્યાં હશે. આવી ઊર્જા દૃશ્ય તથા પારજાંબલી કિરણો, વીજવિભાર, પ્રચંડ ધડાકાથી થતા આઘાતો તેમજ જલીય Fe^{++}ના પ્રકાશ ઉપચયન દ્વારા હાઇડ્રોજન છૂટો પડતાં નીપજતી રાસાયણિક ઊર્જા વગેરે રીતે મળે છે.

ઉદ્‌ભવ પામ્યા બાદ પૃથ્વી બિનરહેવાલાયક જીવનરહિત ગ્રહ હતો, પરંતુ અબજો વરસ બાદ સૂક્ષ્મ જૈવિક જીવન માટે તે સ્વર્ગ સમો બની રહ્યો. આ કેવી રીતે થયું ? જીવનના ઉદ્‌ભવ માટે સ્વયંગુણન પામતો આર.એન.એ (RNA) કારણભૂત મનાય છે. વળી (૧) બધા જ જાણીતા જીવો કાર્બન સંયોજન ઉપર આધારિત છે તથા તેમના ચયાપચય માટે H. N. O તથા P વાપરે છે. (૨) બધાં જ જીવસંશ્લેષણો ૨૦ ઍમીનો-ઍસિડમાંથી પ્રોટીન બનાવવા ઉપર આધારિત છે. (૩) આધુનિક જીવન ન્યૂક્લીઇક ઍસિડ, RNA તથા DNAમાંની જનીનીય માહિતી ઉપર આધારિત છે તથા (૪) બધાં જ જીવો ઍમીનો-ઍસિડમાંથી પ્રોટીન બનાવવા માટે એક જ પ્રકારના જનીનીય સંકેત વાપરે છે.

આમ, ન્યૂક્લીઇક ઍસિડ તથા પ્રોટીન્સ એવા બે જૈવ-બહુલકો જીવન માટે જવાબદાર છે. આમાંથી પહેલું ક્યું બન્યું તે હજી સ્પષ્ટ થયું નથી. સ્ટેન્લી મિલરનો પ્રયોગ દર્શાવે છે કે પ્રાક્‌જૈવ પરિવેશ (setting) દ્વારા માત્ર ઍમીનોઍસિડ જ બન છે, ન્યૂક્લીઇક ઍસિડ બનતા નથી.

DNA તથા પ્રોટીન ઉદ્‌ભવ્યા તે અગાઉ તથા સૌથી સાદા જીવાણુઓ ઉદ્‌ભવ્યા તેની પણ અગાઉ જીવન માત્ર RNA અણુઓ સ્વરૂપે હતું. આ અણુઓ મહાસાગરમાં તરતાં, દ્વિગુણન પામતાં, ઉત્પરિવર્તન (mutation) પામતાં તથા તેની પોતાની મેળેજ પ્રાકૃતિક વરણ (natural selection)માંથી પસાર થતાં રહ્યાં.

કોઈ એક અજાણી પળે, જીવન દ્વારા સંરક્ષીકવચની અંદર ઘર બનાવી લેવાયું અને સૌપ્રથમ કોષ ઉદ્‌ભવ્યો. આ કોષોમાંથી જીવનની ત્રણ મુખ્ય શાખાઓ (૧) જીવાણુ (૨) આર્ચીયા (પ્રાક્‌જીવો) તથા (૩) અસીમકેન્દ્રીઓ (eukaryotes) બન્યા.

RNA જ કદાચ પ્રથમ આણ્વિય દ્વિગુણન પામતા અણુઓ હશે તેવો વિચાર ૧૯૬૦માં સીડની ઑલ્ટમેન (Sidney Altman) તથા ટૉમસ સેક(cech) દ્વારા રજૂ થયેલો. તેમણે શોધી કાઢેલું કે કેટલાંક RNA અણુઓ અન્ય અણુઓના સમુચ્ચય (assembly,ઝૂમખાં)ને ઉદ્દીપિત કરી શકે છે અને આ રીતે તેઓ 'બિનપ્રોટીનધારક ઉત્સેચકો' તરીકે વર્તે છે. આને તેમણે રાઈબોઝાઈમ (ribozyme) નામ આપ્યું. [૧૯૮૯નું નોબેલ પારિતોષિક]. DNA તો ત્યાર પછી આવ્યો જે RNAનો દ્વિસર્પિલ પ્રકારનો અણુ છે અને તેમાં યુરાસીલને સ્થાને થાઈમીન બેઇઝ હોય છે.


ગુન્તર વૉન કીડ્રોવ્સ્કી (Gunter von Kiedrowsky) એ ૧૯૮૬માં દર્શાવ્યું કે જેવાં ઑલિગોન્યૂક્લીઓટાઇડ્સ ન્યૂક્લીઇક ઍસિડ, ફોસ્ફેટ તથા શર્કરા ધરાવતા અણુઓ ની નાની શ્રેણીઓ (sequences) તેમની જ પ્રતિકૃતિ બનાવવા બીબા (template) તરીકે વર્તે છે. લેસ્લી ઑર્ગેલ (Leslie Orgel) તથા સાથી સંશોધકોએ તો ઓલિગોન્યૂક્લીઓટાઇડ્સ બીબાં તરીકે વર્તીને એક પરસ્પર આધારિત (complementary) તંતુ બનાવી શકે છે તેવું સાબિત કર્યું.

સૌપ્રથમ RNA બનાવવા માટે મિથેન, એમોનિયા, હાઇડ્રોજન, હિલિઅમ આવશ્યક પદાર્થોમાંથી HCN તથા HCHO(ફોર્માલ્ડીહાઇડ) બનવો સરળ છે. HCNનું ચતુર્થીકરણ(tetramerization) પ્રક્રિયા દ્વારા ઍડેનીન, ગ્વાનીન જેવા RNAના બેઇઝ બની શકે. HCNનું જળવિભાજન ઍમીનો-ઍસિડ બનાવી શકે તથા ફોર્માલ્ડીહાઇડમાંથી ફોમેઝ઼િ પ્રક્રિયા દ્વારા ટ્રાયોઝ, ટેટ્રોઝ, પેન્ટોઝ જેવી શર્કરાઓ બની શકે. કુદરતમાં રાઈબોઝ શર્કરાનો D-પ્રતિબિંબી જ જીવન માટે આવશ્યક છે જ્યારે પ્રયોગશાળામાં રાઈબોઝ (D) તથા (L)ના રેસેમિક મિશ્રણરૂપે મળે છે. આ કોયડો હજી પૂરેપૂરો ઉકેલાયો નથી.

ફોસ્ફેટ આયનો પણ પૂર્વકાળના મહાસાગરોમાં હતા, પરંતુ ઑર્થોફોસ્ફેટ સ્વરૂપમાં હતાં. જીવનપ્રક્રિયા માટે મેટા-ફોસ્ફેટ તથા પાયરોફોસ્ફેટ આવશ્યક છે અને પાયરો-ફોસ્ફેટ પ્રયોગશાળામાં બનાવી શકાય છે.

આ બધું ધ્યાનમાં લેતાં માની લઈએ કે RNAના આ આવશ્યક ઘટકો પ્રાક્ પૃથ્વી ઉપર પ્રાપ્ય હતા. આમ છતાં એવી માન્યતા પ્રવર્તે છે (Oregel:૧૯૮૯) કે RNA બન્યા અગાઉ એવાં કોઈ સ્વરૂપો હતાં જે તદ્દન સાદી જનીનીય પ્રણાલિ ધરાવતાં હતાં. આ અંગે આપણી પાસે અત્યારે કોઈ વિશેષ માહિતી નથી.

RNAમાંથી કાળક્રમે વધુ સક્ષમ DNA બન્યા જેમણે RNA પાસેથી મોટા ભાગનું ક્રાંતિક (critical) કાર્ય ધારણ કરી લીધું. આ જનીનીય સંકેત પદ્ધતિ (coding system) ના વિકાસ માટે બહુલીકરણ પ્રક્રિયા દ્વારા ૧૦૦થી વધુ બેઈઝ-યુગ્મો બનાવવાં મુશ્કેલ છે અને આટલી નાની સંખ્યા જનીનીય માહિતી ધરાવી શકે નહિ. ૨૦૦૦માં ગ્લેન ઈવાન્સ તથા સાથીઓએ એવી ટેક્નિક વિકસાવ્યાનો દાવો કર્યો છે કે તેનાથી તેમણે DNAની ટૂંકી શૃંખલાઓ બનાવી, તેને એકબીજા સાથે જોડીને ૧લાખ બેઈઝ-યુગ્મ ધરાવતા લાંબા તંતુઓ બનાવ્યા છે, જે સાદા જીવોને બનવા માટે પૂરતા છે. આ પછીનો ઘટનાક્રમ RNAમાંથી DNAમાંથી ઍમીનોઍસિડમાંથી પ્રોટીન જનીનશાસ્ત્રમાં જાણીતો છે. આ આખી પ્રવિધિને નીચે મુજબ દર્શાવી શકાય.



અંતે જનીનશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં જીવન અંગેની બે વ્યાખ્યા જોઈએ:

૧. એક એવી પ્રણાલિ જે પ્રાકૃતિક વરણ દ્વારા ઉત્ક્રાંતિ-ક્ષમતા ધરાવતી હોય.

૨. કોઈ પણ જીવને જુદીજુદી આવડત હોય છે, પરંતુ આ બધામાં સર્વસામાન્ય છે :

(અ) પોતાની પ્રતિકૃતિ બનાવવાની ક્ષમતા

(બ) વ્યવસ્થા ઉત્પન્ન કરવાની ક્ષમતા (ઉષ્માયાંત્રિક અભિગમ, ચયાપચય વગેરે)

(ક) પોતે ઉત્પરિવર્તી (mutate) થઈ શકે તેવી ક્ષમતા.

આમ, જીવન અંગેનો વૈજ્ઞાનિક અભિગમ આપણે આ પૃષ્ઠોમાં તપાસ્યો. આધુનિક સંશોધનો એટલી ઝડપથી થઈ રહ્યાં છે કે ભવિષ્યમાં આપણને આ રહસ્યના ઉકેલ અંગે વધુ માહિતી આપતાં રહેશે. □

અનુસંધાન] સમાંતર જીવન [પૃ. ૭૯૨ થી

સગર્ભા થઈ. એ પછી તો એમને આઠ બાળકો થયાં. મિલેને ચિત્રકાર તરીકે ખૂબ માનમરતબો મળ્યો. રાજદરબારમાં તેનું ગૌરવ થયું. શ્રીમંતાઈ, સુખ બધું જ તેને ભાગે આવ્યું; પણ એક સમયે લાભેલી સિદ્ધહસ્ત ચિત્રકાર તરીકેની પ્રસિદ્ધિ ધીમે ધીમે પાંખી થતી ગઈ અને એની કલામાં કાંઈક અંશે ધંધાદારી સ્વરૂપ આવ્યું.

આ લગ્ન પછીનાં શરૂઆતનાં એક-બે વર્ષમાં કોઈ જાતનો વેરભાર મનમાં ન રાખતાં રસ્કિને ચિત્રકાર તરીકે મિલે માટે ગૌરવોદ્ગાર કાઢ્યા અને પોતાના મનની મોટાઈ સિદ્ધ કરી બતાવી. પણ આગળ જતાં એકલો રસ્કિન જ નહીં બલકે બીજા કેટલાક કલાસમીક્ષકો મિલેની અધોગતિ પર તૂટી પડ્યા. ઘણાઓએ આ અધોગતિ માટે એફી સાથેનું લગ્ન કારણરૂપ ગણાવ્યું. રસ્કિન તો મૂળે જ મહાન હતો એથી સ્તો કેવળ આ સ્ત્રી સાથે લગ્ન થવા છતાંય એની મૂળ પ્રતિભા તો ટકી રહી શકી. એના બિન-પાયેદાર નિષ્કર્ષ પણ કેટલાંકે કાઢ્યા.

કલાપ્રતિભા જેવાં ક્ષેત્રોમાં આવું કાંઈ બને ત્યારે એ બાબતમાં એક જ વ્યક્તિને જવાબદાર ગણવી એ ક્યાંનો ન્યાય ? મૂળે આ અલૌકિક ગુણ માણસમાં ક્યાંથી આવે, કેવી રીતે ટકી રહે અને ક્યારેક ધીમે ધીમે તો ક્યારેક અચાનક અલોપ થઈને ક્યાં જતા રહે, એની પાછળનું રસ્કિન જેવા કલાકાર તત્ત્વજ્ઞનેય વણઉકેલાયેલું સત્ય ક્યારેય કોઈનેય ઉકેલાશે ખરું ? કે પછી 'હરિધામના આ ઉઘરાણાં, નસીબનાં લેણાં-દેણાં; કોકે કોક પર રડવાં રોદણાં' - એ જ સાચું.

(ક્રમશઃ)


ભારતનાં રાજ્યોઃ ૨૭

ઝારખંડ

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની ઉત્તરે આવેલા વિશાળ બિહાર રાજ્યમાંથી ૧૫મી નવેમ્બર ૨૦૦૦ના રોજ ભારત સંઘના ૨૮માં રાજ્ય તરીકે ઝારખંડની રચના કરવામાં આવી. તેની પૂર્વે પશ્ચિમ બંગાળ, પશ્ચિમમાં ઉત્તરપ્રદેશ અને છત્તીસગઢ, ઉત્તરે બિહાર તથા દક્ષિણે ઓરિસા આવેલાં છે. તેનું ક્ષેત્રફળ ૭૯,૭૧૪ ચોરસ કિ.મી. તથા વસતી ૨,૬૯,૦૯,૪૨૮ છે. તેની મુખ્ય ભાષા હિંદી છે અને રાજ્યનું પાટનગર રાંચી છે.

ઈતિહાસઃ અનુશ્રુતિ અનુસાર તેરમી શતાબ્દીમાં ઓરિસાના રાજા જયસિંહ દેવે પોતાને ઝારખંડનો રાજા જાહેર કર્યો હતો. ઝારખંડમાં મુખ્યત્વે છોટાનાગપુરનો ઉચ્ચપ્રદેશ તથા સંથાલ પરગણાનો સમાવેશ થાય છે. તેની સાંસ્કૃતિક પરંપરાઓ વિશિષ્ટ પ્રકારની છે. ત્રીસીનાં પાછલાં વર્ષોથી ઝારખંડના અલગ રાજ્ય માટે ચળવળ ચાલુ થઈ હતી. ઈ.સ. ૧૯૫૦માં મોરેંગ ગોન્ડેએ ઝારખંડ પક્ષની રચના કરી. આ પક્ષે આદિવાસીઓની માતૃભૂમિ માટેની માગણી મજબૂત બનાવવાના ઉદ્દેશથી તરતની ૧૯૫૨ની ચૂંટણીમાં ઝંપલાવ્યું. તેનો પક્ષ બિહારની વિધાનસભામાં ૨૧ બેઠકો સહિત ઉદય પામ્યો. ૧૯૫૭ની ચૂંટણીમાં પણ આ પક્ષે સારો દેખાવ કર્યો. પરંતુ તે પછી તેનો પ્રભાવ ક્ષીણ થયો. આદિવાસીઓની અલગ માતૃભૂમિ માટેનું આંદોલન, ૧૯૭૨માં સંથાલ જાતિના નેતા શીબુ સોરેને 'ઝારખંડ મુક્તિ મોરચા'ની રચના કરી ત્યારે પુનઃ વેગવાન બન્યું. ઈ.સ. ૧૯૯૫માં સંઘ સરકાર, બિહારની સરકાર તથા ઝારખંડના નેતાઓ વચ્ચેના ત્રિપક્ષી કરાર થયા બાદ, ઝારખંડ ઓરિસા ઑટોનોમસ કાઉન્સિલ સ્થાપવામાં આવી. ઘણાં વર્ષોના આંદોલનના ફલસ્વરૂપે ઝારખંડનું અલગ રાજ્ય રચવાની લોકોની એષણા ફળીભૂત થઈ.


તાતા આયર્ન એન્ડ સ્ટીલ કંપનીનું લોખંડનું કારખાનું, જમશેદપુર



લોકોઃ ઝારખંડ રાજ્યના રાંચી, સિંગભૂમ અને સંથાલ જિલ્લામાં આદિવાસી લોકો વસવાટ કરે છે. આ પ્રદેશમાં સંથાલ, આરોં, મુંડાખારિયા વગેરે મુખ્ય આદિવાસી કોમો સદીઓથી રહે છે.

ભૂપૃષ્ઠઃ રાંચી અને હઝારીબાગના ઉચ્ચ પ્રદેશો સરેરાશ ૯૧૫ મીટરની ઊંચાઈ ધરાવે છે. આ ઉભય ઉચ્ચ પ્રદેશોને વિભાજિત કરતી દામોદર નદી, તેના સ્તરભંગ નિર્મિત થાળામાં થઈને વહે છે. તેની પશ્ચિમે બીજા ઘણા પહાડી વિસ્તારો પથરાયેલા છે. તેમની સરેરાશ ઊંચાઈ ૯૦૦ મીટરની છે. છોટાનાગપુરના ઉચ્ચપ્રદેશમાં જંગલો આવેલાં છે. આ જંગલો સાલવૃક્ષોથી સમૃદ્ધ છે. ત્યાં બીજાં અનેક પ્રકારનાં વૃક્ષો ઊગે છે. ત્યાં ઈમારતી તથા ઈંધન માટેનાં લાકડાં ઉપરાંત રાળ, ગુંદર, લાખ, મધ, મીણ, ફળફૂલ, પાન, ઘાસ વગેરે મહત્ત્વની જંગલની પેદાશો લોકોને રોજી પણ અપાવે છે.

ત્યાંનાં જંગલોમાં વાઘ, ચિત્તા, હાથી, હરણ, શિયાળ સહિત બીજાં અનેક પ્રકારનાં પ્રાણીઓ, પક્ષીઓ, (તળાવોમાં) માછલીઓ વગેરેથી ભરપૂર છે. 'હઝારીબાગ વન્ય પ્રાણી અભયારણ્ય' અને 'રાષ્ટ્રિય ઉદ્યાન' તેના વિશિષ્ટ બંગાળી વાઘ માટે જાણીતાં છે. આ ઉપરાંત બેટલામાં પાલામુ રાષ્ટ્રિય ઉદ્યાન આવેલ છે.

ખેતીઃ ઝારખંડ રાજ્યની ખેતીની મુખ્ય પેદાશ ઘઉં, ચોખા, મકાઈ, તેલિબિયાં, શેરડી અને કઠોળ છે.

જિલ્લાઃ રાંચી, ઘુમલા, લોહારદાગા, પાલામૂ, ગઢવા, ધનબાદ, બોકારો, હઝારીબાગ, ગિરિદિહ, કોડર્મા, ઈસ્ટ સિંગભૂમ, દુમકા, સાહેબગંજ સહિત કુલ ૧૮ જિલ્લા છે.

ઉદ્યોગોઃ દેશના બે સૌથી મોટાં સ્ટીલનાં કારખાનાં - એક બોકારોમાં જાહેરક્ષેત્રનું તથા બીજું જમશેદપુરમાં ખાનગીક્ષેત્રનું તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની ઝારખંડ રાજ્યમાં આવેલાં છે. અહીંના બીજા મહત્ત્વના ઉદ્યોગોમાં તાતા ઍન્જિનીઅરિંગ ઍન્ડ લોકોમોટિવ કંપની, શ્રીરામ બૅરિંગ્સ, ઉષા માર્ટિન, ઈન્ડિયન ટ્યૂબ કંપની વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યના પાટનગર રાંચી મુકામે ભારતના સૌથી મોટાં ઔદ્યોગિક સંકુલો આવેલાં છે. સિંગભૂમ તથા ધનબાદ આ બે જિલ્લાઓમાં ઉદ્યોગોનું વિશેષ કેન્દ્રીકરણ થયેલું છે. જમશેદપુરમાં લોખંડ અને પોલાદ ઉપરાંત બીજા અનેક પ્રકારના ઈજનેરી તથા આનુષંગિક

ઉદ્યોગોનો પણ વિકાસ થયો છે.

ખનિજ: આ રાજ્ય ખનિજની બાબતમાં ઘણું સમૃદ્ધ છે. છોટાનાગપુરના ઉચ્ચપ્રદેશના અતિ પ્રાચીન ખડકોમાંથી વિવિધ પ્રકારની ખનિજસંપત્તિ મળે છે. આ પ્રદેશમાંથી લોખંડ, તાંબું, મૅંગેનીઝ, ક્રોમાઇટ, યુરેનિઅમ, બૉક્સાઇટ, ગ્રેફાઇટ, અબરખ, ચિનાઇ માટી, ચૂનાના ખડક વગેરે ખનિજો મોટા પ્રમાણમાં મળે છે. સિંગભૂમા લોહ ખનિજોનું ક્ષેત્ર ઓરિસા પર્યંત વિસ્તાર પામેલું છે. તે ઉત્કૃષ્ટ કક્ષાના હિમેટાઇટથી ભરપૂર છે.

રાજ્યના ઔદ્યોગિક પ્રદેશો તથા ખાણોના વિસ્તારોમાં વસતીની ગીચતા વધારે છે. રાંચી, સિંગભૂમ અને સંથાલ પરગણું - આ ત્રણ જિલ્લાઓમાં રાજ્યની લગભગ ૮૦ ટકા વસ્તી રહે છે. છોટાનાગપુરના ઉચ્ચપ્રદેશ તરફ જતાં વસતીવિતરણ તથા ગીચતાનું પ્રમાણ ઘટતું જાય છે.

અગાઉના બિહારના ભૌગોલિક ક્ષેત્રફળના ૪૫ ટકા પ્રદેશનો ઝારખંડ રાજ્યમાં સમાવેશ થયો છે અને ઝારખંડની વસતીનાં ૨૮ ટકા લોકો આદિવાસીઓ છે. ઝારખંડ રાજ્યની માથાદીઠ વાર્ષિક આવક રૂ.૩,૦૦૦ છે. ઝારખંડની આવકનો મોટો હિસ્સો તેની ખનિજોના વિશાળ ભંડારમાંથી પ્રાપ્ત થાય છે. તે ઝારખંડની આવકમાં રૂ.૧૫૦૦ કરોડનો ફાળો આપે છે. એવી રીતે તાતા કંપની જેવા મોટા ઉદ્યોગો રાજ્યની વાર્ષિક આવકમાં રૂ.૩૭૭૫ કરોડ જેટલો હિસ્સો આપશે.

સરકાર: ઝારખંડની વિધાનસભાની સભ્યસંખ્યા ૮૧ની છે. આ રાજ્ય લોકસભામાં ૧૪ અને રાજ્યસભામાં ૬ સભ્યો મોકલે છે. વહીવટની સુવિધા માટે રાજ્યને ૧૮ જિલ્લામાં વહેંચી દેવામાં આવ્યું છે.

ઊર્જા: આ રાજ્યના લોખંડ અને પોલાદના ઉદ્યોગમાં તથા તાપવિદ્યુતના ઉત્પાદનમાં કોલસો આવશ્યક ઊર્જા સંશાધન બન્યો છે. અહીંના દામોદર ખીણનાં કોલસાનાં વિશાળ ક્ષેત્રો, રાષ્ટ્રની કોકિંગ કોલસાની જરૂરિયાત પૂરી પાડે છે. રાજ્યમાં તાપવિદ્યુત અને જળવિદ્યુત મથકો સ્થાપવામાં આવ્યાં છે. બોકારો તથા અન્ય તાપવિદ્યુત મથકોની કામગીરી દામોદર વેલિ કૉર્પોરેશન સંભાળે છે. રાજ્યનાં બધાં ગામોને વીજળી પૂરી પાડવા રાજ્ય સરકારે રૂપિયા ૩૦ કરોડની જોગવાઈ કરી છે. ઝારખંડ રાજ્યની ઊર્જાશક્તિ ૨૫૯૦ મેગાવૉટ છે. તેમાં તેનુઘાટ થર્મલ પાવર સ્ટેશન, પત્રાટુ પાવર સ્ટેશન, દામોદર વેલિ કૉર્પોરેશન વગેરેનો સમાવેશ થાય છે.

રસ્તા: રાજ્યમાં આવેલા માર્ગોની લંબાઈ ૪,૩૧૧ કિ.મી. છે. તેમાં ૧૬૦૦ કિ.મી. રાષ્ટ્રિય ધોરી માર્ગો તથા ૨૭૧૧ કિ.મી.

(અનુસંધાન પૃ. ૭૯૮ પર)

વાર્તા

ગાંડા માણસો - ૨

બહાદુરભાઈ જ. વાંક

શહેરના એક બગીચામાં દરરોજ સાંજના બે ગાંડા માણસો આવતા, ને આખા બગીચાને માથે લઈ લેતા. આ બંને ગાંડા માણસોની આગવી કહી શકાય એવી વિશિષ્ટતાઓ હતી. એકને જોરજોરથી રડવાની ટેવ હતી. બીજાને જોરજોરથી ખડખડાટ હસવાની ટેવ હતી. બંનેનો બીજો કશોય ઉપદ્રવ નહીં. કોઈ વાતે ઝઘડો પણ ન કરે. બસ, બંને પોતાની હસવારડવાની મસ્તીમાં ચકચૂર... બંનેની ઓળખ માટે લોકોએ બંનેનાં હુલામણાં નામ પણ પાડી દીધાં હતાં. હસવાની ટેવવાળા ગાંડા માણસને લોકો હસીલાલ કહેતાં હતાં ને રડવાની ટેવવાળા ગાંડા માણસને રુદનલાલ કહેતાં હતાં !

ધીમે ધીમે હસીલાલને મનમાં એવું ઠસી ગયું હતું કે પોતે હસે છે, ને એટલે જ રુદનલાલ રડતો રહે છે, ને રુદનલાલને પણ મનમાં એવું ઠસી ગયું હતું કે પોતે રડે છે, ને એટલે જ હસીલાલ હસતો રહે છે !

એક દિવસ સાંજના હસી રહેલા હસીલાલ પાસે આવીને રુદનલાલે ફરિયાદ કરી: 'તમે જોરજોરથી હસો છો, ને એટલે મને મારા રડવાના કામમાં બહુ ખલેલ પહોંચે છે ! માટે તમે તમારું હસવાનું બંધ કરો તો સારું !'

તો હસીલાલે પણ સામી ફરિયાદ કરી: 'ખરેખર તો તમે રડો છો. એથી તમારા' કરતાં તો મને મારા હસવાના કામમાં વધારે ખલેલ પહોંચે છે ! માટે પહેલાં તમે જ રડવાનું બંધ કરો તો સારું !'

રુદનલાલે ફરી વિનંતી કરી: 'તમે આ જગ્યા જ બદલી નાખોને... પછી તમારે જેટલું હસવું હોય તેટલું હસ્યા કરજો... બાકી તમે મને ત્રાસ ન આપો !'

હસીલાલે સામી દલીલ કરી : 'તમે જ આ જગ્યા બદલી નાખોને... ત્રાસ તો તમારો હુંય અનુભવું છું, પણ હું આ જગ્યા તો કોઈ પણ સંજોગોમાં છોડી શકું તેમ નથી !'

રુદનલાલ પોતાનો આક્રોશ વ્યક્ત કરતાં બોલ્યો: 'તો હવે હું જોઉં છું કે તમે કેમ ઊંચા અવાજે દાંત કાઢો છો !'

તો હસીલાલે પણ સામી ધમકી આપી દીધી: 'તમે મારી આડા ચાલશો તો હું તમારું રડવાનું જ સાવ બંધ કરાવી દઈશ સમજ્યાને ?'

પછી પડકાર ઝીલી લેતો હોય એમ રુદનલાલે પોતાની જગ્યાએ બેસીને બૂમ-બરાડા પાડતો હોય તેમ ઊંચા અવાજે

(અનુસંધાન પૃ. ૮૦૧ પર)

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

આંતરલાંકનથી રોમ

સ્વિત્ઝર્લેન્ડ એ વિશ્વનું સૌથી લાંબા સમયપર્યન્ત યુદ્ધવિમુખ રહેલું અને સૌથી વ્યાપક રીતે સ્વીકૃત એવું તટસ્થ રાજ્ય છે. છેલ્લાં ૫૦૦ વર્ષોથી પોતાની ભૂમિ પર તેણે યુદ્ધ જોયું નથી. પણ તો ય તેનો પ્રદેશ કિલ્લેબંધીથી સુરક્ષિત છે. *ચૉકલેટ સોલ્જર્સ !:* તેનાં ચરિયાણ મેદાનોમાં લડાકુ વિમાનોના ઉતરાણ માટેની હવાઇપટ્ટીઓ અમે દૂરથી જોઈ. જરૂર પડે તો, શત્રુફોજની અવરજવરને ખાળવા માટે પોતાના મોંઘા પુલો અને ટનલોને ઉડાવી દેવા માટે એ જ સ્થળોએ સુરંગો છુપાવેલી છે. તથા જરૂર પડે તો આલ્પાઇન ખડકોમાં કોતરેલી હોય એવી ઊંડી ગુફાઓમાં તેણે તેનાં જેટ ફાઇટર વિમાનો અને ટૅન્કો તૈયાર સ્થિતિમાં તરત વાપરી શકાય તેવાં રાખેલાં છે ! (શાંતિપ્રિયતા એટલે સંરક્ષણ-સજ્જતા નહિ એવી નેહરુનીતિની ભૂલ સ્વિસ પ્રજા કરતી નથી.) તેના સૈનિકો સતત તાલીમથી કસાયેલા રહે છે. બધાં પુખ્ત વયનાં નાગરિકો માટે સૈનિકતાલીમ અને બંદૂક રાખવી એ ફરજિયાત છે. નરમ અને સરસ ચૉકલેટ માટે જાણીતા આ દેશના સૈનિકોએ ફ્રાન્સના રાજાના અંગરક્ષકો તરીકે પોતાનો જાન આપનાર સ્વિસ સૈનિકોની સલામતી-સેવા આજે પણ પોપ અને યુરોપના કેટલાક રાજાઓ લે છે. 'ચૉકોલેટ સોલ્જર્સ' આપનાર તરીકે તેમજ શાંતિની સુરક્ષા માટે સંરક્ષણસજ્જતાના પરિણામગામી મૉડૅલ તરીકે સ્વિત્ઝર્લેન્ડ વિશિષ્ટ રાજ્ય બની રહેલું છે.

સ્વિત્ઝર્લેન્ડ અને ઇટાલી વચ્ચે આવતા મોટા સેંટ ગોથાર્ડ રોડ પર ૧૭ કિ.મી. સુધી રસ્તાની બંને બાજુ ગ્રેનાઇટ પથ્થરો જડેલા છે. ગ્રેનાઇટનો ઉપયોગ ગોથાર્ડપાસ પાસે ઇટાલી તરફ જતાં જ સ્વિસ બાજુના સમૃદ્ધ પ્રદેશનો ખયાલ આપી જાય છે. ઍંગલબર્ગથી ઉત્તર ઇટાલીમાં પ્રવેશ કરતાં પહેલાં ૬૦૦૦ ફુટ ઊંચે ૯.૨ કિ.મી. લાંબી ટનલ આવે છે, તે સુંદર દૃશ્યાવલિ પણ પ્રસ્તુત કરતી રહે છે. ત્યાંથી નીચે જુઓ તો આસમાની જળ ધોળાં ફીણ સાથે ગતિશીલ બનીને વહે છે. નદી ખૂબ વળાંક લેતી હોય ત્યારે પણ તે નૃત્યાંગનાની અંગભંગિની યાદ આપે છે. સેંટ ગોથાર્ડ પાસેની નવી ટનલ પાસે રૂહાઇન અને રહોન નદીઓના જળથાળ (વોટરશેડ) આવેલા છે. ત્યાં મોટા ખડકોમાં લશ્કરી સુવિધા અને હાર્ડવેરને છુપાવવામાં આવેલ છે. આલ્પ્સની સુરક્ષા માટે પોતાના સામરિક કૌશલને ધાર આપતાં સ્વિસ સૈનિકો અહીં ડ્રિલ-કવાયત કરતાં હોય છે, તે બરફમઢ્યા પ્રદેશને બસકોચમાંથી જોતાં તો ભાગ્યે જ ખયાલ આવે ! સ્વિત્ઝર્લેન્ડમાં જ્યાં સૌથી વધુ પ્રવાસીઓ આકર્ષાય છે તે ઓબરલૅન્ડનું ઘરેણું હોય તો તે ઇન્ટરલોકન શહેર છે. ગ્લેશિયરો દ્વારા કુદરતી રીતે રચાયેલી અતિરમ્ય ખીણમાં આ શહેર બે મોટાં સરોવરો(લાંકન)ને જોડે છે. તેની ચારેબાજુ હરિયાળા-બરફીલા પહાડો છે. કનૈયાલાલ મુન્શીએ લીલાવતીને પ્રણયભાવથી અહીંથી લખેલું: 'ભાવિ ગમે તે ઘડાય. એક વાત ચોક્કસ. આપણે એને ઘડીશું એકસાથે રહીને જ !' તે માટે અહીંનો સ્નેહસિક્ત માહોલ તદ્દન સ્વાભાવિક લાગ્યો ! બોલીવુડની કેટલીક ફિલ્મોનાં દૃશ્યો હજુ અહીં લેવાયાં છે, તે પણ યોગ્ય લાગે તેવા તેના ફૂલમઢ્યા પાર્ક, અને નાના બાગ ધરાવતા સ્ટૉલ અને ઘરો જોતાં લાગે છે.

લોકશાહી-સિદ્ધાંત અને વ્યવહારમાં: આ નાનકડા દેશનાં બે મોટાં લક્ષણો નોંધવાયોગ્ય છે. એક તેની વિકેન્દ્રિત રાજ્યવ્યવસ્થા સાથે પ્રવર્તમાન ચેતનવંતી 'નાગરિક લોકશાહી.' અને બીજું, દશકાપર્યન્ત તટસ્થ અને શાંતિપ્રિય દેશ તરીકે આદર પામેલો હોવા છતાં, એક રાજ્ય તરીકે સ્વિત્ઝર્લેન્ડ લશ્કરી દૃષ્ટિએ સુસજ્જ છે, તે.

અહીં તેનાં રાજ્યઘટકો જેવા કેન્ટોન ફેડરલ (કેન્દ્ર) સરકારથી મહત્ત્વની બાબતમાં સ્વાયત્ત છે અને મહત્ત્વના નિર્ણયો અને અમલની સત્તા ધરાવે છે. અમારી બસના રસ્તે થોડે દૂર એક સ્થળ બતાવીને ટૂર મૅનેજર શ્યાવક્ષે કહ્યું: 'ત્યાં પેલા મકાનની બાજુમાં ખાલી જગા પર લાકડાના ફેન્સિંગ દેખાય છે. ત્યાં તેનો માલિક મકાન બાંધવા માગે છે અને તેનો પ્લાન અહીંની મ્યુનિસિપાલિટીને આપ્યો છે. આ પ્લાન વિશે તે પ્લૉટની આજુબાજુ રહેતા મકાનના માલિકોનો અભિપ્રાય મ્યુનિસિપાલિટીએ પુછાવ્યો છે. તે પછી તેની સ્થાનિક



લુઝર્ન અને ઇન્ટરલાંકનમાં ચિત્રશોભિત ઘરનો નમૂનો

સમુદાયની સભામાં જાહેર ચર્ચા થશે. તે પછી એમની સંમતિ કે સુધારાનાં સૂચનો પછી જ પ્લૉટ-માલિકને પરવાનગી અપાશે કે નહિ અપાય.' એક બીજા સ્થળે ટનલમાંથી પસાર થયા ત્યારે બતાવ્યું કે આ ટનલ અહીં બંધાય, તેથી કંઈક લાંબી બની છે. સત્તાવાળાઓ અહીંથી થોડે દૂર ટનલ બાંધવા માગતા હતા; કારણ તે ઓછી લંબાઈની બનત અને ત્યાંની ભૂરચનાને કારણે તેનો ખર્ચ પણ ઓછો આવત. પણ સ્થાનીય લોકોનો તે સામે વિરોધ હતો. તેમણે વાંધો લીધો કે ટૂંકા અંતરવાળી ટનલ તેમના ગામની ખૂબ નજીક બંધાય તેમ હતી. તેથી તેમના પર્યાવરણને અવળી અસર થાત તેમજ વાહનોની અવરજવર વધત તેથી અવાજની અને બીજી ખલેલ પહોંચત. સત્તાવાળાઓએ લોકોની વાત સ્વીકારી, સ્થાનિક વિકાસમાં લોકનિર્ણયની દઢ પ્રણાલીના એ નમૂના છે.

પ્રકૃતિ અને સંસ્કૃતિના ચિત્રભેદ: એંગલબર્ગ, સ્વિત્ઝર્લેન્ડથી ઇટલીનો પ્રવાસ એટલે ઊંચા પહાડી પ્રદેશમાંથી મેદાની પ્રદેશમાં પ્રવાસ એવો ભૌગોલિક ફેરમાત્ર નથી વર્તાતો. બંને દેશોના પ્રજા, પ્રકૃતિ, જીવનશૈલી અને ઇતિહાસ પ્રતીકો પણ એકમેકથી નોખાં તરી આવે છે. દક્ષિણ સ્વિત્ઝર્લેન્ડમાં જમીનની નીચે અર્ધગોળાકાર છત ધરાવતાં માળખામાં નાના એરક્રાફ્ટ રાખે છે. ત્યાં ૯.૨ કિ.મી. લાંબી ટનલમાં પ્રવેશ્યા. ટનલમાં પ્રવેશો એટલે પછી ધીમે ધીમે લાઇટનો પ્રકાશ આછો થતો જાય. વચ્ચેના ભાગમાં એકદમ ઓછો-પાંખો થાય. પછી ટનલનો જ્યારે અંત આવે એટલે પ્રકાશ વધવા માંડ્યો. વળી, ત્યાં આંખ ટેવાય, તે માટે ટનલના પ્રવેશ અને બહાર જવાના ભાગને થોડા વળાંક આપ્યા છે. જેથી ટનલમાંથી પસાર થતાં વાહનચાલકોની આંખ ટેવાય, અને અકસ્માતનો ભય ન રહે. કેટલેક સ્થળે બે લેનવાળા ટનલપાસ છે. અને જ્યાં ખૂબ ટ્રાફિક હોય ત્યાં ચાર લેનવાળી ટનલો પણ બંધાઈ છે.

સ્વિત્ઝર્લેન્ડમાં ઓટોબાન ઓટોસ્ટ્રાટ તરીકે ઓળખાતા મોટા માર્ગ વાપરનાર વાહનચાલકે ટોલ (માર્ગવેરો) આપવો પડે છે, તેવું જ ઇટલીમાં ટેલિપાસ કહેવાતા ઓટોબાન વિશે છે. પણ ટેલીપાસને નાકે અમેરિકાની જેમ વાહનચાલકો રોકડા નાણાંથી ટોલ ચૂકવવો પડતો નથી. ચાલક તેનું ક્રેડિટ કાર્ડ ટોલસ્ટેન્ડ પર આપે. ટોલવાળો એના ટોલમીટર પર કોડપદ્ધતિને આધારે કેટલા કિ.મી. રસ્તો વાપર્યો છે, તે નક્કી કરે; કે કાર્ડ પરથી કેટલો હિસાબ લેવો તે જોઈને, તે પ્રમાણે તેની નોંધ કરી લે. તે પછી ટેલિપાસનો ફાટક ખુલ્લો કરી દે. એ કાર્ડ વીઆ કાર્ડ (પ્રી-પેઇડ) કાર્ડ કહેવાય છે.

ઇટલીમાં અમે પ્રથમ મુલાકાત વેનિસની લીધી. વેનિસ એટલે તરતું શહેર. વેનિસ ૧૨૦ બેટનું બનેલું છે. આ બેટો ૧૩૫ પુલોથી જોડાયેલા છે. મોટરકારને બદલે નાનીમોટી બોટ દ્વારા એક બેટથી બીજા બેટ પર જવાનું. એના પાંચેક બેટ મોટા છે, આવા મોટા બેટ પર મકાનોની વસાહતો વચ્ચે પાણીના ૧૫-૨૦ ફુટની નહેરોથી એકમેકથી અલગ પડતી હોય. તેમની વચ્ચે નાના પુલો હોય અથવા એક ઘરથી પડોશમાં જવા સાટે, યા એક સ્થળથી બીજે સ્થળે આવા વસાહત-મહોલ્લાઓમાં પહોંચવા કાશ્મીરની શિકારાની યાદ આપે તેવી ગોંડોલા હોય. તે આકર્ષક રૂપ અને આકાર ધરાવતી હોય છે અને હલકા વજનની હોય છે.

આવા એક મોટા બેટ પર સેંટ માર્કોસનું કથિડ્રલ જોવાલાયક છે. એનો ઊંચો, મોટો ઘુમ્મટ, એના દરવાજાઓ, દીવાલો અને થાંભલાઓ પર મોઝેઇકની આકૃતિઓ છે. તો ફરસબંધી પર એકમેકથી જુદી પડતી ભાત અને રંગના આરસના જડેલા કકડા આકર્ષક લાગે છે. તેની પાસે ઊંચા બેલટાવરની ટોચ પરથી આખા વેનિસની સંકુલ ભૂમિ-જળની અટપટી રચના અને ઇજનેરી સિદ્ધિનો ખયાલ આવે છે. ત્યાં રાજમહેલ પાસે જ જેલની સજા પામનાર કેદીઓ એક પુલ પાસે જ્યાં નિસાસા નાખતા અને વેનિસનું છેલ્લું દર્શન કરવા ઊભા રહેતા, તે નિસાસાસ્થળ (સાઇટ ઑફ્ સાઇ) પ્રવાસીને બતાવવામાં આવે છે. (ક્રમશઃ)

અનુસંધાન] ઝારખંડ [પૃ. ૭૯૬ થી

રાજ્યના ધોરીમાર્ગોનો સમાવેશ થાય છે.

રેલવે: રાજ્યમાં સુવિકસિત રેલવે લાઇનો છે. રાંચી, બોકારો, ધનબાદ, જમશેદપુર વગેરે રાજ્યનાં મોટાં રેલવે (જંકશનો) સ્ટેશનો છે.

હવાઈમાર્ગો: રાજ્યનું પાટનગર રાંચી દિલ્હી, પટણા અને મુંબઈ સાથે હવાઈમાર્ગે જોડાયેલું છે. આ ઉપરાંત જમશેદપુર, બોકારો, ગિરિદિહ, દેવઘર, હઝારીબાગ, ડાલ્ટનગંજ તથા નોઅમુન્ડીમાં એરસ્ટ્રિપ્સ છે.

પ્રવાસન: પાટનગર રાંચીની આસપાસ મંદિરો, જળધોધ, સુંદર ટેકરીઓ જેવાં પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતાં આકર્ષક સ્થળો આવેલાં છે. હન્દરુ, હિરણી, દોસણા અને દસમ જાણીતા જળધોધ છે. ચૈબાસા, દેવઘર અને દુમક્ત યાત્રાનાં સ્થળો છે. બેટલા પાસે પાલાસુ રાષ્ટ્રિય ઉદ્યાન છે.

ઝારખંડ રાજ્યે મહાન ક્રાંતિકારી, સમાજવાદી તથા રાષ્ટ્રિય લોકનેતા જયપ્રકાશ નારાયણની રાષ્ટ્રને ભેટ ધરી છે. □

ફિલ્માકાશ-૩૪
'સ્ટ્રીટ સિંગર' અને 'ધરતીમાતા' બે સીમાચિહ્નો

રજનીકુમાર પંડ્યા



ફિલ્મ 'ધરતીમાતા'નું દૃશ્ય જેમાં સાયગલ દેખાય છે.

'બાબુલ મોરા નૈહર છૂટો જાય'ની અમરતાને યાદ કરતા 'સ્ટ્રીટ સિંગર'નાં બીજાં ડઝનેક ગીતો હતાં, એમાં જે બીજું ગીત અતિ લોકપ્રિય થયું તે હતું 'જીવનબીન મધુર ના બાજે જૂઠે પડ ગયે તાર'. એ પણ સાયગલનાં મધુરતાથી તરબર ગીતોમાં અવશ્ય સ્થાન પામે. એ ગીતના અંતભાગે એનો વિષય પણ 'ઐસા ક્યું, ફીર ઐસા ક્યું' શબ્દો સાયગલના સ્વરમાં શબ્દોરૂપે મૂકીને એની અસરને તીવ્ર કરવામાં આવી હતી. આ ઉપરાંત ત્રણેક ગીતો અનામી સ્ત્રી-પુરુષ ગાયકોના સ્વરમાં હતાં, જેમાં એક 'લો ખા લો મૅડમ ખાના' જેવું હલકુંફૂલકું હાસ્યગીત પણ હતું. પણ બાકીનાં છ ગીતો એકલાં કાનનદેવીના સ્વરમાં હતાં. સંગીત આર.સી. બોરાલનું હતું અને એમાં એમણે કસર છોડી નહોતી. પરંતુ 'સાંવરિયા પ્રેમકી બંસી સુનાએ' અને 'પ્રીતમ સે પ્રીત નિભા લૂંગી' સિવાય બીજાં કોઈ ગીતો બહુ સફળ થયાં નહોતાં. અલબત્ત, બૅકગ્રાઉન્ડ મ્યૂઝિક પણ ઉત્તમ હતું. વિશેષતઃ કરુણ ભાવોના સમર્થનમાં વાગતા વાયોલીનના સ્વર પણ આ બધાં કરતાં બીજી ફિલ્મોની તુલનાએ તેને ખોટની મ્યૂઝિકલ હિટ શા માટે કહેવામાં આવે છે તેના પ્રશ્ન તટસ્થ રસદૃષ્ટિ ધરાવતા સૌકોઈને થાય તે સ્વાભાવિક છે. બનવાજોગ છે કે એની કહાણીમાં નાયક-નાયિકા બંને સંગીતકાર ગાયકો છે એ કારણે એમ કહેવા સૌ પ્રેરાયા હોય યા ન્યૂ થીએટર્સના પ્રચારને કારણે. અલબત્ત આમ લખવા પાછળ મારો લેશમાત્ર ઉદ્દેશ એ ફિલ્મના સંગીતનું મૂલ્યાંકન ઓછું કરવાનો નથી.

આ ફિલ્મમાં જગદીશ શેઠી અને વિક્રમ કપૂરે (ગાયિકા મીના કપૂરના પિતા, જે અનિલ બિશ્વાસનાં બીજાં પત્ની) બહુ અગત્યની ભૂમિકાઓ નિભાવી હતી. એમાં એક 'વૈદ્ય' નામના કોઈ અભિનેતાનું નામ શ્રેય



જગદીશ શેઠી

નામાવલીમાં છે. તે સંભવતઃ આપણા ગુજરાતી દિગ્દર્શક અભિનેતા રમણિકલાલ વૈદ્યનું છે.

'સ્ટ્રીટ સિંગર'ની બંગાળી આવૃત્તિનું નામ 'સાથી ' હતું, જેમાં સાયગલ ઉપરાંત કાનનદેવી તો હતાં જ, બાકી થોડાં કલાકારોની ફેરબદલ હતી. એમાં પણ સંગીત રાયચંદ બોરાલનું અને દિગ્દર્શન ફણી મઝુમદારનું હતું.

૧૯૩૮નું ન્યૂ થીએટર્સનું બીજું મહત્ત્વનું બોલપટ હતું 'ધરતીમાતા', જે કલકત્તા ચિત્રા અને ન્યૂ સિનેમા થીએટરોમાં ૧૯૩૮ના સપ્ટેમ્બરની ૧૧મીએ રજૂ થયું હતું. 'ધરતીમાતા'ની બંગાળી આવૃત્તિનું નામ રાખવામાં આવ્યું હતું 'દેશેર માટી'.

ફિલ્મની વાર્તા નવાયુગની આલબેલ પોકારતી હોય તેવી હતી. એક રશિયન ફિલ્મની વાર્તાની નકલ તો નહીં કહી શકાય પણ એના ઉપરથી પ્રેરિત હતી તેમ જરૂર કહી શકાય. અને એ સ્વાભાવિક જ હતું, કારણ કે દિગ્દર્શક નીતિન બોઝનું કાર્લ માર્ક્સના સાહિતાનું વાચન બહુ ઊંડી અસર તેમના માનસ પર છોડી જનારું બન્યું હતું. ૧૯૩૧માં તેમણે દિગ્દર્શિત કરેલી ન્યૂ થીએટર્સની જ ફિલ્મ 'પ્રેસિડેન્ટ' એ એનો પુરાવો હતી, જેમાં કારખાનામાં શ્રમિકોની ભાગીદારીનો વિચાર વ્યક્ત થયો હતો.

એ પણ નોંધપાત્ર ઘટના કહેવાય કે બનનારી ફિલ્મની આગોતરી આછી રૂપરેખાનું એક ટ્રેલર વેનિસ મોકલવામાં આવ્યું હતું અને ત્યાંથી ન્યૂ થીએટર્સને પત્ર પણ મળ્યો હતો કે તેમનો વિચાર અદભુત છે અને એ લોકો આખી ફિલ્મની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

'પ્રેસિડેન્ટ'ની વાર્તા જેમ ઉદ્યોગોને કેન્દ્રમાં રાખીને લખાયેલી હતી તેમ 'ધરતીમાતા'ની વાર્તા ખેતીવાડીમાં તકનિકી વિજ્ઞાનના ઉપયોગ

દ્વારા આવતી ક્રાંતિને કેન્દ્રમાં રાખીને લખાયેલી હતી. તેના લેખક હતા બિનૉય ચૅટરજી. બિનૉય ચૅટરજી વાર્તામાં નાટ્યાત્મક પ્રસંગગૂંથણી દ્વારા સામાજિક સંદેશ પ્રસરાવવામાં માહેર ગણાતા. દિગ્દર્શક, પટકથાલેખક, અને કૅમરામૅન, એ બધું જ નીતિન બોઝ હતા. સંગીત પંકજ મલિકનું હતું. ને પાત્રોમાં સાયગલ, કે.સી.ડે., નવાબ, જગદીશ શેઠી, વિક્રમ કપુર, નેમો, કમલેશકુમારી, ઉમાશશી વગેરે હતાં.

ગમે તેવા સામાજિક સંદેશા પ્રસરાવતી વાર્તામાં પ્રેમ-કહાણી તો અનિવાર્ય જ હોય (હજુ આ યુગમાં પણ તેમ જ છે) તેમ આ 'ધરતીમાતા'ની વાર્તામાં પણ હતું. અશોક (સાયગલ) નામે ભણેલોગણેલો યુવાન ગામડાંની સેવા કરવાનું સપનું સેવે છે અને એના અનુસંધાને એક ગામડામાં સ્થાયી થાય છે અને ત્યાંના ખેડૂતોને જુલમગાર જમીનદારની સામે બળવો કરવાનું અને નવતર આધુનિક પદ્ધતિથી સામૂહિક ખેતી કરવાનું સમજાવે છે. એમાં સફળ પણ થાય છે. ખેતીવાડીમાં યંત્રો, ખાતર અને ઊંડાણભરી ખેતીની પદ્ધતિનો આવિષ્કાર કરીને દર વર્ષ કરતાં અનેકગણો વધારે પાક ઉતારે છે અને સામાન્ય ખેડૂતનું જીવનધોરણ પણ ઊંચું આણે છે.

એ દરમિયાન તેનો શૈશવનો ભાઈબંધ અજય (જગદીશ શેઠી) ઈંગ્લન્ડ જઈને ખાણ-ખોદકામની તકનિકી તાલીમ લેવા જાય છે. કારણ કે તેનો ઈરાદો અશોકને તેના ધ્યેયમાં બીજી રીતે મદદરૂપ થવાનો છે. એ દરમિયાન અજયની બહેન (કમલેશકુમારી) અશોકના પ્રેમમાં પડે છે. અને છૂપી રીતે અશોકને નાણાંકીય સહાય પણ પૂરી પાડે છે. અજયને સામાજિક રીતે અંત્યજ ગણાતા કુંજની યુવાન પુત્રી ગૌરી (ઉમાશશી) જોડે પ્રણયસંબંધ છે. (કુંજનું પાત્ર કે.સી.ડે.એ ભજવ્યું હતું.)

સંઘર્ષની શરૂઆત ત્યારે થાય છે કે જ્યારે અજય ઈંગ્લન્ડથી પરત આવે છે અને પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનને કારણે એને માલૂમ પડે છે કે આ ગામની જમીનની નીચે તો કોલસાનો અખૂટ ભંડાર છે અને તેમાં પણ સૌથી વિપુલ પ્રમાણમાં તો અશોકના ખેતરની નીચે જ છે. સ્વાભાવિક રીતે જ અશોક અને અજય બંને, જે બચપણના મિત્રો હતા તે પરસ્પર વિરોધી છાવણીના બની જાય છે. એવામાં વળી દુષ્કાળ ત્રાટકે છે અને અશોકનું કર્યુંકારવ્યું બધું ધૂળમાં મળી જાય છે. જમીનનું ખોદકામ કરીને કોલસો મેળવવા સિવાય કોઈ વિકલ્પ બચતો નથી. અજય પોતાના હેતુ માટે જમીનો ખરીદવા માંડે છે ને ત્યાં જ વરસાદનું શુભાગમન થાય છે ને બાજી વળી પલટાઈ જાય છે અને અશોકનાં સપનાં પુનર્જીવિત થાય છે. શહેર ભણી વળતાં લોકો ગામડાં ભણી પાછા વળે છે.

આ ફિલ્મનું સંગીત-પાસું ઘણું સબળ હતું. પંકજ મલિકે રવીન્દ્ર સંગીતનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો હતો. પણ એમાં કશુંક આગવું અનોખા પ્રકારનું ઉમેર્યું. તેમાં એમણે સાયગલ અને ઉમાશશીનો પણ સાથ લીધો. ફિલ્મમાં સંગીતની શ્રેયનામાવલીમાં પંકજ મલિક સાથે ઉમાશશી અને સાયગલના નામો પણ હતાં.

આ ફિલ્મનાં ગીતો આમ તો બધાં જ લોકપ્રિય થયાં હતાં. પણ આજ સુધી, એટલે કે પાંસઠ વર્ષ પછી પણ લોકજીભે રમતું રહ્યું હોય તેવું ગીત તો 'દુનિયા રંગરંગીલી બાબા, દુનિયા રંગરંગીલી'. ફિલ્મમાં એ ગીતનો જે ભાગ કે.સી.ડે. ગાય છે તે ગ્રામોફોન રૅકર્ડમાં પંકજ મલિક ગાય છે. બંને જ બહુ સરસ લાગે છે. પણ ફિલ્મમાં કે.સી.ડે. ખુદ દૃશ્યમાં આવતા હોવાથી વધુ અસર પેદા કરે છે. એમાં પણ સાયગલ, ઉમાશશી અને કે.સી.ડે. એ ત્રણે દૃશ્યમાં જે રીતે સંયોજાયાં તે એકદમ પ્રભાવક લાગે છે. આ ત્રણેના આ અમર સહગાનનું મુખડું 'દુનિયા રંગરંગીલી' તો જાણે કે આપણી બોલચાલની ભાષામાં એક કહેણી બની ગયું છે.

બધાં જ ગીતોના શબ્દો પંડિત સુદર્શનના હતા. ગીત સમગ્ર રીતે સુંદર તો છે જ, પણ એમાં સાયગલના કંઠની એન્ટ્રી અદ્‌ભુત રીતે એક શબ્દવિહીન આલાપ (કે પ્રલંબ ગાન)થી થાય છે તે એક અનન્યતા છે. જૂના ફિલ્મસંગીતના ચાહકોનું એ આજ સુધી ફેવરિટ છે. અમદાવાદની મશહૂર ગ્રામોફોન ક્લબના સંસ્થાપક શ્રી અરવિંદ દેસાઈએ સૂચવ્યું તે મુજબ આવા એક ગીતસંગીતના કાર્યક્રમમાં સ્ટેજપટના ગાયકો સાથે શ્રોતાવર્ગે ઊભા થઈને આ ગીત સમૂહમાં ગાવાનું હતું અને એ પ્રયોગ અત્યંત સફળ રહ્યો. ફેબ્રુઆરી ૧૯૯૮ના એ ટાગોર હૉલના ભરચક કાર્યક્રમ વેળા એક સાથે બધાં જ શ્રોતાઓએ મધુરા ગુંજનભર્યા સ્વરે એ ગીત ગાઈને હૉલના વાતાવરણને મીઠાશથી ભરી દીધું હતું. મને લાગે છે કે દેશભક્તિના કોઈ સંદેશા વગરના કોઈ ગીતને આવા માન-સન્માનને ચાહના મળ્યાં નથી.

પંકજ મલિકનું ગાયેલું ગીત 'આખિર વહ દિન આયા આજ' બહુ જામ્યું નહોતું, પણ સાયગલનાં ગાયેલાં બધાં જ ગીતો (એક ડ્યુએટ ઉમાશશી સાથેનું અને બીજા બે એકલગીતો) બહુ સફળ નિવડ્યાં હતાં. ઉમાશશી સાથેનું 'મૈં મનકી બાત બતાઉં'. શ્રી ચીનુભાઈ ચગ નામના જામનગરના એક આદરણીય વડીલે અગાઉથી મને પત્ર લખીને આ ગીતમાં માણવા મળતા ઉમશશીના કંઠની ખૂબી વર્ણવી છે, જે અહીં તેમના જ શબ્દોમાં ઉતારું. આ ગીતમાં ઉમાશશીનો કંઠ ખૂબ ખીલ્યો છે:

'ચાંદ બનું, આકાશ સજાઉં, તારે રોજ જલાઉં
લહર બનું, પલપલ લહેરાઉં, બાદલ બન જગછાઉં'

'આ પંક્તિઓ ઉમાશશીએ એટલી સરસ રીતે ગાઈ છે કે બસ વાહ !' આગળ શ્રી ચીનુભાઈ એક રસજ્ઞ તરીકે લખે છેઃ 'આ ગીતમાં પંકજ મલ્લિકના મ્યૂઝિકલ ઈંટરલ્યૂડ (બે અંતરા વચ્ચે આવતું વાદ્યસંગીત) પણ એટલા લાજવાબ છે કે તેનો ઉલ્લેખ નૌશાદે પોતાના સંસ્મરણાત્મક પુસ્તક 'આજ ગાવત મને મેરો'માં મુગ્ધપણે કર્યો છે.'

શ્રી ચીનુભાઈના પત્રમાં નૌશાદના સંસ્મરણાત્મક પુસ્તક તરીકે 'ગીત ગાતા ચલ'નો ઉલ્લેખ હતો. પણ તે પુસ્તકનું નામ 'આજ ગાવત મને મેરો' (પ્રકાશકઃ પ્રવીણ પુસ્તકભંડાર, લાભ ચેમ્બર્સ, ઢેબર રોડ, રાજકોટ) છે. રસિકોને આ માહિતી ઉપયોગી નીવડશે.

સાયગલનાં બીજાં બે ગીતો 'કિસને યહ સબ ખેલ રચાયા, કિસને યહ સબ સાજ સજાયાં' અને 'અબ મૈં કાહ કરું કીત જાઉં' છે. વાસ્તવમાં સાયગલ પાસે બીજું એક ગીત 'સિપાહી તુને જીત લિયા હૈ મૈદાન, બઢતા ચલ તું. સાથ તેરે ભગવાન' ગવડાવવામાં આવ્યું હતું. પણ તે કોઈ કારણોસર હટાવીને 'કિસને યહ સબ ખેલ રચાયા' મૂકવામાં આવ્યું હતું.

પૂરી ફિલ્મમાં સાયગલ છવાયેલા હતા છતાં સહનાયક તરીકે જગદીશ શેઠીની અદાકારી પણ બેનમૂન હતી.

જગદીશ શેઠી એવા પહેલા ગ્રેજ્યુએટ હતા કે જેમણે મૂક ફિલ્મોના જમાનામાં પદાર્પણ કર્યું હતું. લાહોરના વતની એવા જગદીશ શેઠી ટેનિસ, હૉકી અને ક્રિકેટના સારા ખેલાડી હતા. શારીરિક સૌષ્ઠવ પણ બહુ સારું હતું. આમ છતાં તેમની કારકિર્દીની શરૂઆત સહાયક કૅમરામૅન તરીકે થઈ હતી. અદાકાર તરીકે તો મૂક ફિલ્મ 'ટ્રબલ્સ નેવર કમ અલોન'માં પ્રથમ વાર આવ્યા હતા. જોકે એ ફિલ્મ અધૂરી જ રહી. એ પછી તેઓ મુંબઈ આવ્યા અને પૃથ્વીરાજના મિત્ર બની ગયા. તેમની સાથે તેમણે મૂક ફિલ્મ 'અરેબિયન નાઈટ્સ'માં કામ કર્યું. ભારતની પહેલી બોલતી ફિલ્મ 'આલમ આરા'માં પણ એમની મહત્ત્વની ભૂમિકા હતી. એ પછી 'દ્રૌપદી' તથા 'શિકારી' જેવી ફિલ્મોમાં કામ કર્યું અને પછી પૃથ્વીરાજ તથા મુબારક જેવા દોસ્તોની સાથે અંગ્રેજી નાટકોમાં ભાગ લેવા કલકત્તા ચાલ્યા ગયા, જ્યાં તેઓ પ્રથમ માદન થીએટર્સ અને પછી ન્યૂ થીએટર્સમાં જોડાયા.

૧૯૩૮ના વર્ષની બીજી ફિલ્મો વિષે રસિક વાતો આવતા પ્રકરણમાં કરીશું. (ક્રમશઃ)

(નોંધ : 'કુમાર'ના દીપોત્સવી અંકમાં ભાઈશ્રી નવનીત શાહ જણાવે છે તે ફિલ્મ 'બ્રહ્મચારી' ૧૯૩૮ની છે અને તેની વાત આગામી પ્રકરણોમાં આવવાની જ છે. - લેખક)

અનુસંધાન] ગાંડા માણસો-૨ [પૃ. ૭૯૬ થી

રડવાનું શરૂ કરી દીધું. તો હસીલાલે એને ત્રાસ આપવા માટે ઊંચા અવાજે ખડખડાટ હસવાનું શરૂ કરી દીધું !

બંનેનો ઊંચા અવાજે હસવાનો અને રડવાનો અવાજ સાંભળીને બગીચામાં ફરવા આવેલા માણસો ત્રાહિમામ પોકારી ગયાં. ને કેટલાંક માણસોએ બગીચાના ચોકીદાર પાસે આવીને આ બંને ગાંડાઓ વિરુદ્ધ ફરિયાદ કરી.

ચોકીદાર હસીલાલ અને રુદનલાલ પાસે આવ્યો, ને બંનેને ઊંચા અવાજે ધમકી આપતાં તાડૂકી ઊઠ્યોઃ 'હવે પછી જો તમે લોકોએ ઊંચા અવાજે તમારું હસવા-રડવાનું ચાલુ રાખ્યું છે ને તો તમારી ખેર નથી !'

ચોકીદારની ધમકીથી બંને સમસમી ગયા, ને કંઈક ડરી જઈને થોડી વાર માટે બંનેએ પોત-પોતાનું હસવા-રડવાનું બંધ કરી દીધું, ને પોતપોતાની જગ્યાએ છાનામાના બેસી ગયા. થોડી વાર માટે પણ પોતાની હસવા-રડવાની ક્રિયા બંધ થઈ જતાં બંને એકદમ ધૂંઆપૂંઆ થતાં ખળભળી ઊઠ્યાં. બંનેની ભીતરે જાણે વિસ્ફોટ થયો હોય એમ બંને પોતપોતાની જગ્યાએથી ઊભા થઈ ગયા ને એકબીજા પાસે આવતા હસીલાલ બોલ્યોઃ 'આપણને હસવા-રડવાનું બંધ કરાવનાર આ ચોકીદાર તે વળી કઈ વાડીનો મૂળો ? આપણે થોડા એના ગુલામ છીએ તે એનાથી ડરીએ ?'

હસીલાલની વાતને વધાવી લેતાં રુદનલાલ બોલ્યોઃ 'તમારી વાત સાચી છે. આપણે એને ચમત્કાર બતાવીને ઠેકાણે કરી દેવો જોઈએ...'

'હા, એ સિવાય આપણા માટે બીજો કોઈ રસ્તો જ નથી. આપણે એને જ કાયમ માટે હસતો-રડતો બંધ કરી દેવો જોઈએ.'

બંનેએ હળવાશ અનુભવતા હૃદયપૂર્વક એકમેકની વાત સ્વીકારી લીધી; ને અરસપરસ આત્મીયતા વ્યક્ત કરવા માટે રુદનલાલ ખડખડાટ હસવા માંડ્યો, ને હસીલાલે ઊંચા અવાજે રડવાનું શરૂ કરી દીધું !!

કેટલાક અનોખા સંકલ્પોની વાત

રિદ્ધિ દેસાઈ

સંકલ્પ કરનાર મનુષ્યોથી પ્રભાવિત થઈ જવાની આપણે ત્યાં પ્રથા છે. કેટલાક જીવદયા ખાતર પ્રભાવિત થઈ જતાં હોય છે. તો વળી કેટલાંક - એમ નહીં કરીએ તો સંકલ્પ કરનારને ખોટાં લાગી જશે - સાવ એવા ડરે ખોટાં ખોટાં અંજાઈ જતાં હોય છે. - ઓહોહો... એમણે અહિંસાનો સંકલ્પ કર્યો છે ? એ મચ્છરને તો ઠીક, પત્નીનેય નથી મારતા ? વાહ ભાઈ વાહ, કહેવું પડે ! શું વાત કરો છો ? દરબારે મૂછો પર ચણીબોર લટકાવવાનો સંકલ્પ કર્યો છે ? એ ઘણી ખમ્મા બાપુને ! ભગાભાઈ તો પૅરિસના પબમાંય ખાદી પહેરીને જ ફરે ! ધન્ય છે એમને !

કેટલાક આ રીતે અભિનયની તાલીમ લીધાનો સંતોષ માની લેતાં હોય છે. સાવ ક્ષુદ્ર સંકલ્પો પર પણ નેત્રો વિસ્ફારિત કરી દે, કથકલીના બિહામણા નાયકની પેઠે ભમ્મરો ઊંચીનીચી કરવા માંડે, છાતીએ નાહકનો હાથ દઈ દે, ચહેરા પર ખોટીખોટી ભાવ-ભંગિમાઓ ઉપસાવવા માંડે... !

પ્રજાના કહેવાતા બુદ્ધિજીવી વર્ગને આવા બધામાં સારી ફાવટ હોય છે. પરંતુ સાવ નિર્દોષ જનોની તો વાત જ નોખી છે ! એ ભોળુડાંઓ આવા સંકલ્પકર્તાઓથી આઈ.એસ.આઈ. માર્કાની શુદ્ધતા સાથે મુગ્ધ થઈ જતા હોય છે. - ઓહ ! ઓહ ! આહાહા ! વાહ ! વાઉ ! આઉચ્ચ ! ના હોય ! હેં ! શું વાત કરો છો !..... વ્યાકરણમાં ઉદ્‌ગારવાચકની શોધ આવા મુગ્ધાત્માઓને પ્રતાપે જ થઈ હશે એવું પાણિનીના દીકરાના દીકરાના દીકરીની દીકરીના દીકરાના પાડોશીએ ક્યાંક કહ્યું હોવાની કોઈકે આશંકા સેવી છે.

મારી એક પરમ સખી જેને હું એક કાળે ચરમ કોટિની આળસુ અને કામચોર સમજતી હતી તે તો એક ગાંધીવાદી સંકલ્પકર્તા છે ! એ વાતની જાણ થયા બાદ હું ય એનાથી ખાસ્સી ઈમ્પ્રેસ થઈ ગયેલી. વાહ ! મારી સખી ગાંધીવાદી ? હું દરેકની આગળ અત્યંત ગર્વપૂર્વક એના ગાંધીવાદીપણાનો ઉલ્લેખ કરતી. આપણા પૂજ્ય ગાંધીબાપુએ એકકાળે સંકલ્પ કર્યો હતો કે જ્યાં સુધી મારા એકે એક દેશવાસીને તન ઢાંકવા પૂરતાં વસ્ત્રો નહીં મળે ત્યાં સુધી હું ય ડીલ ઉઘાડું જ રાખીશ... કેવળ એક પોતડી જ પહેરીશ !

ના ના ! મારી સખીએ આવો કોઈ સંકલ્પ કરવાનું દુઃસાહસ ન્હોતું કર્યું, બલકે સંકલ્પ-છાબમાંથી અન્ય એક ફૂલડું ચૂંટ્યું હતું - જ્યાં સુધી મારા ગરીબ દેશવાસીઓને પોઢવા સારુ પલંગ પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી હુંય જમીન પર જ સૂઈશ !! એની મધુરજની ટાણે અમારે જઈ ગુલાબની ફૂલ-ચાદર પણ ભોંય પર જ બિછાવવી પડેલી ! જો કે ત્યાર બાદ એ નવ-દંપતીના કંકાલતંત્રની શી ગત થયેલી એ ચર્ચા અત્રે અસ્થાને હોવાથી આપણે એ ટાળીએ છીએ. આમેય હાસ્યના વિષયમાં કરુણ ઘટનાઓનો ઉલ્લેખ ન થાય એ જ ઉચિત ગણાશે.

આ ઘટનાના લગભગ બે-ત્રણ વર્ષ બાદ મને એક કારમા રહસ્યની જાણ થઈ કે મારી એ કહેવાતી સંકલ્પવાદી સખીને પલંગમાં પોઢવાથી પીઠ દુઃખતી હતી. દુનિયાભરના પલંગો એને હિમાલયના કોક હઠયોગીની કાંટાળી સેજ જેવા લાગતા હતા. અને એટલે જ એણે પોતાની સગવડ ખાતર ભોંય પર સુવાવાળો સગવડિયો સંકલ્પ કર્યો હતો !

આ ઘોર પ્રપંચની જાણ થયા બાદ એના પ્રતિ મન ગોવન ઝિંઘા કરી જેવું ખાટું થઈ ગયેલું એટલે સુધી કે એના છૂટાછેડા ટાણે મનમાં અદમ્ય ઉત્સાહ હોવા છતાં હું કોર્ટમાં ગઈ નહોતી ! છતે પ્રસંગે કસાટા આઈસ્ક્રીમથી વંચિત રહી ગયેલી ! વાતનો સારાંશ એટલો જ કે સંકલ્પેચ્છુક ભાઈ-બહેનોએ આવા ફરેબી અને ચારસોવીસિયા સંકલ્પો કરવા જોઈએ નહીં. હા, અન્યની નજરમાંથી પડી જવા માટે બેહદ ઉત્સુક ભાઈ-બહેનોની વાત અલગ છે !

એક મહાપુરુષે કહ્યું છે કે 'યદિ તમે જીવનમાં એક પણ સંકલ્પ ન કર્યો હોય તો તમે કીડી-મંકોડા જેવું જીવન જીવ્યા છો એમ જ જાણજો !' આ વાત જાણ્યા બાદ સેન્ટિમેન્ટલ કીડી-મંકોડાઓના મન પર ખૂબ જ લાગી આવ્યું છે ને એમણે ભાતભાતના સંકલ્પો કરવા માંડ્યા છે.

આજથી હું ખાંડ-હરણનું પ્રમાણ ઘટાડી દઈશ. તદ્દન ઓછી ખાંડ ખાઈશ !... પરેજી પાળીશ !

હવેથી હું કાયમ કતારમાં જ ચાલીશ ! ને સાવ મનુષ્યની પેઠે આગળવાળાની ટાંગ નહીં ખેંચું ! આજથી હું એક પવિત્ર સંકલ્પ કરું છું કે મનુષ્યના શરીર જેવા સાવ અભદ્ર સ્થાને દોડાદોડી નહીં કરું !

કીડી-મંકોડાની સૃષ્ટિના આવા વિરલ આત્માઓને જોઈને મનુષ્યો લઘુતાગ્રંથિથી પીડાવા માંડ્યા છે. કદાચ એટલે જ ગ્રીષ્મમાં જેમ ચોરોનો ઉપદ્રવ વધી જાય છે તેમ દીવાળી આવતા જ સંકલ્પ કરનારાઓ સરખી રીતે ઉચ્ચારતા ન આવડતા હોય તે ભારોભાર સંકલ્પો કરવા માંડે છે. - 'હું આમ કરીશ ! હું તેમ કરીશ ! હું આમ નહીં કરું ! હું તેમ નહીં કરું ! હું આમ કર્યા બાદ જ આમ કરીશ !!'

પરંતુ ધીમેધીમે એમના આ મહાન સંકલ્પોમાંથી 'હું'-પણાનો ભાવ જવા માંડે છે ને પછી આ બધા સંકલ્પો કર્તા વિના બિચારા સાવ નિરાધાર બની જાય છે. વિશ્વમાં આ એક જ

બાબત એવી છે, જ્યાં મનુષ્ય સાવ સહજમાં 'હું'પણાનો ભાવ ત્યજી દે છે !

પોમેરેનિયન ડૉગ જેવા શ્વેત-સુંવાળા વાળ ધરાવતા ચર્ચિત ચિત્રકાર શ્રીમાન મ.ફ.હુસેને એક કાળે કાગળ પર પીંછી છંટકારતા (અમુક સમય બાદ જેની ગણના એક મહાન ચિત્ર તરીકે થઈ હતી.) સંકલ્પ કર્યો હતો કે વિશ્વના એક પણ જોડાને હું મારા ચરણોનું સુખ નહીં આપું ! જેની કલ્પના કરવીય દુઃસહ છે, એવી મુંબઈની ખરડાયેલી (!!) સડકો પર જ્યારે તેઓ ખુલ્લા પગે બેફામપણે ચાલતા ત્યારે લોકો એમના ચરણોને એમના ચિત્રોથીય વધુ કુતૂહલપૂર્વક નિહાળતાં. પરંતુ એમની પ્રેરણામૂર્તિ (અર્થાત્ ઘેલછામૂર્તિ) નામે માધુરી દીક્ષિતના લગ્ન બાદ અચાનક એમણે આ સંકલ્પ તોડી નાખ્યો ત્યારે પ્રજાના જિજ્ઞાસુવર્ગમાં ભારે ખળભળાટ મચી ગયેલો. બે-ચાર મહાન ખણ-ખોદિયાઓએ તો સંશોધન કહીયે નાખેલું:

પોતાની પ્રેરણામૂર્તિ જ્યારે અન્યની હૃદયમૂર્તિ બની જાય છે, ત્યારે મનુષ્યને પોતાનાં જ જોડાં પોતાના માથે મારવાનું મન થઈ જાય છે.... ને એ સારુંય જોડાં તો જોઈએ જ ને ? હવે પછી એમ.એફ.ભાઈ ક્યાંક એકલા એકલા સ-જોડે જતા દેખાય તો નાહકનું આશ્ચર્ય વેડફી નાખવાનું નહીં ! (અહીં કોઈ વદતો વ્યાઘાત-ફ્યાઘાત પ્રયોજાયો નથી એની પ્રયોગોત્સુક ભાષા-પ્રેમીઓએ નોંધ લેવી.)

દુનિયાના ડાહ્યા માણસોએ યથાર્થ જ કહ્યું છે કે પ્રયોગના ધોરણે સંકલ્પો કરવાથી હાંસીપાત્ર બની જવાય છે. એક વાર એક અત્યંત ઉત્સાહી ભાઈએ 'કળા ખાતર કળા'ના ધોરણે સંકલ્પ ખાતર સંકલ્પ કર્યો - હું ઝાંસીની રાણીનો વહેમ ધરાવતી મારી ઝગડાળું પાડોશણ સામે રોજ ચાર વાર આંખો કાઢીશ ! આ રીતે રોજ આંખો કાઢવામાં ને કાઢવામાં ભાઈને એની સાથે સજ્જડ પ્રેમ થઈ ગયો. છ મહિનામાં તો એ એને પરણી ગયો ને પછી જીવનમાં ફરી વાર ક્યારેય એની સામે આંખો કાઢી શક્યો નહીં ! સંકલ્પોની દુર્ગતિ દુઃખદાયક હોય છે. કદાચ એટલે જ રિદ્ધિજી કહી ગયાં છે કે સંકલ્પો આપણી 'સાઈઝ'ના હોવા જોઈએ. જેને ટાઢા પાણીમાં હાથ બોળતાય છીંકાછીંક થતી હોય એણે માઉન્ટ એવરેસ્ટ પર જઈને માટલા કુલ્ફી ખાવાના સંકલ્પો કરવા જોઈએ નહીં. વળી, સંકલ્પો અતિક્રૂર તો ન જ હોવા ઘટે !

એક વાર એક માસુમ મહિલા 'સાદગીનો સદ્‌ગુણ' પુસ્તકથી ભોળવાઈને એક ભયંકર સંકલ્પ કરી બેઠી. - હું ડ્રેસ, સાડી, ઘરેણાં, સૅન્ડલ ઇત્યાદિના સેલમાં કદાપિ પગ નહીં મૂકું ! ને બીજે જ મહિને એ અબળાના જીવનનો કરુણ અંજામ આવ્યો. અખબારમાં છપાયેલી ચાળીસ ટકા, પચાસ ટકા અને સિત્તર ટકા ડિસ્કાઉન્ટોવાળા સેલની મોટીમોટી વિકરાળ જાહેર-ખબરોએ એ આશાસ્પદ યુવતીનો ભોગ લીધો. બહેનશ્રી લયલા જેમ મજનૂના વિરહમાં ઝૂરતી હોય તેમ તે સેલ-વિરહમાં ઝૂરવા માંડી. આખરે તેની પીડ પરાકાષ્ઠાએ પહોંચતા તેણે આત્મહત્યા કરી લીધી.

સંકલ્પની વેદી પર વધેરાઈ ગયેલા આવા બધા માસુમ બોકડા-બોકડીઓને જોઈને અમે એ તારણ પર આવ્યાં છીએ કે પુરુષોએ 'હું હંમેશા મારી પત્નીને વફાદાર રહીશ ! હું પરસ્ત્રી સામે આંખ ઊઠાવીને જોઈશ નહીં ! હું પત્ની-ચીધ્યું કામ નહીં કરું ! અથવા તો હું મારી પત્નીથી ડરીશ નહીં !' - જેવા અશક્ય સંકલ્પો કરવા જોઈએ નહીં. તે જ પ્રમાણે આર્યનારીઓએ 'હું મૌનવ્રત પાળીશ ! હું મારી સાચી ઉંમર જણાવી દઈશ ! હું મારા પતિ/પ્રેમી ઉપર નાની-મોટી શંકાઓ નહીં કરું ! હું નિંદા-કૂથલી તથા ગૉસિપિંગ વિના જીવી લઈશ ! હું અન્ય સ્ત્રીઓ સમક્ષ મારી ચીજ-વસ્તુઓનો દેખાડો નહીં કરું ! કે પછી હું ખાઈ-પીને ઢમઢોલ નહીં થાઉં !' એવા એકદમ અઘરા અઘરા સંકલ્પો કરવા નહીં. અઘરા અઘરા સંકલ્પો કરવા મહાપુરુષો પડ્યા છે ને ! આકરા આકરા સંકલ્પો જો આપણે કરવા માંડીશું તો પછી મહાન માણસો બિચારા શું કરશે ? ...'

આજે 'સંકલ્પ' શબ્દ સાંભળતાવેંત લોકોનાં મોં પર કબજિયાત થઈ હોય એવા કરુણ ભાવો ઉપસવા માંડે છે, એનું કારણ આ કઠિન સંકલ્પો જ છે ! યાદ રહે ! સંકલ્પ એ કાંઈ વાણી-વિલાસ નથી. એમાં તનની અને મનની સહિયારી બૉન-બહેનશ્રીનાં લગ્ન લેવાતાં હોય છે. તેમ છતાંય સંકલ્પ કર્યા વિના ન જ ચાલે એવું હોય - પેટમાં દુઃખતું હોય કે પછી ખાવાનું પચતું ન હોય એવી બધી તકલીફો ઊભી થતી હોય તેમણે મારા જેવા સરળ અને નિર્દંભ સંકલ્પો જ કરવા.

પૂજ્ય મોટાએ એક કાળે 'રોજ ખીચડી જ ખાવી' એવો સંકલ્પ કર્યો હતો. એમના પુણ્ય-પંથે પ્રયાણ કરતા શૈશવકાળમાં મેં 'રોજ ચૉકલેટો ખાવી' એવો નિર્દોષ સંકલ્પ કરેલો. મારા આ સંકલ્પના માર્ગમાં શરદી ખાંસી, તાવ, દાંતનો સડો, વડીલોની નારાજગી, વડીલોનો માર, નાણાંનો અભાવ જેવાં કૈંક અવરોધક પરિબળો આડે આવ્યાં હતાં. પરંતુ હું સંયમપૂર્વક (એટલે કે કુનેહપૂર્વક) એ વિઘ્નોને વટાવી ગયેલી. વિદ્યાર્થીકાળમાં પ્રભુ શિવજી અને નંદીજીની કથા પરથી પ્રેરણા લઈને મેં દિવસમાં ત્રણ વાર રમવું અને એક વાર વાંચવું એવો શાસ્ત્ર-પ્રેરિત સંકલ્પ કર્યો હતો. મારા આ સંકલ્પના ફળ-સ્વરૂપ પરીક્ષામાં મને શૂન્ય, એક, બે, ત્રણ જેવા એકાક્ષરી અંકો પ્રાપ્ત થયા હતા. તે વખતે મારા કેટલાંક અસંતોષી પરિવારજનો મારાં ભાઈ-બહેનના ગુણપત્રમાં રહેલા વિકરાળ અંકો સાથે મારા

કોમળ અંકોની તુલના કરવા માંડ્યા હતાં. પરંતુ ચંદ ભૌતિક આંકડાઓની લાલચમાં મેં મારા સંકલ્પનું ખંડન થવા દીધું નહીં, બલકે એક મુમુક્ષુને છાજે એ રીતે સારા માર્ક્સની મોહ-માયા જ ત્યાગી દીધેલી ! 'ત્યાગમાં જ સાચું સુખ છે.' - પ્રભુ તથાગતના આ વાક્યને મેં નાપાસ થઈનેય જીવાડી દીધેલું !

બાલ્યકાળના આવા સંકલ્પોને પરિણામે મારા આત્મબળમાં નોંધપાત્ર વૃદ્ધિ થયેલી એટલે યુવાનીને ઉંબરે પગ મૂકતાવેંત મેં એક નીડર સંકલ્પ કરી નાખેલો - રોજે યથાશક્તિ કેળાં ખાવાં અને છાલ રસ્તાની વચ્ચોવચ જ ફેંકવી ! ઉપલક દૃષ્ટિએ સાવ સરળ ભાસતો મારો આ સંકલ્પ કેટલો કઠિન હતો એ તો કેવળ હું જ જાણતી હતી. મારા આ એક સંકલ્પને પરિણામે લીલાં નાળિયેરની પેઠે કૈંકનાં માથાં ફૂટ્યાં, કૈંકનાં ઢીંચણો છોલાયાં, 'કટાકટ'ના ધ્વનિ સાથે કૈંકની કૉણીઓ તૂટી, કૈંકના થાપા તેમજ બરડા રંગાયા અર્થાત્ જખ્મી થયા, તેમજ કૈંક અક્ષુણ્ણોને નાનાં-મોટાં સામૂહિક ફ્રૅક્ચરો થયાં. અમારા વાઘોડિયા રોડ વિસ્તારમાં ક્યારેક ક્યાંક ત્રણ પગવાળી ટેકણ લાકડી લઈને ચાલતા યુવક-યુવતીઓ દેખાય તો મને યાદ કરવાની !

મારો આ એક સંકલ્પ પૂર્ણ કરવા અત્યંત ઋજુહૃદયી એવી મારે સાવ તરુણ વયે આવાં બધાં ગોઝારા-લોહિયાળ દૃશ્યો જોવાં પડ્યાં હતાં... વિધિની આનાથી મોટી કરુણતા તે બીજી શી હોઈ શકે ? ક્રાન્તિની પેઠે સંકલ્પો પણ ભોગ માગે છે !

જો કે અહીં હું અત્યંત નમ્રતાપૂર્વક કબૂલું છું કે સંકલ્પસૃષ્ટિમાં સંકલ્પકર્તાઓ પડ્યા છે. તો આવો, આપણે એમનો થોડોઘણો પરિચય મેળવીએ.

લોકો કહે છે કે કંકુડોશીનું હૃદયપરિવર્તન થઈ ગયું છે. એ પોતાના ઘરનો કચરો સાવ પોતાના જ આંગણે નાખે છે. એમના કટ્ટર શત્રુ કમ પાડોશી બિંદાબહેન જાત્રાએ ગયાં હતાં ને એમનું આંગણું સાવ કોરું કટ્ટ... જાણે પાલવ પાથરીને કંકુડોશીના કચરાની રાહ જોતું જ બેઠું હતું ! પરંતુ એની ભાવનાની લગીરે કદર ન કરતાં ડોશીએ પોતાનો કચરો એકદમ પોતાના જ આંગણે નાખ્યો, ત્યારે લોકોને શંકા ગઈ કે ડોશીનો ખીલો ખસી ગયો છે. પરંતુ વાસ્તવમાં એવું બધું કાંઈ હતું નહીં. નૂતન વર્ષના સુમંગલ દિને ડોશીએ એમની લડાકુ વહુને વધુની લાલચ ન કરતા કમ સે કમ એકાદ-બે લાફા તો મારવા જ !- એવો ભગીરથ સંકલ્પ કર્યો હતો. ગૃહ-આંગણે કચરો નાખવાથી થોડાઘણા મચ્છરો થાય તો એમાંથી એકાદ પુણ્યશાળી મચ્છરને માધ્યમ બનાવીને વહુડીને બે-ચાર સરસ મઝાની ચ્હોડી શકાય એવા શુભાશયે ડોશી ગંગા નદીને પુષ્પાંજલિ અર્પિત કરતા હોય એટલી શ્રદ્ધાપૂર્વક ઘર-આંગણે કચરાંજલિ અર્થાત્ કચરાના ઢગ કરી રહ્યાં છે. પ્રભુ એમને એમનો સંકલ્પ પૂર્ણ કરવા સારું આત્મબળ પ્રદાન કરે એવી અભ્યર્થના.

રાક્ષસનેય બ્યુટીફૂલ કહેવડાવે એવો ચહેરો ધરાવતા કુન્દનલાલ નવા વર્ષે પોતાના માટે ગોળ, ચોરસ, લંબચોરસ, ત્રિકોણ... એવા વિવિધ આકારના, નાની-મોટી સાઈઝના અરીસા ખરીદવા માંડ્યા છે. સાહેબજીએ નવા વર્ષે આકરો સંકલ્પ કર્યો છે: - પર સ્ત્રી સામે નજર ઊંચી કરીને જોવું નહીં !!

ત્રિભુવનભાઈ નવા વર્ષની શરૂઆતથી જ બારીમાં ઠેકડા મારીને ચઢવા-ઊતરવાની પ્રૅક્ટિસો કરી રહ્યા છે. ના ના ! સરકારી નોકરીમાંથી રિટાયર્ડ થયા બાદ એમનો ઘરફોડ ચોરી કરવાનો પ્લાન હરગીઝ નથી ! એક વાર દામિનીબહેન (એટલે કે એમનાં પત્ની)નું દિલ ચોર્યા બાદ તેઓ જિંદગીભર ચોરીની ખો ભૂલી ગયા છે. એમના ખોળિયામાં કો'ક બદમાશ બુઢિયાના આત્માએ પ્રવેશ કર્યો છે એવું પણ નથી. તેઓ લગ્નેતર પ્રણય સારુ રખેને પ્રેયસીના ઘરની બારીઓ ઠેકવી પડે ! - એવા કોઈ સુવિચારથી ગ્રસ્ત પણ નથી. વાત કેવળ એટલી જ છે કે ગત વર્ષે ફઈબાના ઘૂંટણની ઢાંકણીનું ઑપરેશન કરાવી આપ્યા બાદ તેઓ એટલી સજ્જડ રીતે ડરી ગયા છે કે આ વર્ષે એમણે દૃઢ સંકલ્પ કર્યો છે કે હવેથી ડૉક્ટરના દવાખાનાનું પગથિયું ય ચઢવું નહીં !

બે પત્નીઓ અને એકાદ પ્રેયસી હોવા જેવું ગોઝારું તકદીર ન ધરાવતા હોવા છતાં હરીશભાઈએ નવા વર્ષે પોતાનો વીમો ઉતરાવી નાખ્યો. દિવાળી પર લોકો નવું ફર્નિચર વસાવે એ ધોરણે કલહ-સાહિત્ય વસાવી રહ્યા છે એટલું જ નહીં, આગામી સો વર્ષો સુધી વૈરાગ્ય લેવાનો કોઈ પણ પ્લાન ન હોવા છતાં તેઓ પાકીટમાંથી વિશ્વસુંદરીના ફોટાને ફગાવીને તેને સ્થાને હાડવૈદોનાં નામ-સરનામાંવાળાં કાર્ડ તેમજ મોબાઈલ નંબરો રાખીને ફરતા થઈ ગયા છે. પુસ્તકોની સખત ઍલર્જી હોવા છતાં એમણે 'સંબંધો બગડે ત્યારે'ના પૂરા છ ભાગ વસાવી લીધા છે. નવ વર્ષના શુભ દિને એમણે સાવ સાચું - નર્યું સત્ય જ બોલવું ! એવો ભીષણ સંકલ્પ કર્યો છે !

અ.સૌ. દમયંતીબહેને સપરમે દહાડે ખૂબ હિંમતપૂર્વક 'સફેદ અથવા કાળા સાડલામાં જ આયખું વિતાવીશ !' એવો ભગીરથ સંકલ્પ કર્યો છે. પોતાનો આ સંકલ્પ પણ થઈ શકે એ સારું ઉચિત પ્રસંગ પૂરો પાડવા એમણે એમના પતિદેવ પાસે સહકારની નમ્ર અપેક્ષા રાખી હતી. પરંતુ પચાસ પચાસ વર્ષ જીવ્યાં બાદ પણ નરી જીવનલાલસા ધરાવતા એમના પતિએ એ ઠુકરાવી દીધી. આખરે લાચારીવશ દમયંતીબહેને પોતાનો સંકલ્પ તોડવો પડ્યો. પ્રભુ એમને રંગીન સાડલામાં જીવવાનું મનોબળ આપે !

એક રીઢા રાજકારણી તરીકે પંકાયેલા શ્રીમાન પૂંજાલાલે કોઈ પણ કેફી દ્રવ્યનું સેવન કર્યા વિના - પૂરા હોશો-હવાલમાં 'હવેથી ગરીબોની સેવા કરીશ !' એવો અતિ કઠિન સંકલ્પ કર્યો, ત્યારે લોકોએ મોંને બદલે ભૂલમાં નાકમાં આંગળાં નાખી દીધેલાં ! ડાકુ વાલિયો વાલ્મીકિ બનવા જઈ રહ્યો હોય એમ સૌએ એમને વધાવી લીધેલા. ગરીબોની સેવા કરવાવાળા પોતાના મહાન સંકલ્પના આચરણાર્થે શ્રીમાન પૂંજાલાલજીએ ઝૂંપડપટ્ટી ભણી પ્રયાણ કર્યું. ત્યાં થોડે દૂર ઝૂંપડું વાળતી લાખીને જોઈને એમણે એને અત્યંત વિનયપૂર્વક કહ્યું: 'ચાલ અંદર !... તારા પગ દબાવી આપું !' આ જ પ્રમાણે એમણે ઝૂંપડાસુંદરીઓ - ભીખલી, જીવલી, ચંદન, ગંગાડી, ચંપા તેમજ ઝમકુ જેવી તરુણીઓને એમનાં હાથ, પગ, માથું, કેડ, બરડો વગેરે દબાવી આપવા જેવી આદર્શ સેવા માટેની તત્પરતા દાખવી. પરંતુ સામે પક્ષે આ બધી બેકદર કન્યાઓએ અપશબ્દોની ઝડી વરસાવીને પૂંજાલાલજીના ગરીબોની સેવા કરવાવાળા સંકલ્પ ઉપર પાણી ફેરવી દીધું છે.

સુવિખ્યાત નવલકથાકાર શ્રી મોદ-પ્રમોદરાય એમની તરુણ વયની સેક્રેટરીને ડિક્ટેશન લખાવતા લખાવતા અચાનક મૂર્છિત થઈને ઢળી પડ્યા. જો કે એમની સેક્રેટરીએ પોતાના કોમળ બાહુઓમાં એમને ઝીલી લીધા હોવાથી એમને ખાસ ઈજા થવા પામી નહોતી. પોતાની સહૃદયી સેક્રેટરી પ્રતિ હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરવા એમણે તેને લાલ ગુલાબનું એક બુકે અને શહેરથી દૂર એક શાંત અને રમણીય રેસ્ટોરન્ટમાં પાર્ટી આપી.

નારીદાક્ષિણ્યની ભાવનાથી છલોછલ એવા આ સર્જક એમને બાગ-બગીચા, રેસ્ટોરન્ટ, થીએટર, પાર્ટીઓ, રેલવેસ્ટેશન જેવાં સ્થળોએ યોગાનુયોગ મળી જતી એકલી-અટૂલી યુવતીઓ સાથે હૃદયપૂર્વક હળીમળી જઈને એમની એકલતા દૂર કરવાના સંનિષ્ઠ પ્રયાસો કરે છે એટલું જ નહીં, બસ-સ્ટૉપ તેમજ જાહેરમાર્ગો જેવાં વિકટ સ્થળોએ વિકટ પરિસ્થિતિમાં મુકાઈ જતી લલનાઓને તેઓ એક જેન્ટલમેનને છાજે એ રીતે પોતાની ગાડીમાં પ્રથમ લિફ્ટ અને ત્યાર બાદ વિઝિટિંગ કાર્ડ આપે છે.

નવલકથાકારશ્રીની નારી-દાક્ષિણ્યની આ પવિત્ર ભાવનાને પ્રતાપે એમના જીવનમાં પ્રણય-ત્રિકોણો, પ્રણય-ચતુષ્કોણો, પ્રણય પંચકોણો વગેરે વગેરે ભાતભાતના ખૂણાઓ રચાયા છે. આ નવલકથાકાર મહાશયે નવા વર્ષે નવલકથા લખવાનો નહીં - નવલકથા જીવવાનો સંકલ્પ કર્યો છે !

ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ લેખિકા શ્રીમતી રિદ્ધિબેહનને ઘેર નવા વર્ષે કાશ્મીરની હિમવર્ષાના ધોરણે ગ્રીટિંગ કાર્ડ્ઝ આવ્યાં. બર્નિંગહામ પૅલેસમાં રાણીસાહેબાએ (ઈલિઝાબેથે) ચોરેલા કોહેનૂરવાળો તાજ પહેલવહેલી વાર પહેર્યો હશે, ત્યારેય આટલા ગ્રીટિંગ કાર્ડ્ઝ તો નહીં જ આવ્યાં હોય ! કવિઓ, લેખકો, વાચકો, ચાહકો... એમાંય સંપાદકબંધુઓનાં કાર્ડ્ઝ તો સવિશેષ સુંદર, કળાત્મક અને અતિશય મોંઘાં (!) હતાં. પરંતુ આ તો હજી 'ઈફ્તિદાએ ઈશ્ક' હતી ! પાગલ પ્રશંસકોના ગુલાબ, લીલી, ગુલછડી, ડહેલિયા, ઓર્કીડ, ટ્યુલિપ ઈત્યાદિના ઢગલો બુકેઝ લાવતા લાવતા જ્યારે ડઝનબંધ આંગડિયાઓ અર્ધમૂર્છિત જેવા થઈ ગયા ત્યારે એમના શંકાશીલ પાડોશીઓ શંકાથી છળી મરેલાં - હાય હાય ! મુશર્રફે આંગડિયામાં ક્યાંક કાશ્મીર તો નથી મોકલાવ્યું ને ?

રિદ્ધિબહેનને પોતાને વિશ્વાસ નહોતો બેસતો કે પોતે ગુજરાતી સાહિત્યમાં આટલાં બધાં સુપ્રસિદ્ધ છે, લોક-લાડીલાં છે ! મહાન સર્જકો સાથે ઘણુંખરું આમ જ બનતું હોય છે.

નૂતન વર્ષના શુભ દિને રિદ્ધિબહેને લખવાનું છોડી દેવાનો શુભ-સંકલ્પ કર્યો હતો !! □

ભારતની નદીઓનું આંતર-જોડાણ

પ્રહ્‌લાદ છ. પટેલ

ભારતની નદીઓ ભાતીગળ છે. કેટલીક બારમાસી છે તો અન્ય ઋતુકાલાનુસારી. ચોમાસામાં, ખાસ કરીને પૂર્વ ભારતની નદીઓ એટલી બધી ઉભરાય છે કે વિનાશક પૂરની પરિસ્થિતિ સર્જાય છે. જ્યારે ખાસ કરીને પશ્ચિમ ભારતની નદીઓમાં થોડાક સમય માટે જૂજ જળરાશિ ઉપલબ્ધ થાય છે, પરિણામે અવારનવાર દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય છે. આવી વિષમ પરિસ્થિતિના નિરાકરણ માટે જે નદીઓ પાણીનો વિપુલ જથ્થો ધરાવે છે તેને પાણીની અછતવાળી નદીઓમાં ઠાલવવું એવો એક ખયાલ તરજે થયો. તેમાંથી નદીઓને અંદરોઅંદર સાંકળવાની યોજના બહાર આવી. આ યોજનાના ટાસ્કફોર્સના અધ્યક્ષ કરીકે સુરેશ પ્રભુની નિમણૂક કરવામાં આવી છે.

આ યોજના અત્યંત મહત્ત્વાકાંક્ષી છે. તેનું ખર્ચ હાલના સંજોગો પ્રમાણે, આશરે ૫૦૦૦ અબજ રૂપિયા અંદાજવામાં આવ્યું છે. આટલી ભારેખમ યોજનાના વધુ ફાયદા અને થોડાક ગેરફાયદા તો છે જ. તેથી જ તો આ યોજના વૈજ્ઞાનિક જગત અને નીતિ-નિર્ધારકો વચ્ચે ભારે ચર્ચાનો વિષય છે.

આ યોજનાથી દેશમાં પૂર અને દુષ્કાળની સમસ્યા હલ-હળવી થાય તેમ છે. ઉપરાંત ઊર્જાની ઉત્પત્તિ, પરિવહન સાથે સંકળાયેલા ઉદ્યોગો, કૃષિ ક્ષેત્રે તેમજ માનવ-સ્વાસ્થ્ય માટે મહદંશે આ યોજના ઉપકારક બને તેમ છે ? આ યોજના સદ્ધર અને સસ્તી જળવિદ્યુત પાવર પેદા કરવા માટે પુષ્કળ ક્ષમતા ધરાવે છે ? અન્નની સલામતી બક્ષે છે. હાલના રોડ-પરિવહન કરતાં વધુ કાર્યક્ષમ અને અસરકારક એવા જળ-પરિવહનતંત્ર માટે આ યોજના સારો એવો વિકલ્પ પૂરો પાડે છે. નદીઓના જોડાણથી સ્થાનિક રીતે કામ અને નોકરીની તકો વધતાં, ગામડાંથી શહેર તરફનું લોકોનું સ્થળાંતરણ ઓછું થશે. આ છે નદીઓના જોડાણની ઉજળી બાજુ.

ટીકાકારોને તેની ઉધાર બાજુ પણ દેખાય છે. તેમાં સત્યાંશ ખરો, પણ નકારાત્મકતાની માત્રા ચકાસવી રહી. પ્રથમ તો તેમને આ યોજનાની આર્થિક બાબતો પ્રત્યે શંકા (!) છે. આ યોજનાના સામાજિક અને રાજકીય નિહિતાર્થો પ્રત્યે ભય છે. લોકોના પુનર્વસવાટની સમસ્યા ધ્યાનાકર્ષક છે. કેટલાક તો જમીન અને પારિતંત્ર ઉપર થનાર સંભવિત અસરો પર ભાર મૂકે છે. બેશક, આ બાબત સંશોધનનો વિષય છે. વધતી જતી જલાક્રાંતિથી મચ્છરોનો ત્રાસ વધશે, જેથી મૅલેરિયાનો ઉપદ્રવ થાય. આથી તેઓ આ વિશાળ ઈજનેરી યોજનાને બદલે તેઓ સ્થાનિક પાણીનો ઉપયોગ, વિકેન્દ્રિત સિંચાઈપદ્ધતિ, જળ-સંચય પદ્ધતિઓ, ભૂતળ જળનું પુનઃપૂરણ, પાણીનાં પુનઃચક્રણ અને પાણીના પુનઃઉદ્યોગ ઉપર ભાર મૂકે છે. આ મુદ્દાઓમાં વજૂદ તો છે.

નદીઓ કુદરતી જલમાર્ગ છે. તે પાણી સાથે વિવિધ પોષક પદાર્થો અને ખનિજો ખેંચી લાવે છે. તાપમાન અને આર્દ્રતા સહિત સ્થાનિક સૂક્ષ્મ આબોહવાના તંત્રમાં ફેરફાર કરે છે. આવી નદીઓમાં મોટા પાયે ફેરફાર કરવાથી પર્યાવરણ બદલાય છે. હવા તથા આબોહવા પોતાની અસલિયત ઓછેવત્તે અંશે ગુમાવે છે. આ બધા ઘટકો હકીકતમાં ટકાઉ વિકાસ માટે આવશ્યક છે.

વિભાગીય આબોહવા ઉપર નદીઓના જોડાણની અસર રચનાત્મક થાય તેમ છે. આ બાબત ઘણી જ રસપ્રદ છે. આ યોજનાથી ૩૪ ગિગાવૉટ્સ અપ્રદૂષિત જળવિદ્યુત પાવર પેદા થાય તેમ છે. જે પ્રદૂષણ પેદા કરનાર જીવાશ્મી ઈંધણનો સારો વિકલ્પ છે. ગ્રીનહાઉસ વાયુનું ઉત્સર્જન ઓછું થાય છે. નદીઓના જોડાણને લીધે મળતી જળવિદ્યુત ઊર્જા અત્યંત મહત્ત્વની છે, જે અમુક અંશે પર્યાવરણ-મૈત્રી સંબંધ જાળવે છે. કૂદકે ને ભૂસકે વધતી જતી જનસંખ્યાને જરૂરી ઊર્જા માટે પણ નદીઓનું જોડાણ ઈચ્છનીય છે. જીવાશ્મી અને જૈવ ઈંધણ હવાને પ્રદૂષિત કરે છે, જેથી વાતાવરણની ઉપચારક તાકાત ઘટી જાય છે. લાંબા ગાળે આથી સૌર વિકિરણી સમતુલા ઉપર માઠી અસર કરે છે. તેમજ સ્થાનિક અને વિભાગીય આબોહવાના તંત્ર ઉપર પણ અસર થાય છે.

આ યોજનાથી વધારાની ૩૫૦ લાખ હૅક્ટર કૃષિલાયક જમીન ઉપર સિંચાઈ થઈ શકશે. તેનાથી વિભાગીય કાર્બન-ચક્ર અને નાઈટ્રોજનચક્ર પ્રભાવિત થશે. જ્યારે છોડવાઓ હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ દૂર કરી તેમના ઊતક (tissue)માં અથવા જમીનમાં કાર્બનિક દ્રવ્ય તરીકે સંચય કરે છે ત્યારે કાર્બન સિન્ક(ક્ષાલનપાત્ર)નું સર્જન થાય છે. કૃષિક્ષેત્રે સારી પદ્ધતિઓ અખત્યાર કરવામાં આવે તો વાતાવરણમાં થતું કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ઘટે છે. આ યોજનાથી કૃષિવિષયક-પ્રવૃત્તિઓ વધતાં કાર્બન-સિન્ક શક્તિ વધે છે. પણ તેની સાથે નાઈટ્રોજન અને મીથેનનું ઉત્સર્જન પણ વધે છે, જેનાથી ઓઝોન-બજેટમાં ફેરફાર થાય છે. આ બધા વાયુઓને ગ્રીનહાઉસ વાયુઓ કહેવામાં આવે છે, જે હવામાન બદલવા માટે જવાબદાર છે. આ બધી અસરોનો વૈજ્ઞાનિક અભ્યાસ અનિવાર્ય છે. આ બધી અસરોના માત્રાત્મક અંદાજ અને

(અનુસંધાન પૃ. ૮૦૯ પર)

લલ્લૂજી લાલ કવિ

કિરીટ ભાવસાર

હિંદી ગદ્યના જન્મદાતા અને હિંદી મુદ્રણનો આરંભ કરનાર એક ગુજરાતી હતા એ વાત આજે વિસરાઈ ગઈ છે. લલ્લૂજી આગ્રેવાલાના નામથી પ્રસિદ્ધ આ પુરુષ ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ હતા. હિંદી ગદ્યસાહિત્યમાં પ્રેમસાગર એક પ્રસિદ્ધ ગ્રંથ, જે મૂલતઃ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધનું ચતુર્ભુજ મિશ્રએ વ્રજભાષામાં દોહાચોપાઈ સ્વરૂપમાં કરેલ અનુવાદ છે. જોન ગિલક્રિસ્ટના આગ્રહથી લલ્લૂજી લાલ કવિએ આ કથાને હિંદી ગદ્યમાં લખી અને ઈ.સ. ૧૮૦૩માં કોલકાતાથી પ્રસિદ્ધ થઈ. આ ગ્રંથની પ્રસિદ્ધિથી લલ્લૂજી હિંદીગદ્યના જન્મદાતાનું સ્થાન પામ્યા. હિંદી સાહિત્યમાં લલ્લૂજી 'લાલકવિ'થી ખ્યાતિ પામ્યા. હિંદી પુસ્તકોના ગ્રંથવિક્રેતા તરીકે કોલકાતામાં લલ્લૂજી આગ્રેવાલાના નામથી પ્રસિદ્ધ હતા.

લલ્લૂજીના પિતાનું નામ ચૈનસુખજા હતું. આગ્રામાં ગોકુલપરામાં રહેતા હતા. દરિદ્રાવસ્થાને લઈને પિતા પુરોહિત-કાર્ય દ્વારા કુટુંબનું ભરણપોષણ કરતા. તેઓના ચાર સંતાનોમાં લલ્લૂજી સૌથી મોટા, એમના પછીના ત્રણ ભાઈઓનાં નામ દયાલજી, મોતીરામજી અને ચુન્નીલાલજી હતું. લલ્લૂજીનો જન્મ સંભવતઃ ઈ.સ. ૧૭૬૪માં આગ્રામાં થયો હતો અને લલ્લૂજીએ ઘરે રહીને સંસ્કૃત, ફારસી અને વ્રજભાષાનું જ્ઞાન મેળવ્યું હતું. પિતાજીના અવસાનને લઈને ૨૦ વર્ષની ઉંમરે કુટુંબની જવાબદારી તેમના ઉપર આવી. પરિણામે ૨૩મા વરસે માતા અને ભાઈઓને લઈને આજીવિકાની શોધમાં બંગાળના મુર્શિદાબાદ ગયા. મુર્શિદાબાદમાં કૃપાસખીના શિષ્ય ગોસ્વામી ગોપાલદાસજીની કૃપાથી તેઓ મુર્શિદાબાદના દરબારમાં સ્થાન પામ્યા. નવાબે આજીવિકા બાંધી આપી. ઈ.સ. ૧૭૯૪માં ગોસ્વામી ગોપાલદાસજીનું મૃત્યુ થતા મુર્શિદાબાદથી એમનું મન ઊઠી ગયું. મુર્શિદાબાદથી નાટૌર ગયા. નાટૌરના મહારાજા રામકૃષ્ણ સાથે પરિચયમાં આવ્યા, પોતાના રાજ્યમાં રહેવાની સુવિધા કરી આપી. નાટૌરમાં એમને ગમ્યું નહિ, એમનું ભાગ્ય એમને આજીવિકા માટે કોલકાતા લઈ ગયું. કોલકાતામાં આજીવિકા મેળવવા ઘણી રઝળપાટ કરી, પરંતુ કંઈ કામ કુટુંબના નિર્વાહ માટે મળતું નહોતું. છેવટે હારીથાકીને ભગવાનશ્રી જગદીશનાં દર્શન અર્થે પૂરી ગયા. જગન્નાથજીના દર્શન કરતાં કરતાં જગદીશ્વરને શરણે પોતાના દુઃખનું નિવેદન તેઓએ આ શબ્દોમાં કર્યું:

'વિશ્વભંર બનિ ફિરત હો, ભલે બને મહારાજ
હમરી ઔર નિહારો કૈ, લખૌ આપુના કાજ.'

એમની આ સ્તુતિનું ફળ જગદીશ્વરે આપવાનું બાકી રાખ્યું, પરંતુ આ સ્તુતિ સાંભળીને નાગપુરના રાજા મુનિર્યાંબાબુ પ્રસન્ન થયા અને પોતાની સાથે નાગપુર આવવા નિમંત્રણ આપ્યું. રાજા મુનિર્યાંબાબુના નિમંત્રણનો તેઓએ વિનમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો. છેવટે આગ્રહ કરીને રાજા મુનિર્યાંબાબુએ લલ્લૂજીને ચરણે સો રૂપિયાની ભેટ અર્પણ કરી. તેમના અદૃશ્ય ભાવિએ જ એમને નાગપુર જતા રોક્યા અને કોલકાતા પાછા ફરીને આજીવિકાની શોધ માટે અનેક શ્રેષ્ઠીઓ પાસે સિફારિશ ચિઠ્ઠીઓ લઈ ફરતા રહ્યા. જગદીશ્વરને કરેલ વિનંતી ગિલક્રાઈસ્ટે સાંભળી.

કામની શોધમાં દીવાન કાશીનાથ ખત્રીના પુત્ર શ્યામાચરણને મળ્યા. દીવાનપુત્રએ ડૉ. રસેલની ઉપર લલ્લૂજીને યોગ્યકામ આપવા ભલામણપત્ર લખી આપ્યો. દાક્તર રસેલ લલ્લૂજીને લઈ ગિલક્રાઈસ્ટને મળ્યા. આ સમયે ગિલક્રાઈસ્ટ ફોર્ટ વિલિયમ કૉલેજના પ્રિન્સિપાલપદે હતા. તેઓ હિંદી ભાષાના વિકાસ માટે ખૂબ જ રસ લેતા હતા. ગિલક્રાઈસ્ટ ભાષાના જાણકાર મુંશીઓને ફોર્ટ વિલિયમ કૉલેજમાં નિયુક્ત કરતા એ જાણીતી વાત છે. પ્રિ. ગિલક્રાઈસ્ટે લલ્લૂજીને વ્રજભાષાની પદ્યવાર્તાઓ હિંદીગદ્યમાં લખવાનું કામ સોંપ્યું. આ કામમાં મદદ કરવા મજહરઅલી ખાઁ વિલા અને કાઝિમઅલી જવાઁ નામના બે મુસ્લિમ લેખકોની પણ ગિલક્રાઈસ્ટે નિયુક્તિ કરી. એક જ વર્ષમાં આ ત્રિપુટીએ '**सिंहासनबत्रीसी**', '**बैतालपचीसी**', '**शकुंतला नाटक**' અને '**माधोनल**'નો હિંદીવી બોલીમાં અનુવાદ કર્યો છે. એ વર્ષ સંધિકાળનું હતું. અઢારમી સદી પૂરી થતી હતી અને ઓગણીસમી સદી બેસતી હતી. ગિલક્રાઈસ્ટે લલ્લૂજીને હિંદી સર્ટીફિકેટ અને પંડિતની પદવી મેળવવા પ્રોત્સાહિત કર્યા. આ પદવી મેળવ્યા પછી ઈ.સ. ૧૮૦૧માં લલ્લૂજીને ફોર્ટ વિલિયમ કૉલેજમાં જ અંગ્રેજ અધિકારીઓને હિંદી ભાષા શીખવવા માટે માસિક રૂા. ૫૦ના પગારથી સ્થાયી નોકરી આપી. આ નોકરીને લઈને લલ્લૂજીની આર્થિક ચિંતા ટળી ગઈ. પરિણામે લલ્લૂજીનું વ્યક્તિત્વ લેખક, અનુવાદક, સંપાદક અને મુદ્રક તરીકે સ્થાપિત થતું ગયું.

ઈ.સ. ૧૮૦૫ની અણધારી ઘટનાને લઈને લલ્લૂજીના ભાગ્યનો ઉદય થયો. આગ્રાના તરવૈયાઓ મશહૂર ગણાય છે. આગ્રાવાલા લલ્લૂજી પોતે પણ અચ્છા તરવૈયા હતા. ગંગાજીના ઘાટ પર ફરતા ફરતા એક અંગ્રેજને ગંગાજીમાં ડૂબતો જોઈને, તરત જ તેનો જીવ બચાવવા ગંગાજીમાં કૂદકો મારી ડૂબતા અંગ્રેજ પાસે પહોંચી ગયા અને જીવ બચાવ્યો. આ અંગ્રેજ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો મોટો અધિકારી હતો. પોતાનો પ્રાણ બચાવનાર લલ્લૂજીને મુદ્રણાલય ખોલવા તેણે બધી જ આર્થિક

સહાય કરી.

હિંદી મુદ્રણના ઈતિહાસનાં ત્રણ વિકાસ તબક્કાઓ, 'हिंदीके आदीमुद्रित' ગ્રંથના સંપાદકશ્રી કૃષ્ણાચાર્યને મતે, પાડી શકાય. ઈ.સ. ૧૮૦૧-૧૮૨૨ના સમયગાળાને લલ્લૂજીયુગ તરીકે, ઈ.સ. ૧૮૨૨-૧૮૪૪ના સમયગાળાને 'મિશનયુગ' અને ત્યાર પછીના ત્રીજા તબક્કામાં ૧૮૪૫-૧૮૭૦ના સમયને 'શિવપ્રસાદ યુગ' તરીકે ઓળખાવે છે. પ્રથમ તબક્કો 'લલ્લૂજીયુગ' તરીકે ઓળખાવ્યો છે તે અત્યંત સૂચક છે. વિલ્કિન્સને હુગલી પ્રેસને માટે બંગાળી ટાઈપ નિર્માણ કર્યા, તેની સાથે સંસ્કૃત ભાષા પ્રત્યેના પ્રેમને કારણે નાગરી ટાઈપ પણ તૈયાર કર્યા. હિંદી મુદ્રણના આરંભમાં 'મર્સિયા', 'સિંહાસન બત્રીસી', 'માધોનલ', 'વૈતાલપચ્ચીસી', 'શકુન્તલા નાટક' ૧૮૦૨માં હિંદીના પહેલાં મુદ્રિત પુસ્તકો માની શકાય. મિસકીનકૃત 'મર્સિયા' નાગરી ટાઈપમાં કોલકાતાના હરકારુ પ્રેસમાં છપાયું. કોલકાતા ગૅઝેટ પ્રેસે 'શકુન્તલા નાટક' અને મિરરપ્રેસમાંથી 'વૈતાલપચીસી' પ્રકાશિત કર્યું અને હરકારુ પ્રેસે 'સિંહાસન બત્રીસી' છાપ્યું. આ ગ્રંથોના રચયિતા કાજીમ અલી જવાઁ અને લલ્લૂજી લાલકવિ છે. પ્રિ. ગિલક્રાઈસ્ટના આગ્રહથી 'પ્રેમસાગર' શ્રીમદ્ ભાગવત્‌ની વ્રજભાષાની રચનાને ખડી બોલીમાં પાઠશાળાઓ માટે કોલકાતાથી ૧૮૦૩માં છપાવીને પ્રસિદ્ધ કર્યું. ઈ.સ. ૧૮૦૫માં સુરતરામ કવીશ્વરની 'વૈતાલપચીસી'નો વ્રજભાષામાંથી હિંદુસ્તાનીમાં અનુવાદ લલ્લૂજી લાલ કવિએ કર્યો, જે હિંદુસ્તાની પ્રેસે છાપ્યો. લલ્લૂજી ૧૮૦૫ સુધી કોલકાતાની ફૉર્ટ વિલિયમ કૉલેજમાં ભાષામુનશી તરીકે રહ્યા. ત્યાર પછી ફૉર્ટ વિલિયમ કૉલેજમાં હિંદી ભાષાના અધ્યાપકપદે નિમાયા.


ઉત્તર ભારતના કોઈ બાબુરામે કોલકાતા પાસે ખિદિરપુરમાં છાપખાનું શરૂ કર્યું, જેમાં સંસ્કૃતના પંડિત કોલબ્રુકની પ્રેરણાથી સંસ્કૃત પુસ્તકો છપાતાં. ખિદિરપુર (કોલકાતા)માં ચાર્લ્સ વિલ્કિન્સને નાગરી ટાઈપ તૈયાર કર્યા પછી હિંદી પુસ્તકો છાપવાનો આરંભ કર્યો. આથી બાબૂરામના પ્રેસને 'સંસ્કૃત પ્રેસ' (અગાઉ બાબૂરામ સંસ્કૃત પુસ્તકો જ છાપતા હતા જે પટલડૉંગેમાં હતું) એવું નામ મળ્યું. લલ્લૂજી ઠંઠનિયા બજારમાં રહેતા હતા, જ્યાં પુસ્તકો-વેચાણની વ્યવસ્થા પણ હતી. લલ્લૂજી આગ્રેવાલા તરીકે સાહિત્યની રચનાઓના અનુવાદ અને સંપાદન કરીને હિંદીમાં ૨૧ પુસ્તકો મુદ્રિત કરવામાં સક્રિય રહ્યા હતા. સંસ્કૃત પ્રેસના માલિક બાબૂરામ પાસેથી લલ્લૂજીએ ૧૮૧૫માં તે ખરીદી લીધું. લલ્લૂજી અને અન્ય લેખકોની કૃતિઓ લોકોને ખરીદવી હોય તે માટે પુસ્તકના અંતિમ પૂઠા ઉપર હિંદીમાં આવી જાહેરાત છાપતા :'जा काहू कौ छापे की पोथी लैवे की अभिलाषा होय मावविलास, सिंहासनबत्तीसी, नजीर के शैर, वृंद सतसई, सभाविलास, श्री तुलसीकृत रामायण, विनयपत्रिका प्रेमसागर, राजनीति, अंग्रेजीबोली, भाषा कायदा, लताईफे हिंदी, सर्फ उर्दू, ताकौं कलकत्ता में द्वै ठौर मिलि है एक ठंठनियां बाजार में श्री लल्लूजी के यहां अरु दूजे बडे बाजारमें बाबू मोतीचंद गोपालदास की कोठीमें श्री हरदेव शेठ के यहां इति (हिंदी के आदिमुद्रित ग्रंथ : १९६६ पृ.५५)'. સૂરતરામ કવીશ્વરની રચના 'सरसरस' ૧૮૨૦માં સંસ્કૃત પ્રેસે છાપી, તેના અંતિમ પૃષ્ઠ પર તેઓ આ પ્રમાણે પુસ્તકવેચાણની જાહેરાત છાપે છે: 'श्रीलल्लूजी लाल कवि ब्राह्मण गुजराती सहस्त्र उदीच आगरे वारे में सुरत कवि के सरसरस कौं प्राचीन कविऔ के कवित मिलाय बढाय, शोधकर छपायौ निज छापाघर में... संवत १८७७ (અર્થાત્ ઈ.સ. ૧૮૨૧માં). આ ગ્રંથના અંતિમ પાના ઉપર આ પ્રમાણે છાપ્યું છે: जिस किसीको पोथी लेने की इच्छा होय, सरसरस, ब्रजविलास, लालचन्द्रिका... गीतावली... सुदामाचरित्र, तुलसीसतसई... छापा किया श्री गुरुदास पालने આમ, લલ્લૂજી પુસ્તક છાપવાની સાથે સાથે પોતાના સંસ્કૃત પ્રેસમાં, કે જે ઠંઠનિયા બજારમાં આવેલું ત્યાં પુસ્તકવેચાણનું કામ પણ કરતાં હતા. આ નોંધ પરથી લલ્લૂજી ઉપરાંત કોલકાતામાં હિંદી પુસ્તકો વેચવાની દુકાન શ્રીમદનપાલ અને શ્રી ગુરુદાસપાલની છાપ હતી.

સંસ્કૃત પ્રેસમાં ૧૮૨૧ પછીનાં વર્ષોમાં કોઈ પણ પુસ્તક છપાયું નથી, તેવું જણાય છે. પરંતુ લલ્લૂજી લાલકવિનો ગ્રંથ 'लताईफे हिन्दी' વિલિયમ કર્માઈકલ સ્મિથે સંપાદિત કરી ૧૮૨૧માં લંડનથી પ્રકાશિત કર્યો. ૧૮૨૧માં લલ્લૂજીએ સંસ્કૃત પ્રેસ બંધ કરી દીધું હોય અને પોતાના કુટુંબને લઈને વતન આગ્રામાં સ્થિર થવાનું વિચાર્યું હોય ! લલ્લૂજી ફોર્ટ વિલિયમ કૉલેજમાં ૨૪ વર્ષ હિંદી ભાષાના અધ્યાપક રહ્યા. તેઓએ આ કૉલેજમાંથી ૧૮૨૫માં નિવૃત્તિ લઈને, પેન્શન સ્વીકાર્યું. પત્ની અને ભાઈઓના કુટુંબને લઈને વતન આગ્રામાં ગયા, પોતાની સાથે જ કોલકાતાનું સંસ્કૃત પ્રેસનું છાપખાનું બંધ કરીને બધી જ સામગ્રી હોડીમાં મુકાવીને આગ્રા આવ્યા. આગ્રામાં આ છાપખાનું થોડો સમય જમાવીને તેઓ કોલકાતા પાછા ફર્યા અને ત્યાં જ એમનું અવસાન થયું.

હિંદી ભાષા અને સાહિત્યક્ષેત્રે હિંદીનું સ્વરૂપ સ્થિર કરવામાં લલ્લૂજીનું પ્રદાન મહત્ત્વનું છે. તેઓ કોઈ મોટા ગજાના સંસ્કૃતના વિદ્વાન કે કોઈ વિદ્યાના આચાર્ય નહોતા - હિંદી ગદ્યના જન્મદાતા અને હિંદી મુદ્રણક્ષેત્રે ભારતના કૅક્સ્ટન તરીકે ખ્યાતિ પામ્યા. ❑

ચેસ-કૉર્નર : કોયડો- ૩૩

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (**White to play and mate in two**) મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kb3, Qg3, Rf7, Bc7, Bh7**

કાળાં : **Kd5, Re5, Nd6, P-c6, d4**

આ કોયડો પ્રોફેસર એ. આર. રાવે બનાવીને મોકલેલ છે.

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે — અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail - shaharpi@ hotmail.com) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ જાન્યુઆરી ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના સપ્ટેમ્બર ૨૦૦૩ના અંકમાં આવેલા કોયડા નં. ૩૧નો ઉકેલ :

(૧) **Key move N-a5 છે. waiting move**

જો...... **K x N**	**(2) Rc6** અથવા **R x a7 #**
જો...... **Ka6**	**(2) Rc6 #**
જો...... **P-a6**	**(2) Nc4 #**

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૨ વાચકો તરફથી મળેલ છે જે પૈકી સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૨) નૌતમભાઈ વખારિયા (અમદાવાદ), (૩) અજિત યાજ્ઞિક, (૪) દિલીપ રાવળ (મુંબઈ), (૫) હર્ષદ દવે (રાજકોટ), (૬) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર), (૭) ગૌરાંગ જોશી (વેરાવળ), (૮) કિરણભાઈ શાહ (આણંદ), (૯) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), (૧૦) નીતિન ભટ્ટ (વડોદરા)

રાજકોટના શ્રી હર્ષદ દવે જણાવે છે કે પ્રોફેસર એ. આર. રાવે મોકલેલો આ સહેલો કોયડો સરસ જમાવટ કરે છે. આ પ્રકારના કોયડાઓ ચેસના મૂળભૂત સિદ્ધાંતોને સુંદર રીતે વ્યક્ત કરે છે. જીવનમાં પણ આ રમત ઘણી મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળવામાં મદદરૂપ બને છે. રાવસાહેબને સાદર અભિનંદન સાથે વંદન.

અપરિપક્વ હુમલો (pre-mature attack) કરવા જતા કેવી દશા થાય છે તેની જાણકારી આપતી એક રમત તેમણે મોકલી છે જે ટૂંકાવીને નીચે મુજબ આપેલી છે:

૧. **e4 - e5**

૨. **NF3 - Nc6**

૩. **d4 -ed4**

૪. **N x d4 - Qh4** વજીર જેવા મહોરાને આ રીતે બહાર કાઢવો એ બહુ સલામત ન ગણાય. પહેલાં પોતાના મહોરાનો શરૂઆતનો વિકાસનો તબક્કો પૂરો કરવો જોઈએ.

૫. **Nc3 - NF6 ?** (**? =** ખરાબ ચાલ) કાળાએ ઘોડાને બહાર કાઢી ખૂબ મોટી ભૂલ કરી છે. તેના વજીરને બચવા માટે ખૂબ ઓછી તક છે.

૬. **NF5 ! - Qh5** (**! =** સરસ ચાલ)

૭. **Be2 - Qg6** વજીર પર હુમલો કરે છે અને તેથી વજીરને હવે **g6** ઉપર ગયા વગર છૂટકો નથી.

૮. **Nh4 - Resign,** કાળો વજીર ફસાઈ ગયો. હવે તેને બચાવી શકાય તેમ નથી તેથી તે હાર કબૂલ કરે છે.

- અર્પી શાહ

અનુસંધાન]ભારતની નદીઓનું આંતર-જોડાણ [પૃ. ૮૦૬ થી

મૂલ્યાંકન પછી જ સાચી પરિસ્થિતિનો ખયાલ આવે. ત્યાર બાદ જુદા જુદા ભૌગોલિક વિસ્તારો અને લાંબા ગાળાની અસરોનો ખયાલ આવે. તે છતાં આજે એટલું પ્રતીત થાય છે કે આ યોજનાથી કેટલાક ફાયદા નિશ્ચિત છે અને ગેરફાયદા સંભવિત છે.

અહીં ૩૭ નદીઓનું જોડાણ કરવાનો અંદાજ છે અને આ જોડાણ ૩૦ કૅનાલો દ્વારા કરવામાં આવશે. આ કૅનાલોની લંબાઈ ૧૨૫૦૦ કિલોમીટર હોવાની. આથી આ યોજનાની અન્ય અસરો ઉપરાંત જળવિજ્ઞાનની દૃષ્ટિએ તેમજ હવામાન અસરોનો સચોટ અભ્યાસ જરૂરી છે. વૈશ્વિક હવામાનના ફેરફારોનાં વલણો અને તેમની વર્ષાને લગતી ભાવિ અસરો ઉપર, હિમાલયની હિમનદીઓ અને નદીઓના પ્રવાહની તપાસ (શોધ)થવી જરૂરી છે. કુદરતી જળમાર્ગો વચ્ચે ભારે દરમિયાનગીરીથી ભૂ-રાજકીય નિહિતાર્થે ઊભા થવાની શક્યતા છે. બાંગ્લાદેશે તેના વિસ્તારમાંથી પસાર થતી નદીઓના પ્રબંધન અંગે તેની નિસ્બત બનાવી છે. નદીઓના જોડાણની અંદાજી-અસરોનો પારદર્શી અને સમગ્રતાલક્ષી અભ્યાસ વિજ્ઞાનક્ષેત્રે અને નીતિ વિષયક સંશોધનક્ષેત્રે સીમાચિહ્ન બની રહેશે. તે સાથે ભયના સંકેતો આપનારાઓને પણ શીખ મળશે. ❑

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

'બચપન હર ગમસે બેગાના હોતા હૈ,
જનમકા શુભ દિન હર દિન સે સુહાના હોતા હૈ,
કોઈ ફીકર ના ચિંતા મસ્તીકા આલમ જીવન ખેલ સા લગતા હૈ,
સુખ મીલતે હૈ સારે રાહો મેં ફીર યે ઘર તો જેલ સા લગતા હૈ.
ઈસ ઉંમર મેં ખુશિયોં કા ખજાના હોતા હૈ,
હમ ઢૂંઢતે હૈં જીવનભર વો ખુશિયાં બચપનમેં જો પાતે હૈં,
વો હસતે હુએ દિન ગાતી વો રાતેં લોટકે ફીર નહીં આતે હૈં,
યાદોંકે સાયેમેં વક્ત બીતાના હોતા હૈ.'

એક વાર આકાશવાણી પરથી આ ગીત સાંભળ્યું અને મારું મન મારા એ દૂરના અતીતને વાગોળવા લાગ્યું અને થયું કે આ સંભારણાંને શબ્દબદ્ધ કર્યાં હોય તો ? આ ગીત વાંચીને ખયાલ આવી જાય છે કે એ દિવસો એટલે કે બાળપણના દિવસો કેટલા અને કેવા મજાના હોય છે અને યાદ આવી જાય છે એ માહોલ. અમદાવાદમાં આવેલું પેલું રાયપુરમાંનું પીપરડીની પોળનું મોટું ઘર અને એમાં વીતેલાં બાળપણનાં સંભારણાં સ્મૃતિપટ પર છવાઈ જાય છે. એ ઘરનો આગળનો ભાગ રાયપુર દરવાજાના કોટ તરફ પડતો હતો અને પાછળનો ભાગ પીપરડીની પોળમાં પડતો. આગળના ભાગમાં મોટું ડહેલું, મસ મોટા બારણાવાળું અને તેમાં પ્રવેશવા માટે એક બારી જેવું એક બારણામાં હતું. ડહેલામાં રસોડું, ત્યાર બાદ વચ્ચે ચોક, પોળબાજુ પડતી એક ઓસરી અને ચોકની બાજુમાં ઉપર જવાનો દાદરો. ત્યાં ત્રણ ઓરડા અને છેક ઉપરના માળે પણ ત્રણ ઓરડા. ત્યાર બાદ અગાસી પણ દાદર વગરની છૂટી નિસરણી પર ચઢીને અગાશીમાં જવાય. ઉનાળામાં અગાશીનો ઉપયોગ સૂવા માટે થતો.

શાળામાં પાંચ વર્ષની ઉંમરે પ્રવેશ થયો. મ્યુનિસિપલ શાળા, મોટો ઊંચો ઓટલો, વિશાળ ઓરડા. આ શાળા સાંકડી શેરીમાં આવેલી શામજી થાવરની પોળમાં હતી. ત્યારે તો હાલની જેમ સ્કૂલ બસો કે રિક્ષા ક્યાં હતી ? તેથી પીપરડીની પોળથી ચાલતાં ચાલતાં ચકલેશ્વર મહાદેવ વટાવી, લાલા વસાની પોળ પાસેથી પસાર થઈ શાળાએ જતી, પણ મજા પડતી હોં. કારણ શરૂઆતના ગીતમાં લખેલી પેલી પંક્તિ પ્રમાણે
'કોઈ ફીકર ના ચિંતા મસ્તીકા આલમ જીવન ખેલસા લગતા હૈ.'

કોઈ ચિંતા નહીં, ભણતરનો બોજ નહીં. અત્યારે તો પીઠ પર દફતરનો બોજ બાળકને વાંકો વાળી દે એટલો નજરે પડે છે. સવારે અગિયાર વાગે મારે સ્કૂલમાં પહોંચવાનું. દફતર, એક સ્લેટ, એક પેન અને એક બાળપોથીઃ આટલી જ વસ્તુઓ નાનકડા દફતરમાં હોય એટલે દફતર ઝુલાવતાં ઝુલાવતાં આનંદથી શાળામાં જાવની મજા પડતી. સાંજે સાડા ચાર પછી શાળામાંથી મુક્તિ મળે.

આપણે બંદા નાનપણથી તોફાની ખરાં હો ! થોડા દિવસ થાય અને કોઈકની બાળપોથીની ઉઠાંતરી કરી ઘેર પહોંચી જાઉં. બેચાર વાર આવી રીતે બાળપોથી ચોરી લાવી પણ એક દિવસ પિતાજીએ પકડી પાડી, અને આટલી બાળપોથી ક્યાંથી લાવી, એવો પ્રશ્ન પૂછ્યો. પરંતુ આપણે થોડાં ગાંજ્યાં જઈએ તેવાં હતાં ? એટલે તરત જ પ્રત્યુત્તર આપ્યો કે નવી વિદ્યાર્થિની શાળામાં દાખલ થઈ તેનાં માબાપે બાળપોથી વહેંચી હતી. પરંતુ પિતાજીને મારા આ જવાબથી સંતોષ ના થયો તેથી અમને ઘેર ભણાવવા આવતા શિક્ષકને શાળામાં તપાસ કરવા જણાવ્યું. પરિણામ તો હવે ભોગવવું જ પડેને ? ચોરી કરી અને માલ સાથે ઝડપાઈ ગઈ તેથી ત્રણ-ચાર તમાચાની પ્રસાદી મળી. રડવું આવી ગયું, પણ ભવિષ્યમાં સમજાયું કે પિતાજીએ જીવનના પાયાના ઘડતરનો એ પહેલો પાઠ ભણાવી ભવિષ્યને ઉજ્જવલ બનાવવા માટે સંસ્કારસિંચન કર્યું, જે ઘડતર આજ સુધી જીવન સાથે વણાયેલું રહ્યું છે.

શાળામાં રિસેસમાં ભૂખ લાગે તે માટે એક પૈસો વાપરવા મળતો. કેમ હસવું આવી ગયુંને ? પણ એ જમાનામાં પૈસાનું ચલણ વધારે હતું. આ વાત ૧૯૩૩-૩૪ની આસપાસની છે. એક પૈસાના બે અધેલા અને ત્રણ પાઈ આવતી. હું પૈસો વટાવી ત્રણ પાઈમાં રિસેસ દરમિયાન જુદી જુદી વસ્તુઓ લઈને ખાઉં. તમને જાણીને આશ્ચર્ય થશે કે એક પાઈનો મકાઈ આવે, એક પાઈમાં ચૂરણ આવે અને એક પાઈમાં થોડા મમરા પણ આવે. મને ચૂરણ બહુ ભાવે એટલે એક પાઈ અથવા એક અધેલાનું ચૂરણ લઈને ઝાપટી જાઉં. ચૂરણવાળો શાળાની તદ્દન નજીક ખૂમચો લઈને બેસતો. એક વાર બાર વાગ્યાની રિસેસમાં પૈસાનું ચૂરણ લઈ ખાઈ ગઈ પણ પછી બપોરની રિસેસમાં શું કરવું ? દોડતી ઘેર ગઈ. મારા પિતાજીના મામાના દીકરા વલ્લભદાસ અમારે ત્યાં રહેતા હતા તેમની પાસે જઈને જૂઠું બોલી કે પૈસો ખોવાઈ ગયો છે તેથી બીજો પૈસો આપો. જવાબ સાંભળી તમને જરૂર હસવું આવશે. પણ મને તો આંચકો લાગ્યો. તેઓ બોલ્યા કે રસોડામાં જઈ વધેલાં દાળભાત ખાઈ જલદી શાળાએ પહોંચી જા. અરે ભગવાન, કેવી કફોડી સ્થિતિ ! બીજા પૈસાનું પણ ચૂરણ લઈને ખાવું હતું પણ નસીબમાં દાળભાત લખાયાં હશે. જેમતેમ દાળભાતના ડૂચા મારી દોડતી શાળામાં પહોંચી ગઈ.

પીપરડીની પોળમાં નાકા પર એક નાનકડું મંદિર હતું. ચૈત્ર માસમાં પોળમાં માતાજીનો હવન થાય અને હવન માટે ગણેશ-માટલી લેવા કુંભારવાડે જવાનું હોય. અહાહા, એ દિવસે તો આનંદ આનંદ હોય ! રવિવાર હોય, રજા હોય, નવાં કપડાં પહેરવાનાં હોય, ઢોલના તાલે ચાલવાનું હોય, સખીઓની ટોળી હોય, કેવી મજા પડતી ! આજે આંખો સમક્ષ એ ચિત્ર અંકાઈ

જાય છે ત્યારે વર્તમાન ભુલાઈ જાય છે. હોળીના દિવસોમાં પણ ખૂબ મજા પડતી. ઘરનું મુખ્ય બારણું જે સડક પર પડતું હતું ત્યાંથી લોકોની અવરજવર રહેતી. મારા મોટાભાઈ (નામ હીરાલાલ) ડહેલાના બારણામાં એક મોટી તિરાડ હતી ત્યાંથી જતાંઆવતાં લોકો પર પિચકારીમાંથી રંગની ધાર છોડે. રંગાઈ જનાર ચારેબાજુ નજર કરે પણ પકડાવાની કોઈ શક્યતા જ નહોતી.

એક વાર મારી નાની બહેનને ખૂબ તાવ આવેલો. તે સમયે મેનેન્જાઈટીસનો વાવર હતો. ત્રીજે માળે બારીઓમાં નીચેનો અડધો ભાગ જાળીવાળો અને ઉપરનો ભાગ ખુલ્લો હતો. તે રૂમમાં અમારું કુટુંબ સૂતું હતું. મારી બાને ઊંઘ નહોતી આવતી. તેના દીકરીના તાવની ચિંતા થતી હતી તેથી તે તેના શરીર પર હાથ મૂકી તાવ છે કે નહીં તે જાણવા ઊઠી, ત્યાં તો બારીમાંથી ચોરે ડોકું કર્યું. છેક ત્રીજે માળે. બાએ તો 'ચોર ચોર' કહી બૂમાબૂમ કરી મૂકી. પણ ચોર પાવરધો હતો. ત્રીજે માળેથી ભૂસકો મારી ભાગ્યો, રાયપુર દરવાજા પાસે પોલીસ ચોકી હતી ત્યાંથી પોલીસો દોડ્યા પણ ચોર પોબારા ગણી ગયો. અમે ગભરાઈ ગયાં હતાં પણ બાપાજીને બાએ ઢંઢોળ્યા ત્યારે ખરી મજા પડી. બાપાજી સ્વપ્ન માણતા હતા. સ્વપ્નમાં મથુરા ગયા હતા અને ત્યાંના ચોબાઓને બોલતા બોલતા પૈસા વહેંચતા હતા. બા ઊકળી ઊઠી અને બોલી કે આ ચોબાઓની વાત પડતી મૂકી જાગો હવે, જુઓ ચોર આવ્યો હતો. બાપાજી સ્વપ્નની ફ્લાઈટમાંથી સીધા અમદાવાદ આવી પહોંચ્યા અને વિગત જાણી.

નાનપણમાં હું તોફાની હતી. કેટલીક વાર શાળામાંથી પાછા ફરતાં હજીરાની પોળમાંથી ખાડિયાના રસ્તા પરથી પસાર થાઉં અને કૂદકા મારતી દુકાનોમાં પૂછું કે દુકાન વેચાવાની છે ? દુકાન ભાડે આપવાની છે ? આવી ધિંગામસ્તી કરતી મને મારા મોટાભાઈ (નામ જયવીરભાઈ) જોઈ ગયા અને બાપાજીને ફરિયાદ કરી દીધી. પછી તો આવી બન્યું . બાપાજીએ રાત્રે બોલાવી પૃચ્છા કરી અને મારે કબૂલ કરવું પડ્યું. ગાલ પર બે-ત્રણ તમાચાનો સ્વાદ ચાખવા મળ્યો. ત્યાર બાદ એ તોફાનને અલવિદા કરી અભ્યાસ તરફ મન વાળ્યું. શનિવારે સવારની શાળા હોય ત્યારે પાછા વળતાં ચકલેશ્વર મહાદેવમાં આગલા દિવસના ભગવાન પરથી ઊતરેલાં ફૂલ ટોપલીમાં ભરી મંદિરમાં એટલા જેવું હતું ત્યાં મૂક્યાં હોય તેમાંથી સારાં સારાં ફૂલ વીણી લઉં અને ઘેર જાઉં. નાનપણથી મને ફૂલ પ્રત્યે અનહદ અનુરાગ હતો જે આજે જીવનનો સાતમો દાયકો પૂરો કર્યો છે છતાં એટલો જ પ્રબળ અનુરાગ છે.

અવારનવાર એક ચવાણાવાળો અમારી પોળમાં ખૂમચો લઈને વેચવા આવતો અને કેવું બોલતો સાંભળવું છે ? તો સાંભળો,

'તાજ્જું... ચવાણું,
એક ખાય, બીજાને મન થાય
ત્રીજો પૈસો લેવા જાય
તાજ્જું... ચવાણું.'

આ સાંભળતાં જ અમે બારણું ખોલી નાખીયે. તે સાંજના સમયે આવતો અને બાપાજી ત્યારે લગભગ ઘેર આવી ગયા હોય, એટલે મજા પડી જાય. બાપાજીની સામે કાકલૂદીભર્યા ભાવથી જોઈ રહીએ અને તેઓ સમજી જઈને ચવાણું લઈ આપે. કેવા હતા એ દિવસો. બચપન, અલ્લડપણું અને નિર્દોષતા ! આ ત્રિવેણી સંગમ આજે યાદ આવે છે ત્યારે મન પુલકિત થઈ જાય છે.

આ સમયે ગાંધીજીએ સ્વતંત્રતાની ચળવળ શરૂ કરી દીધેલી. એના ટેકામાં સવારમાં પોળેપોળે પ્રભાતફેરી નીકળે. સવારમાં સ્ત્રી-પુરુષો વહેલાં ઊઠી ગાતાંગાતાં નીકળી પડે. હું તો ત્યારે માંડ પાંચ છ વર્ષની હોઈશ, પણ ગાવાનો અવાજ સાંભળી ઘણી વાર જાગી જતી. ત્યારે જે ગીત ગવાતું તેના શબ્દો આજે પણ મગજના કમ્પ્યૂટરમાં અકબંધ જળવાઈ રહ્યા છે. તો તમે પણ સાંભળો એ ગીત સ્ત્રીઓ કેવી રીતે ગાતીઃ

'એકડે એક ગાંધીજીની ટેક
મારી બહેનો સ્વરાજ લેવું સહેલ છે.
બગડે બે ગાંધીજીની જે........ મારી બહેનો સ્વરાજ.
ત્રગડે ત્રણ ગાંધીજીનું પણ........ મારી બહેનો...
ચોગડે ચાર સરકારને ગોળીબાર........ મારી બહેનો...
પાંચડે પાંચ ગાંધીને નથી આંચ........ મારી બહેનો...
છગડે છો ગાંધીજીનો ઑ........ મારી બહેનો...
સાતડે સાત સરકારને મારો લાત........ મારી બહેનો...
આઠડે આઠ સરકારને શીખવો પાઠ........ મારી બહેનો...
એકડે મીંડે દસ ગાંધીજીનો યશ........ મારી બહેનો...'

આ ગીત એવા જુસ્સાથી ગવાતું કે સમગ્ર વાતાવરણ જાણે સ્વરાજ્યના રંગે રંગાઈ જતું.

અમારા કુટુંબમાં અમે પાંચ બહેનો અને બે ભાઈ હતાં. પણ સૌથી મોટાં યશોમતિબહેનને પગના હાડકાનો ટી.બી. થયેલો તેથી મારી બા તેમને લઈ મહારાષ્ટ્રમાં આવેલા મીરજ ગામમાં મોટી હૉસ્પિટલ હતી ત્યાં બાર મહિના રહેલાં. ત્યાર બાદ અમદાવાદમાં વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં તેમને દાખલ કર્યાં પણ કોઈ ઉપાય કારગત ના નીવડ્યો અને અંતે તેઓ મૃત્યુ પામ્યાં. બાકી રહ્યા બે ભાઈ અને ચાર બહેનો. મોટા ભાઈ જયવીરભાઈ, નાના ભાઈ હીરાલાલ, મોટાં બહેન-નંદબાળા, તે પછીનાં જયાબહેન, મારો નંબર ત્રીજો અને સૌથી નાની બહેન પ્રભા. મારાં બાને મોટીબહેનને લીધે દવાખાનામાં લાંબો ગાળો રહેવું પડેલું તેથી નાનપણમાં બાનો સથવારો ઓછો મળેલો.

મારાં ફોઈ નામે ડાહીબહેન જેઓ અવારનવાર અમારે ઘેર આવતાં. તેઓને વસો ગામે પરણાવેલાં અને ત્યાં જ રહેતાં હતાં. સાસરું સાવ સામાન્ય હતું તેથી અમારે ત્યાં થોડા દિવસ રહેવા આવે ત્યારે ખાવાપીવામાં જરાય સંકોચ ના રાખે ! તેમને ઘી ખૂબ ભાવે. સાસરે તેમની એ ઇચ્છા પૂર્ણ ના થાય તેથી અમારે

ત્યાં આવે ત્યારે ઘી પર સારો હાથ અજમાવે. ભાતમાં ઘીનો નાનો પાટિયો ઠાલવી દે અને આરામથી જમે. મારાં બા તો મોટીબહેનની સારવારમાં હૉસ્પિટલમાં હોય તેથી મારાં મોટાબહેન નંદબાળા રસોડું સંભાળતાં. તેમણે ઘીના પાટિયાની જયાફત ઉડાવતા ફોઈબાને જોયાં એટલે તેમણે એક મજાક કરવાનું વિચાર્યું. ઘીના પાટિયાની જગાએ તેલનો પાટિયો મૂકી દઈ રસોડાના ચોકમાં પડતી નાની જાળીવાળી બારીમાંથી શું થાય છે તે જોવા લાગ્યાં. ફોઈ જમવા બેઠાં. ભાતમાં તેલનો પાટિયો નમાવી દીધો, પણ મોઢામાં કોળિયો મૂકતાં પરિસ્થિતિ સમજાઈ ગઈ. નંદુબહેનને બોલાવી પૂછપરછ કરી તો જવાબ મળ્યો કે ભૂલથી તેલનો પાટિયો રસોડામાં બહાર રહી ગયો હતો. હવે જે તાલ થયો તે સાંભળવા જેવો છે. ફોઈ શાંતિથી બોલ્યાં કે કાંઈ વાંધો નહીં, બીજો ભાત પીરસ અને ઘીનો પાટિયો નમાવી દે. અરે રામ, હુકમનું પાલન કર્યા વગર ક્યાં છૂટકો હતો ! આ તો લેને ગઈ પુત ઓર ખો આઈ ખસમ જેવો તાલ થયો.

બીજો એક બનાવ મારી પોળમાં બનેલો તે યાદદાસ્ત પર છવાઈ જાય છે. અમારી પોળમાં વીજળીમા નામના એક વૃદ્ધા કુટુંબ સાથે રહેતાં હતાં. તેમનો પૌત્ર નામે હરિ એક દિવસ શાળાએથી ઘેર મોડે સુધી પરત ના આવતાં કુટુંબ ચિંતામાં પડી ગયું. શોધખોળ ચાલી. અચાનક સાંજે તે ઘેર આવ્યો અને કારણ પૂછતાં બોલ્યો કે તેને અલક બાવો ભભૂતી નાખી લઈ ગયો હતો છેક સાબરમતી નદી સુધી, અને નદીનાં પાણીથી મોઢું ધોતાં હરિએ બાવાને જોયો અને ત્યાંથી ભાગ્યો સીધો ઘર ભણી. આ વાત કેટલી સાચી હતી તે તો ભગવાન જાણે; પણ મારા મનમાં અલક બાવાની બીક ઘર કરી ગઈ. તે સમયે અલક બાવા શરીર પર ચીંથરાં લટકાવી, ઘૂઘરા બાંધી પગ ઠમકાવતા ચાલે અને ઝોળીમાંથી ભભૂતી નાખે એટલે ખાસ કરીને નાનાં બાળકો તેની પાછળ પાછળ જાય તેવી લોકો વાતો કરતાં હતાં. હરિની વાતથી હું તો ધ્રુજી ગઈ. ત્યાર બાદ શાળાએ જતાં જો અલક બાવાને ક્યારેક જોઉં ત્યારે મારા તો મોતિયાં મરી જતાં અને હું કોઈ સજ્જન લાંબા કોટવાળા, ધોતિયાવાળા કે પેન્ટવાળા જોઉં તો તેમની સાથે સાથે ચાલું એટલે બાવો ચાલાકી ના કરી શકે તેવી યુક્તિ કરતી. અત્યારે તો આ વાત યાદ કરતાં હસવું આવી જાય છે કે કેવા હતા એ દિવસો ! ખેર, એ વાતને વર્ષો વીતી ગયાં અને હવે અલક બાવા શહેરમાં ખાસ જોવા પણ મળતા નહીં હોય.

મારી પોળમાં ખુશાલકાકા નામના એક સજ્જન રહેતા હતા, જેમને બાળક નહોતું તેથી બાળકો પ્રત્યે અપાર પ્રેમ રાખતા. પોળની બહાર રસ્તા પર બિસ્કિટ, પિપરમીંટ એવી વસ્તુઓની દુકાન ચલાવતા. મને આ વસ્તુઓ બહુ ભાવે તેથી કેટલીક વાર ઘરમાંથી રમવાને બહાને તેમની દુકાને પહોંચી જાઉં અને બિસ્કિટ માગવા હાથ લંબાવું તે પહેલાં જ તેઓ મારો હાથ નાનકડાં બિસ્કિટથી ભરી દેતા ! એ ખાવાની ખૂબ મજા પડતી. કેટલીક વાર મને ચીડવતા પણ ખરા. મારો જન્મ ચરોતરની પટેલ જ્ઞાતિમાં થયેલો અને આ જ્ઞાતિમાં ચરોતરનાં છ ગામ આગળ પડતાં ગણાતાં. આ છ ગામ અનુક્રમે નડિયાદ, સોજિત્રા, વસો, ધર્મજ, ભાદરણ અને કરમસદ. જ્યાં દીકરીઓને પરણાવે તો આબરૂમાં ચાર ચાંદ લાગી જતા. તે સમયે વાયકા હતી કે કરમસદ ગામમાં વહુને દહેજ ના લાવે તો મારી નાખવામાં આવતી અને કદાચ આવા બનાવ બન્યા પણ હોય. હવે ખુશાલકાકા કરમસદના હતા તેથી ગમ્મત કરતા કે કમાને (મારું નામ કમલા છે પણ ઘરમાં અત્યારે પણ બધાં કમાબહેન કહે છે) આપણે કરમસદ પરણાવવાની છે. આ સાંભળતાંજ મારા તો મોતિયાં મરી જતાં અને જોરજોરથી રડતાં રડતાં બોલતી કે મારે કરમસદ નથી પરણવું; ત્યાં તો વહુઓને ખાટલાનો પાયો ગળા પર દબાવી મારી નાખે છે, મારે મરવું નથી. મારી આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસતો જોઈ ખુશાલકાકા મારે માથે હાથ મૂકી બોલે કે બેટા હું તો મજાક કરું છું. તને કરમસદ નહીં પરણાવીએ. હાશ, આ સાંભળતાં મારે ચારે કોઠે દીવા થઈ જતા. આજે આ બધી વાતો ચિત્રપટની જેમ મગજ પર અંકિત થાય છે ત્યારે એ બાળપણ કેટલું નિર્દોષ હતું તેનો ખયાલ આવે છે.

આમ, રંગેચંગે બાળપણના દિવસો પસાર થતા હતા પિતાજીને એક મિલ હતી જેનું નામ ફાઈન મિલ હતું. પણ ફડચામાં મિલ ગઈ તેથી મુસીબત ઊભી થઈ. ચાર દીકરીઓ અને બે દીકરા એમ છ સંતાનોના પિતાને પાટીદાર સમાજમાં જીવવું ભારે થઈ પડેને ? વળી, તેઓ દહેજમાં માનતા નહોતા.

અમદાવાદના શેઠિયા માનવીને મૂલવવામાં પાવરધા હતા. પિતાજી અત્યંત પ્રામાણિક હતા. પરિણામે શેઠ શ્રી મંગળદાસ ગીરધરલાલે પિતાજીને મિલ ઓનર્સ એસોશિએસનના સેક્રેટરી તરીકે હોદ્દો સંભાળવાનો પ્રસ્તાવ મૂક્યો, જે સ્વીકારાયો. આની ઑફિસ હતી પારેખ્સ સંકુલમાં લાલ દરવાજા પાસે વીજળીઘરની નજીક. ઑફિસ ત્યારે તો ગામની બહાર ગણાતી, કારણ અમદાવાદનો વિકાસ ત્યારે નદીપાર થયેલો નહોતો. ઘેરથી ત્યાં સુધી પહોંચવાનું થોડું મુશ્કેલ હતું. પણ અમારે વિક્ટોરિયા ઘોડાગાડી હતી તેથી પિતાજી તેમાં બેસીને ઑફિસે જતા. કોઈક વાર રજા હોય તો અમને સાથે લઈ જતા. અમે બહેનો કૉમ્પાઉન્ડમાં રમીએ પણ વધારે આનંદ રિસેસમાં પડતો. કારણ અમને બ્રેડ ખાવાનો લ્હાવો ત્યાં મળતો. તે જમાનામાં બ્રેડ શબ્દ ઓછો વપરાતો. તેને બદલે પાંઉ શબ્દ વપરાતો. હોરમસજી નામના પટાવાળાને પિતાજી ઇટાલિયન બૅકરીમાં મોકલી અમારે માટે પાંઉ મંગાવે અને એ ખાવાની ઓર મજા પડતી. આમ અમદાવાદમાં આઠ વર્ષ સુધીનું બાળપણ વીત્યું. યાદ આવી જાય છે પેલી પંક્તિ:

'ભલા થા કીતના અપના બચપન ભલા થા કીતના' (ક્રમશઃ)

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

બુધવાર ૫મી એપ્રિલ ૧૯૪૪
મારી પ્રિયતમ કિટી,

ઘણા વખત સુધી મને ખબર જ નહોતી પડતી કે મારે ભણવાની જરૂર જ શું છે. યુદ્ધનો ક્યારેય અંત આવશે એ વાત પર વિશ્વાસ બેસતો નથી. કોઈ પરીકથા હોય એવું લાગે છે. આ સપ્ટેમ્બર સુધીમાં યુદ્ધનો અંત નહિ આવે તો હું સ્કૂલે પાછા જવાનો વિચાર જ માંડી વાળવાની છું, કારણ કે બે વરસ મોડાં સ્કૂલે ભણવા મારે બેસવું નથી.

શનિવાર રાત સુધી તે બસ ઊઠતાં-બેસતાં આખો દિવસ હું કેવળ પીટરના જ વિચાર કરતી હતી. એનાં જ સ્વપ્નાં જોતી હતી. પણ એ શનિવારની રાત્રે હું મનથી સાવ જ ભાંગી પડી. પીટર સાથે વાતો કરતાં પણ ઉભરાતાં આંસુને જેમ તેમ રોકી રાખ્યાં. એમ તો હસાહસી કરતાં વૅનડાન સાથે લેમન-પંચ પીધું, ખુશમિજાજ હતી, પણ હું જાણતી હતી કે જેવી એકલી પડીશ કે રોઈ રોઈને મારી આંખો રાતી થઈ જવાની. રાતે સૂતાં પહેલાં નાઈટી પહેરીને ઝપઝપ પ્રાર્થના બોલવા માંડી અને ત્યાં જ હું ફસડાઈ ગઈ. ગોઠણ છાતી પાસે લઈ હાથની ઘડીમાં માથું ઢાળીને ધ્રુસકે ને ધ્રુસકે હું રડી પડી. મારા જ એક મોટા ધ્રુસકાએ મને ભાનમાં આણી. આંસુ રોકી લીધાં જેથી હું રડું છું એની કોઈને ખબર ન પડી જાય. સ્વસ્થ થઈ અને મારી જાતને મેં વારંવાર કહ્યું, 'આ ન ચાલે, તારે કાંક કરવું જ જોઈએ, કરવું જ જોઈએ...' આવું વિચિત્ર બેસવાને લઈને હું એકદમ ઊઠી તો ન શકીએ એટલે થોડી વાર ત્યાં ને ત્યાં પડી રહી. સાડા દસ વાગ્યા સુધી હું એમ ને એમ પડી રહી. પછી ઊભી થઈ ને પથારીમાં જઈને સૂતી. બસ, પછી હું એકદમ સ્વસ્થ થઈ ગઈ.

અને ખરેખર હવે એ વાત પૂરી થઈ ગઈ છે. છેવટે મને ભાન થયું કે ભણવું તો પડશે જ જેથી અભણ ન રહી જવાય. આગળ વધીને મારે તો પત્રકાર થવું છે ! હું લખી શકું છું. મેં કેટલીક વાર્તાઓ પણ સારી લખી છે. ગુપ્ત-નિવાસનાં મારાં વર્ણનો પણ ઘણાં રમૂજી છે, ડાયરીમાં લખેલાં વર્ણન પણ સજીવ અને આબેહૂબ છે... પણ તોય લેખનકળાની મારામાં ખરેખર પ્રતિભા છે એ તો જોવું જ રહ્યું.

મારી લખેલી પરીકથાઓમાં 'ઈવાનું સ્વપ્ન' સહુથી સારી છે. મને એ કેવી રીતે સૂઝી એનો મને પણ ખયાલ નથી આવતો. 'કેડીનું જીવન'નો કેટલોક ભાગ સારો છે પણ આખી વાર્તામાં ખાસ એવું કાંઈ નથી. મારી વાર્તાઓની શ્રેષ્ઠ અને કડક ટીકાકાર હું જ છું. સારા ને ખરાબનો ભેદ હું સારી રીતે પારખું છું. જ્યાં સુધી લખો નહિ, ત્યાં સુધી લખવાનો આનંદ શું છે એ કોઈને નહિ સમજાય. અત્યાર સુધી મને દુઃખ થતું કે મને ચિત્ર દોરતાં નથી આવડતું પણ હવે તો હું લખી શકું છું એનો મને અનહદ આનંદ છે. અને ધારો કે ચોપડીઓ લખવા જેટલી કે છાપાંમાં લેખ લખવા જેટલી પ્રતિભા મારામાં નહિ હોય તોય શું ? હું મારા માટે તો લખી શકું ને ! પણ મારે તો એનાથી પણ થોડા આગળ વધવું છે. મમ્મી કે શ્રીમતી વૅનડાન જેવી બહેનોની હરોળમાં મારે નથી બેસવું, જેનું જીવન ઘરકામમાં વીતે અને જીવન પૂરું થયે કોઈ એને યાદ પણ ન કરે. મારે તો લોકો માટે કાંક કરવું છે. જેમને હું ક્યારેય મળી નથી એવાં સર્વ લોકોને મારે બે ક્ષણ આનંદની બક્ષવી છે. મારે એવું કાંક કરવું છે કે મૃત્યુ પછી પણ લોકો મને યાદ કરે ! એટલે જ મને મળેલી લેખન-કળાની કુદરતી બક્ષિસ માટે ભગવાનનો પાડ માનું એટલો ઓછો છે. એ જ કલા મારા વ્યક્તિત્વના વિકાસ માટે મારા અંતરને મોકળું કરવા માટે કેટલી ઉપયોગી થઈ પડી છે !

હું લખવા માંડું કે હું એકદમ ચિંતા-મુક્ત બની જાઉં છું. સઘળાં દુઃખ ક્યાંયનાં ક્યાંય ભાગી જાય છે. મારામાં ઉત્સાહ અને આનંદનો સંચાર થાય છે ! શું ખરેખર મારે હાથે કાંઈક મહાન એવું લખાશે ? શું હું પત્રકાર કે લેખક બની શકીશ ? હા, આ જ એક મોટો પ્રશ્ન છે !

આશા રાખું કે હું લેખક બનું. ખરેખર, કારણ કે એ જ કલાથી હું દરેકે દરેક બાબતની નોંધ લઈ શકું. મારા આદર્શ, મારા વિચાર અને મારાં સ્વપ્નાં બધું જ ક્યાંક ટપકાવી શકું.

ઘણો વખત થયો 'કેડીનું જીવન' વાર્તા મેં આગળ લખી નથી. શું બનવાનું છે એનું સંપૂર્ણ ચિત્ર મારા મનમાં તૈયાર છે પણ વાર્તા કાંઈ જામતી નથી. કદાચ હું એને પૂરી નહિ કરું. કચરા ભેગી કરી દઈશ ને નહિ તો બાળી નાખીશ. આનું મને દુઃખ છે. પણ ખેર, ચૌદ વર્ષની ઉંમરે, નહિવત્ અનુભવ સાથે તત્ત્વજ્ઞાનની

વાતો લખવી સહેલી તો નથી જ.

આમ 'આગે બઢો, આગે બઢો'નો ઉત્સાહ છે. બધું ઠરીઠામ થઈ જ જાશે, કારણકે મેં લેખક બનવાનો નિશ્ચય કરી લીધો છે !

લિ. ઍન.મે.ફ્રૅંક

ગુરુવાર ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

તું જો મને મારા શૉખ વિશે પૂછે તો જવાબ આપવો બહુ ગમે. પણ તને પહેલેથી જ ચેતવી દઉં. મને જાતજાતની વાતોના શૉખ છે એ જાણીને બેભાન ન થઈ જતી.

મારો પહેલો શૉખ લેખન. જો કે હું એને શૉખ ગણતી નથી.

બીજો શૉખઃ વંશાવળીનો અભ્યાસ, છાપાં, શબ્દકોશ, જ્ઞાનકોશ જ્યાંથી મળે ત્યાંથી મેં ફ્રેંચ, જર્મન, ઈંગ્લિશ, ઑસ્ટ્રિયન, રશિયન, નૉર્વેજિયન અને ડચ રાજવી કુટુંબ વિશે માહિતી એકઠી કરી છે. એ વિષયમાં મારી પ્રગતિ પણ સારી થઈ છે. કારણ કે ઘણા વખતથી હું જીવનકથા, ઈતિહાસ વાંચતાં વાંચતાં નોંધ રાખું છું. ઈતિહાસમાંની ઘણીબધી હકીકતોના તો ફકરાના ફકરા મેં નોટમાં ઉતારી લીધા છે.

ને એમ મારો ત્રીજો શૉખનો વિષય છે ઈતિહાસ; અને પપ્પાએ મને એની ઉપર ઘણીબધી ચોપડીઓ લાવી આપી છે ને છતાંય મને થાય છે કે ક્યારે હું સાર્વજનિક પુસ્તકાલયમાં જઈને વધુ વાચન કરું.

ચોથુંઃ મને ગ્રીક પુરાણકથાઓનો શૉખ છે. આ વિષયની પણ જાતજાતની ચોપડીઓ મારી પાસે છે. નવ મ્યુસસ કોણ હતા કે ઝીઅસની સાત પત્નીઓનાં નામ પણ મને યાદ છે. હરક્યૂલિસની પત્ની કોણ એવા પ્રશ્નોના તો હું ચપટીમાં ઉત્તર આપી શકું.

એ સિવાય સિને-કલાકારના ફોટા અને કૌટુંબિક ફોટાનો પણ મને શૉખ છે. વાચનની તો હું ઘેલી છું. એમાં કલાનો ઈતિહાસ એ મારો પ્રિય વિષય છે. એમાં પણ ખાસ તો લેખક, કવિ અને ચિત્રકારનો ઈતિહાસ. એના પછી સંગીતકારોનો નંબર લાગે. બીજગણિત, ભૂમિતિ અને અંકગણિત મને જરાય પસંદ નથી. બાકી બધા જ વિષયો મને ગમે છે પણ ઈતિહાસ મારો સહુથી માનીતો વિષય છે !

લિ. ઍન.મે.ફ્રૅંક

મંગળવાર ૧૧મી એપ્રિલ ૧૯૪૪

મારી વહાલી કિટી,

મગજ સારું ચકરાવે ચડી ગયું છે. ક્યાંથી શરૂઆત કરવી એની પણ ખબર પડતી નથી. ગુરુવારે (તને છેલ્લે પત્ર લખ્યો એ દિવસે) બધું રાબેતા મુજબ ચાલતું હતું. શુક્રવારે 'ગુડ ફ્રાઈડે' હતો. એ દિવસે બપોરે અમે મોનોપોલી રમ્યાં. શનિવારે પણ એ જ રમ્યાં. એમ દિવસો જલદી જલદી પસાર થઈ ગયા. શનિવારે લગભગ બપોરના બે વાગ્યે જોરદાર ગોળીબાર શરૂ થયા. બધા પુરુષોનું કહેવું થયું કે અવાજ મશિનગનનો હતો. એને બાદ કરતાં દિવસો શાંતિથી પસાર થયા.

રવિવારે સાડા ચારે મેં પીટરને બોલાવ્યો હતો. એ પ્રમાણે એ આવ્યો. સવા પાંચે મકાનના આગલા ભાગના માળિયામાં અમે ગયાં. અને સાંજના છ સુધી અમે ત્યાં જ હતાં. છથી સવા સાત રેડિયા ઉપર મોત્સાર્ટના સંગીતનો સુંદર કાર્યક્રમ હતો. ખાસ તો એમાં મને 'ક્લાઈન નાખ્ત મ્યૂઝિક' ઘણું જ ગમ્યું. રસોડામાં બેસીને સંગીત માણવું મારે માટે મુશ્કેલ છે. કારણ કે સંગીત મારા હૃદયના ઊંડાણમાં ઊતરે છે. રવિવારે સાંજે પીટરને ન્હાવા મળ્યું નહિ. કારણ કે એના નહાવાના ટબમાં ધોવાનાં કપડાં પડ્યાં હતાં. એટલે અમે બંને ફરી આગલા માળિયે બેસવા ગયાં. મારા રૂમમાં પડેલી એકમેવ ગાદી મેં સાથે લીધી જેથી આરામથી બેસી શકાય. માળિયે અમે એક ખોખા પર ગાદી મૂકીને બેઠાં અને પાછળ અઢેલવા એક બીજું ખોખું જ વાપર્યું. ખોખું અને ગાદી બંને પ્રમાણમાં ઓછાં પહોળાં હતાં એટલે અમે એકબીજાંની એકદમ નજીક બેઠાં હતાં. અમારી કંપની માટે અને મનોરંજન માટે માઉશી હતી. અચાનક પોણા નવે શ્રી વૅનડાને અમને સિટી મારીને ઉપર બોલાવ્યાં. અને પૂછ્યું, 'તમે ડસેલની ગાદી જોઈ છે ?' અમે ઝડપથી ઊઠ્યાં અને ગાદી, માઉશી ને વૅનડાન સાથે નીચે પહોંચ્યાં ને જોયું તો આ ગાદી ઘણાબધાના મનદુઃખનું કારણ બની હતી. એ ગાદી હતી ડસેલસાહેબની. હવે એમને લાગ્યું કે નક્કી એમાં જીવડાં ભરાઈ ગયાં હશે. આ એક ગાદીને લઈને એમણે આખું ઘર માથે લીધું હતું. કેવળ બદલાની ભાવના સાથે એકબે બરછટ બ્રશ અમે એમની પથારીની નીચે ખોસી દીધાં. પણ એટલામાં ડસેલસાહેબે અચાનક એમના રૂમમાં જ બેસીને કામ કરવાનું નક્કી કર્યું. એટલે પછી બ્રશ અમારે કાઢી નાખવાં પડ્યાં. આ નાનકડી ઘટના પર પછીથી અમે બે ખાસ્સું હસ્યાં.

પણ અમારી આ આનંદની પળો ઝાઝું ટકી નહિ. સાડા નવે હળવેથી ટકોરા મારીને પીટર અમારે ત્યાં આવ્યો. એણે પપ્પાને ઉપર બોલાવ્યા ને કહ્યું કે અંગ્રેજીના અભ્યાસમાં એને મદદની જરૂર છે.

'દાળમાં કાંક કાળું છે,' મેં માર્ગટને કહ્યું. 'દેખીતી રીતે એ બહાનું કાઢે છે. આ પુરુષોની બોલવાની રીતને હું બરોબર ઓળખું છું. મને તો લાગે છે કે નક્કી ચોર આવ્યા હશે !' અને મારું અનુમાન તદ્દન સાચું નીકળ્યું. બરોબર ત્યારે જ કોઈ નીચેના ગોદામનું બારણું તોડતું હતું. એક પળમાં તો વૅનડાન, પીટર ને પપ્પા નીચે પહોંચી ગયા. હું, માર્ગટ, મમ્મી ને શ્રીમતી વૅનડાન એમની વાટ જોતાં ઉપર બેસી રહ્યાં. ચાર ગભરાયેલી બહેનો શું કરે ? વાતો ! બસ એ જ કર્યું. જ્યાં સુધી નીચેથી મોટા ધબાકાનો

(અનુસંધાન પૃ. ૮૧૬ પર)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

વિક્ટોરિયન યુગના કવિઓ

ઓગણીસમી સદીના આરંભના ચાર દાયકામાં ત્રણ મહત્ત્વની ઐતિહાસિક ઘટનાઓ બની; અને સમગ્ર અંગ્રેજી સમાજ એ ઘટનાઓથી પ્રભાવિત આંદોલિત બની રહ્યો. પહેલી ઘટના તે ઔદ્યોગિક ક્રાંતિ. આ ઔદ્યોગિક ક્રાંતિ સામે અને એની તરફેણમાં કેવા કેવા અભિપ્રાયો સમકાલીન વિચારકો અને સાહિત્યકારો દ્વારા પ્રકટ થયા તે વિશે અગાઉનાં પ્રકરણોમાં નોંધ લેવાઈ ગઈ છે. બીજી મહત્ત્વની ઘટના તે ફ્રેંચ ક્રાન્તિ. એ ઘટના ભલે ફ્રાંસમાં બની પણ એનો પ્રભાવ સમગ્ર ઈંગ્લિશ સમાજ પર પડ્યો અને સમગ્ર દેશમાં વૈચારિક આંદોલનો પ્રકટી નીકળ્યાં. ત્રીજી મહત્ત્વની ઘટના તે નૅપોલીઅન સાથેના યુદ્ધની ઘટના. ઈંગ્લન્ડની પ્રજાને એની ભારે કિંમત ચૂકવવી પડી હતી. એ યુદ્ધની સમાપ્તિ પછી બીજા દાયકામાં ઈંગ્લન્ડના ગરીબવર્ગની હાલત દયાજનક હતી. ભારે કરવેરાના બોજ નીચે મધ્યમ વર્ગ દબાયેલો હતો. ગરીબ વર્ગની કંગાલિયત વિશે તો કશું કહેવાપણું જ ન હતું. ઈ. ૧૮૧૫થી ઈ. ૧૮૩૨નાં એ વર્ષો ઈંગ્લન્ડના મધ્યમ અને ગરીબ વર્ગ માટે અત્યંત કપરા દિવસો હતા.

નવલકથાકાર થૅકરેએ અંગ્રેજી સમાજના ઉપલા વર્ગનાં ચિત્રો સુરેખ આલેખ્યાં હતાં, પણ ઈંગ્લન્ડમાં ફૂટપાથ પર રેનબસેરા કરનારા, ઝૂંપડપટ્ટીમાં, ગટરોની ગંધમાં શ્વાસ લેતા, ભૂખમરો વેઠતા, કાળી મજૂરી વેઠતા, ગરીબો, શ્રમજીવીઓ અને એમનાં પરિવારનાં યથાતથ ચિત્રો તો ચાર્લ્સ ડિકન્સે એ સમયમાં આલેખ્યાં.

અલબત્ત, વિલિયમ કૉબેટ, ફ્રાન્સિસ પ્લેસ, ઈલિઝાબેથ ફ્રાઈ જેવા સામાજિક કાર્યકર્તાઓએ લોકજાગૃતિનાં અને ગરીબોને સહાય કરવાનાં કાર્યો માટે જીવન સમર્પિત કર્યાં. પાર્લમેન્ટમાં તો ઉમરાવોનું વર્ચસવ હતું. છતાં નાછૂટકે આ ઉપર્યુક્ત સમાજસેવકોનાં કાર્યોની પ્રજામાનસ પર ભારે અસર પડવાથી નાછૂટકે પાર્લમેન્ટે જેલસુધારણાના, કેદીઓને ઘાતકી સજા અંગેના અને એવા બીજા કેટલાક કાયદાઓ સુધારવા પડ્યા. ઈ.૧૮૩૨માં સુધારણાનું બિલ પાર્લમેન્ટમાં રજૂ થયું ત્યારે ઉમરાવ વર્ગ શેહ ખાઈ ગયો. પણ લોકશક્તિના જુવાળ આગળ તેમને નમતું જોખવું પડ્યું અને એ બિલ પસાર થયું. પ્રજાના એક બહોળા વર્ગને એ બિલથી પ્રતિનિધિત્વ મળ્યું. પણ હજી તો એ પાશેરામાં પહેલી પૂણી જેવી પ્રગતિ હતી. પ્રજાનો મોટો શ્રમજીવીવર્ગ, કિસાનવર્ગ મતદાર તરીકેના હકથી વંચિત હતો.

આ જ અરસામાં પ્રાકૃતિક વિજ્ઞાનને લગતાં અનેક પુસ્તકો પ્રકટ થતાં શિક્ષિતવર્ગનું એ ક્ષેત્ર પ્રત્યે આકર્ષણ વધ્યું. બુદ્ધિવાદી વલણ હવે વિકસવા લાગ્યું. ઈ.૧૮૧૫થી ૧૮૩૨ સુધી ઈંગ્લન્ડની આ પરિસ્થિતિ હતી. ઈ. ૧૮૩૦થી સાહિત્યિક પરિવર્તનો વિકસવા માંડ્યાં છે તેની પ્રતીતિ જોવા મળે છે અને ઈ.૧૮૩૩નું રિફૉર્મ બિલ રાજકીય લોકશાહીના પાયાને દઢમૂલ કરી આપે છે અને એનો ક્રમિક વિકાસ ઈ. ૧૮૩૭માં રાણી વિક્ટોરિયાના સદીભરના રાજ્યઅમલમાં થવા માંડે છે. વિક્ટોરિયાના લાંબા શાસનમાં અંગ્રેજી પ્રજાના રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક તેમજ સાહિત્યિક ક્ષેત્રે જે પ્રગતિ નોંધાઈ તેને અનુલક્ષીને સમગ્ર યુગને વિક્ટોરિયન યુગ તરીકે ઓળખવામાં આવે છે.

એક રીતે એમ કહી શકાય કે ઈ. ૧૮૩૦થી ઈ. ૧૮૪૦ના દસકામાં અંગ્રેજી સાહિત્ય અને સમાજમાં નવા યુગનું આગમન થયું. આ સમય દરમિયાન રોમૅન્ટિક યુગ મરી પરવાર્યો નથી, પણ એનો સર્જનાત્મક પ્રભાવ લગભગ નામશેષ થઈ ગયો છે અને આ નવા યુગના સંખ્યાબંધ સાહિત્યકારો પ્રેરણા માટે બીજા સ્રોત પ્રતિ નજર કરવા માંડ્યા છે. ઈંગ્લન્ડમાં જે ઐતિહાસિક ઘટનાઓને કારણે પરિવર્તનો આવ્યાં તેની અસરથી સર્જકો મુક્ત રહી શકે નહિ. માત્ર ઊર્મિલતા નહિ પણ બૌદ્ધિક અભિગમ પ્રત્યે પણ હવેના સર્જકોનું વલણ જોવા મળે છે. અને સમગ્ર સાહિત્યમાં એક વૈજ્ઞાનિક, તાર્કિક દૃષ્ટિ વિકસવતી દેખાય છે. અલબત્ત, રોમૅન્ટિકવાદ હજી નવા સૂક્ષ્મરૂપે પણ અસ્તિત્વમાં છે છતાં એનું શોધન શરૂ થયું છે. પ્રાકૃતિક વિજ્ઞાન, મનોવિજ્ઞાન, ઔદ્યોગિક ક્રાન્તિ અને બીજાં અનેક ક્ષેત્રોમાં જે પરિવર્તનો આવ્યાં તે બધાં હવે પૂરા સામર્થ્યથી સાહિત્યમાં વિવિધરૂપે પ્રકટ થવા માંડ્યાં છે.

વિક્ટોરિયન યુગની વિશેષતા એ છે કે એ યુગમાં જ નીચલો મધ્યમવર્ગ અને આમપ્રજાનો વિશાળવર્ગ નવી સંસ્કૃતિ તરફ અભિમુખ થવા માંડ્યો છે. લોકશાહીને પુરસ્કારનારા વિચારોનો વ્યાપ વધતો ગયો તેમ તેમ શિક્ષણનો પણ વ્યાપક પ્રસાર થવા માંડ્યો. પ્રજામાં વાચનભૂખ જાગી તે સાથે ગત યુગનાં તેમજ સમકાલીન લેખકોનાં પુસ્તકોની આવૃત્તિ લોકોને પોષાય તેવી કિંમતે પ્રકટ થવા માંડી. એક બીજી નોંધપાત્ર બાબત એ બની કે ધારાવાહીરૂપે નવલકથા પ્રકાશિત કરવાનો પ્રારંભ થયો અને આધુનિક વર્તમાનપત્રનો ઉદય થયો. માહિતીના વિતરણ તેમજ શિક્ષણપ્રસાર માટે વર્તમાનપત્રનો આ ઉદય પ્રજાવર્ગને અત્યંત ઉપકારક બની રહ્યો.

વિજ્ઞાન અને બીજી અનેક વિદ્યાશાખાઓનો વિકાસ થયો, બુદ્ધિવાદ પાંગર્યો છતાં રોમૅન્ટિકવાદી વલણ આ નવા યુગમાં

પણ સર્જકોની આંતરચેતનામાં ભલે કદાચ મંદરૂપે પણ પ્રકટતું રહ્યું છે. એનો પ્રભાવ વિક્ટોરિયન યુગના ટેનિસન, થૅકરે, બ્રાઉનિંગ અને આર્નલ્ડ જેવા કવિઓમાં જોઈ શકાય છે. પ્રત્યેક સર્જકના વિચારને એનો રંગ કે એની છાયા સ્પર્શ્યા વિના રહી નથી. અરે, રોમૅન્ટિકવાદનો વિરોધ કરનારા કવિઓ પણ એની અસરથી મુક્ત રહી શક્યા નથી.

વિક્ટોરિયન યુગ જેમ વિજ્ઞાન, લોકશાહી, ધાર્મિક ચિંતન એ યુગના ટેનિસન, બ્રાઉનિંગ આદિ કવિઓ દ્વારા એનો પ્રકાશ પ્રજાવર્ગમાં ઝિલાયો છે. (ક્રમશઃ)

અનુસંધાન] ઍન ફ્રેન્કની રોજનીશી [પૃ. ૮૧૪થી

અવાજ ન આવ્યો ત્યાં સુધી. પછી બધું શાંત થઈ ગયું. એમ ને એમ પોણા દસ વાગ્યા. અમારું નૂર ઊડી ગયું હતું, ડર પણ સખત લાગ્યો હતો પણ બોલ્યા-ચાલ્યા વિના અમે બેસી રહ્યાં. આ બધાં ગયાં ક્યાં ? ધબાકો શેનો થયો ? શું બધાં નીચે ધાડપાડુઓ સાથે લડતા હતા ? ડરી તો અમે એવાં ગયાં હતાં કે વિચાર કરવો પણ શક્ય નહોતો. ફક્ત રાહ જોઈ શકતાં હતાં.

દસ વાગ્યા. દાદરા પર પગરવ થયો. પડેલા ચહેરે પપ્પા અંદર આવ્યા. એમની પાછળ વૅનડાન આવ્યા. 'લાઈટ બંધ કરી ચૂપચાપ અવાજ કર્યા વિના ઉપર માળિયે ચડી જાઓ, પોલીસ આવવાની શક્યતા છે !'

ગભરાવાનો પણ વખત નહોતો. લાઈટ બંધ કરી. મેં એક જૅકેટ લઈ લીધું અને ઉપર જઈ અમે જમીન પર બેસી ગયાં.

શું થયું ? અમને તો કહો !

પણ અમને કહેવાવાળું કોઈ નહોતું. એ બધા તો ફરી પાછા નીચે જતા રહ્યા હતા. દસ ને દસ થઈ ત્યાં સુધી એ ચારમાંથી કોઈ ઉપર આવ્યું નહિ. બે જણા પીટરની બારીમાંથી નીચે નજર રાખતા હતા. રમણામાં પડતા દરવાજે તાળું હતું અને ચોપડીનો કબાટ (રૂપી દરવાજાને) બંધ કરી દીધો હતો. રાતે પહેરવાનાં કપડાં ઉપર અમે સ્વેટર પહેરી લીધાં. પછી એ લોકોએ અમને વિગતે વાત કરી.

પીટર રમણામાં ઊભો હતો ત્યારે અચાનક એણે બે મોટા ધબાકા સાંભળ્યા. એણે નીચે ઊતરીને જોયું તો ગોદામમાં ઊઘડતા દરવાજાનો ડાબો ભાગ ગાયબ હતો. એ દોડતો ઉપર આવ્યો અને અમારા 'હોમગાર્ડ'ને સાબદા કર્યા. ને ચારે જણાં નીચે ગયાં. ગોદામમાં પહોંચ્યાં ત્યારે ચોર એમનું કામ કરતા હતા. વૅનડાને ઝાઝો વિચાર ન કરતાં એકદમ 'પોલીસ' એમ બૂમ પાડી. પછી કોઈ બહાર ભાગી જતું હોય એવાં પગલાં સંભળાયાં. એમ ચોર ભાગી ગયા. આ લોકોએ દરવાજાનું તોડેલું પાટિયું પાછું, એની જગ્યાએ ઊભું કરી દીધું જેથી પોલીસને ખબર ન પડે. પણ એટલામાં બહારથી કોઈએ ફટ દઈને લાત મારી અને પાટિયું પાડી નાખ્યું. ચોરની આ હિંમત જોઈને આ લોકોને આશ્ચર્ય થયું. પીટર અને વૅનડાન તો ગુસ્સાથી રાતાપીળા થઈ ગયા. વૅનડાને પડેલી કુહાડી જમીન પર પછાડી અને પછી બધું શાંત થઈ ગયું. ફરી એક વાર પેલું પાટિયું ત્યાં ઊભું કરી દીધું. અને ફરી એક વાર એને પાડી નાખવામાં આવ્યું. બહારથી જ એક સ્ત્રી અને એક પુરુષે ગોદામમાં ટૉર્ચ કરી અને આખા ગોદામમાં અજવાળું પથરાઈ ગયું. 'આ તે શું થઈ રહ્યું છે ?' એમાંથી એક જણ બોલ્યું. પણ હવે ચોર-સિપાઈના રોલની અદલા-બદલી થઈ ગઈ હતી ! સિપાઈ ન રહેતાં આપણા લોકો જ ચોર બની ગયા. ચારે જણા ઉપર ભાગ્યા. ડસેલ અને વૅનડાને ડસેલનાં ચોપડા-પુસ્તક ઉપાડી લીધાં. પીટરે ખાનગી ઑફિસ અને રસોડાની બારીઓ ખોલી નાખી. ફોન જમીન પર નાખી દીધો અને એમ ચારે જણાં છેવટે ચોપડીના કબાટને વાસીને અંદર આવી પહોંચ્યાં. (ક્રમશઃ)

સૂફી કિસ્સ :

(સૂફી કિસ્સા) રજકપુ નીકાગો

ક઼િસ્સયે-ફ઼રહાદો-મજનૂં રાતદિન પઢતે થે હમ,
સો તો વહ માઝી પઢા અબ અફ઼સાના હુઆ. - આસફ઼

(ફરહાદ અને મજનૂની વાતો અમે રાતદિવસ વાંચતા હતા, હવે એ બધી ભૂતકાળની વાતો. હવે તો આપણી પોતાની વાતો ચાલુ થવી જોઈએ.)

એક બાળક પોતાના હાથમાં ચિરાગ (દીવો) લઈને જતો હતો, સામે મુસ્લિમ ફકીર (સંત) હસન આવતા હતા. એમને પોતાના જ્ઞાનનું થોડું ગુમાન હતું, એમણે પેલા બાળકને પૂછ્યું: 'આ ચિરાગમાં લૌ (ભડકો) ક્યાંથી આવે છે ?'

હસન માનતા હતા કે બાળક મૂંઝાઈ જશે. નિર્દોષ બાળકે ચિરાગની લૌ ઉપર ફૂંક મારી. દીવો ઠરી ગયો. પછી તેણે કહ્યું: 'બાબા ! જ્યાં આ લૌ ગઈ, ત્યાંથી આવતી હતી.' નિર્દોષતામાં ઐશ્વર્ય ભર્યું પડ્યું હોય છે.

'એ અભિવ્યક્ત જ્યાંથી આવે છે, ત્યાં જ સમાઈ જશે.'

રુસ્વા મજલૂમીનો એક શેર છે:

કી ખત્મ અપની જીસ્ત હી અપની તલાશમેં
લેકીન મિલા ન ઉમ્રભર અપના પતા મુઝે.

મારી પોતાની શોધમાં જ મેં તો જિંદગી પૂરી કરી ! છતાં ઉમર પૂરી થવા આવી પણ મને મારું ઠેકાણું મળ્યું નહિ.

❀ કલાવાર્તા ❀


વિશ્વના મહાન ચિત્રકારો-૨૨

વેસિલી કૅન્ડિસ્કી

પાશ્ચાત્ય કલાક્ષેત્રે છાયાવાદ પછી ખૂબ પરિવર્તનો આવ્યાં. તેની વાસ્તવવાદી કલા સામે જાણે બળવો થયો. કલાની વ્યાખ્યા જ બદલાઈ ગઈ. કલા ન તો હવે ધર્મ સાથે હતી ન તો ઉપદેશ માટે હતી. જૂની કથાઓના નિરૂપણની વાત પણ ન હતી. છાયાવાદના સમયમાં કલાએ કુદરતમાં રહેલાં સૌંદર્યનું ને પ્રકાશના અનુભવનું દર્શન કરાવ્યું. ત્યાંથી રંગોના અસ્તિત્વનું સ્વતંત્ર દર્શન પણ શરૂ થયું. રંગો દ્વારા, રંગોની તેજસ્વિતાની વાત શરૂ થઈ. જૂનાં ચિત્રો ઘેરા રંગોમાં થતાં. હવે ચિત્રફલક પર તેજસ્વી રંગો આવવા માંડ્યાં. હવે ચિત્રકાર રેનેસાં સમયની જેમ વાસ્તવિકતા કે પર્સપેક્ટિવના નવા સિદ્ધાંતો શોધતો ન હતો. ચિત્રો સિલ્ક ફિનિશ થતાં નહિ. હવે તે દ્વિપરિમાણમાં કામ કરે છે. ઈજીપ્ત, જાપાન કે ભારતનાં ચિત્રો, દ્વિપરિમાણવાળાં છે. તેમાં પણ રંગનું આગવું સ્થાન છે. તે પૂરાં વાસ્તવિક નથી, તેમાં રજૂઆતનું અંતર છે. આ બધું વિચાર્યા પછી ૨૦મી સદીનો કલાકાર પ્રણાલીથી જુદાં સર્જનો કરે છે. કૅન્ડિસ્કી તેમાંનો એક અને અદ્વિતીય. તે ઍબસ્ટ્રેક કલાનો અગ્રેસર રહ્યો. એમાંથી એક ડગલું આગળ ગયો.



કૅન્ડિસ્કી આ સદીનો આગલી હરોળનો પ્રયોગશીલ ચિત્રકાર. તેણે અગમ્ય ચિત્રો માટે આકારોને સાદગી આપી નવી ભાષા રચી. મૂળ તો તે કાયદાનો વિદ્યાર્થી હતો. સાથે તે લખતો. તેણે ઍબસ્ટ્રેક્ટ પેન્ટિંગ પર લેખો ને પુસ્તકો લખ્યાં. તે કળાની ચળવળનો અગ્રેસર હતો. તે તેની ઘણી કમિટીઓમાં હતો. તે ઘણાં મ્યૂઝીઅમો ઊભાં કરે છે. પરંતુ જ્યારે રશિયન સરકાર કળામાં દખલગીરી કરે છે ત્યારે તે દેશ છોડી જાય છે. રશિયામાં સર્જક મુક્ત નહોતો. કૅન્ડિસ્કી અગમ્યવાદમાં કામ કરે છે ને તેને પૂર્ણતાએ પહોંચાડે છે.




ક્રેમલિનનું એક દૃશ્ય

તેનો જન્મ ૧૮૬૬માં મૉસ્કોમાં. તેના પિતા ચાના વેપારી હતા. મૂળ સાઈબિરિયાના. ઘોડાના વેપારી. તેની મા લીડીઆ મૉસ્કોની. બહુ રૂપાળી. તેના વાળ સોનલ વર્ણા. તે વિષે કહે છે, 'તેનું સૌંદર્ય મૉસ્કો જેવું નીખરેલું.' એક સમયે મા-બાપ છૂટાં પડે છે ત્યારે માસી તેને સંભાળી લે છે. માસી ઈલિઝાબેથ શિક્ષણ ઉપરાંત લોકકથાઓ ને પરીઓની વાર્તાઓમાં રસ લેતો કરે છે. મૉસ્કોનાં ચર્ચ અને ભવ્ય કથિડ્રલ્સ તેને ગમતાં. તેના ઘંટારવ તેનું આકર્ષણ હતું. તેની કલાશક્તિ જોતાં પિતાએ તે માટે શિક્ષક રોકેલો. તે કાયદાનો વિદ્યાર્થી બન્યો. મૉસ્કો યુનિવર્સિટીએ તેને નિમંત્રણ આપી કાયદાનો અધ્યાપક બનાવ્યો. કાયદાની મહાશાળામાં હતો પણ જીવ કલાનો હતો. ૧૮૯૬માં તે યુનિવર્સિટીમાંથી મુક્ત થઈ પ્રિન્ટિંગની ફર્મમાં મૅનેજર તરીકે જોડાય છે.

યુરોપની કલામાં છાયાવાદી ચિત્રકારોએ મોટું પરિવર્તન આણેલું. મૉસ્કોમાં તેનું એક પ્રદર્શન થયું. કૅન્ડિસ્કીને તેમાંથી મોનેનું કામ ખૂબ ગમ્યું. રશિયામાં આ પૂર્વે તેણે આવું કામ જોયું નહોતું. ત્યાં તો નૅરેટિવ અને લાગણીપ્રધાન ચિત્રો થતાં. બસ, આ વેળા તેણે મનોમન ગાંઠ વાળી કે પૂર્ણ સમયના ચિત્રકાર થવું છે.

તે બૅગ-બીસ્તરા બાંધી મ્યુનીચ પહોંચી જાય છે. ત્યાંના બૌદ્ધિકો તેને આવકારે છે. તેની પિત્રાઈ અંજાને પરણ્યો હતો તે પણ સાથે થઈ જાય છે. આ લગ્ન લાંબો સમય ટકતું નથી. મ્યુનીચની કલાશાળામાં ઍનૅટોમીના પાઠ લીધા. સ્મૃતિચિત્રો ઘેર કરતો. મ્યુનીચ રૉયલ ઍકૅડેમીમાં તેનું નામ દાખલ કર્યું. ત્યાં પોલ કલીની ઓળખ થઈ જે પાછળથી ખાસ મિત્ર થયો. મિત્રોને કૅન્ડિસ્કી મીતભાષી, એકાંતવાસી લાગ્યો. તેનામાં વિદ્વત્તાની ખુમારી દેખાઈ, ચોકસાઈ સ્વભાવમાં. પેન્ટિંગ કરતાં કપડે એક ડાઘ પણ ન પડે. વ્યવસ્થાશક્તિ ઘણી. ત્યાં કલાકારોનાં પ્રદર્શનો યોજતો ને અસોશિયેસન ઊભાં કરતો. ત્યાં તેને ગેબ્રિઅલ મુન્ટેરનો ભેટો થયો ને તેને પરણ્યો. મૂળ તે તેની વિદ્યાર્થિની હતી.

મ્યુનીચ તેને રોમાંચક લાગ્યું. બાળપણમાં સાંભળેલી પરીઓની વાર્તા ત્યાં દેખાતી. તેને આર્થિક ચિંતા ન હતી. આ નવા યુગલને રહેવા પિતાએ બધી સુવિધા પૂરી પાડી હતી. તેને અહીં ઍનૅટોમી જાણવાનો કંટાળો હતો. તે બહાર સ્મૃતિચિત્રો કરતો અને દૃશ્યચિત્રો પણ. તે માટે જૂનું શૌબિંગ સારું સ્થળ હતું. ડ્રૉઈંગ સુધારવા તે બીજા વર્ગોમાં જતો. આ વર્ગમાં જ ચિત્રકાર ક્લીનો ભેટો થયેલો. આ સમય એટલે ૧૯૦૨, જ્યારે તે



રેડ ઓવલ (એબ્સ્ટ્રેક્ટ શૈલીનું ચિત્ર)



યુદ્ધ - એક સંરચના (રંગનાં ધાબાં અને કાળી જાડી રેખાઓથી યુદ્ધનો અણસાર કરાવતી એબ્સ્ટ્રેક્ટ ચિત્રકૃતિ)

પ્રથમ ઍબસ્ટ્રેક્ટ ચિત્ર કરે છે ને પ્રયોગો તરફ વળે છે. તેને હવે સતત થાય છે કે વસ્તુની વાસ્તવિક રજૂઆતનો કોઈ અર્થ નથી.

કૅન્ડિસ્કી પ્રથમ વખત આર્નોલ્ડ સ્કોમ્બર્ગના મ્યૂઝિક કોન્સર્ટમાં જાય છે અને પછી બંને મળે છે. સ્કોમ્બર્ગ શીખાઉ ચિત્રકાર હતો જ્યારે કૅન્ડિસ્કી સંગીતમાં શીખાઉ. આમ બંનેની જોડી જામી અને કૅન્ડિસ્કીએ સંગીતનું અગમ્ય તત્ત્વ ચિત્રમાં લાવવા વિચાર્યું. વિષય વગર અવાજથી લાગણીનો સ્પર્શ થાય છે એવો જ રંગથી કેમ નહિ ?

કૅન્ડિસ્કીએ પારંપરિક સિદ્ધાંતો તોડવાનું નક્કી કર્યું. તેની આસપાસની સૃષ્ટિ ચિત્રમાં શા માટે એમ સવાલ કર્યો. જાણી બૂઝીને પરિચિત આકારો નકાર્યા. અભિવ્યક્તિ માટે બીજા રસ્તા વિચાર્યા. કલાનો અનુભવ એક દૈવી અનુભવ છે એને માટે દૃશ્ય જગત શા માટે ? ચિત્ર સંગીતની જેમ અશબ્દ બની શકે અને વાર્તા વગર સ્પર્શી શકે. વાર્તા તો રંગની અસરને આડે રસ્તે લઈ જાય છે. ફૉર્મ અને રંગ અગમ્ય અનુભવ કરાવી શકે. હા, તે એક બાબત સમજતો કે ફૉર્મ ફંક્શનવાળું જોઈએ. ખાલી ફૉર્મ હાથ વગરનું મોજું ગણાય. તેના ચિત્રોમાં ગતિશીલ જાડી રેખાઓ વાપરે છે. ચિત્રમાં ઘોડા, કિલ્લા, માણસો બહુ સાદગી સાથે રજૂ થાય છે.

મ્યુનીચના ક્રિટિકોને પણ આ વાત નહોતી ગમતી. તેના મિત્રો પણ અંદરથી વિરોધ કરતા ૧૯૧૧માં તે એક નવા, બ્લ્યૂ રાઇડર ગ્રૂપ સ્થાપે છે. ફ્રાન્ઝા માર્ક તેમાં સાથે હતો. કૅન્ડિસ્કી પણ મિત્ર છે. નૅચર અને કલા બે જુદાં છે. તે નૅચરમાં જતો ને સ્કેચ પણ કરતો પરંતુ સર્જન એથી જુદું ગણતો.



જેલના સળિયા પાછળ મહાત્મા ગાંધી (૧૯૨૨માં કરેલું ચિત્ર)

એનાં ચિત્રો એટલે સતત શોધ. એનાં ચિત્ર રેનેસાં સમયનાં ચિત્રો સાથે મૂકીએ તો લાગે કે બંને સાવ જુદાં છે. એકમાં ઘણું જોવાનું, જગત જોવાનું; બીજામાં માત્ર જોવાનું, રંગો માણવાના આકાર શોધવાના ને શોધ માણવાની, પૂર્વેનાં ચિત્રોમાં વાત કરવા, વર્ણન કરવા ઘણું હતું. હવે એ નથી પણ અહીં રંગનું બળ ઘણું છે. આ ચિત્રકારને પ્રયોગશીલ બાઉ હાઉસમાં સ્થાન મળેલું.

રશિયાના આ કલાકારને પોતાનો દેશ છોડી જર્મની અને પછી ફ્રાન્સ જવું પડેલું. છેલ્લે ફ્રાન્સમાં રહેલો. ૧૯૧૭માં રશિયામાં ક્રાન્તિ થાય છે. આ દરમિયાન તે બહુ ઓછું ચીતરે છે. તે દૃશ્ય કલા જૂથનો સભ્ય બને છે. ખૂબ શ્રમપૂર્વક ૨૨ જેટલાં મ્યૂઝીઅમ ઊભાં કરે છે. સાથે કલાકારોની પ્રવૃત્તિ કરે છે. મૉસ્કોમાં તેને બીજા હોદ્દા મળે છે, પરંતુ સરકાર જ્યારે હલકા પ્રકારની કલા માગે છે ત્યારે ન છૂટકે તે મૉસ્કો છોડી ૧૯૨૧માં જર્મની જાય છે. ત્યાં મિત્ર કલીને હિસાબે થોડા પગારની નોકરીમાં જીવન વિતાવે છે.

રશિયાની સામ્યવાદી સરકાર આવતાં તેનાં સપનાનાં સાવ ચૂરેચૂરા થઈ જાય છે. કલા કેવી હોવી જોઈએ તે સરકાર નક્કી કરે છે. કલા શેરી કે ફૅક્ટરીના સામાન્ય માણસ કે મજૂરને જચે, સમજાય તેવી હોવી જોઈએ. તેમાં પ્રસ્તુત જીવન પણ દેખાય.

૧૯૨૧માં તે જ્યારે જર્મની આવે છે ત્યારે ૧૫૦ ચિત્રો પાણીના મૂલે વેચી કાઢે છે. તે ગરીબાઈમાં જીવે છે. ૧૯૧૪ના વિશ્વયુદ્ધ વખતે તેને ૨૪ કલાકમાં તે રશિયન હોવાને નાતે જર્મની છોડવું પડેલું. વિશ્વયુદ્ધ દરમિયાન ફ્રાન્ઝ માર્ક અને ઑગસ્ટ મેકે જેવા મિત્રો ગુજરી જાય છે. એક બૌદ્ધિક કેવું દુઃખ પામે છે ? આ સમયમાં પત્ની તરીકે નીના તેની સાથે હોય છે. ૧૯૨૬માં ('પૉઇન્ટ ઍન્ડ લાઇન ટુ પ્લેન')નામક પુસ્તક પ્રકટ થાય છે.

જર્મનીમાં તે ગરીબીમાં જીવતો. તે જોઈ મિત્રો કૅન્ડિસ્કી સોસાયટી સ્થાપે છે. તેનાં જલરંગી ચિત્રો સંગ્રાહકો લે છે તે તેને પૈસા આપે છે. હવે તેને ઑસ્ટ્રિઆ, સ્વિત્ઝર્લૅન્ડ, ફ્રાન્સ, બેલ્જિઅમ અને ઇટલી જવા મળે છે. પત્ની નીના પણ હવે જીવનને માણી શકે છે. બાઉ હાઉસ પણ હવે બંધ થવાનું હતું. ૧૯૩૩માં તે બંધ થયું.

તેની જિંદગીનાં છેલ્લાં વર્ષો તે ફ્રાન્સમાં ગાળે છે. રાજકીય પરિસ્થિતિ તંગ હતી. નૉલીમાં એક અપાર્ટમેન્ટમાં રહે છે. તેની આસપાસનું દૃશ્ય સુંદર હતું. ત્યાં મિત્રોને નોતરતો.

આ સમયમાં વિશ્વયુદ્ધ ચાલતું હતું તેથી મોટા કૅનવાસ મળતા નહિ પરિણામે પૂંઠાં ને વૂડ પૅનલ બૉર્ડ પર કામ કરતો. અમીબા જેવા સિમ્બોલ્સ બ્લ્યૂ રંગ જેવી બૅક ગ્રાઉન્ડમાં સરસ લાગતા. નવા નવા પ્રયોગથી ચીતરવા વિચારતો. પણ માંદગી તેને છોડતી નહોતી. તેના હૃદયની નાડીઓ કઠણ થઈ ગઈ હતી. તે ૧૯૪૪ની ૧૩મી ડિસેમ્બરે ચિરવિદાય પામ્યો.

-હરિત પંડ્યા : નટુ પરીખ

કલાસ્મૃતિ

તબલાવાદક - અનુરાધા પાલ

આપણા દેશમાં સંગીતકલાક્ષેત્રે, પુરુષ કલાકારો વિશેષ અને મહિલા કલાકારો ઓછાં જોવાં મળે છે, જેમાં સમાજની સ્ત્રીઓ માટેની જુનવાણી વિચારધારા કારણભૂત હોઈ શકે છે. હવે સમય બદલાયો છે. છેલ્લાં થોડાંક વર્ષોમાં, ગાયન અને વાદનકલામાં સ્ત્રી



કલાકારો સારી એવી ખ્યાતિ મેળવતાં થયાં છે. સંગીતકલામાં સીતાર, સરોદ, વાયોલિન જેવાં વાદ્યોમાં જાણીતાં કલાકારોથી આપણે પરિચિત છીએ પણ તબલાવાદનમાં ગણ્યાંગાંઠ્યાં સ્ત્રી કલાકારોએ જ રસ લઈને પ્રયત્નપૂર્વક સિદ્ધિ હાંસલ કરેલ છે, જેમાં મુંબઈના સુ.શ્રી. અનુરાધા પાલનું સારું એવું નામ થયું છે !

અનુરાધાને બચપણથી જ સંગીતનો શૉખ. તેમાં તેમનાં દાદીના શૉખે વધારે પ્રોત્સાહન અને અનુમોદન આપ્યાં. ઉપરાંત અનુરાધાના મોટાભાઈ તબલાવાદક અને રોજ રિયાજ કરતા હોય એટલે અનુરાધાનો આ શૉખ પૂર્ણ કક્ષાએ ખીલ્યો. તેમણે તબલાંને પોતાના મુખ્ય વાજિંત્ર તરીકે સ્વીકારી તેમણે સાધનાની શરૂઆત કરી. ત્યારે તેમની ઉંમર હતી માત્ર ૭ વર્ષની. અનુરાધાનો જન્મ અને પરવરીશ મુંબઈના એક પરામાં થયાં હતાં. માધ્યમિક શાળાના અભ્યાસ બાદ મુંબઈની મીઠીબાઈ કૉલેજમાં આર્ટસ્ વિભાગના અભ્યાસમાં જોડાયાં, જેથી તેમને તબલાની સાધના માટે અનુકૂળ સમય મળી શકે. સ્નાતક થયા બાદ સંગીતકલા અને તબલાવાદન તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવા સાથે જલસા અને સંગીતના કાર્યક્રમોમાં ભાગ લેવા લાગ્યાં. આ સમયગાળામાં જેમ કશાકને પારસમણિનો સ્પર્શ થાય અને ખીલી ઊઠે તેમ થયું. એક દિવસ જાણીતા તબલાવાદક ઉસ્તાદ ઝાકીર હુસેન તેમને ત્યાં મહેમાન થયા. અનુરાધા પણ તબલાં વગાડે છે તે જાણ્યાં બાદ ઉસ્તાદે તેમને વગાડવા આગ્રહ કર્યો. ખચકાતાં, ગભરાતાં અનુરાધાએ તબલાવાદન કરી બતાવ્યું. મહેમાનગતિ માણ્યા બાદ ઝાકીર હુસેને અનુરાધાને નિમંત્રણ આપ્યું, 'ઘર આના કભી'. પછી તો પૂછવું શું ? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવાય ! આમ, આ પ્રસંગ બાદ અનુરાધાને ઝાકીર હુસેન અને તેમના પિતા ખાઁસાહેબ અલ્લારખા પાસેથી તબલાવાદનનું મહત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થયું. સાથે સંગીત-કલાજગતમાં સ્થાન મળવાની શરૂઆત પણ થઈ.

અનુરાધા કહે છે,'તબલાવાદન એક સ્ત્રી માટે અઘરો વિષય છે અને ખાસ કરીને જ્યારે આ ક્ષેત્રમાં પુરુષ તબલાવાદકો પ્રખ્યાત હોય, એકબીજાને અનુકૂળ જોડીઓ ગોઠવાઈ ગઈ હોય દા.ત. અમુક કલાકારને કિશન મહારાજ ફાવે, અમુકને સામતાપ્રસાદ જોઈએ, કોઈકને તો ઝાકીર હુસેન હોય તો જ અનુકૂળ પડે. ત્યારે સ્ત્રી તબલાવાદકને સ્થાન પામવું અઘરું પડે. સ્ત્રી તબલાવાદકને કોઈ જાણીતા કલાકાર સાથે સંગત કરવાની હોય ત્યારે આંગળીઓ દુ:ખવા લાગે. છાતી બેસી જાય તેવા અનુભવ પણ થાય ! અનુરાધાને પણ આવા અનુભવ થયા હતા. પણ કોઈક અદમ્ય શક્તિના પ્રતાપે તેમણે આવો સમય પસાર કર્યો. આ બધી વાતોને આજે લગભગ ૧૭ વર્ષ જેટલો સમય થવા આવ્યો છે. હવે આજે અનુરાધા લગભગ ૩૫ વર્ષની ઉંમરે એક પરિપક્વ તબલાવાદકની સિદ્ધિ હાંસલ કરી શક્યાં છે. ઘણા બધા પ્રખ્યાત ગાયકો અને વાદકો સાથે સક્ષમ રીતે તબલાવાદનની સંગત કરી શકે છે. તેઓ કહે છે,'આ તો હજુ શરૂઆત છે. મારે હજુ સંગીત, કલા તેમજ તબલાવાદનની સાધનામાં ઘણી લાંબી મજલ કાપવાની છે.' આપણે આશા રાખીએ કે આપણા શહેરમાં થતા જલસાઓમાં કે સંગીતના વાર્ષિક કાર્યક્રમોમાં ક્યારેક આપણને સુ.શ્રી અનુરાધા પાલ કોઈક જાણીતા કલાકાર સાથે સંગત કરતાં જોવાં તેમજ સાંભળવાં મળે.

- ગજેન્દ્ર શાહ

કલાવૃત્ત

'કલામાં કૃષ્ણ' - એક વિશિષ્ટ પ્રદર્શન

કલાનગરી વડોદરાની સુખ્યાત સંસ્થા 'હૉબિ સેન્ટર'ના જાણીતા સંચાલક કાન્તિભાઈ રાણા તથા તેમના કલાકાર સુપુત્રો હિતેશ રાણા તથા કમલ રાણા દ્વારા સંચાલિત



સર્જન આર્ટ ગૅલરિમાં ૨૬મી ઑગસ્ટથી ૬ સપ્ટેમ્બર, ૨૦૦૩ દરમિયાન 'કલામાં કૃષ્ણ' નામનું એક ખૂબ જ નોંધપાત્ર અને કલાઈતિહાસની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ પ્રદર્શન યોજાઈ ગયું. તેમાં લઘુચિત્રો ઉપરાંત વીસમી સદીની શરૂઆતમાં કૃષ્ણવિષયક પ્રસિદ્ધ થયેલા ઓલિયોગ્રાફ્સ - પ્રિન્ટ્સ તેમજ જાણીતા ગુજરાતી ચિત્ર-કારો સ્વ. કનુ દેસાઈ, ખોડીદાસ પરમાર, સ્વ. સોમાલાલ શાહ, કુમાર મંગલસિંહજી, સમકાલીન ચિત્રકારો અમિત અંબાલાલ, અતુલ ડોડિયા, હકુ શાહ ઉપરાંત સુપ્રસિદ્ધ ચિત્રકાર એમ. એફ.હુસેન વગેરેની કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. રાજા રવિ વર્માની વીસમી સદીની શરૂઆતની ઓલિયો-ગ્રાફ્સ - પ્રિન્ટ્સ રંગો, આકૃતિસર્જન તથા પશ્ચાદ્ભૂના દૃશ્યાલેખન તેમજ વાસ્તવદર્શી શૈલીમાં ભારતીયતા અને તત્કાલીન વસ્ત્ર પરિધાનનામ આલેખન માટે ધ્યાનાર્હ છે. સોમાલાલ શાહની વૉશ પદ્ધતિમાં તૈયાર થયેલી જળરંગી સંરચના પારધીના બાણ દ્વારા કૃષ્ણની અંતિમ-ક્ષણોને રૂપાયિત કરે છે. તો અમિત અંબાલાલની આધુનિક સર્જનાત્મક



સંરચના તેની વિશિષ્ટ અવકાશસંવિધાન દ્વારા સૂચનાત્મક તથા પ્રતીકાત્મક રીતે કાલિયમર્દનના વિષયને ચિત્રિત કરે છે. કુમાર મંગલસિંહજીની સપાટ ફલકને ભરી દેતી ખૂબ જ ઊંચી આલંકારિક સંરચના નોંધપાત્ર છે. હકુ શાહની નિજી શૈલીવાળી સપાટ ફલક પર સપાટ આકૃતિઓનું સંવિધાન દર્શાવતી સંરચના બે શૈલીગત ગાયોની સામે બે ભૂરા મસ્તક ધરાવતા વાંસળીધારી ગોપને કૃષ્ણરૂપે સૂચવે છે. કનુ દેસાઈની ગતિશીલ સંરચના લયયુક્ત રીતે રાધા-કૃષ્ણને નિરૂપે છે. વિશિષ્ટ અવકાશવિધાન દ્વારા એમ.એફ. હુસેન તેમની વિશિષ્ટ નિજી શૈલીમાં કૃષ્ણ, ગાય, ગોપીઓ, વૃક્ષ વિગેરેનાં રંગરૂપો સર્જી એક પ્રભાવકારી દૃશ્યસંરચના રજૂ કરે છે. અતુલ ડોડિયા કૃષ્ણની મૂર્તિની પૂજાને આધુનિક સંદર્ભમાં અંગ્રેજી પંક્તિઓના સૂચનાત્મક આલેખન



દ્વારા દર્શાવે છે.

આધુનિક ચિત્રો ઉપરાંત મધુબની ચિત્ર, ૧૯મી સદીના ઉત્તરાર્ધનું દખ્ખણી સ્કૂલનું લઘુચિત્ર, વીસમી સદીની શરૂઆતનું ઓરિસ્સાનું પટચિત્ર, રાજસ્થાની અઢારમી તથા ઉત્તરાર્ધવાળી ઓગણીસમી સદીનાં લઘુચિત્રો, ખાસ નાથદ્વારીય મહારાસનું ચિત્ર, તથા વીસમી સદીની શરૂઆતના યુરોપિય અસર તથા રવિ વર્માની અસર નીચે ૧૯૨૦, ૧૯૨૫, ૧૯૩૫, ૧૯૩૭ના વર્ષમાં શ્રી વાસુદેવ પંડ્યા દ્વારા તૈયાર થયેલાં છે. ચિત્રોનાં ઓલિયોગ્રાફ્સ દર્શનીય છે. વાસુદેવ પંડ્યાનાં ચિત્રોમાં નાટ્યાત્મક રીતે આકૃતિઓની ગોઠવણી કરાઈ છે.

પ્રદીપ નેરુરકરની ચિત્રસૃષ્ટિ

૧૯૫૭માં મુંબઈમાં જન્મેલા પ્રદીપ નેરુરકરે સર જે.જે.સ્કૂલ ઑવ્ આર્ટ, મુંબઈમાંથી ચિત્રકલામાં ડિપ્લોમા ઇન ફાઇન આર્ટ્સ ૧૯૮૨માં પ્રાપ્ત કર્યો. તેમણે ચિત્ર-



કલાનો અભ્યાસ શ્રી જી. એસ. હાલ્દંકર અને સદ્‌ગત શ્રી શંકર પલ્સીકરના માર્ગ-દર્શન હેઠળ કર્યો. તેમણે ૧૯૯૮માં જહાંગીર આર્ટ ગૅલરિ, મુંબઈ. ૧૯૯૯માં ડિઝાઇનસ્કેપ ગૅલરિ, મુંબઈ, ૨૦૦૧માં આર્ટવૉક ગૅલરિ, હૉટલ ઑબેરોય મુંબઈ તથા ૨૦૦૩માં આર્ચર આર્ટ ગૅલરિ, અમદાવાદમાં તેમનાં વૈયક્તિક ચિત્રપ્રદર્શનો યોજ્યાં. તેમણે જૂથ પ્રદર્શનોમાં પણ ભાગ લીધો છે. તેમાં ૨૦૦૩માં 'અમૂર્ત' ગ્રૂપ શો ઑવ્ ઍબ્સટ્રેક્શનિસ્ટ્સ સૌથી મહત્ત્વપૂર્ણ જૂથ પ્રદર્શન હતું. ૧૯૯૭થી ૨૦૦૩ સુધીમાં તેમણે મુંબઈમાં મહત્ત્વપૂર્ણ અને નોંધપાત્ર શિબિરોમાં તથા પ્રદર્શનોમાં ભાગ લીધો. તેમાં ૨૦૦૩માં નેહરુ સૅન્ટર, મુંબઈ ખાતે યોજાયેલા હાર્મની શોમાં તેમનું ચિત્ર પસંદગી પામ્યું હતું. તેમને ૨૦૦૨માં ગવર્નર ઑવ્



મહારાષ્ટ્ર પારિતોષિક તથા બૉમ્બે આર્ટ સોસાયટી તરફથી શ્રેષ્ઠ ઍન્ટ્રિ માટે મેડલ પ્રાપ્ત થયો. ૨૦૦૩માં ૪૩મા મહારાષ્ટ્ર રાજ્ય કલા પ્રદર્શનમાં અવૉર્ડ મળ્યો. તેમનાં ચિત્રો ઘણા વૈયક્તિક તથા કૉર્પોરેટ સંગ્રહોમાં ભારતમાં તથા પરદેશમાં સચવાયાં છે.

પૉલ ક્લી, માર્ક રોથકો, કૅન્ડિન્સ્કી, હોવાર્ડ હોઝકિન્સ, વી.એસ.ગાયતોંડે તથા પ્રભાકર કોલ્ટે જેવા અમૂર્ત કલાકારોની અમૂર્ત રચનાઓ તથા શૈલીઓથી તેઓ હંમેશાં પ્રભાવિત રહ્યા છે. ભલે સમકાલીન ભારતીય ચિત્રજગતમાં આકૃતિપ્રધાન ચિત્રોની બોલબાલા છે, છતાં પ્રદીપ નેરુરકરના મતે જીવન, પ્રકૃતિના ગૂઢાર્થોને ચિત્રભાષામાં વિવિધ રીતે અભિવ્યકત કરતી અમૂર્ત રચનાઓ, શૈલીઓ સાંપ્રત કાલમાં પણ તેમનું દાર્શનિક, સૌંદર્યશાસ્ત્રીય મૂલ્ય તથા પ્રસ્તુતતા ધરાવે છે. તેઓ સ્વયં આકૃતિ-પ્રધાન ચિત્રોના સર્જનમાં માહેર છે, છતાં તેમની વૈયક્તિક અભિવ્યક્તિ તથા ખાસ તો સર્જનાત્મક લગની અમૂર્ત શૈલીવાળી રચનાઓમાં જ સફળતાપૂર્વક તથા સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિએ થયેલી જોઈ શકાય છે. ભૂરા, લાલ, બદામી રંગના પશ્ચાદ્‌ભૂની સામે અવકાશમાં મુકાયેલાં જૈવિક, ભૌમિતિક રંગરૂપો તથા આડી-ઊભી અને એકબીજાને કાપતી રેખાઓ અને રંગોના પટાઓ દ્વારા અને કવચિત્ સફેદ તેજસ્વી રંગોની સાથે કાળા રંગોના પટાઓ પણ તેમણે સૂઝપૂર્વક સર્જયા છે. ખરેખર પ્રદીપની અમૂર્ત સંરચનાઓ આપણને તે માત્ર જોવાને બદલે ધ્યાન કરતા કરી મૂકે છે અને આપણને આધ્યાત્મિક અનુભૂતિ કરાવે છે.

- બંસીલાલ દલાલ

સાહિત્યસંપર્ક

એક મહત્ત્વની વિભાજનરેખા
‘અ પેસેજ ટુ ઇન્ડિયા’

૧૮૫૭ પછી ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું વિલીનીકરણ કરવામાં આવ્યું અને સર્વે રાજકીય સત્તા બ્રિટિશ સામ્રાજ્યને હસ્તક કરવામાં આવી. વિક્ટોરીઆને રાણી તરીકે જાહેર કર્યાં, વાઈસરૉય અને સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર ઇન્ડિયાની નિમણૂક કરવામાં આવી, અને એમ માનવામાં આવ્યું કે આ ‘સુધારા’ ભારતની સત્તાલાલસા સંતોષાશે. શાસકોના મનમાં એક એવી માન્યતા અસ્તિત્વમાં આવી કે હવે ભારતમાં સામનાની કોઈ શક્યતા નથી; અને તેથી ભારત માટે બિનજવાબદાર કથનો કરવામાં આવ્યાં. તેને એક અભણ, દરિદ્ર દેશ તરીકે વર્ણવામાં આવ્યો, જ્યાં વિરોધી દશ્યો જોનારને સંખ્યાબંધ ઘટકોમાં સહેલાઈથી જોઈ શકાય. એક તરફ પુષ્કળ દરિદ્રતા, રોગચાળો અને બીજી તરફ રસ્તામાં ઝૂલતા હાથી, રાજાઓ, ઘરેણાંથી ઢંકાયેલાં અને તેમના ‘હેરમ’માં અસંખ્ય રાણીઓ, જેમને કાંઇ પણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું ન હોય. વળી લોકો વહેમી અને ચમત્કાર તથા જાદુમાં માન્યતા ધરાવનાર; આવા અનેક પ્રકારના આક્ષેપો જરાયે સંયમ વિના અંગ્રેજી સાહિત્યમાં કરવામાં આવ્યા. સતી જેવી પ્રથાને પ્રકાશમાં લાવવામાં આવી. નાની ઉંમરે થતા બાળલગ્ન અને પછી વૈધવ્યનાં દશ્યો પર ભાર મૂકવામાં આવ્યો: આમાં સુધારો અથવા સામાજિક પ્રગતિ થાય એવી ઇચ્છા સ્પષ્ટ ન હતી, પણ ભારત કેટલો ‘પછાત’ દેશ છે તે બતાવવામાં આ પ્રકારનાં લખાણો જે પૂર્વગ્રહ અને અજ્ઞાનથી ભરપૂર હતાં તેને પ્રધાન્ય અપાતું ગયું.

આવા સંજોગોમાં સપાટી હેઠળ જે કાંઈ સ્વમાન અને સ્વાતંત્ર્ય માટે જે કાંઈ વિચાર, વિમર્શ થતાં હતાં તેને બહુ મહત્ત્વ અપાયું નહિ, અને જ્યારે કૉંગ્રેસની સ્થાપના થઈ ત્યારે આ ચળવળમાં રાજકીય પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ બીજ હોઈ શકે, અને આ સંસ્થા વિસ્તૃત બની. અખિલ ભારતમાં સફળ જનમત મેળવી શકે, અને એક નવું સત્તાનું કેન્દ્ર ઊભું કરી શકે, એવો વિચાર તે વખતના શાસકોને આવ્યો નહોતો, એમ લાગે જ છે.

આ વર્ષોમાં ગાંધીજી ઈંગ્લન્ડ જઈ બાર-ઍટ-લૉ થયા અને પછી કોઈ કેસના સંબંધમાં તેમને આફ્રિકા જવાનું થયું. અહીં તેમને કડવો સ્વમાનભંગનો અનુભવ અંગ્રેજને હાથે થયો.

પિટર મારીઝબર્ગ સ્ટેશને, તેમની પાસે પૂરેપૂરી કાયદેસર ટિકિટો હોવા છતાં તેમને જાતિ-પૂર્વગ્રહ તથા રાજકીય અભિમાનથી રંગાએલા બે બ્રિટિશ વ્યક્તિએ તેમના સામાન સાથે ચાલતી ટ્રેનમાંથી પ્લેટફૉર્મ પર ફેંકી દીધા. આનું અપમાન તેઓ સહન ન કરી શક્યા. થોડાં વર્ષો પછી તેઓ ભારત પાછા ફર્યા, પણ ત્યાર પહેલાં તેમણે આફ્રિકાના હિંદુ-મુસ્લિમ ભાઈઓના પૂર્ણ સહકારથી અને અહિંસક રીતે જનરલ સ્મટ્સનો ગીરમીટ (પરમીટ) વિષેનો કાયદો રદ કરાવ્યો. એમની કીર્તિ હવે ફેલાઈ હતી અને ‘મહાત્મા’ એમના નામ આગળ વપરાતું થયું, પરંતુ હજી ભારતમાં કેટલાક નિર્દય અને સત્તાથી અંધ બનેલા બ્રિટિશ ઑફિસરો હતા જેઓએ ભારતીય પ્રજાને એક ‘પાઠ’ શીખવવા દમનરાજ શરૂ કર્યું. જલિયાંવાલા હત્યાકાંડમાં અસંખ્ય નિર્દોષ, અહિંસક સ્ત્રીપુરુષ અને બાળકોને દયાહીન ગોળીબારથી મારી નાખવામાં આવ્યાં; અને ભારતીયોનો સ્વમાનભંગ કરવા તેઓને ઘૂંટણ પર ચાલવાની ફરજ પાડવામાં આવી. આ અક્ષમ્ય પગલાંથી ભારતભરમાં રોષ ફેલાયો. ટાગોરે એમનો ‘સર’નો ઇલકાબ પાછો આપી દીધો. ગાંધીજીએ આ હત્યાકાંડ માટે તપાસ કરવાની માગણી કરી.

આ પ્રમાણે ૧૯૧૯ પછી ધીમેધીમે પશ્ચિમનાં લોકોનું ધ્યાન ભારતની અવદશા પ્રત્યે ખેંચાતું ગયું, અને જે બે ધોરણ વપરાતાં હતાં તે તરફ એમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. આમ કરવામાં નૈતિક હિંમત, ન્યાય માટેનો આગ્રહ અને સત્ય પર આધાર જરૂરી હતાં અને તે ૧૯૨૪માં ઇ.એમ.ફૉસ્ટર (દેવાસના રાજાના મંત્રી) પોતાની નવલકથા ‘અ પૅસેજ ટુ ઇન્ડિયા’માં તે દર્શાવ્યાં. એ વર્ષોમાં અંગ્રેજો પૂર્વગ્રહથી, અન્યાયથી અને સત્તાના જોરે રાજ્ય કરતા હતા તે બતાવવું અસામાન્ય હતું; તે છતાં ફૉસ્ટરે આ પુસ્તક દ્વારા એક વિભાજન રેખા દોરી અને ત્યાર પછી કેથેરીન મેર્યા અને રૅથબોન જેવી બ્રિટિશ સ્ત્રીઓએ ભારત વિરુદ્ધ લખાણ કર્યાં. (જેનો જવાબ ટાગોરે પોતાની મરણપથારીએથી સખ્ત શબ્દોમાં આપ્યો). પ્રમાણમાં આ પ્રકારની વિચારધારા હવે પરિવર્તન પામતી ગઈ. ૧૯૩૦માં જ્યારે દાંડીકૂચ દ્વારા આખા ભારતમાં મીઠા ઉપરના કરવિરોધમાં આંદોલન થયું ત્યારે ટૂંકા દમનરાજ પછી વૉઈસરૉય અરવિનને ગાંધીજી સાથે સમાધાન કરવું પડ્યું અને તે કર ઊઠાવી લેવામાં આવ્યો. ૧૯૩૭માં જ્યારે સમવાય તંત્ર હેઠળ દેશમાં ચૂંટણીઓ થઈ ત્યારે પંજાબ અને બંગાળ સિવાય સર્વે સ્થળે કૉંગ્રેસનાં પ્રધાનમંડળોની રચના. આ અરસામાં ‘દાંડી તણા કિનારે, મોહન મીઠું પકાવે,’, ‘ચરખા ચલાચલાકે લેંગે સ્વરાજ લેંગે;’ પછી ‘ભારત કા ડંકા આલમમેં બજવાયા વીર જવાહરને’ જેવાં ગીતો સર્વવ્યાપી થયાં હતાં. ૧૯૪૨માં જ્યારે ગાંધીજીએ ‘હિંદ છોડો’ની હાકલ કરી અને સર્વ દેશે એને ઉપાડી લીધી ત્યારે દેશમાં દમનરાજ તો થયું. પણ ગાંધીજી, કસ્તુરબા, સરોજિની નાયડુ, મીરાંબહેન, મહાદેવભાઈ દેસાઈને યરોડા ન રાખતાં આગાખાન પૅલેસમાં મૂકવામાં આવ્યાં. તે પ્રમાણે સરદાર પટેલ, નેહરુ, અબ્દુલ-કલમ આઝાદને ઔરંગાબાદ કિલ્લામાં રખાયા, જેમાં સરદાર પટેલ કેટલીક ભાષાઓ શીખ્યા, અને નેહરુએ ‘ડિસ્કવરી ઑફ ઇન્ડિયા’નું સર્જન કર્યું. આ પ્રમાણે ન દેખાય તેવું પણ વાસ્તવિક હોય એવું દષ્ટિપરિવર્તન થતું ગયું. લૉર્ડ વેવલને પાછા બોલાવી માઉન્ટ બેટનને ભારતનાં ભાગલા કરીને પણ સ્વરાજ આપવું એ હેતુથી ક્લેમન્ટ એટલીએ તેમને વૉઈસરૉય નિમ્યા, અને પછી ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ને દિવસે ગાંધીજીનું સ્વપ્ન મહદ્અંશે ફળીભૂત થયું. પછીનો ઇતિહાસ તો સર્વેને ખબર છે.

‘અ પૅસેજ ટુ ઇન્ડિયા’માં ફૉસ્ટરે એક અંગ્રેજ સ્ત્રી, એક મુસ્લિમ ડૉક્ટર પર મુરાબારની ગુફામાં તેની સાથે આવીને ખોટું આળ મૂકે છે અને તેથી ચંદ્રપુરમાં અંગ્રેજો અને દેશીઓના બે ભાગ પડી જાય છે. અંગ્રેજો એમ માને છે કે ડૉક્ટર આઝીઝ પર મૂકેલું આળ સાચું છે. પણ જ્યારે કોર્ટમાં કેસ ચાલે છે ત્યારે એ અંગ્રજ સ્ત્રી ઍડિલા મૂર કબૂલ કરે છે કે એ આળ ખોટું છે, તે તેની એક ભ્રમણા જ હતી ને આઝીઝ તદ્દન નિર્દોષ છે, આ પ્રમાણે અંગ્રેજોને પોતાનો માનભંગ બતાવવો અને એક ભારતીય ડૉક્ટરને કેટલો અન્યાય થાય છે તે બતાવવું એ તે દિવસો માટે એક અપૂર્વ ઘટના ગણી શકાય. આ પછી તો અંગ્રેજોની કલમે નવલકથાઓ લખાઈ, જેમાં કિપલિંગ જેવાનો પૂર્વગ્રહ દેખાતો

ન હતો, અને પછી આપણા હિંદી લેખકોએ અંગ્રેજીમાં (ડૉ. મુલકરાજ આનંદ, આર. કે. નારાયણ, રાજારાવ) પ્રખર લેખકોએ ભારતની સ્થિતિ પર પ્રકાશ પાડ્યો અને ભારતનું સત્યદર્શન શક્ય બનાવ્યું, હવે જૂજ પૂર્વગ્રહો નાશ પામ્યા, અને નૂતન ભારતનાં સ્વપ્નાં રજુ થતાં ગયાં. *-મહેન્દ્ર ન. પંડ્યા*

——અવલોકન——

પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રાણ મોતીભાઈ અમીન

૧૯૩૩માં મદ્રાસમાં ભરાયેલી અખિલ હિંદ ગ્રામ પુસ્તકાલય પરિષદે 'ગ્રંથાલય ઉદ્યમ પિતામહ'નું બિરુદ અર્પણ કર્યું તેવા મોતીભાઈ અમીન ગુજરાતની પુસ્તકાલય પ્રવૃત્તિના જનક હતા. વસો (ખેડા જિલ્લો)માં પ્રાથમિક શિક્ષણ લીધું. વસોમાં માત્ર ૧૬ વરસની ઉંમરે ૧૮૮૯માં પ્રેરણા આપી કે દર મહિને એક જ રૂપિયો પુસ્તકો ખરીદવામાં આપવો. અને તે પુસ્તકોના આધારે 'વિદ્યાર્થી સમાજ પુસ્તકાલય'ની સ્થાપના એ તેમની જીવનપર્યંત ચાલેલી જ્ઞાનપ્રસાર પ્રવૃત્તિના પ્રારંભનું પ્રથમ સોપાન હતું.

આ પુસ્તક ડૉ. ગીતાબહેન શાહના પીએચ.ડી.ના શોધનિબંધ 'ગુજરાતના સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનમાં મોતીભાઈ અમીનનું પ્રદાન'ના આધારે રચાયેલું છે. અહીં મોતીભાઈ અમીનની માત્ર પુસ્તકાલય પ્રવૃત્તિની જ નહિ, પણ શિક્ષણ વિષયક પ્રવૃત્તિઓની માહિતી પણ વિગતે આપવામાં આવી છે. વડોદરા રાજ્ય અને તેના દૂર સુધી ફેલાયેલા કડી, નવસારી અને અમરેલી મહાલમાં કોઈ પણ નાનું ગામ એવું નથી કે જેમાં ગાયકવાડ સરકાર અને મોતીભાઈ અમીનનું નામ જાણીતું ન હોય. આજે પણ આવાં અનેક ગામોમાં પુસ્તકાલય-વાચનાલયની પ્રવૃત્તિ છેલ્લાં ૬૦-૭૦ વરસથી અગ્રૂક ચાલે છે, જેના સ્થાપક અને પ્રેરક શ્રી મોતીભાઈ અમીન હતા.

કર્મભૂમિ વસોમાં પુસ્તકાલય શરૂ કરી તેઓએ શિક્ષકની કામગીરીથી જીવનનો પ્રારંભ કર્યો. પ્રથમ વડોદરા અને પછી પાટણમાં શિક્ષક અને પહેલું કામ પુસ્તકાલયનું જ. લોકોએ શું વાચવું તેની માહિતી તેઓ રસપૂર્વક આપતા! પેટલાદથી તેઓએ 'મિત્ર મંડળ પુસ્તકાલય' નામથી ગુજરાતમાં સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. અહીં જ 'ગદ્યપદ્યસંગ્રહ' નામનું માસિક પણ શરૂ કર્યું. આ બધી પ્રવૃત્તિ સામે તેઓ સમાજ- સુધારાની અને કુરિવાજોની નાબૂદીની પ્રવૃત્તિ પણ કરતા રહ્યા.

૧૯૧૧માં વડોદરાના રાજવી સયાજીરાવને જ્ઞાનપ્રસાર અને લોકશિક્ષણનું કાર્ય કરવાનું મહત્ત્વ સમજાયું અને તે માટે સ્વતંત્ર પુસ્તકાલય ખાતું શરૂ કર્યું ત્યારે તેના મદદનીશ ક્યૂરેટક તરીકે મોતીભાઈ અમીનની નિમણૂક કરી અને મોતીભાઈની પુસ્તકાલય પ્રવૃત્તિનો વ્યાપ સમગ્ર રાજ્યમાં વિસ્તર્યો, જેના પરિણામ સ્વરૂપ જ પુસ્તકાલય સહાયક સરકારી મંડળી લિ., વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળની સ્થાપના અને 'પુસ્તકાલય' માસિકનો પ્રારંભ થયો. 'ચરોતર' માસિક શરૂ થયું અને એ રીતે તેઓએ પુસ્તકાલય વિકાસની સાથે સાથે જ્ઞાનપ્રસાર, શિક્ષણ અને આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓને પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું. જેની પાછળ તેઓ એવા તો ઝઝૂમ્યા કે મોતીભાઈ અમીન ચરોતરના પિતામહ બની રહ્યા.

પુસ્તકાલય પ્રવૃત્તિ દ્વારા લોકો વાચતાં થાય, તેમનું અક્ષરજ્ઞાન વધે, કોઈ શાળા પુસ્તકાલય વગરની ના રહે તે માટે તેઓ સતત પ્રવૃત્ત રહ્યા. તેઓ કહેતા કે,'અજ્ઞાન દૂર કરવાને માટે અને જ્ઞાનનો પ્રચાર કરવાને માટે સાર્વજનિક વાચનાલયો જેવી એક પણ બીજી સુંદર યોજના નથી. આપણા સમાજસેવકો આ સિદ્ધાંત જેટલો વહેલો સમજે તેટલું દેશનું કલ્યાણ વહેલું થાય.' પોતાની આ માન્યતાને અમલમાં મૂકવા તેઓએ જે પુરુષાર્થ આદર્યો તેનાથી વીસમી સદીમાં જ્ઞાનપ્રસાર અને વાચન- પ્રવૃત્તિને વેગ મળ્યો.

વડોદરા રાજ્યમાં આ પ્રવૃત્તિમાં તેઓનું પ્રદાન એટલું બધું છે કે લોકો શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ અને મોતીભાઈ અમીનનું નામ સાથે જ ઉચ્ચારે છે. ગુજરાતની સુજ્ઞ પ્રજાને મોતીભાઈ અમીનની સાથે સાથે તે સમયની સામાજિક, આર્થિક અને રાજકીય-અટપટી સ્થિતિનું પણ પરોક્ષ દર્શન કરાવ્યું છે અને એટલે જ આ પુસ્તક એક મહાનુભાવનું જીવનચરિત્ર, જીવનદર્શન તો બન્યું જ છે પણ સાથે સાથે જ્ઞાનોપાસનાનો એક અવિસ્મરણીય દસ્તાવેજ પણ છે અને એટલે જ એ ગમે ત્યારે વાંચવું ગમે તેવું બન્યું છે. ખરેખર તો આજના વાચન-પ્રવૃત્તિના દુષ્કાળમાં એ એક ઉમદા અંગુલીનિર્દેશ ગણી શકાય. લેખિકાને આજની તાતી જરૂરિયાત તરફ પથ ચીંધવા બદલ અભિનંદન અને જીજ્ઞાસુને વાંચવા- વંચાવવા અનુરોધ સહ.

[પુસ્તકાલય પ્રવૃત્તિના પિતામહઃ મોતીભાઈ અમીનઃ ગીતા કિરણકુમાર શાહ, પ્રકાશક જાતે, ક્યૂ-૫, સૌંદર્ય એપાર્ટમેન્ટ, ઘાટલોડિયા, અમદાવાદ ૪૦૦૦૬૧ ૨૪૦ +૧૦ ચિત્રો સહિત, કિંમત રૂ.૧૪૦.] *-પ્રા. સુરેશ મ. શાહ*

'ત્રેપનમો જાણ્યે પાર'માં પ્રવર્તમાન 'ટૉન અને ટૅનર'

રાધેશ્યામ શર્મા

વિવેચક વિજય શાસ્ત્રીનો દસમો વિવેચનસંચય 'બાવનનો સઘળો વિસ્તાર' હતો તો અગિયારમો 'ત્રેપનમો જાણ્યે પાર' છે. લેખકની અંક-લગની સકારણ હશે ? હોઈ શકે કદાચ. બાકી '૫૩મો જાણ્યે પાર' શીર્ષકથી શું પાર પામ્યા ? શાનો પાર પામ્યા ? શાસ્ત્રી જાણે પ્રસ્તુત સંગ્રહમાંથી વાચક કેવું અને કેટલું જાણવા પામશે એનો અંદાજ લેખકના અંકરાગને અનુમોદી આમ આપી શકાય... ૨ (બે) જેને 'સ્ટડીઝ' કહેવાય એવા સંક્ષિપ્ત અભ્યાસલેખ , ૧ (એક) વાઙ્મય ચિંતનને સ્પર્શતો લેખ, ૬ (છ) વિવેચનગ્રંથ વિષયક લેખ, ૫(પાંચ) નિબંધ-અવલોકનના લેખ, ૪(ચાર) નવલકથા-ચર્ચાના લેખ, ૧ (એક) સંશોધન વિષયક લેખ અને સમખાવા જોગ ૧ (એક) કવિતા આસ્વાદનો લેખ - આવા પ્રકારના કુલ ૨૩(ત્રેવીસ) લેખો છે. કહેવું હોય તો કહી શકાય ૨૩ને બદલે ૫૩ લેખ પૂરા કરવા હતાને ! પરંતુ માત્ર નામ સાર્થક્ય સાબિત કરવા બહાર નીકળી પડે એવા આ લેખક નથી. ખાતરીપૂર્વક તે જાણે છે કે ત્રેવીસને સ્થાને ત્રેપનમો લેખ કરી આપ્યો હોત તો ય સર્જન-વિવેચનના અપરિમેય જ્ઞાનાવકાશનો પાર પામી શકાય તેમ નથી. લેખકના 'બાવનનો સઘળો વિસ્તાર' પ્રમાણી કવિ વિવેચક જયન્ત પાઠકે તો અલ્પાધિક પાર

સુધારો

ગતાંકમાં શ્રી અશ્વિન મહેતાના છબી-ગ્રંથનું અવલોકન શ્રી રાધેશ્યામ શર્માએ કર્યું છે તેમાં નીચે પ્રમાણે ગ્રંથની વિગત ઉમેરી લેવીઃ

હૅપનિંગ્ઝઃ છબી-ટેક્સ્ટ (અંગ્રેજીમાં) અશ્વિન મહેતા, આમુખઃ રણજિત હૉસ્કોટ, પ્રકા. હિન્દુસ્તાન ઈંક્સ ઍન્ડ રેઝિન્સ લિમિ., બિલખિયા હાઉસ, મુક્તાનંદ માર્ગ, વાપી - ૩૯૬૧૯૧, પ્ર.આ.૨૦૦૩, આર્ટ પૃષ્ઠ ૧૯૫, રૂ.૧૫૦૦.૦૦

પામી લેખક વિવેચક-વિશે આવું તારતમ્ય સારવેલું : રુચિની નોંધપાત્ર ઉદારતા, સાહિત્યનાં બધાં સ્વરૂપોમાં વિવેચનની ગતિ, વૈચારિક સંપત્તિ સાથે અભિવ્યક્તિ સજ્જતા. તદુપરાંત ગુણગ્રહણશીલ પાઠકે એક સૂચક પણ આવશ્યક માર્મિક નિરીક્ષણ લેખકને લખેલું : 'તમારામાં જે વક્તાની ફાવટ છે તેને તમે અહીં ખાસ ખપમાં નથી લીધી તે સારું થયું છે.' દશમસ્કન્ધ સમા સંગ્રહમાં તેમજ અગિયારમા આ સંચયમાં પણ 'વક્તા'ને એકાદશી ઉપવાસ પર ઉતારવાની બહુધા સાત્ત્વિકતાને નવાજી અભ્યાસી વાચકવર્ગ, લેખક ત્રેપનમો જાણી પાર પામ્યા - એવો વિનોદ વહેંચી શકે.

'ટપટપથી નહીં મમમમથી કામ' એવા અભ્યાસલેખોમાં સર્વપ્રથમ 'સાહિત્યપ્રકારોઃ કલાસિદ્ધિના માત્ર સાધન ?' આવે. શીર્ષકાન્તે મૂકેલું પ્રશ્નાર્થચિહ્ન અભિગમદર્શક છે. પ્રશિષ્ટતા-વાદીઓના પક્ષમાં ઉપસ્થિત રહી લેખક પ્રકારોની (ઝારની) વ્યાવર્તકરેખાનું જતન કરવાની ચુસ્તીભરી વકીલાત કરી શક્યા છે. પાંચ સંદર્ભગ્રંથો એમની કુમકમાં છે પણ અંતે મધુર સમાપનમાં સામેલ થયા છે, 'પ્રકારની વ્યાખ્યા બાંધો પણ એના પર વિશ્વાસ ના રાખો.' છતાં વિષયને ન્યાય કરવા સ્પ્રિંગ બૉર્ડનું મહત્ત્વ, 'જમ્પ' જેટલું જ સ્વીકારે છે. વૅલેક વૉરેને સાહિત્યના પ્રકારોનાં લક્ષણો, હમેશાં સ્થિર નથી જ રહેતાં એવું 'થીઅરિ ઑવ્ લિટરેચર'માં સ્પષ્ટ કરી સૂચવેલું કે પ્રકારોનો યંત્રજડ સિદ્ધાંત બનાવી દેવાનું કૃત્ય અમાનુષી ઠરે. રામનારાયણ વિ. પાઠકે પણ કમળકુસુમની પાંખડીઓને પૃથક્કરણની વૈજ્ઞાનિકતાથી ન વીંખવાનું આર્દ્રતાપૂર્વક ઉદ્બોધેલું. અહીં વિષયની સંક્ષિપ્ત પણ સચોટ રજૂઆત લેખકની લાઘવક્ષમતાનું સફળ ઉદાહરણ ગણાય.

'ગુજ્જુવાર્તાની પહેલી પચીસી' બીજો એવો લેખ છે જેમાં નોંધપાત્ર લક્ષણોની સમુચિત તારવણી તો આપી છે પણ નવમા અંકમાં લેખકનું સંશોધન ફળપ્રદ બન્યું છેઃ 'કેટલાક અલ્પખ્યાત લેખકોએ આથી ઊલટું પ્રમાણમાં વધુ કલાત્મક રચનાઓ આપી છે જેમ કે ૧૯૨૨માં પ્રગટ થયેલ જીવનલાલ અમરશી મહેતા સંપાદિત 'કથામંજરી (બે ભાગ)માં....'(પૃ.૧૭) વિગતવાર જાણવા 'ત્રેપનમો...' સંગ્રહ જોવો. ઍરિસ્ટોટલના કાવ્યશાસ્ત્રના અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના સફળ ભાષાંતરની ચર્ચા બાદ જ્યોતીન્દ્ર દવેના વાઙ્મયચિંતન'ના સંપાદનનું સરસ મૂલ્યાંકન કરી લેખકે નવલરામની ગદ્ય-શૈલીના ઉત્તમ લેખને અંજલિ અર્પી ધારદાર વિધાન અર્પ્યું છે.

'ગદ્ય અને તેનાં વિવિધ રૂપો, સ્ટાઈલિસ્ટિક્સ વગેરેના ઉલ્લેખો કરી વિદ્વાનમાં ખપવાની આજના ડોળઘાલુ વિવેચકો ચેષ્ટા કરતા રહે છે તે સંજોગોમાં નવલરામના ગદ્યની પ્રૌઢિ, વાગ્મિતા, ગૌરવ, ઓજસ, નવશબ્દરચના વગેરે પાસાંની સદૃષ્ટાન્ત થયેલી ચર્ચા આધુનિકતાનો ડોળ કર્યા વગર પણ સાચા અભ્યાસીઓ કઈ રીતે પ્રવર્તે છે તેની સાખ પૂરે એવી છે. ગદ્યનું રેહટોરિક્સ તેમણે પકડવાનો પ્રયત્ન કર્યો છે.' (પૃ.૨૮)

ડૉ. હરિવલ્લભ ભાયાણીના 'વૈજ્ઞાનિક છતાં રસાર્દ્ર' સંશોધગ્રંથ 'શોધખોળની પગદંડી પર' થઈ લેખક સાહિત્યસંલગ્ન મહત્ત્વના મુદ્દાઓને સમાવતા, 'કાવ્યકૌતુક'ની સમૃદ્ધિને છતી કરતાં સુરેશ જોષીની વાર્તાઓમાં પ્રવેશેલા કાવ્યત્વ સંબંધે ઉપર્યુક્ત સાહિત્યપ્રકારની સંકરી ભેળસેળતા વિશે ડૉ. ભાયાણીના તારણને લેખક સંમાન્ય લેખે છેઃ 'કથા-કાવ્યની ભેળસેળ સ્વયં દોષ કે ગુણરૂપ નથી પણ 'પરિણામ પરથી', 'સિદ્ધ કૃતિ પરથી' જ તેની સાધકતા-બાધકતા નક્કી કરી શકાય.' સાહિત્યના પ્રકારભેદની ચુસ્તતાના કંઈક આગ્રહી લેખક, ડૉ. ભાયાણી જેવા પ્રશિષ્ટતાશીલ વિવેચકના સમીચીન તારણથી 'સ્પ્રિંગ બૉર્ડ' જેટલું જ 'જમ્પ'નું મહત્ત્વ પામી ગયા, એમનું આ વિધાન એનું ઉગ્ર અને શુદ્ધ પ્રમાણ છેઃ 'સુરેશ જોષીની વાર્તાઓની કાવ્યાત્મકતા કે નિબંધાત્મકતાને અનુલક્ષીને થતી બદઈરાદાવાળી ટીકાઓ, આ (ભાયાણીના) દૃષ્ટિકોણને સમજીને બંધ કરવી જોઈએ.' (પૃ.૩૮)

જયંત કોઠારીના 'વ્યાસંગ'માં લેખકે કોઠારીના પસંદીદા કૃતિકર્તામાં 'પક્ષિલકા ઉદ્ભવી નથી' કહ્યું ખરું, પણ આગળ ઉપર એક વેધક નિરીક્ષા કરતાં લખ્યું છેઃ 'લોકશાહીમાં ફલાણા વિશે જ તમે કેમ લખ્યું ને ઢીંકણા વિશે કેમ નહીં લખ્યું એમ કાયદેસર તો પુછાય નહીં. કારણ કે વિવેચક કંઈ સાહિત્યનો નોકર નથી કે બધા વિશે લખલખ કરવું જ પડે.' કોઠારીએ મધુ રાય, ટોપીવાળા, લા.ઠા. કિશોર જાદવ, પ્રબોધ પરીખ, સુમન શાહ કે સુરેશ જોષી વિશે નથી જ લખ્યું એમ કહી લેખકે જયંતભાઈની રુચિના પક્ષપાતનો ખયાલ રજૂ કરી દેવાની નિર્ભિકતા, વક્ર બન્યા વિના દેખાડી છે. સાથોસાથ ડૉ. કોઠારીના 'ગુજરાતી સાહિત્ય વિવેચન' ગ્રંથના 'માર્મિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ' બદલ નિષ્પક્ષ અભિવાદન પણ કર્યું છે. આવું તાટસ્થ્ય, આવી સાહિત્યપ્રીતિ વિરલ છે, 'અધુના'.

ડૉ. શિરીષ પંચાલના લઘુ પુસ્તક 'કપોળકલ્પિત'ના નક્કર અભ્યાસને અભિનંદી લેખકે ડૉ. સુમન શાહના મતને નોંધપાત્ર ઠેરવ્યો છે : 'પુસ્તકને એમણે (ડૉ. પંચાલે) ક્રમે ક્રમે અને કળે કળે કોરી સિદ્ધાંતચર્ચાથી ઉગારીને નક્કર કૃતિચર્ચામાં પલટ્યું છે.'

આમ છતાં જોવા જેવું એ છે કે કૃતિની ચર્ચા અર્પતાં અવલોકનો કે કૃતિના આસ્વાદો કરતાં કોરીકટ સિદ્ધાંતચર્ચા કર્યા કરતાં દીર્ઘસૂત્રી વિવેચનલેખો કરતા લેખકો જ અધિક માત્રામાં પુરસ્કારપાત્ર માન્યતા ઉઘરાવતા આવ્યા છે ! 'અમારે તો શબ્દો જ કંકુ અને ચોખા' ગંભીરપણે માનતા ભગવતીકુમારની સહૃદયતાને વધાવી લેખકે શર્માની વિષ્ણુપ્રસાદીય'તા' - મુખ્ય રીતિનીતિઓની રસપ્રદ નોંધ કેટલાક શબ્દો શોધી કરી છે : 'રસિકતા, હૃદયશીલતા. રસજ્ઞતા, શાસ્ત્રજ્ઞતા' ઈત્યાદિ. 'તરુરાગ' વિષે ડૉ. જયન્ત પાઠકને પત્રરૂપે કવિની 'ત્રિવિધ શક્તિઓના પિરપાક'ને સુપાત્રે અંજલિ અર્પી છે. અથાક પ્રવાસી નિબન્ધાકાર ભોળાભાઈ પટેલના 'બોલે ઝીણા મોર' સંબંધે લેખકની ઉત્ખનનરસિક શોધવૃત્તિ ઉપયોગી પરિણામ લાવી આ કથનમાંઃ 'સુરેશ જોષીના 'જનાન્તિકે' પર જેમ રવીન્દ્રનાથની પ્રગાઢ છાયા છે તો અહીં પણ ફાગણ, નિદાઘકાલ, શિરીષપુષ્પો અને અષાઢના નિબંધોમાં ટાગોર અને વધુ તો કાલિદાસનું ભોળાભાઈએ શરણું લીધું છે.' મંજુ ઝવેરીના 'પ્રતિસાદ' વિશે યોગ્ય મત છેઃ 'ચીલાચાલુ વાદ-વિચારોની બહારની વિચારસૃષ્ટિને સ્પર્શે છે.'

મણિલાલ હ. પટેલનાં 'ભૂસાતાં ગ્રામચિત્રો'માં એક પ્રકારની 'તેજસ્વી' આભા, મહેશ દવેની નવલકથાને 'સૂક્ષ્મ છતાં સુખપાઠ્ય,' ડૉ. બહેચરભાઈ પટેલની 'મહામૃત્યુ' કથાને 'ખલેલ પહોંચાડે એવી', રમેશ ર. દવેની રચનાને 'સમજપૂર્વક' લખાયેલી નવલકથા, વિદ્યુત જોષીની 'સરસતી સરસતી તું મોરી મા' કથામાં લેખકને સ્વાદ ચાખવા મળ્યો છે.

લેખકનું આ વિવેચનસંગ્રહ પૂરતું

(અનુસંધાન પૃ. ૮૨૬ પર)

અડકો દડકો

ટેટા-બેટાની વાર્તા

રમણલાલ સોની

સાબરમતી નદીના કિનારે એક વડનું ઝાડ હતું. ઘણું જૂનું; બસો અઢીસો વરસનું. દેશમાં દુકાળ. નદીનવાણો સુકાઈ ગયાં. પાણી ક્યાંય મળે નહિ. વડદાદાને તરસ લાગી. દાદાએ દીકરાના દીકરા, દીકારાના દીકરા ટેટાઓને કહ્યું: 'બેટાઓ, તરસે મારો જીવ જાય છે. કંઈ કરો !'

બીજા ટેટાઓ કંઈ બોલ્યા નહિ, પણ એક નાનો ટેટો બોલ્યો, 'દાદા, હું તમારા માટે પાણી લેવા જાઉં છું, મને આશીર્વાદ આપો !'

દાદાએ કહ્યું: 'મારા આશીર્વાદ છે. ટેટા બેટા, જા !'

ટેટો બેટો દાદા માટે પાણીની શોધમાં ચાલ્યો. રસ્તામાં એને ગાય મળી. ટેટો કહે: 'ગઉમા ઓ ગઉમા, મારા વડદાદા તરસે મરે છે. પાણી ક્યાં મળશે ?'

ગાયે કહ્યું: 'તારા દાદા ઘણા ભલા છે, દીકરા ! અમને સૌને કેવો મીઠો છાયડો આપે છે. એમને માટે પાણી તો શું, હમણાં દૂધની ધાર કરી દઉં ! પણ પાણી વિના, ઘાસચારા વિના મારાં આંચળ સુકાઈ ગયાં છે. હું લાચાર છું. ક્યાંય પાણી નથી.'

ટેટાએ કહ્યું: 'દુ:ખી ન થશો, ગૌમા !'

આમ કહી ટેટો આગળ ચાલ્યો. એને એક ભેંસ મળી. ટેટાએ કહ્યું: 'ભેંસ ફઈ, ઓ ભેંસફઈ, મારા વડદાદા તરસે મરે છે. પાણી ક્યાં મળશે ?'

ભેંસે એક નિસાસો નાખી કહ્યું: 'અરેરે, આવા ભલાદમીને આવું દુ:ખ. પાણી ક્યાંય નથી, ભાઈ, શું દેખાડું ?'

બોલતાં બોલતાં ભેંસફઈની મોટી મોટી આંખોમાંથી આંસુ ટપકવા માંડ્યાં.

'દુ:ખી ન થશો, ફઈબા !' કહી ટેટો આગળ ચાલ્યો. રસ્તામાં એને ઊંટ મળ્યો. ટેટાએ ઊંટને કહ્યું: 'ઊંટમામા, ઓ ઊંટમામા, મારા વડદાદા તરસે મરે છે. ક્યાંય પાણી દેખાડશો ?'

ઊંટે કહ્યું: 'તરસ તો લાગે, ભાઈ, પણ અમારા વડવાઓએ તો અમને એવું શીખવ્યું છે કે તરસનો વિચાર કરવો જ નહિ. આથી વધારે મને કાંઈ ખબર નથી.' પછી કહે: 'હા, પણ પેલી બિલાડીને પૂછ ! અમે તો બધા બહાર રસ્તા પર ફરનારાં, ઘરોમાં શું છે તેની અમને ખબર નહિ, પણ બિલાડીને બધી ખબર. ક્યાંય કોઈ ઘર એનાથી અજાણ્યું નથી. ગાઉ દૂર બેઠાં બેઠાં એ દૂધ ક્યાં છે તે કહી આપે છે, તો પાણી નહિ કહી આપે ?'

ટેટાએ બૂમ પાડી: 'માસીબા, એ.. ઈ માસીબા !'

બિલાડીને કોઈ માસી કહે તો એ ખુશ થઈ જાય અને માસીબા કહે તો એની ખુશીનો પાર ન રહે. એ ખુશખુશ થઈ બોલી: 'બોલો, ભાણાભાઈ, શું કામ પડ્યું મારું ?'

ટેટાએ કહ્યું: 'માસીબા, મારા વડદાદા તરસે મરે છે, પાણી ક્યાં મળશે ?'

માસીએ કહ્યું: 'ભાણા, આ તો જોષીને પૂછવાનો સવાલ તે મને પૂછ્યો. તું એમ કર, તું ગુરુ મહારાજને આ પૂછ. ત્રણ કાળનું એ જાણે.'

ટેટાએ કહ્યું: 'ગુરુ મહારાજ ? ગુરુ મહારાજને હું ક્યાં ગોતવા જાઉં ?'

માસી કહે: 'જો, પેલા બાવળના ઠૂંઠા પર કોણ બેઠું છે ?'

ટેટાએ એ તરફ જોઈને કહ્યું: 'એ તો ગલબો શિયાળ છે.'

માસીએ કહ્યું: 'ગલબો ન કહેવાય, ભાણા, ગલબાજી કહેવાય. એ જ ગુરુ મહારાજ છે. આવા મોટા માણસોને માનથી બોલાવતાં તારે શીખવું જોઈએ. જા, તારો પ્રશ્ન એમને પૂછ !'

ટેટો હવે ગલબા ગુરુ પાસે ગયો. એ કંઈ બોલે તે પહેલાં જ ગુરુએ હુકમ કર્યો: 'પ્રણામ કર ! પગે લાગ !'

ટેટો બે હાથ જોડી પગે લાગ્યો. 'પગમાં માથું મૂક !' બીજો હુકમ થયો.

ટેટાએ ગુરુદેવના પગમાં માથું મૂક્યું. ગુરુએ એ માથા પર પગ મૂક્યો. હવે ગુરુએ કૃપા કરી. તેમણે કહ્યું: 'બોલ, શું જોઈએ ?'

ટેટાએ કહ્યું: 'મહારાજ, મારા વડદાદા તરસે મરે છે. શું કરું ?'

એકદમ ગુરુએ આંખ મીંચી દીધી. એ સમાધિમાં પડી ગયા. થોડી વારે તેમણે આંખો ઉઘાડ્યા વિના જ કહ્યું: 'શું થયું છે તારા વડદાદાને ?'

ટેટાએ કહ્યું: 'એ તરસે મરે છે.'

ગુરુ મહારાજે કહ્યું: 'ઓહ ! શા સારુ તરસે મરે છે ?'

ટેટાએ કહ્યું: 'પાણી નથી ! ક્યાંય પાણી નથી !'

ગુરુએ કહ્યું: 'પાણી કેમ નથી ? તું છે કે તું નથી ?' 'હું છું.'

'હું છું કે હું નથી ?'

'તમે છો.'

'તું છે, હું છું, તો પાણી કેમ નથી ?'

ટેટો આનો કંઈ જવાબ દઈ શક્યો નહિ. હવે ગુરુ મહારાજે આંખો ઉઘાડી. તેમણે કહ્યું: 'બેટા, સો વાતાની એક વાત. તારા વડદાદાને કહેજે કે જીવવા કરતાં મરવામાં વધારે સુખ છે, માટે ખુશીથી તરસે મરો !'

ટેટો ચમકીને ગુરુ મહારાજની સામે જોઈ રહ્યો. પછી તેણે કહ્યું: 'હેં ગુરુ મહારાજ, તમે સુખી કે દુ:ખી !'

ગુરુએ કહ્યું: 'સુખી.'

ટેટાએ કહ્યું: 'સમજી ગયો. તમે જીવતા નથી; મરેલા છો.'

હવે ટેટાને કંઈ જવાબ મળ્યો નહિ. ગુરુ મહારાજ આંખો મીંચી સમાધિમાં પડી ગયા હતા. ટેટાને ખાતરી થઈ ગઈ કે એ મરેલા જ છે. હવે કોને પૂછવું ? ક્યાં જવું ? ટેટો નિરાશ થઈ ઘેર પાછો ફર્યો અને લમણે હાથ દઈ એક ખૂણે બેઠો. તેની આંખોમાં આંસુ હતાં. એક કબૂતરે જોયું. ટેટાની પાસે આવી તેણે કહ્યું: 'ટેટાભાઈ, શા દુ:ખે રડો છો ?'

ટેટાએ કહ્યું: 'કબૂતરકાકા, મારા દુ:ખનો પાર નથી ! મારા વડદાદા તરસે મરે છે ને હું કાંઈ કરી શકતો નથી.'

'શું કરવું છે ?' કબૂતરે પૂછ્યું.

'પાણી જોઈએ છે. ચારે કોર ફર્યો, પણ ક્યાંય પાણી નથી.'

'પાણી તો છે - ' કબૂતર બોલતાં

(અનુસંધાન પૃ. ૮૨૯ પર)

કંકાવટી

મિસ મેરી ફૅન્ટન ઉર્ફે મહેરબાઈ

એક જમાનો હતો જ્યારે સ્ત્રીઓને નાટકો જોવાની મનાઈ હતી. ઈ.સ. ૧૮૫૮માં સ્ત્રી એ માત્ર ગૃહલક્ષ્મી જ ગણાતી. છતાં ખાસ કિસ્સા તરીકે એ વેળાએ પુરુષો સાથે સ્ત્રીઓ જઈ શકતી. 'નાટક ફૅમિલી માટે થનાર છે' એવી જાહેરાત થાય તો જ. એ જમાનામાં નાટકમાં ગાયનો ગવાય એનો વાંધો નહોતો, પરંતુ રોજિંદા જીવનમાં કોઈ છોકરો પણ ગીતો લલકારે તો 'છોકરો હાથથી ગિયો' એમ મનાતું.



એ જમાનામાં સ્ત્રીઓને શાળા-કૉલેજની કેળવણીથી વંચિત રાખવામાં આવતી. ઘોડાગાડીમાં તે જાય તો પડદાઓ પાડીને જવું પડતું. મુશળધાર વરસાદમાં કે બળબળતા તાપમાં પણ યુવતી છત્રી વગર તેમજ ઉઘાડે પગે ચાલીને જ જતી. કેખુશરુ કાબરાજીએ રૂઢિગત પ્રણાલી અને ખોટા ખયાલો સામે જેહાદ ઉપાડી. આ લડતમાં કાબરાજી અડગ રહ્યા. સ્ત્રી-કેળવણીને મહત્ત્વ અપાયું. આમ છતાં મહદ્ અંશે તત્કાલીન જમાનામાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિ અત્યંત કરુણ હતી અને એ જમાનામાં સ્ત્રીઓને રંગભૂમિ પર કામ કરતી કરવી એ ઘણું મુશ્કેલ હતું. ઇતિહાસ તપાસતાં માલૂમ પડે છે કે રંગભૂમિના ક્ષેત્રે પ્રારંભથી જ નાટકમાં સ્ત્રીપાત્રો પુરુષો જ ભજવતા. આવા પુરુષોને 'કાંચળિયા' તરીકે ઓળખાવવામાં આવતા. ગુજરાતી રંગભૂમિનો પ્રારંભ સને ૧૮૫૩માં મુંબઈ મુકામે ઉત્સાહી શિક્ષિત પારસી યુવાનોને હાથે થયો. શરૂઆતમાં પારસી-ગુજરાતી, ઉર્દૂ રંગભૂમિ પર રૂપાળા અને મધુર કંઠ ધરાવતા પારસી છોકરાઓ સ્ત્રીપાઠ કરતા.

સંશોધન અનુસાર રંગમંચ પર સ્ત્રી કલાકારોનો પ્રવેશ દાદાભાઈ પટેલે કરાવ્યો હતો. નાટકમાં સ્ત્રીભૂમિકા ભજવવા માટે તેઓ હૈદરાબાદથી બે અદાકાર સબજપરી અને લાલપરીને લઈ આવ્યા. ૧૮૭૩માં મુનશી, અનામત અલીના નાટક 'ઈન્દ્રસભા'માં એમને ઉતારવામાં આવેલી. ગાનારીઓ સ્ટેજ પર આવી અને 'ગુલફામ'ના પાત્રમાં દાદાભાઈ પટેલ - 'દાદી પટેલ' જેવા સ્ટેજ પર આવ્યા કે તરત જ ત્યાં તે વખતના જાણીતા શેઠ ફરામજી દાવર ગુસ્સે થઈ બોલ્યાઃ 'અરે ! અંદર જા તારા બાપના નામને એબ લગાડે છે.' આ પ્રયોગ બાદ સ્ત્રીકલાકારો માટે રંગભૂમિનાં દ્વાર સદાને માટે ઊઘડી ગયાં. ખુરશેદજી બાલીવાલાએ પણ ખાનદાન ઘરની બે પંજાબી બહેનો બુધાં અને બુરાંને રંગમંચ પર રજૂ કરી હતી.

આ પછી રંગભૂમિ પર મિસ મેરી ફૅન્ટન, મિસ ગૌહર, મોતીજાન, આગાજાન, ગુલાબ, ગંગા વગેરે કલાકારોએ પણ ફાળો આપ્યો હતો. મુન્નીબાઈએ આદરેલી રંગભૂમિની પ્રવૃત્તિ પણ અવિસ્મરણીય છે. આ ઉપરાંત પારસી-હિન્દી રંગભૂમિ પર રાણી પ્રેમલતા, સરસ્વતીદેવી, રામદુલારી વગેરે સ્ત્રી કલાકારોએ રંગભૂમિના પ્રારંભે તેના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

આ બધામાં એક જાજરમાન સ્ત્રીનું નામ રંગભૂમિની અભિનેત્રી તરીકે ખૂબ મશહૂર બન્યું હતું, એના મુક્ત અભિનયના કારણે. એ નામ છે મિસ મેરી ફૅન્ટન ઉર્ફે મહેરબાઈ. મુંબઈમાં ઈ.સ. ૧૮૭૫ પૂર્વે ગુજરાતી તખ્તા પર ઊતરનાર એ પ્રથમ સ્ત્રી હતી. અહીં એ નોંધ આપવી જરૂરી છે.

વળી, સૂરત શહેરની ઘાંચણ મા-દીકરી રાધા અને સોના, તેઓ પોતાના સુરીલા કંઠ માટે પ્રખ્યાત હતી. કહેવાય છે કે એમણે પોતાની નાટક કંપની પણ સ્થાપેલી, ને તેમાં પાઠ પણ કરતી.

૧૯ વર્ષની આ પરદેશી નવજુવાન યુવતી બાલ્યાવસ્થાથી જ હિંદુસ્તાનમાં ઊછરેલી. મેરીના પિતા એક લશ્કરી અમલદાર હતા. મેરી ફૅન્ટન બચપણથી જ હિંદુસ્તાનમાં તેમની સાથે આવીને વસેલી હોવાથી તેની માતૃભાષા કરતાં પણ ઉર્દૂભાષા પર તે સારું પ્રભુત્વ ધરાવતી હતી. મેરી ફૅન્ટન મુંબઈમાં પારસીઓની સંગતમાં થોડોક સમય રહી હોવાથી પારસી ગુજરાતી ભાષા પણ ઘણી સહેલાઈથી શીખી લીધી હતી. આ યુવતીએ કાવસજી પાલનજી ખટાઉને દિલ્હીમાં સૌપ્રથમ વાર 'ઈન્દ્રસભા' નાટકમાં 'ગુલફામ'ની ભૂમિકામાં જોયાં અને બંને વચ્ચે ચક્ષુરાગ થયો. ત્યાર બાદ કાવસજી ખટાઉ દિલ્હી ખાતેની જહાંગીર ખંભાતાની નાટક કંપની છોડી, મિસ ફૅન્ટનને લઈ મુંબઈ આવી વસ્યા. અહીં આલ્ફ્રેડ નાટક મંડળીની શરૂઆત થતાં મિસ મેરી ફૅન્ટન આ નાટકમંડળીના ઉપક્રમે નાટકો ભજવવા માંડી. તેની મહત્ત્વની ભૂમિકાવાળાં નાટકોમાં 'નાજાં અને શીરીન', 'ભોલી ગુલ', 'ગોપીચંદ' વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

આમ, તે મિસ મેરી ફૅન્ટનમાંથી એક અફલાતુન અભિનેત્રી બની ગઈ અને સઘળા ઓળખીતાઓ 'મહેરબાઈ' એ પારસી નામે એને બોલાવતા.

મેરી ફૅન્ટનની અભિનયશક્તિ ગજબની હતી. એક વખત મેરી ફૅન્ટનને એક ફારસમાં વાણિયણની ભૂમિકા અપાઈ. વાણિયણ તરીકે મુખ્ય નાટકના હાસ્યરસિક ભાગમાં તે ખુલ્લા પગે, અંબોડો, ચાંલ્લા, ચૂડી સાથે હિંદવાણી

બનીને રંગમંચ પર અત્યંત મુક્તપણે પ્રવેશી. રંગભૂમિ પર કદાચ આવો મુક્ત અભિનય પ્રથમ વાર થયો હતો ! કારણ કે આ પાત્રમાં એણે એક પ્રસંગમાં છાજિયાં લેવાં શરૂ કર્યાં અને એની સાથે 'હાય રે પિટ્યા હાય... હાય... / આ શું કર્યું હાય... હાય.../ આ શું થયું... હાય... હાય...' આટલું બોલી તે ઊછળવા માંડી અને એને ઊછળતી જોઈ પ્રેક્ષકો પણ તે વેળા પોતાનાં સ્થાન ઉપરથી ઊછળી પડ્યાં હતાં. પ્રેક્ષકોએ તેને ઉમળકાભેર વધાવી લીધી હતી.

આમ, મેરી ફૅન્ટન જેવી રીતે ફારસમાં એક વાણિયણ તરીકે ખીલી ઊઠી હતી તેમ પારસી નાટકોમાં પણ એક પારસણ તરીકે પણ તેણે પ્રેક્ષકોનું ઠીક ઠીક ધ્યાન ખેંચ્યું. મેરી ફૅન્ટન સ્ટેજ પર જેમ વધુ ને વધુ કામ કરતી ગઈ તેમ તેમ તે હાવભાવ કરવામાં અને ગાયન ગાવામાં વધુ પ્રવીણ બની ગઈ હતી. અલબત્ત, આ અભિનેત્રીએ ઉર્દૂ ભાષાનો લય-લહેકો સારી રીતે આત્મસાત કર્યો હતો. રંગભૂમિની આ જાજરમાન અભિનેત્રી શુદ્ધ ગુજરાતી ભાષા બોલવાને બદલે એ જમાનામાં બોલાતી લખાતી પારસી-ગુજરાતી સંવાદો બોલતી.

પારસી સામાજિક નાટકોમાં એણે પ્રશંસાપાત્ર કામ કર્યું હતું. પણ એ બધાં કરતાં 'ભોલી ગુલ' નામના નાટકમાં તેણે 'ભોલી ગુલ'નું પાત્ર ભજવી કરુણ પાત્રની ભજવણીમાં પણ સફળતા હાંસલ કરી હતી. 'ગોપીચંદ રાજા'ના નાટકમાં જોગનનો પાર્ટ કરી સ્વ. બાલીવાલાની કારકિર્દીનું સંવર્ધન કર્યું હતું. રંગભૂમિ પર મળેલી સફળતાને કારણે તે સાચા મિત્રો અને શુભચિંતક સલાહકારો પરત્વે ઉદાસીન બની તેથી એનો લાભ કેટલાંક કુપાત્રોએ પણ લીધો અને જેના પરિણામે તેને એક મંડળીમાંથી બીજી અને ત્યાંથી ત્રીજી મંડળીમાં એમ ઘૂમતા રહેવું પડ્યું. એનું પરિણામ તેના માટે વિઘાતક નીવડ્યું. પારસી રંગભૂમિ પર જ્યારે તેનો મધ્યાહ્ન તપતો હતો ત્યારે જ નાટ્યક્ષેત્રે ઝળહળતી કારકિર્દી પર મોતનો પડદો પડ્યો. કમનસીબ એવી અભિનેત્રી મેરી ફૅન્ટનના જીવનનો ૪૨ વર્ષની વયે ઇસ્પિતાલમાં અકાળે કરુણ અંત આવ્યો હતો.

-ડૉ. કપિલા પટેલ

('રંગપર્વ-અંક ૨: ઑગસ્ટ-૨૦૦૩'માંથી ટૂંકાવીને)

અનુસંધાન] અડકોદડકો [પૃ. ૮૨૪ થી

બોલતાં અટકી ગયો.

તરત ટેટો ઉત્સાહમાં આવી બોલી ઊઠ્યોઃ 'છે ? છે ? પાણી છે ? ક્યાં છે ? મને કહો. લાખ ગાઉ દૂર હશે તોય હું પાછો નહિ પડું.'

કબૂતરે કહ્યું: 'લાખ ગાઉ નથી, પણ પચાસ-સાઠ ખરું ! તે માટે ઠેઠ ખંભાત લગી જવું પડે.' 'હું જઈશ ! મને રસ્તો દેખાડો !' ટેટાએ કહ્યું.

કબૂતરે કહ્યું: 'રસ્તો લાંબો છે, વચમાં ઘણાં વિઘ્નો છે.'

બોલતાં બોલતાં અટકી જઈ થોડી વાર પછી તેણે કહ્યું: 'ઠી...ક તો હું જ તને ત્યાં લઈ જઈશ. તું મારી પીઠ પર સવાર થઈ જા ! હું તને આકાશમાર્ગે ખંભાત લઈ જઈશ.'

ટેટામાં જાણે નવો જીવ આવ્યો. તે કબૂતરની પીઠે સવાર થઈ ગયો. કબૂતર ઊડ્યું. કબૂતરને આકાશના રસ્તાઓની બધી ખબર. ઊડતાં એ કદી થાકે નહિ - એની ઊડવાની ઝડપ પણ ઘણી. થોડી વારમાં એ ખંભાતના સમુદ્રકિનારે આવી પહોંચ્યું. ચારે તરફ પાણી જ પાણી જોઈને ટેટો ખુશ થઈ ગયો.

કબૂતરે કહ્યું: ' આ સમંદર દેવ છે, એમને નમસ્કાર કર !'

ટેટાએ હાથ જોડી નમસ્કાર કર્યા ને કહ્યું: 'હે સમંદર દેવ, મારા વડદાદા તરસે મરે છે, મને પાણી આપો !'

તરત સમંદરમાંથી અવાજ આવ્યો: 'મારું પાણી તો ખારું છે, એ પીવાના કામમાં નહિ આવે !'

આ સાંભળી ટેટાએ કબૂતરની સામે જોયું. કબૂતરે કહ્યું: 'હે સમંદર દેવ, તમારું પાણી ભલે ખારું, પણ તમે એનું દાન કરશો એ ઘડીએ એ મીઠું બની જશે !'

સમુદ્રમાંથી મીઠોમધ અવાજ આવ્યો: 'ખરી વાત ! ખરી વાત ! દાનમાં એવું જ બને છે.'

તરત જ ઢોલમાંથી આવતો હોય એવો અવાજ આવ્યો: 'વાદળાં રે વાદળાં, જલદી આવો ! વડદાદા તરસે મરે છે ! દોડતાં જાઓ અને ઘડેઘડા ઠાલવો ! ધરતીનો એક ખૂણો કોરો રાખશો નહિ ! આ અવસર ચૂકવા જેવો નથી.'

એકદમ આકાશ વાદળાંથી ઘેરાઈ ગયું. વાદળાંએ આકાશમાં દોડાદોડ કરી મૂકી. કબૂતર કહે: 'ભાઈ ટેટા, આવી જા મારી પીઠ પર ! આપણે વહેલા વહેલા ઘેર પહોંચી જઈએ.'

વાદળાં ધોધમાર વરસ્યાં. પશુપંખી ઝાડપાન બધાં રાજી રાજી થઈ ગયાં. ઘાસનાં તણખલાંયે રાજી થઈ નાચવા લાગ્યાં. સઘળે આનંદ આનંદ થઈ રહ્યો.

વડદાદા કહે: 'ઘણું જીવો ! સારાં કામ કરો અને યશસ્વી બનો !' ❑

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૮૨૩ થી

પરિભાષાનિકટનું કોઈ પ્રદાન શોધવું હોય તો તે વારેવારે 'ટોનલ ઈફેક્ટ'ના આવેલા રસાવહ ઉલ્લેખો. દા.ત. પૃ.૭૮ પર લા.ઠા.ના 'એક મિનિટ' લખાણોમાંની ટોનલ ઈફેક્ટની નોંધ, વિદ્યુત જોષીમાં આયરનિકલ સેટિરિકલ ટોન (પૃ.૧૦૧), 'તુણ્ડિલ-તુણ્ડિકા'માં પણ 'ટોનલ ઈફેક્ટ' (પૃ.૧૦૭). 'ટોન' દ્વારા લેખકને સર્જકનો સૂક્ષ્મ સંકુલ સ્વર-ધ્વનિ અભિપ્રેત છે. જો આમ છે તો પછી વિજય શાસ્ત્રી ગજાદાર વિવેચક લેખે 'ટોન' માટે એમના ઉચ્ચતર તાર સ્વર વડે 'ટૅનર'ની નિકટ આવી ગયા, જે સહૃદયોનાં નિર્ભેળ અભિનંદનને પાત્ર છે. નિકેત શાસ્ત્રીનું ધ્યાનાકર્ષક આવરણ પણ. ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાય અહીં ફળવંતી ઠરી.

['ત્રેપનમો જાણ્યે પાર' લેખક-પ્રકાશક: વિજય શાસ્ત્રી. પ્રાપ્તિસ્થાન: નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ-૨, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧. આવૃત્તિ ૨૦૦૨, પૃ.૧૦૭, કિંમત: રૂ. ૭૫.]

જોગનો ધોધ
દેશાટન-૫૭



કર્ણાટક રાજ્યમાં આવેલા મૈસુરથી ૩૪૮ કિ.મી. દૂર સુપ્રસિદ્ધ જોગનો ધોધ આવેલો છે. શરાવતી નદી એક વિશાળ શિલા પરથી લગભગ ૯૬૦ ફૂટની ઊંચાઈએથી ૧૩૨ ફૂટના જળકુંડમાં પડે છે. કાકા કાલેલકરે જોગના ધોધનું વર્ણન કાવ્યમય ભાષામાં કર્યું છે; આ ધોધની ચાર ધારાઓને રાજા, 'અરર' - રુદ્ર, રૉકેટ-વીરભદ્ર અને રાણી - પાર્વતી એવાં નામોથી સૌંદર્યમય વર્ણન કરેલું છે.

રાજા ધોધ શરાવતીના સૌથી વધુ જળરાશિ સાથે ૯૬૦ ફૂટ નીચે પછડાય છે. 'રોઅરર' એ રાજાના કુંવર જેવો જ છે અને એનો અવાજ સૌથી વધારે સંભળાય છે. ત્રીજો ધોધ રૉકેટ - વીરભદ્ર જળ-પ્રવાહમાંથી અગ્નિબાણની જેમ છૂટે છે અને પ્રચંડ શિલા પર પછડાઈ જળસિકરોનું અદ્ભુત છત્ર રચે છે, અને ચોથી જળધારા રાણી પાર્વતી તો નાજુક ને નમણી જળ-ગતિએ અત્યંત દાક્ષિણ્યથી સડસડાટ નીચે ઊતરે છે અને રાજારાણીની ગતિનું પ્રદર્શન કરે છે. આ ધોધનું દર્શન તો નીચે ખીણમાં ઊતરીને કરવા જેવું છે. ધોધના પછડાટથી ઊડતા જળસિકરો વાદળરૂપે ઊંચે જતા જણાય છે, અને પર્યટકો તેમાં ઇન્દ્રધનુષ્યના રંગો જુએ છે તથા સ્વર્ગીય દૃશ્યની ઝાંખી કરે છે. આ ધોધને ગમે તે બાજુથી જુઓ, કોઈ પણ સમયે, દિવસે કે રાત્રે એનું સંમોહક દૃશ્ય અનન્ય આહ્લાદક લાગે છે.



નહિ રે નયન આગળ નહીં, નયન ભીતર રહે,
કોઈનોયે અણસાર નહિ ત્યાં કેવળ ત્હને લહે.
નહિ રે સાધન, કરણ નહીં, નહિ સીમા, નહિ કાલ,
મિલન મોકળું હોય ને એવી બેઉની જણાય ચાલ.
('હા, હું સાક્ષી છું'માંથી) - રાજેન્દ્ર શાહ

ડૉ. મધુસૂદન પારેખને શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક

ગુજરાતી હાસ્યસાહિત્ય જે કેટલાંક નામોથી ઊજળું છે એમાં એક નામ છે મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી', જેના બે અર્થ થાય : પ્રિય જોનારું; પ્રિય બતાવનારું, વ્યક્તિ તરીકે મધુભાઈ બંને અર્થમાં 'પ્રિયદર્શી' છે. અલબત્ત, હાસ્યકાર તરીકે એમની નજર મનુષ્યજીવનના અપ્રિય હિસ્સા પર - તેની વિસંગતિઓ અને નબળાઈઓ પર વિશેષ સ્થિર થાય છે; પરંતુ આપણા આ 'પ્રિયદર્શી' અપ્રિયનું પ્રિયમાં રૂપાન્તર કરીને આપણને બતાવે છે. વિસંગતિઓ અને નબળાઈઓથી ભરેલા મનુષ્યને ચાહવો ગમે એ રીતે આપણી સામે પેશ કરે છે. એ રીતે એમનું 'પ્રિયદર્શી' ઉપનામ સાર્થક છે. મધુભાઈ એટલે સૌજન્યમૂર્તિ અને સ્નેહમૂર્તિ. એમને અછડતું મળવાનું થયું હોય તેવી વ્યક્તિને પણ મધુભાઈનાં સ્નેહ અને સૌહાર્દનો સ્પર્શ થયા વિના રહે નહિ.

મધુભાઈ સૂરતના વતની. જન્મ ૧૪-૭-૧૯૨૩ના રોજ અમદાવાદમાં. પિતા હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, માતા જડાવબહેન. ૧૯૪૫માં ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિષય સાથે બી.એ., ૧૯૫૨માં ગુજરાતી-સંસ્કૃત વિષય સાથે એમ.એ.; ૧૯૫૮માં પીએચ.ડી., વિષયઃ 'ગુજરાતી નવલકથાસાહિત્યમાં પારસીઓનો ફાળો'. ૧૯૪૫થી ૧૯૫૫ ભારતી વિદ્યાલય, અમદાવાદમાં શિક્ષક; ૧૯૫૫થી નિવૃત્તિપર્યંત - ૧૯૮૩ સુધી હ.કા.આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ગુજરાતીના અધ્યાપક (વચ્ચે થોડો સમય આ કૉલેજના આચાર્ય પણ.) ૧૯૬૦થી 'ગુજરાત સમાચાર' દૈનિકમાં કટારલેખન. ૧૯૭૪થી આજપર્યંત ગુજરાત સાહિત્યસભા સાથે સંલગ્ન. વર્ષો સુધી મંત્રી તરીકે સેવાઓ આપ્યા બાદ ૭ ડિસેમ્બર, ૧૯૯૯થી ઉપપ્રમુખપદે. 'કુમાર'માં પ્રકટ થયેલી લેખશ્રેણી 'અંગ્રેજી સાહિત્યનું આચમન' માટે ૧૯૭૨નો 'કુમાર ચંદ્રક'; ૧૯૮૨-૮૩ના સમયગાળાના શ્રેષ્ઠ પુસ્તક તરીકે 'વિનોદાયન' માટે ગુજરાતી સાહિત્ય પરિષદનું 'જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક'; વિશિષ્ટ સાહિત્યિક પ્રદાન માટે ગુજરાત સાહિત્ય સભા તરફથી ૧૯૯૧નો શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક; અનંતરાય રાવળ વિવેચન સમિતિ તરફથી ૨૦૦૧નો 'અનંતરાય રાવળ વિવેચન અવૉર્ડ'. આ બધાં પારિતોષિકો, ચંદ્રકો, અવૉર્ડો ઉપરાંત ગુજરાત સાહિત્ય અકાદમીનાં મહત્તમ મળવાપાત્ર પારિતોષિકો એમને મળ્યાં છે. ગુજરાતી સાહિત્યના સર્વોચ્ચ સન્માનરૂપ લેખાતો 'શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક' (૨૦૦૩) ગુજરાત સાહિત્ય .ગુજરાતી ભાષાસાહિત્યના વિધવિધ ક્ષેત્રે યશસ્વી અર્પણ કરનાર



મધુસૂદન પારેખનું મુખ્ય અર્પણ હાસ્યક્ષેત્રે છે. 'પ્રિયદર્શી' ઉપનામથી ચાલતી 'ગુજરાત સમાચાર'ની એમની કટાર 'હું, શાણી અને શકરાભાઈ' અત્યંત લોકપ્રિય છે. અલ્પધન ગુજરાતી હાસ્યસાહિત્ય એમના થકી સમૃદ્ધ થયું છે. હાસ્યરચના તત્ત્વતઃ વક્રદર્શનની નીપજ હોવા છતાં મધુભાઈની હાસ્યરચનાઓમાં ક્યાંય અને ક્યારેય કટુતા, દંશ કે દ્વેષનો અણસાર સરખો વરતાતો નથી. એમનું કટાક્ષ-કથન દઝાડે એવું નથી હોતું. એમનો કટાક્ષ પણ શિયાળાની સવારના તડકા જેવો મૃદુ હોય છે. એમનું હાસ્ય નરવું અને ગરવું છે. હાસ્યરસનાં કેટલાં બધાં પુસ્તકો એમની પાસેથી મળ્યાં છે ! 'હું, શાણી અને શકરાભાઈ' (૧૯૬૫), 'સૂડીસોપારી' (૧૯૬૭), 'રવિવારની સવાર'(૧૯૭૧), 'હું, રાધા અને રાયજી'(૧૯૭૪), 'આપણે બધાં'(૧૯૭૫), 'અવળાં ચશ્માં' (૧૯૭૬), 'શ્રેષ્ઠ હાસ્યરચનાઓ' (સં. વિનોદ ભટ્ટ, ૧૯૮૧), 'વિનોદાયન' (૧૯૮૨), 'પેથાભાઈ પુરાણ' (૧૯૮૫), 'હાસ્યકુસુમ'(૧૯૮૮), 'આંખનું કાજળ ગાલે ઘસ્યું' (૧૯૯૧), 'હાસ્યપચ્ચીસી'(૧૯૯૧), 'હાસ્યદેવાય નમઃ'(૧૯૯૨), 'પ્રિયદર્શીનો મધુવિનોદ'(૧૯૯૩), 'લાફિંગ સન્ડે' (૧૯૯૫), 'જરાક હસતું મોં'(૧૯૯૬), 'સ્મિતલહરી' (૧૯૯૭) અને 'સન્ડે સ્માઈલ' (૨૦૦૨). અન્ય રસના સાહિત્યના મુકાબલે ઓછા એવા હાસ્યરસના સાહિત્યમાં પાછું કથાત્મક સાહિત્ય તો ઘણું ઓછું છે. અલ્પાતિઅલ્પ હાસ્યકથાસાહિત્યને સમૃદ્ધ બનાવવામાં મધુભાઈનું યોગદાન ઘણું મહત્ત્વનું છે. આટલા વિપુલ સર્જન પછી પણ એમની રચનાઓમાં હાસ્યનું તત્ત્વ અને સત્ત્વ જળવાઈ રહ્યાં છે.

હાસ્યરસની રચનાઓ પછી સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ 'પ્રિયદર્શી'નું મહત્ત્વનું અર્પણ બાલસાહિત્યના ક્ષેત્રે છે. જેમ હાસ્યરસના તેમ બાલસાહિત્યના સર્જનનું કાર્ય પણ ઘણું કપરું છે. બાળક જેવું નિર્મળ અને ઋજુ હૃદય મધુભાઈને જેમ હાસ્યરસની કૃતિઓના તેમ બાલસાહિત્યના સર્જનમાં પણ કામ આવ્યું છે. બાલસાહિત્યનાં એમનાં પુસ્તકોની યાદી પણ ઘણી મોટી છે : 'શામળ ભટ્ટની વાર્તાઓ' (૧૯૬૬, ૧૯૯૨), 'વૈતાળપચીસી' (૧૯૬૭), 'સિંહાસનબત્રીસી' ભાગ -૧,૨ (૧૯૭૦, ૧૯૮૮, ૧૯૯૩), 'મૂરખરાજ' (૧૯૭૩, ૧૯૯૩), 'બુધિયાનાં પરાક્રમો' (સાત પુસ્તકો - ૧૯૭૩, ૧૯૮૫), 'માખણલાલ' (ચાર પુસ્તકો ૧૯૭૬), 'બીરબલ' (ચાર પુસ્તકો ૧૯૭૮), 'વિનોદચાતુરી કથામાળા' (પાંચ પુસ્તકો; ૧૯૭૮, ૧૯૮૧, ૧૯૯૩, ૧૯૯૪), 'બાર પૂતળીની વાતો' (ત્રણ પુસ્તકો, ૧૯૮૧), 'એક હતો બુધિયો' (ભાગઃ ૧થી ૫, ૧૯૯૦), 'સાહસિક સુંદરલાલ બીજો' (૧૯૯૧), 'બુધાકાકા' (૧૯૯૧), 'પટુકિયો'(૧૯૯૨), 'હિંમતે મર્દા' (૧૯૯૪), 'મધુર મધુર વાતો' (૧૯૯૬), 'રામ કરે રખવાળાં' (૧૯૯૬), 'ગધેસિંહ' (૧૯૯૭), 'દોઢ ડાહ્યો' (૧૯૯૭) અને 'વરુણનું સોનેરી સ્વપ્ન' (૧૯૯૮). એમનાં હવે પછી તુરતમાં પ્રકાશિત થનારાં બાલસાહિત્યનાં પુસ્તકો છેઃ 'પ્રિયદર્શીનું પંચતંત્ર', 'પ્રિયદર્શીની બાલવાર્તાઓ', 'રાધિકા', 'સુબોધક વાર્તાઓ' અને 'હસતી રમતી વાર્તાઓ'. મધુભાઈ જેવા મોટા ગજાના હાસ્યકારે આ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરીને ગુજરાતના બાલજગતની ઘણી મોટી સેવા કરી છે.

મધુભાઈએ શાળા-કૉલેજોમાં ભજવી શકાય એવાં એકાંકીઓ પણ લખ્યાં છે. 'નાટ્યકુસુમો' (૧૯૬૨), 'પ્રિયદર્શીનાં પ્રહસનો'(૧૯૮૧), 'ફૂલફટાક નાટકો' (૧૯૯૫) એમનાં આવાં હળવાં એકાંકીઓના સંગ્રહો છે.

મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી'એ વિવેચન, અનુવાદ, સંપાદન વગેરે ક્ષેત્રોમાં પણ ઉલ્લેખનીય કામગીરી બજાવી છે. 'આવિર્ભાવ', (૧૯૭૩), 'દલપતરામ અને સ્વામિનારાયણ' (૧૯૮૦), 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ'(૧૯૮૧) એમની સ્વસ્થ વિવેચનપ્રવૃત્તિનાં સુફળ છે. એમની વિવેચનામાં એક જાગૃત અને સંનિષ્ઠ અભ્યાસી અધ્યાપકના દર્શન થાય છે. ગુજરાત સાહિત્ય સભાની વાર્ષિક સમીક્ષાનું મધુભાઈનું કામ એમની નિષ્ઠાનું સુપરિણામ છે. વાર્ષિક સમીક્ષા ૧૯૫૭, ૧૯૫૮, ૧૯૮૧, ૧૯૮૨, ૧૯૮૩, ૧૯૮૪, ૧૯૯૧, ૧૯૯૨, ૧૯૯૩, ૧૯૯૪, ૧૯૯૫, ૧૯૯૮, ૨૦૦૦ના તેર ગ્રંથો અત્યારના અને ભવિષ્યના અભ્યાસીઓને મધુભાઈની મૂલ્યવાન ભેટ છે.

'અમેરિકન સમાજ' (૧૯૬૬), 'હેન્રી જેમ્સની વાર્તાઓ' (૧૯૬૯) અને 'આધુનિક ભારતમાં સમાજપરિવર્તન' (૧૯૭૫) - આ તેમના અનુવાદગ્રંથો છે. 'કનૈયાલાલ મુનશી : સાહિત્ય, જીવન અને પ્રતિભા' (૧૯૬૭), 'હિંદુસ્થાન મધ્યેનું એક ઝૂંપડું' (૧૯૬૮), 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' (સંક્ષેપાત્મક સંપાદન-૧૯૭૬), 'દલપતરામઃ ગદ્યસાહિત્ય' (ભાગઃ૧, ૧૯૯૯, ભાગઃ૨,૨૦૦૦), 'મુંદ્રા અને કુલીન' (જહાંગીર તાલિયારખાન, ૨૦૦૨) એમનાં સંપાદનો છે. આ સંપાદનો વિવિધ તરેહનાં છે. આ સંપાદનો મધુભાઈની સંપાદકીય સૂઝ, પરિશ્રમની વૃત્તિ અને કાર્યનિષ્ઠાનાં સુફળ છે. 'શેક્સપિયરની નાટ્યકથાઓ' (૧૯૬૫, ૧૯૭૧સ ૧૯૮૨સ ૧૯૮૮, ૧૯૯૬)માં શેક્સપિયરનાં નાટકોની અને 'સંસ્કૃત સાહિત્યની નાટ્યકથાઓ' (૧૯૭૫)માં સંસ્કૃત સાહિત્યનાં નાટકોની કથાઓ રસાળ રીતે રજૂ થઈ છે. 'અંગ્રેજી સાહિત્યનું આચમન' (૧૯૭૯) અને 'અંગ્રેજી સાહિત્યનું રેખાદર્શન' (૨૦૦૨) અંગ્રેજી સાહિત્યનો આસ્વાદાત્મક પરિચય કરાવતા ગ્રંથો છે. 'સંસારની ભવાઈ' (૧૯૯૭)માં સામાજિક પ્રસંગોનું આલેખન છે.

ગુજરાતી હાસ્યસાહિત્ય, બાલસાહિત્ય, વિવેચન, અનુવાદ, સંપાદન વગેરે અનેક ક્ષેત્રોમાં મૂલ્યવાન અર્પણ કરનાર મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી'ને શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો આ પ્રસંગ ગુજરાતી સાહિત્યના રસિકો માટે હરખાવાનો પ્રસંગ છે.

- રતિલાલ બોરીસાગર

સદ્ગત પાંડુરંગ આઠવલે - દીપોત્સવીએ દીપનિર્વાણ

દીપોત્સવી, ૨૦૫૯ અને ૨૫ ઑક્ટોબર ૨૦૦૩ના રોજ મુંબઈમાં ખેતવાડી ખાતેના તેમના નિવાસસ્થાને બપોરે ૧૨-૩૦ કલાકે હૃદયરોગના હુમલાને કારણે પાંડુરંગદાદાના હુલામણા નામથી ખ્યાત પાંડુરંગ આઠવલેનું નિધન થતાં તેમનાં અનેક અનુયાયીઓ અને તેમના

શ્રદ્ધાસુમન

મારી ઈચ્છાઓ છે ઘણી અને કાકલૂદી હૃદયદ્રાવક,
પણ હંમેશાં તેં મને બચાવ્યો છે તારા અસ્વીકારથી
અને તારી આ પ્રબળ કરુણા મારા જીવનમાં વારંવાર વરસી છે.

દિવસે દિવસે તું મને લાયક બનાવે છે.
તારા વણમાગે અપાયેલા સરળ અને મહાન ઉપહાર માટે-
આ આકાશ અને પ્રકાશ,
આ તન, ચેતન અને મન-
અને બચાવે છે મને વધુ ઈચ્છાના નુકસાનથી.

ક્યારેક હું આળસી જાઉં છું
અને ક્યારેક જાગીને ઉતાવળે મારા ધ્યેયને ખોળું છું,
પણ ક્રૂરતાથી તું મારાથી સંતાઈ જાય છે.

તારા સતત અને અવિરત અસ્વીકારથી
દિવસે દિવસે તું મને લાયક બનાવે છે
સર્વદા તારા સંપૂર્ણ સ્વીકાર માટે,
જેથી પાંગળી અને ધૂંધળી ઈચ્છાઓની હાનિથી હું બચું.

- રવીન્દ્રનાથ ટાગોર - 'ગીતાંજલિ'
અનુવાદ - શૈલેષ પારેખ

સદ્. પૂ. પિતાશ્રી યશવંત સ. પંડ્યા
૪૮મી પુણ્યતિથિએ (૧૪-૧૧-૨૦૦૩)
સદ્. યશવંત પંડ્યા પરિવાર તરફથી
'કુમાર'ને શુભેચ્છાઓ



રચનાત્મક કાર્યના પ્રશંસકોએ ઊંડો આઘાત અનુભવ્યો છે. તેમનું વય ૮૪ વર્ષનું હતું. ૧૯૨૦ના ઑક્ટોબરની ૧૯મી તારીખે મહારાષ્ટ્રના રોહા ગામે પિતા વૈજનાથને ત્યાં માતા પાર્વતીબહેનની કૂખે બ્રાહ્મણ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. દાદા લક્ષ્મણ આઠવલેના ગીતાજ્ઞાન અને ગીતા શિક્ષણથી પૌત્ર પાંડુરંગનું જીવનઘડતર થયું. દાદાએ મહાત્મા ગાંધી તેમજ લોકમાન્ય ટિળકના વિચારોને પૌત્રના જીવનમાં દૃઢ કર્યા. રોહા ગામમાં પિતાએ 'સરસ્વતી સંસ્કૃત પાઠશાળા' સ્થાપેલી તેમાં પુત્ર પાંડુરંગે શિક્ષણ લીધું ત્યાં સંસ્કૃત સાથે અંગ્રેજીનો પણ અભ્યાસ કર્યો.

તેમના પિતાએ વળી મુંબઈમાં માધવબાગમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળા'ની સ્થાપના કરી. અહીં પાંડુરંગ ગુજરાતી ભાષા પણ શીખ્યા. 'રૉયલ એશિયાટિક લાઈબ્રેરી'ના આજીવન સભ્ય બન્યા. દેશવિદેશના તત્ત્વજ્ઞાનના અનેક પુસ્તકોના વાચને એમની માનવતાલક્ષી વિચારધારા પોષાઈ. પિતાના ગળામાં દર્દ શરૂ થતાં એમણે માધવબાગની 'શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળા'માં અધ્યાપનનું કાર્ય ઉપાડી લીધું અને પ્રથમ પ્રવચનથી જ સહુને મુગ્ધ કરી દીધાં. તેમણે માત્ર વિચારપ્રેરક ઉદ્‌બોધનો જ ન કર્યાં, બલકે રૂઢિજડ પ્રજાને જીવનસુધારણાને માર્ગે ચઢાવવા સક્રિય એવું સ્વાધ્યાય આંદોલન અને પ્રવૃત્તિ શરૂ કર્યા. ગુજરાતના પશ્ચિમકાંઠાનાં અબૂધ ગ્રામવાસીઓને શ્રમભક્તિ અને ભક્તિફેરી તથા ગૃહમંદિર દ્વારા વ્યસનમુક્ત કર્યાં અને જીવનને જીવવાલાયક દૃષ્ટિકોણ આપ્યો. ગાંધી પ્રેર્યા રચનાત્મક કાર્યક્રમને એમણે અધ્યાત્મરંગે આગળ ધપાવ્યું. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં અને પછી દક્ષિણ ભારત અને વિદેશમાં એમની આ રચનાત્મક પ્રવૃત્તિની સુવાસ પ્રસરી ગઈ.

ઈ.સ. ૧૯૫૪માં ડૉક્ટર આર્થર હોલી કૉમ્પ્ટનના નિમંત્રણથી જપાનમાં વિશ્વ ધર્મપરિષદમાં ભાગ લેવા ગયા અને ડૉક્ટર આર્થરે ત્યાં રહી જવાનો આગ્રહ કર્યો છતાં પણ પોતાના દેશવાસીઓની જડતાને ખંખેરી જાગૃતિને માર્ગે સક્રિય કરવા તેમણે ભારતમાં જ પોતાની પ્રવૃત્તિનો વ્યાપવિસ્તાર કરવાનું મુનાસિબ લેખ્યું. તેમનો સ્વાધ્યાય પરિવાર દેશવિદેશમાં ફાલતો ગયો અને તેમની સમાજસુધારણાની પ્રવૃત્તિ વિકસતી ગઈ. તેમણે ગીતાનો આશ્રય લઈ સહુને કર્મયોગ તરફ વાળ્યા. ગીતાની ભક્તિ પણ આખરે તો કર્મયોગ પોષક બને તેવું તત્ત્વજ્ઞાન સહુને માટે તેમણે સુકર કરાવ્યું અને ભારતના અબૂધ જનોને આળસમાંથી કર્મઠતા તરફ પ્રેર્યા અને એ દ્વારા સામાજિક-આર્થિક ક્રાંતિને પ્રસારી.

એમના આ પ્રજાલક્ષી કાર્યો અને કાર્યક્રમોને ધ્યાનમાં લઈ ૧૯૯૬માં એમને મૅગ્સેસે અવૉર્ડ એનાયત થયો. આ જ પ્રવૃત્તિઓને કેન્દ્રમાં રાખી ૧૯૯૯માં ટેમ્પલટન અવૉર્ડ અપાયો અને ભારત સરકારે એમને 'પદ્મવિભૂષણ'ના ખિતાબથી નવાજ્યા. આવા વિરલ કર્મયોગી સમાજસુધારક અધ્યાત્મ પુરુષનું દીપોત્સવીના મધ્યાહ્ને ચાલ્યા જવાથી દીપનિર્વાણનો દુઃખદ યોગ થયો ! (સંકલિત)

स्वप्नथी य वधु रम्य आकार स्वप्नने मळो;
नित्य लाधो नवां स्वप्न, लाध्यां स्वप्न सदा फळो.

— જિતેન્દ્ર કા. વ્યાસ

સ્વપ્નથીય વધુ રમ્ય આકાર સ્વપ્નને મળો;
નિત્ય લાધો નવાં સ્વપ્ન, લાધ્યાં સ્વપ્ન સદા ફળો.

નોબેલ પુરસ્કાર-વિજેતા ચીલીના કવિ પાબ્લો નેરુદાએ એક વાર પૅરિસમાં કલાત્મક ચીજોની એક દુકાનમાં તૂટેલી મૂર્તિ જોઈ, જે સ્ટાલિનને મળતી આવતી હતી. નેરુદાને તે ખરીદવી હતી, જ્યારે દુકાનદારને તે વેચવી નહોતી. પરંતુ વાતવાતમાં જાણવા મળ્યું કે આ ગ્રાહક ચીલીનો વતની છે. દુકાનદારે પૂછ્યું, 'તમે પ્રખ્યાત કવિ નેરુદાને ઓળખો છો ?' નેરુદાએ સસ્મિત હા પાડી. દુકાનદારે કહ્યું, 'તેઓ તો મારા પ્રિય કવિ છે. હવે હું તમને આ મૂર્તિ વેચવાનો ઇન્કાર નહીં કરી શકું. તમે લઈ જાઓ.' આવો છે સાહિત્યકારની સર્જક-પ્રતિભાનો પ્રભાવ !

*

ભારતીય હવાઈદળના પ્રથમ વડા ઍરમાર્શલ સર થૉમસ એલ્મહર્સ્ટ હતા. તેમણે ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭થી ૨૧મી ફેબ્રુઆરી ૧૯૫૦ સુધી આ હોદ્દો સંભાળ્યો હતો.

*

ગુજરાતમાં સૌથી વધુ વસ્તી ધરાવતા અમદાવાદ જિલ્લાની વસ્તી ૫૦ લાખનો આંક વટાવી ચૂકી છે.

*

ચીને સાગરના તળિયે એક સંગ્રહાલય બનાવવાનું નક્કી કર્યું છે.



'ગેંડો' અક્ષરાંકનમાં 'ગેંડો'
(મહેબૂબ એ. સૈયદ)

न जातु कामान्न भयान्न लोभात्
धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये
जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥

એકાદ ઈચ્છા તૃપ્ત થાય એ માટે, (અથવા) ભય લોભ કે પ્રાણનું રક્ષણ કરવા માટે પણ ધર્મ છોડવો નહિ; (કારણ) ધર્મ એ નિત્ય છે અને સુખદુઃખ થોડો વખત ટકવાવાળાં છે. આત્મા નિત્ય છે, પણ (તેને બંધનમાં નાખવા) કારણભૂત શરીર નાશવંત છે.

ચીનમાં બંધાઈ રહેલા એક વિશાળ બંધમાં પ્રાચીન મત્સ્યો ડૂબી જવાના ભયને કારણે તેના જતન માટે આ સંગ્રહાલય બનાવાશે. યાંગ્ત્ઝે નામક નદીમાં ગ્રીષ્મમાં દર વર્ષે પાણી ઊતરે ત્યારે આ ૧૮ મત્સ્યાકૃતિઓ જોવા મળે. આ માછલીની આકૃતિઓ ૧૨૦૦ વર્ષ પુરાણી છે.

*

ત્રિફળાનું ચૂર્ણ એક ચમચી જેટલું રાત્રે પાણી સાથે લીધાં પછી એક નાનો પ્યાલો ગરમ દૂધ પીવાથી સવારે પેટ સરળતાથી સાફ થાય છે.

*

માણસનું હૃદય ચોવીસ કલાક દરમિયાન ૧,૦૩,૬૮૯ વાર ધબકે છે તે જાણો છો ?

*

રાજસ્થાનમાં ત્રણ દાયકા પૂર્વે ૧૦૦ કાળિયારનું ટોળું આસાનીથી જોવા મળતું ત્યાં આજે માત્ર ૨૦થી ૩૦ની સંખ્યા થઈ ગઈ છે !

*

સવાનાના જંગલોમાં રહેતા બબૂન વાંદરા માંસાહારી છે, અને તેમનું મગજ



- ઇન્દ્રદેવ આચાર્ય

૧૦ વૉ. નો બલ્બ પ્રકાશી શકે તેટલી ઊર્જા પેદા કરી શકે છે.

*

'તમારા પિતાજીના દેહાંતના સમાચાર જાણીને બહુ દુઃખ થયું. છેલ્લે સુધી એ બોલી શકતા હતા ને ?'

'ના જી, મારી મા છેલ્લે સુધી પાસે જ હતી.'

*

ઑસ્ટ્રેલિયામાં જુદી જુદી જાતનાં ૩૦૦ પ્રકારનાં યુકેલિપ્ટસનાં વૃક્ષો ઊગે છે.

*

કાચનાં વાસણમાં ડાઘ પડ્યા હોય તો બે લિટર ગરમ પાણીમાં કૉસ્ટિક સોડા નાખી રાતભર ડાઘવાળાં વાસણોમાં તે રહેવા દઈ સવારે ચોખ્ખા પાણીથી ધોઈ નાખવાં. વાસણોની સંખ્યા - જથ્થા પ્રમાણે પાણીમાં વધઘટ કરી શકાશે.

કલાકણિકાઃ ગ્રીસનો ગળાનો સુશોભિત સુવર્ણહાર, જે પ્રાચીન ગ્રીક હારથી જુદો પડી આવે છે, કે જેમાં પહેલદાર પાસાંઓ જડવામાં આવતા હતા.

